
ડૉ. ધનવંતભાઈ શાહ સ્મૃતિ વિશેષાંક
તા. ૫-૧-૧૯૪૦ – ૨૮-૨-૨૦૧૬

# પ્રબુદ્ધ જીવન

ગુજરાતી-અંગ્રેજી વર્ષ-૪ (કુલવર્ષ-૬૪)
અંક-૧ • એપ્રિલ ૨૦૧૬ • પાનાં ૧૦૮ • કીમત રૂા. ૨૦/-
RNI NO. MAHBIL/2013/50453
YEAR : 4 • ISSUE : 1 • APRIL 2016 • PAGES 108 • PRICE 20/-

માનદ તંત્રી : ડૉ. ધનવંત શાહ




• Website : www.mumbai-jainyuvaksangh.com • email : shrimjys@g... Editor: Hitesh Mayani-9820347990

# જોગી મત જા મત જા...શબ્દ અને સ્વર

❑ ડૉ. ધનવંત શાહ

ઘટના છે ૧૯૬૬ની આસપાસની અને અનુસંધાન છે એ પહેલાંના દસેક વર્ષનું. પણ એ અકબંધ અવિસ્મરણીય અનુભૂતિની યાત્રા આજે પચાસ વર્ષ પછીય અંતરમાં ધબકે છે. આજના અને કાલના પ્રત્યેક વર્તમાનમાં ક્યારેય વિસ્મરણના ખાનામાં મૂકાવાની નથી.

૧૯૫૫ના મુંબઈના બેબ્રોન સ્ટેડિયમમાં પંડિત ઓમકારનાથજીને સાંભળવાનો લ્હાનો મળ્યો, ત્યારે આ છોકરો કૉલેજના પ્રથમ વર્ષમાં જ હતો.

સંગીત માર્તંડ પંડિતજીએ 'મૈયા મૈ નહીં માખણ ખાયો' છેડ્યું અને કૃષ્ણની બાળલીલાના વિવિધ દશ્યોનું સ્વરપિચ્છથી દર્શન કરાવ્યું. કૃષ્ણ કહેતા જાય 'ના ના મૈયા મૈં નહીં માખણ ખાયો.' યશોદા મૈયા રૂઠ્યા, રિસાયા. મા રિસાયા એ કૃષ્ણને કેમ ગમે ? અને એજ શબ્દો કૃષ્ણે લાડથી આ રીતે કહ્યાં, ભાવ પલટો અને સત્ય જઃ 'મૈંને હી માખણ ખાયો.' કૃષ્ણ યશોદાને વળગે. યશોદા કૃષ્ણને હૈયા સાથે ભીંસે.

યુગ્મને નટખટ ભાવના સ્વરો મળ્યાં તો પછીના એજ શબ્દો યુગ્મને માતૃપ્રેમના અલૌકિક સ્વરમાં ભળ્યા. આમ શબ્દો એજ, પણ ભાવ બીજો. પણ એ બીજો ભાવ એક અનન્ય સ્વરથી પેદા થયો.

આવા શબ્દોને સ્વરના શિખરે બિરાજમાન કરાવનારા આ પંડિતજીએ પછી તો પોતાના બુલંદ સ્વરે, 'જોગી...જોગી મત જા...મત જા...' છેડ્યું અને આ મત જા ને જે જે રીતે વિવિધતા આપી, એક એક શબ્દના અણુએ અણુમાં પ્રવેશી એના સૂક્ષ્મ અર્થોને શ્રોતા પાસે જે રીતે પાથર્યા એ તો કયા શબ્દોમાં કહેવું ? એમાંયે છેલ્લી પંક્તિ.

'અગર ચંદન કી ચિતા રચાઉં...ભસ્મ લગાજા... ? એ સ્વરો, એ શબ્દ સ્વરો વાતાવરણમાં વહ્યાં અને વિરહની દિવ્ય ચેતના સમગ્ર વાતાવરણમાં છવાઈ ગઈ. પોતાના અણુએ અણુમાં અજબ ગજબના ભાવોનો જન્મ થયો.

હવે આપણે પાછા આવીએ ૧૯૬૬ની આસપાસ. એક બપોરે હું મુંબઈ યુનિવર્સિટીના રાજાબાઈ ટાવરની લાયબ્રેરીમાં ભાષા શાસ્ત્રની એમ.એ.ની પરીક્ષાની તૈયારી માટે થોથામાં અટવાયો હતો ત્યાં અચાનક ત્યાંનો એક કર્મચારી મને શોધતો શોધતો મારી પાસે આવી કહે કે મને કોઈ નીચે જલ્દી બોલાવે છે. પુસ્તકો કાઉન્ટર પર પાછાં પરત કરી હું તરત જ નીચે ગયો. મિત્ર ભરત નીચે ઉભો હતો. હું કાંઈ પણ પૂછું એ પહેલાં જ કહેવા લાગ્યો. 'જલ્દી ચાલ મિનાક્ષીની હાલત ગંભીર છે...' અને અમે તરત જ કેમ્પસ કોર્નર પરના ડૉ. શિરોડકરના નર્સિંગ હોમમાં પહોંચ્યા. 'લોહી બંધ થતું જ નથી.' મિનાક્ષીના માતાએ વેદનાભર્યા સ્વરે કહ્યું.

હું ડૉક્ટર પાસે દોડ્યો. બહાર બધા સ્તબ્ધ હતા. અનિર્ણય પરિસ્થિતિમાં હું તરત જ ડૉક્ટર પાસે પહોંચ્યો. ડૉ. શિરોડકર જેવા નિષ્ણાંત સર્જન સર્જરીના જ્ઞાતા, નત્ મસ્તકે વિશદ્ અવસ્થામાં બેઠા હતા. મેં વિવેકથી પૂછ્યું, એમને સ્વસ્થ થતાં ઉત્તર આપ્યો. પોતાનું ઓપરેશન નિષ્ફળ ગયું છે એની જાણ એને થઈ ગઈ છે અને મેન્ટલ શોકથી નસમાંથી લોહી પડ્યા કરે છે. કોઈ પણ મેડીકલ ઉપાય કારગત નથી નિવડ્યો. આઈ એમ વેરી સોરી.

એ વિદ્વાન ડૉક્ટરની વાણીમાં ભારોભાર વેદના હતી. ડૉ. શિરોડકર નિષ્ણાંત ગાયનોકોલોજીસ્ટ તો ખરા જ પણ એથીય વિશેષ એઓ ઉત્તમ કક્ષાના ચિત્રકારે પણ હતાં, 'સર્જન' અને સર્જક પણ હતા.

હું મિનાક્ષી પાસે ગયો એના હાથમાં હાથ લઈ એક બીજાના સ્પર્શ અને હુંફનો અનુભવ કર્યો કરાવ્યો. મારા મૌનમાં આખો શબ્દકોષ હતો. કહ્યું, 'એ નાટકમાં મેં જોગી મત જા ગાયું હતું એ સંભળાવુંને ?' મિનાક્ષીએ આંખોથી ઉત્તર આપી દીધો અને બુલંદ અવાજે 'જોગી મત જા' શરૂ થયું. બન્ને દંપતીએ ભાવ પલટાવી ગાયું. ડૉ. શિરોડકર સ્તબ્ધ બનીને સાંભળતા રહ્યા. આખો હૉસ્પિટલના વાતાવરણમાં કોઈ દિવ્ય ચેતનામાં પ્રવેશી ગઈ.

સાહિત્ય અને સંગીતનું રસાયણ એક રસ થતું રહ્યું. સ્વરો એની વેદના લઈ ગયા. શોક સમનમાં પરિણમતો ગયો. મિનાક્ષી જીવી ગઈ. બૅંકીંગ ક્ષેત્રની સફળ કારકિર્દી સાથે જીવન જીવી.

આજે એ મહાનુભાવો પંડિત ઓમકારનાથજી, ડૉ. શિરોડકર, જયંતિ જોષી અને કોકિલાબેન નથી અને નથી મિનાક્ષી.

પણ આ બધા અદ્વૈતને નક્કી પામ્યા હશે. જ્યાં શબ્દ નહિ હોય, સ્વર નહીં હોય, શાંત એક રસ હશે.'

* * *

## જિન-વચન

**એક દિવસ મારે બધાને, અરે મારા દેહને પણ છોડીને ચાલ્યા જવાનું છે**

खेत्त वत्थुं हिरण्णं च पुत्तदारं च बंधवा ।
चइत्ता णं इमं देहं गन्तव्वमवसस्स मे ।।
(ઉ.૧૯-૧૭)

માણસે સમજવું જોઇએ કે : 'એક દિવસ મારે મારાં પોતાનાં જમીન અને ઘર, સોનું અને ઝવેરાત, સ્ત્રી અને સંતાનો, સગાં અને સંબંધીઓને છોડીને અને મારા પોતાના દેહને પણ છોડીને અવશ્ય ચાલ્યા જવાનું છે.'

A man should realise that some day he certainly has to leave this world, leaving behind his land and estate, house and property, gold and ornaments, wife and children, relatives and friends, and even his own body.

ડૉ. રમણલાલ ચી. શાહ ગ્રંથિત 'जिन वचन' માંથી

## 'પ્રબુદ્ધ જીવન'ની ગંગોત્રી

૧. શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા
૧૯૨૯ થી ૧૯૩૨
૨. પ્રબુદ્ધ જૈન
૧૯૩૨ થી ૧૯૩૩
બ્રિટિશ સરકાર સામે ન ઝૂક્યું
એટલે નવા નામે
૩. તરૂણ જૈન
૧૯૩૪ થી ૧૯૩૭
૪. પુનઃ પ્રબુદ્ધ જૈનના નામથી પ્રકાશન
૧૯૩૯-૧૯૫૩
૫. પ્રબુદ્ધ જૈન નવા શીર્ષકે બન્યું 'પ્રબુદ્ધ જીવન'
૧૯૫૩ થી

- શ્રી મુંબઈ જૈન યુવક સંઘના મુખપત્રની ૧૯૨૯ થી, એટલે ૮૫ વર્ષથી અવિરત સફર, પહેલા સાપ્તાહિક, પછી અર્ધમાસિક અને ત્યારબાદ માસિક
- ૨૦૧૬ માં 'પ્રબુદ્ધ જીવન'નો ૬૪મા વર્ષમાં પ્રવેશ
- ૨૦૧૩ એપ્રિલથી સરકારી મંજૂરી સાથે 'પ્રબુદ્ધ જીવન' અંક સંયુક્ત ગુજરાતી-અંગ્રેજીમાં, એટલે ૨૦૧૬ એપ્રિલથી ગુજરાતી-અંગ્રેજી 'પ્રબુદ્ધ જીવન' વર્ષ-૪.
- કુલ ૬૪મું વર્ષ.
- ૨૦૦૮ ઑગસ્ટથી 'પ્રબુદ્ધ જીવન' અને પર્યુષણ વ્યાખ્યાનમાળા સંસ્થાની વેબસાઈટ ઉપરથી જોઈ-સાંભળી શકશો.

**પ્રબુદ્ધ વાચકોને પ્રણામ**

## પૂર્વ તંત્રી મહાશયો

જમનાદાસ અમરચંદ ગાંધી
ચંદ્રકાંત સુતરિયા
રતિલાલ સી. કોઠારી
મણિલાલ મોકમચંદ શાહ
જટુભાઈ મહેતા
પરમાણંદ કુંવરજી કાપડિયા
ચીમનલાલ ચકુભાઈ શાહ
ડૉ. રમણલાલ ચી. શાહ

**પ્રબુદ્ધ જીવન** | **ડૉ. ધનવંતભાઈ ટી. શાહ સ્મૃતિ વિશેષાંક** | **એપ્રિલ ૨૦૧૬**

## સર્જન સૂચિ


| ક્રમ | કૃતિ | કર્તા | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧. | એક નાની વાત આપની સમક્ષ (તંત્રીસ્થાનેથી) | ડૉ. સેજલ શાહ | ૫ |
| | **ગુરુદેવની કલમે...** | | |
| ૨. | હૃદયથી ધર્મી ઉત્તમના ઉપાસક | આ. શ્રી વાત્સલ્યદીપસૂરિજી | ૭ |
| | | ઉપાધ્યાય ભુવનચંદ્રજી મ.સા. | ૮ |
| | | પૂ. વિજયશીલચંદ્ર સૂરિ મ.સા. | ૮ |
| | **ધનવંત શાહ એમની કલમે** | | |
| ૩. | મારા જીવનમાંથી ભૂંસાઈ ગયેલો શબ્દ **મા** | | ૯ |
| ૪. | તાંસળીવાળા બાબા | | ૧૨ |
| ૫. | ધનવંતભાઇએ પૌત્ર માટે પુત્રીને લખેલો પત્ર | | ૧૫ |
| ૬. | ભગવાન મહાવીરની શીખ Art of loving, Art of living and Art of Leaving | | ૧૬ |
| ૫. | ગુરુની મારી શોધયાત્રા | | ૧૮ |
| ૬. | શ્રી ધનવંત શાહની 'પ્રબુદ્ધ જીવન'ના તંત્રી તરીકેની સફર | — | ૨૧ |
| | **વિદ્વાનોની કલમે...** | | |
| ૭. | અમૃતનું દાન | ડૉ. કુમારપાળ દેસાઈ | ૨૨ |
| ૮. | ઈન્સ્ટિટ્યૂટ ઑફ જૈનોલોજીનો શોક ઠરાવ | — | ૨૩ |
| ૯. | ચમત્કાર આજે પણ બને છે | ગુણવંત શાહ | ૨૪ |
| ૧૦. | શ્રી ધનવંત શાહ સાથેના કેટલાંક સંસ્મણો | જિતેન્દ્ર બી. શાહ | ૨૫ |
| ૧૧. | શોક સંદેશ | ડૉ. રાજેન્દ્ર ખીમાણી | ૨૬ |
| ૧૨. | એક પુણ્યાત્માની વિદાય | ડૉ. નરેશ વેદ | ૨૭ |
| ૧૩. | ધનવંતભાઈ, તમને કેટલા સંભારૂં? | ગંભીરસિંહ ગોહિલ | ૨૯ |
| ૧૪. | સૌમ્ય, મિષ્ટભાષી ધનવંતભાઈ એક હીરાપારખુ-વિરલ વિચારક હતા | સર્વેશ વોરા | ૩૦ |
| ૧૫. | આયોજન શક્તિ અને મનુષ્ય પારખુ નજર | વિનોદ વસા | ૩૦ |
| ૧૬. | પ્રીતનું લીલું પાંદડું | ગુણવંત બરવાળિયા | ૩૧ |
| ૧૭. | યુવક સંઘ અને સાહિત્ય સમારોહના પ્રાણ ધનવંતભાઈ | ડૉ. ફાલ્ગુની પી. ઝવેરી | ૩૧ |
| ૧૮. | સ્નેહાળ મિત્ર અને ભાઈ એવા ધનવંતભાઈને પત્ર... | ડૉ. કલા શાહ | ૩૨ |
| | **પરિવારજનોની કલમે...** | | |
| ૧૯. | મનની વાતો | સ્મિતા ધનવંત શાહ | ૩૩ |
| ૨૦. | હર પળે યાદ આવો છો | પૂરવ ધનવંત શાહ | ૩૩ |
| ૨૧. | સ્મૃતિઓ વાગોળું છું. | પ્રાચી શાહ | ૩૪ |
| ૨૨. | ડગલે ને પગલે આંગળી પકડી | રીતિ ધનવંત શાહ | ૩૫ |
| ૨૩. | સાદગી ને સરલતાથી પ્રભાવિત | હિના હિમાંશુ શાહ | ૩૫ |
| ૨૪. | લાગણી ને ભાવ મોટાભાઈ જેવા | દિલીપભાઈ-શોભનાબેન | ૩૫ |

| ક્રમ | કૃતિ | કર્તા | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૨૫. | Eternal, Immortal & a devine soul | Anish V. Shah | ૩૬ |
| ૨૬. | Indeed He was my True Father | Khyati Purab Shah | ૩૬ |
| ૨૫. | My Dearest Darling Nana- | Dev A. Shah | ૩૬ |
| ૨૬. | My Dearest Darling Nana- | Jash A. Shah | ૩૭ |
| | **શ્રી મુંબઈ જૈન યુવક સંઘના પદાધિકારીઓ અને કારોબારી સમિતીના સભ્યોની શબ્દાંજલિ** | | |
| ૨૭. | પ્રમુખશ્રી લખે છે... | ચંદ્રકાંત ડી. શાહ | ૩૮ |
| ૨૮. | જ્યારે કોઈ ધૈર્યવાન, સજ્જન વ્યક્તિના સાન્નિધ્યમાં આવીએ ત્યારે સારે માર્ગે બદલાવ અનુભવાય છે. | નિતીન સોનાવાલા | ૩૮ |
| ૨૯. | ધનવંત શાહની અલવિદા | નીરૂબેન સુબોધભાઈ શાહ | ૩૯ |
| ૩૦. | સામૂહિક રીતે એમની ભાવનાને મૂર્તિમંત કરીએ એજ અભિલાષા | કાકુલાલ મહેતા | ૩૯ |
| ૩૧. | 'સોહામણો મંગળવાર' | બિપીનચંદ્ર જૈન | ૪૦ |
| ૩૨. | બારણે ટકોરા | રેણુકા પોરવાલ | ૪૦ |
| ૩૩. | વિરલ વ્યક્તિની ચિર વિદાય | ભારતી બી. શાહ | ૪૧ |
| ૩૪. | જેને વધતી ઉંમર કામ કરતાં રોકી ન શકી | શ્રી શ્રીકાંત વસા | ૪૧ |
| ૩૫. | સૌના દિલોદિમાગમાં સદાય છવાયેલા રહેશે! | રમા વિનોદ મહેતા | ૪૨ |
| ૩૬. | ડૉ. ધનવંત શાહની કાવ્ય સાધના-પત્રોમાં... | ડૉ. એમ. એમ. સંગોઈ | ૪૩ |
| ૩૭. | તા.૧૭ જાન્યુ. ૧૬નો યાદગાર પ્રસંગ | તરૂબેન વી. ઘેલાણી વી. આર. ઘેલાણી | ૪૩ |
| ૩૮. | ધનવંત શાહ :ગુણાનુરાગી વ્યક્તિત્વ | ડૉ. અભય દોશી | ૪૪ |
| ૩૯. | બિછડે સભી બારી બારી.... | ગીતા જૈન | ૪૫ |
| ૪૦. | અલગારો માનવી | મહેન્દ્ર શાહ | ૪૬ |
| ૪૧. | વડલાનો છાંયો | માલતી કે. શાહ | ૪૭ |
| ૪૨. | ધનવંતભાઈ: એક વાસ્તવિક વ્યક્તિત્વ | સ્નેહલ ન. મઝુમદાર | ૪૮ |
| ૩૯. | વ્હાલા ધનવંતભાઈની વસમી વિદાય | સુરેશ સોની | ૪૮ |
| ૪૦. | ડૉ. ધનવંત શાહ...સ્મરણો | સુરેશ જોશી | ૪૯ |
| ૪૧. | નમ્રતાથી હર્યુભર્યું વ્યક્તિત્વ | પુષ્પા પરીખ | ૪૯ |
| ૪૨. | પારસમણિ: આદરણીય ડૉ. ધનવંત શાહ સાહેબને શત્ શત્ વંદન... | ડૉ. દીક્ષા એચ. સાવલા | ૫૦ |
| ૪૩. | સજ્જન, સેવાભાવી ને સમાજોપયોગી મિત્રના દુ:ખદ અવસાનથી અંગત | | |

| ક્રમ | કૃતિ | કર્તા | પૃષ્ઠ |
|---|---|---|---|
| | મિત્રની ખોટ પડી છે. | ચમનલાલ વોરા | ૫૧ |
| ૪૪. | સ્મરણાંજલિ | સુદર્શના પી. કોઠારી | ૫૧ |
| ૪૫. | સ્મરણયાત્રા | પાર્વતીબેન ખીરાણી | ૫૨ |
| ૪૫. | મંગલ મંદિર ખોલો | નરસિંહરાવ દિવેટીયા | ૫૨ |
| ૪૬. | એક વિરલ વ્યક્તિત્વ | ડૉ. રતનબેન છાડવા | ૫૩ |
| ૪૭. | વંદનીય વિરલ વિભૂતિ | ડૉ. હંસા ઉમરશી ગાલા | ૫૩ |
| ૪૮. | સત્ત્વશીલ જીવનશૈલી... | સુરેશ ગાલા | ૫૪ |
| ૪૯. | આપણાં-અમારા-આત્મીય... | હસમુખ શાહ | ૫૫ |
| ૫૦. | પ્રબુદ્ધ વ્યક્તિત્વ ડૉ. ધનવંતભાઈ.. | રાજેશ પટેલ | ૫૬ |
| ૫૨. | ડૉ. શ્રી ધનવંત શાહને શ્રદ્ધાંજલિ | પ્રા. પ્રતાપકુમાર જે.ટોલિયા | ૫૮ |
| ૫૩. | સ્નેહાંજલિ | ગીતા પંડ્યા-કીર્તિ પંડ્યા | ૫૯ |
| ૫૪. | એક અનોખા-અદ્‌ભુત શિલ્પી... | શ્રીમતી પારુલબેન ભ. શાહ | ૬૦ |
| ૫૫. | ડૉ. ધનવંત શાહ | શીલા બુટાલા | ૬૧ |
| ૫૬. | શ્રી ધનવંતભાઈ શાહ- એક મહામાનવ | જાદવજી કાનજી વોરા | ૬૨ |
| ૫૭. | અજાતશત્રુ, સ્વભાવે નમ્ર... | ભારતી-ભરત પારેખ | ૬૩ |
| ૫૮. | શ્રદ્ધાંજલિ પત્ર- | હિંમતભાઈ કોઠારી | ૬૪ |
| ૫૯. | દિવ્યાત્માને શ્રદ્ધાંજલિ | ભાનુબેન જે. શાહ | ૬૪ |
| | **'પ્રબુદ્ધ જીવન'પરિવારની કલમે....** | | |
| ૬૦. | જમાના બડે શૌક સે સુન રહા થા... | જવાહર ના. શુકલ | ૬૫ |
| ૬૧. | શ્રી ધનવંતભાઈ એટલે મહામાનવ | હેમંત કાપડિયા | ૬૭ |
| ૬૨. | મોટા મનના માનવી | પ્રવીણભાઈ દરજી | ૬૭ |
| ૬૩. | મારા સાહેબ પૂ. ધનવંતભાઈ | અશોક એમ. પલસમકર | ૬૭ |
| ૬૪. | મારા વહાલા વડીલ શ્રી ધનવંતભાઈ | શ્રી હરિશ્ચંદ્ર એ. નવાલે | ૬૭ |
| ૬૫. | તમે મોટો કીધો મહારાજ... | ડૉ. રમજાન હસણિયા | ૬૮ |
| ૬૬. | ધનવંતભાઈ એક ધન્ય અનુભવ | સોનલ પરીખ | ૬૯ |
| ૬૭. | શ્રી ધનવંતભાઈને શ્રદ્ધાંજલિ | સુબોધીબેન મસાલીયા | ૬૯ |
| ૬૮. | જઈ રહ્યો છું જગતને હિસાબ આપીને | રમેશ સંઘવી | ૭૦ |
| ૬૯. | સમસ્ત જૈન સમાજના.... | ચંદ્રકાન્ત શેઠ | ૭૦ |
| ૭૦. | આપણે પુણ્યવંત કે આપણને... | ભારતી દીપક મહેતા | ૭૧ |
| ૭૧. | સાચા અર્થમાં કર્મયોગી | ડૉ. રશ્મિ ભેદા | ૭૨ |
| ૭૨. | શાશ્વત ગાંધીના પ્રેરક | ડૉ. યોગેન્દ્ર પરીખ | ૭૨ |
| ૭૩. | એક ફરિશ્તાની વિદાય... | ડૉ. મહેબૂબ દેસાઈ | ૭૩ |
| ૭૪. | આમ ઝબકીને ચાલ્યા જવાય? | ઉષા પટેલ | ૭૪ |
| ૭૫. | ડૉ.ધનવંતભાઈ શાહને ભાવાંજલિ | કિરીટ જે. શાહ | ૭૪ |
| ૭૬. | ધનવંતભાઈને આદરાંજલિ | શૈલજા ચેતન શાહ | ૭૫ |
| ૭૭. | સ્મરણાંજલિ | ડૉ. ઉત્પલા કાંતિલાલ મોદી | ૭૬ |
| ૭૮. | તેમના જીવનની મહેંક... | સુનંદાબહેન વોહરા | ૭૫ |
| ૭૯. | સંસ્કાર અને સંસ્કૃતિની ક્ષિતિજે... | મણિલાલ દેઢિયા | ૭૭ |
| ૮૦. | જીવન-સ્મૃતિ સ્વાધ્યાય મંદિર | મનુ પંડિત-ભારતી પંડિત | ૭૭ |
| ૮૧. | વિશિષ્ટ વ્યક્તિ ધનવંતભાઈ | ચન્દ્રકુમાર ઝવેરી | ૭૮ |
| ૮૨. | દીવો બુઝાઈ ગયો | વિશ્વ મંગલમ્-અનેરા | ૭૮ |
| ૮૩. | લીલુંછમ પાન ખરી પડ્યું. | પન્નાલાલ ખીમજી છેડા | ૭૯ |
| ૮૪. | ધનવંતભાઈને હૃદયની શ્રદ્ધાંજલિ | સુમતિબહેન રાવલ | ૭૯ |
| ૮૫. | કેવું અદ્‌ભુત વ્યક્તિત્વ! | દીપ્તિ સોનાવાલા | ૭૯ |

| ક્રમ | કૃતિ | કર્તા | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૮૬. | ગુણગ્રાહી દૃષ્ટિ શ્રી ધનવંતભાઈ | પ્રવીણભાઈ સી. શાહ | ૮૦ |
| ૮૭. | ડૉ. ધનવંતભાઈને સાદરાંજલિ | ડૉ. રેખા ગોસલિયા | ૮૦ |
| ૮૮. | આજના યુગમાં જોવા ન મળે તેવો... | નટવરભાઈ દેસાઈ | ૮૦ |
| ૮૯. | પરલોકે વાર્તાલાપ | અનિલા | ૮૧ |
| ૯૦. | સ્વાનુભૂતિ જગાવવાનું પ્રેરણાસ્રોત | ચેતન ચંદુલાલ શાહ | ૮૧ |
| ૯૧. | 'ધનુભાઈ'એ સોનગઢની ધરતી... | નાનજીભાઈ હિરજી ફૂરીઆ | ૮૨ |
| ૯૨. | તેમના દ્વારા કાર્યાન્વિત કાર્યક્રમો.. | જયંતીલાલ-નલિની શાહ | ૮૨ |
| ૯૩. | ધનવંતભાઈની સિદ્ધિઓની વિગત | બકુલ ગાંધી | ૮૩ |
| ૯૩. | ભાવાંજલિ | મનુભાઈ શાહ | ૮૫ |
| ૯૪. | 'પ્રબુદ્ધ જીવન' વિકસિત થાય... | ડૉલા કપાસી | ૮૫ |
| ૯૫. | પત્રકારિત્વ, ધર્મ અને કુટુંબપ્રેમ | ડૉ. જયંતી પટેલ 'રંગલો' | ૮૫ |
| ૯૫. | શબ્દના શિલ્પી-ડૉ. ધનવંતભાઈ | મનસુખલાલ ઉપાધ્યાય | ૮૬ |
| ૯૬. | 'છે' અને 'નથી'ની વચમાં... | સુધા નિરંજન પંડ્યા | ૮૬ |
| ૯૭. | ડૉ.ધનવંત ટી. શાહની દુઃખદ વિદાય | ધીરુ પારેખ | ૮૭ |
| ૯૮. | શબ્દાંજલિ | જ્હોની શાહ | ૮૭ |
| ૯૯ | જીવના એક ખૂણે ગ્રામ્યજીવન... | ઈલા શાહ | ૮૮ |
| ૧૦૦. | પથદર્શક ડૉ. ધનવંતભાઈ... | હિંમતલાલ શાંતિલાલ ગાંધી | ૮૮ |
| ૧૦૧. | શાણો મિત્ર ગુમાવ્યાનું દુઃખ | લક્ષ્મીકાંત શાહ | ૮૮ |
| ૧૦૨. | કાલ-આજ-કાલ | ડૉ. સેજલ શાહ | ૮૯ |
| ૧૦૩. | કુમારપાળ દેસાઈને અહિંસારત્ન એવૉર્ડ | — | ૯૩ |
| ૧૦૪. | શ્રીમદ્ રાજચંદ્ર કથા | — | ૯૪ |
| ૧૦૫. | સર્જન સ્વાગત | ડૉ. કલા શાહ | ૯૭ |
| ૧૦૬ | નલિની બલબીરને હેમચંદ્ર એવૉર્ડ | — | ૯૯ |
| ૧૦૭. | 'સમણસુત્તં'-જ્ઞાનયાત્રાનો અહેવાલ | ડૉ. રમજાન હસણિયા | ૧૦૦ |
| ૧૦૮. | SEEKER'S DAIRY' Dhanvantbhai– A man of all seasons | Reshma Jain | ૧૦૧ |
| ૧૦૯. | શ્રી મુંબઈ જૈન યુવક સંઘને મળેલા અનુદાનની વિગત | — | ૧૦૨ |
| ૧૧૦. | Condolense Messages From: Kirtikumarji, B.H. Antia,Jaswant B. Mehta Usha H. Gokani, Dr. Kamini Gogri, Dilip V. Shah, J. K. Parikh, K. J. Somaiya Centre For Studies in Jainism, Harshad Shah | | 103 & 104 |
| ૧૧૧. | રત્નાશ્રમના રત્ન કર્મયોગી ડૉ. ધનવંતભાઈને શ્રદ્ધાંજલિ | પંકજ ગોસર | ૧૦૫ |
| ૧૧૨. | ધનવંત શાહ એક આદર્શ શિક્ષક | હેમંત ઠક્કર | ૧૦૫ |
| ૧૧૩. | Story of Charitra-Kalyan Ratnashram at Sonaghad | Dr. Renuna Porwal | ૧૦૬ |
| ૧૧૪. | Story of Charitra-Kalyan Ratnashram at Sonaghad Pictorial Story (Colour Feature) | Dr. Renuna Porwal | ૧૦૭ |
| ૧૧૫. | ધનવંત શાહનું સાહિત્ય (સચિત્ર) | – | ૧૦૮ |


**આ અંકનું સૌજન્ય રૂપિયા ૬૦.૦૦**

Regd. With Registrar of Newspaper for India No. MAHBIL/2013/50453

• 'પ્રબુદ્ધ જીવન' ગુજરાતી-અંગ્રેજી વર્ષ : ૪ (કુલ વર્ષ ૬૪) • અંક : ૧ • એપ્રિલ ૨૦૧૬ • વિક્રમ સંવત ૨૦૭૨ • વીર સંવત ૨૫૪૨ • ચૈત્ર સુદ તિથિ-૧૦ •

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા ● ● ●

(પ્રારંભ સન ૧૯૨૯થી)

# પ્રબુદ્ધ જીવન

## ડૉ. ધનવંતભાઈ ટી. શાહ સ્મૃતિ વિશેષાંક

● ● વાર્ષિક લવાજમ રૂા.૨૦૦/- ● ● ● ● છૂટક નકલ રૂા. ૨૦/- ● ●

માનદ તંત્રી : ડૉ. સેજલ શાહ

## એક નાની વાત આપની સમક્ષ...

It is very simple to be happy, but it is very difficult to be simple.

સુખી થવું એ બહુ સરળ છે પરંતુ સરળ રહેવું એ બહુ જ અઘરું હોય છે.

આદરણીય ધનવંતભાઇએ પોતાનું સમગ્ર જીવન મૂલ્યો સાથે, જ્ઞાનના પ્રકાશને ફેલાવતા, સહજતા સાથે સરળતાથી, કોઈ અહંકાર વગર વિતાવ્યું જેની મહેંક આપણે સહુ અનુભવી રહ્યા છીએ સાથે તેમના વગર અનુભવી રહ્યા છીએ એક શૂન્યાવકાશ.

મૃત્યુનો બિહામણો ચહેરો પોતાનો સમય નિશ્ચિત કરી નિર્ધારિત વ્યક્તિ પાસે પહોંચી જાય છે ત્યારે એ જીવની પૃથ્વી પરની આવશ્યકતા વિશે શું કહેવું? શ્રી ધનવંત શાહ, જેમના નામ આગળ 'સ્વ' લખવાની હિંમત મારી કલમ આજેય નથી કરી શકતી. ધનવંતભાઈ એટલે પ્રબુદ્ધ જીવનના હસ્તાક્ષર. પરંતુ એપ્રિલ ૨૦૧૬થી આ પાના પરનો તંત્રી લેખ હવે તેઓ નહિ લખે. એ વાસ્તવિકતા કપરી છે. કેટલીક ન પસંદ હોય એવી વાસ્તવિકતાને આપણું વિજ્ઞાન પણ બદલાવી શકતું નથી. છેવટે મનુષ્ય તો લાચાર જ ને!

કુદરતના આ કપરા નિર્ણય સામે આપણે ધનવંતભાઇને તેમના સ્વપ્નો દ્વારા જીવંત ન રાખી શકીએ? આમેય એમનું સ્વપ્ન ક્યાં અંગત હતું? એમને જે વિચાર્યું તે સદા સંસ્થા અને માનવજીવનના ઉદ્ધાર માટે. ત્યારે એક ધરપત અનુભવી શકાય કે ધનવંતભાઈ હવે આપણા સહુમાં, આપણી અંદર તેમને જે આકારિત કર્યા છે તે સ્વપ્નોમાં, તેમને જે કાર્યક્રમોની રૂપરેખા ઘડી છે તેમાં, તેમને તૈયાર કરેલી બ્લ્યુપ્રિન્ટમાં રહેશે, આપણી હયાતી સુધી.

પ્રસ્તુત અંક ધનવંતભાઈ સ્મરણાંજલિ વિશેષાંક તરીકે આપની સમક્ષ રજૂ કરીએ છીએ. એમના વ્યક્તિત્વના વિવિધ રંગો જે ક્યારેક આયોજક રૂપે, તો કદી ચિંતક રૂપે, તો ક્યારેક સંશોધક કે સર્જનાત્મક સાહિત્યના માધ્યમથી આપણી સમક્ષ પ્રગટ થતાં રહ્યાં છે. આપણા સહુના મનમાં અનેક સ્મરણો અંકિત થયેલા છે. અનેક ક્ષેત્રે અનેક કાર્ય કરતાં તેઓ એક મહાવિદ્યાલય સમા હતા, જેની વિવિધ શાખાઓએ કેટકેટલાય છોડનું વાવેતર કર્યું છે. માણસની પરખ

આ અંકના સૌજન્યદાતા
સ્વર્ગવાસી શ્રી વસંતરાય દલિચંદ શેઠ
ઉજ્વળ જીવન જીવવાની યાદમાં
હસ્તેઃ શ્રીમતિ કુંદનબેન વસંતરાય શેઠ
હિના-જયેશ • રૂપાલ-વિજય
મિનલ-જયેશ • તૃપ્તિ-અજય
શિતલ-જિલન

● શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩ મહમદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપૉર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪. ટેલિફોન: ૨૩૮૨૦૨૯૬
● ઑફિસ સ્થળ સૌજન્ય : શ્રી મનીષભાઈ દોશી ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનો બૅન્ક A/c. No. 0039201 000 20260.
● Website : www.mumbai_jainyuvaksangh.com ● email : shrimjys@gmail.com Web Editor: Hitesh Mayani-9820347990



ISSN 2454–7697

અને શક્તિને જાગૃત કરવાનું કાર્ય મૌન રહી કરનાર ઋષિ કેટલા? 'હું કરું, હુ કરું-' એના ભારથી મુક્ત, સાવ નિર્વેદ અને જ્યાં જે સુંદર દેખાય તેની ઉજવણી કરી તેને પ્રગટ કરનાર આ મહામાનવ નહીં તો બીજું શું? અનેકાંત વિચારણાનો સાક્ષાત્કાર એમના જીવનમાં જોવા મળતો હતો. મંચ પર હોવા છતાં વિદ્વતાના ભારથી મુક્ત દરેકના હૃદયમાં પોતાની આગવી જગ્યા બનાવનાર આ તંત્રીના વાત્સલ્યનો અનુભવ હવે માત્ર સ્મરણમાં વાગોળવાનો જ ને? આ જ સત્ય છે. પ્રબુદ્ધ જીવનનું અને આપણા સહુનું. પ્રબુદ્ધ જીવન એમનું માનીતું સર્જન હતું અને એના વિકાસની ગાથા અંગે આપણે સહુ જાણીએ છીએ. હવે એ કાર્યને, એમના આ માનીતા વૈચારિક સામાયિકને આગળ ચલાવવાની જવાબદારી આપણા સહુની. આપણે સહુ જાણીએ છીએ કે તેમની એક વિશિષ્ટ શૈલી હતી તે મુજબ તેઓ ખુબ ભાવ અને સંવેદનાપૂર્વક બીજા પાસે કામ કરાવી શકતા અને એ જ રીતે તેમને મારામાં વિશ્વાસ મુક્યો છે. એમના ભાવભર્યા આદેશને નકારવાનું કોઈને ન ગમતું. કારણ તેઓ માત્ર આદેશ ન આપતાં પરંતુ સાથે રહી એ કાર્યને આકાર અને વેગ આપવામાં મદદરૂપ પણ થતાં. આજે પરિસ્થિતિ એવી છે કે તેમનો આદેશ છે પરંતુ તેમનો દૈહિક સાથ નથી ત્યારે વધુ સૂનકાર લાગે છે, પરંતુ આપ જાણો છો કે માત્ર ભાવભર્યાં બેસી રહેવાથી નહિ ચાલે, એમ કરવાથી તો આપણે તેમની શ્રદ્ધાને હાનિ પહોંચાડીશું. તો ચાલો સાચી શ્રદ્ધાંજલિ તો તેમના આ કાર્યને દીપાવવામાં જ છે અને જે આપણે સહુ મળીને કરીએ. આજે તેમણે મારામાં મૂકેલા વિશ્વાસને મારે સાચો પાડવાનો છે અને એ આપ સહુના સહકાર વગર નહિ જ કરી શકાય. મારે અનેક હાથની આવશ્યકતા છે અને આપ સહુ એ પૂરી પાડશો તેવી શ્રદ્ધા છે. આપમાંથી ઘણાઓએ જે હાથ લંબાવ્યો છે એ માટે આભારના શબ્દો ઓછાં પડે એમ છે. ઑફીસ અને શ્રી જૈન યુવક સંઘના કમિટી સભ્યોએ સહકાર આપ્યો છે એને કારણે જ હું આ કાર્ય આવનારા થોડાં સમય માટે જ કરવા મારી જાતને તૈયાર કરી શકી છું. નીતિન સોનાવાલાના પ્રોત્સાહન માટે આભાર સિવાય શું કહી શકું? સાથે જવાહરભાઈ, પુષ્પાબેન, દીપ્તિબેન, પ્રવીણભાઈ, હેમંતભાઈ, હરીશચંદ્ર, અશોકભાઈ, નીરૂબેન દરેક પગલે મારી સાથે રહે છે. આ વિશેષાંક માટે ભારતીબેન શાહની વિશેષ મદદને સ્મરું છું. બીજું એક પ્રેરકબળ છે ધનવંતભાઈના કુટુંબીજનોમાં પ્રાચીબેન અને પૂરબભાઈનો વિશ્વાસ, સ્મિતાબેનની હૂંફ. આ સર્વની ધરપતથી યાત્રા શરુ કરી છે અને આપ સહુ વિદ્વતજનોએ આપેલું માર્ગદર્શન એ જ હવે આગળની યાત્રાને હંકારશે.

વિદ્વદ્જનો જો ચૂકાય તો ઝાલજો અને જો આગળ વધાય તો સાથે રહેજો. આ મંઝીલ એકલા ક્યાંથી પાર પડશે? વિશેષાંક માટે ચારે તરફથી અનેક સંદેશાઓ આવ્યા છે, અને આવી રહ્યા છે. દરેકની ભાવનાઓની અમે કદર કરીએ છીએ, આપના શબ્દો અમને શાતા આપે છે. અઢળક સંદેશાઓને કારણે તારીખની મર્યાદા બાંધવી પડે તેમ હતી. જે મોડા આવ્યા છે તેમને આગામી અંકમાં સમાવી જ લઈશું. આ અંકને ત્રણ ભાગમાં વહેંચ્યો છે. એક ભાગમાં સર્જક ધનવંતભાઈની કલમની કેટલીક વિશેષતાને ઉજાગર કરી છે. બીજા ભાગમાં અન્ય વિદ્વાનોની કલમ દ્વારા ધનવંતભાઈનો વિશેષ પરિચય મળે છે જ્યારે અંતિમ ભાગમાં શ્રદ્ધાંજલિના સંદેશાઓ આવરી લીધા છે. આ અંક આપણા સહુના પ્રિય તંત્રીને અર્પણ.

અંતે, આપ સહુને વિનંતી આજ સુધી આપે આપેલો સહકાર આમ જ રાખશો, જેથી અમારું મનોબળ ટકી રહે. વધુ શું કહું,

Faith is the bird that feels the light and sings when the dawn is still dark.

**–સેજલનાં વંદન**

sejalshah702@gmail.com

## 'પ્રબુદ્ધ જીવન' પરદેશના પોસ્ટલ ચાર્જિસમાં વધારો

પોસ્ટ ખાતાએ પરદેશના પોસ્ટલ ચાર્જિસમાં જાન્યુઆરી ૨૦૧૬થી વધારો કર્યો છે. પહેલાં એક અંકનો પોસ્ટેજ ખર્ચ રૂ.૯૦ હતો. જાન્યુઆરીમાં ૨૦૧૬થી એક અંકનો પોસ્ટેજ દર રૂા. ૧૦૨ થયો છે. ફેબ્રુઆરી ૨૦૧૬ના ખાસ અંકનો પોસ્ટલ ચાર્જ રૂા. ૨૪૭ એક અંકનો નવા પોસ્ટલ નિયમ મુજબ થયો હતો.

આ સંજોગોમાં તા. ૧લી એપ્રિલ ૨૦૧૬ થી પરદેશ માટેના લવાજમના દર નીચે પ્રમાણે રહેશે.

**૧ વર્ષના લવાજમના $ 30 ● ૩ વર્ષના લવાજમના $ 80૫ વર્ષના લવાજમના $ 100 ● ૧૦ વર્ષના લવાજમના $ 200/-**

વાર્ષિક લવાજમ આપશ્રી **$ (ડૉલર)** માં મોકલાવો તો **$ પાંચ બેંક ચાર્જિસ** ઉમેરીને મોકલશો.

આપના સહકારની આશા રાખીએ છીએ.

**ભારતમાં વાર્ષિક લવાજમ રૂા. ૨૦૦ ● ત્રણ વર્ષનું લવાજમ રૂા. ૫૦૦ ● પાંચ વર્ષનું લવાજમ રૂા. ૯૦૦ ● દસ વર્ષનું લવાજમ રૂા. ૧૮૦૦**

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનો બૅન્ક A/c No. : બૅન્ક ઑફ ઈન્ડિયા CD A/c No. 003920100020260.

ગુરુદેવની કલમે...

# હૃદયથી ધર્મી, ઉત્તમના ઉપાસક

□ આચાર્ય શ્રી વાત્સલ્યદીપ સૂરિજી

જીવનને મંગલમય બનાવવું તે ઉત્તમ માનવીનું લક્ષ્ય હોય છે. ડૉ. ધનવંત ટી. શાહ તેનું શ્રેષ્ઠ ઉદાહરણ છે. શ્રી ધનવંતભાઈએ જીવનને, મનને, હૃદયને માંગલ્યની દિશામાં દોર્યા, અનેકને માટે પથદર્શક બની ગયા.

ડૉ. ધનવંતભાઈ મારા પૂજ્ય ગુરુદેવ આચાર્ય ભગવંત શ્રી દુર્લભસાગરસૂરીશ્વરજી મ. અને અમારા પ્રતિ પૂજ્યભાવ રાખતા હતા. વર્ષોથી મળતા, વાતો ખૂબ થતી પણ અધિકાધિક મળવાનું થયું તેઓ 'પ્રબુદ્ધ જીવન'ના તંત્રી નિમાયા, તે પછી. તેઓ સાહિત્યોપાસક, સાહિત્ય સર્જક તો હતા જ પણ મહદંશે તે સ્વરૂપ ખીલ્યું છેલ્લાં દોઢ દાયકાનાં, એમ કહેવું જોઈએ. જીવનભર જે વાંચતા હતા કે વિચારતા હતા, તે સમયે જે અંતસ્તલતાં ઘૂંટાયું તે 'પ્રબુદ્ધ જીવન'ના તંત્રીકાળમાં બહાર આવ્યું. તેમના પત્રો મારી પાસે છે. તેમનું લક્ષ્ય એ બની ગયું કે શ્રી મુંબઈ જૈન યુવક સંઘને, 'પ્રબુદ્ધ જીવન'ને પગભર કરવા છે. તા. ૨૭-૭-૨૦૦૬ના એક પત્રમાં, તેમણે મને આવું લખ્યું છે. આ કપરું કાર્ય તેમણે સુપેરે કર્યું. 'પ્રબુદ્ધ જીવન'માં આમૂલચૂલ પરિવર્તન લાવીને વાચનક્ષમ બનાવી દીધું.

ડૉ. ધનવંતભાઈ વિદ્વાન તો હતા જ, વિવેકી વિશેષ હતા. મૂલ્યનિષ્ઠાને આંચ ન આવે તેનું ધ્યાન રાખીને સૌને સાચવતા. સને. ૨૦૦૯માં મારી અમદાવાદમાં આચાર્ય પદવી થઈ તે સમયે પરિવાર સાથે આવ્યા અને પ્રવચન પણ કર્યું. એ જ વર્ષે મારે મુંબઈ ચાતુમાસાર્થે જવાનું થયું. તે સમયે, મેં વાતવાતમાં ધ્યાન દોર્યું કે જૈન સામયિકો ઓછાં થતાં જાય છે અને ધર્મ વિશે વિશેષાંકો પ્રકટ થતા નથી. ભગવાન મહાવીર જન્મ કલ્યાણક, નિર્વાણ કલ્યાણક તથા પર્યુષણ મહાપર્વ વિશે સાચા અર્થમાં વિશેષ અંક થાય તો સારું!

એમણે એ વાત ઝીલી લીધી. 'પ્રબુદ્ધ જીવન'ના અનેક વિશેષાંક થયા. એ કાર્યમાં તેમણે આગળ વધીને અનેક વિદ્વાનોને જોડ્યાં, સંપાદન કરાવ્યું. અનેક પ્રતિભાઓને તક આપી, સાહિત્ય માર્ગે આગળ દોર્યા.

શ્રી ધનવંતભાઈ સાથે નિયમિત વાત થતી. તેઓ મળવા આવતા ત્યારે મેં જોયું છે કે તેમને જ્યાંથી પણ નવી દૃષ્ટિ પ્રાપ્ત થાય છે તેને કોઈ જ પક્ષપાત વિના સ્વીકારે છે. તેમની સંપૂર્ણ ભાવના ધર્મમય થઈ ગઈ હતી, તેમના વિચારો સંપૂર્ણ ધર્મમય થઈ ગયા હતા. એક જ લક્ષ્ય હતું–ધર્મ સેવા.

જીવનના અંતિમ તબક્કામાં ડૉ. ધનવંત ટી. શાહ 'પ્રબુદ્ધ જીવન'ના તંત્રી તરીકે પ્રવેશ્યા, તે તેમના જીવનનો શ્રેષ્ઠ સમય બની રહ્યોઃ પ્રોફેસર તરીકે, લેખક તરીકે, સાહિત્ય સર્જક તરીકે અને સંશોધક તરીકે તેઓ પોતાની નિપુણતા પૂરવાર કરી ચૂક્યા હતા, ઉદ્યોગપતિ તરીકે તેઓ સફળ રહ્યા હતા પણ 'પ્રબુદ્ધ જીવન'ના તંત્રી તરીકે તેઓ સંપૂર્ણ સમર્પિત થઈ ગયા અને અખૂટ કીર્તિ પામ્યા. ઉન્નતિની દિશાની આ પ્રાપ્તિ જેવી તેવી ઘટના નથી. ડૉ. ધનવંતભાઈને જીવનના છેલ્લા દોઢ દાયકામાં થયેલો સતત સાહિત્યિક સ્વાધ્યાય એમને જીવનની ઉત્થાન તરફની દિશા આપે છે, તેના જેવી અણમોલ પ્રાપ્તિ અન્ય કોઈ હોઈ ન શકે.

મુંબઈમાં પ્રારંભ કરાયેલા 'આચાર્ય ભગવંત શ્રી દુર્લભસાગર–સૂરીશ્વરજી એવોર્ડ' સાથે તેઓ સંકળાયેલા રહ્યા. તેમને પણ સં. ૨૦૧૩માં આ એવોર્ડ સમર્પિત થયો. મારું પુસ્તક 'જૈન ધર્મ' ડૉ. આંબેડકર ઓપન યુનિવર્સિટીએ પાઠ્ય પુસ્તક તરીકે સ્વીકાર્યું અને મારા પાંચ પ્રવચનો તે જ યુનિવર્સિટીએ ઓન લાઈન એકઝામમાં મૂકાયા ત્યારે તેઓ બેહદ ખુશ થયાઃ તેમણે એ કાર્ય માટે ડૉ. યોગેન્દ્ર પારેખને અભિનંદન પાઠવ્યા.

'શ્રી જૈન મહાવીર ગીતા–એક દર્શન'ની લેખમાળા મેં તેમના આગ્રહથી 'પ્રબુદ્ધ જીવન'માં લખી. યોગનિષ્ઠ જૈનાચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી રચિત ૩૦૦૦ શ્લોક પ્રમાણ તે ગ્રન્થ છે. ડૉ. રમણલાલ ચી, શાહ તેમના પુસ્તક 'વંદનીય હૃદયસ્પર્શ'માં તેને મૌલિક વિચારો ધરાવતો ગ્રન્થ ગણાવે છે. ડૉ. ધનવંતભાઈએ તે લેખમાળા તો પ્રગટ કરી જ પણ શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા તેનું પ્રકાશન પણ કરાવ્યું અને ડૉ. રશ્મિકુમાર ઝવેરી પાસે પ્રસ્તાવના પણ લખાવી! પુસ્તક પ્રગટ થયું ત્યારે કહે, 'એક એકેડેમિક ગ્રન્થ તૈયાર થયો.' જેના વિશે ધનવંતભાઈએ તંત્રીલેખ પણ લખ્યો હતો. વ્યાખ્યાનમાળા, જ્ઞાનસત્ર, સાહિત્ય સમારોહ તેમણે નિષ્ઠાપૂર્વક યોજ્યાઃ તબિયતની અસ્વસ્થતા છતાં ઠેર ઠેર પ્રવચનો કરવા પણ ગયા. આ તમામ વાતોનું મૂળ આટલું જઃ જે સારું પોતાને મળી ગયું છે તેનો સંગ અખંડ રહે!

શ્રી ધનવતંભાઈ ઉત્તમના ઉપાસક હતા. એવું પણ બન્યું કે તેમની આસપાસ એક વર્તુળ ખડું થઈ ગયું કે જાણે હું તારા વખાણ કરું, તું મારા કર! મેં આ વાત પ્રત્યે તેમનું ધ્યાન દોર્યું તો કહે, 'કેટલાંક ગુના અનિવાર્ય હોય છે!'

પૂ. આચાર્ય શ્રી દુર્લભસાગરસૂરીશ્વરજી જૈન ભવન' ગોરેગામ

હૃદયથી ધર્મી એવા ડૉ. ધનવંતભાઈને જેઓ એક પણ વખત મળ્યાં હશે તે તેમને ભૂલી શકે નહિ: એજ તો છે ઉત્તમ જીવનનું પ્રતિબિંબ! તા. ૨૮-૨-૨૦૧૬ના પથારીમાં સૂતા પછી કહે છે કે ઉઠ્યા જ નહિ; પણ ઉઠ્યા હોત તો ટાગોરનું આ અમર વાક્ય અચૂક બોલ્યા હોત: 'થાય છે કે જવાના દિવસે આ વાત કહી દઉં: જે જોયું છે, જે પામ્યો છું, તેનો જોટો નથી! ✷✷✷

વેસ્ટમાં ખડું થયું તો તે જોવા પણ આવેલા કહે: 'તમારા હાથે આ એક નક્કર કામ થયું!' અમદાવાદ મળવા આવવાની ભાવના પણ રાખતા હતા પણ નરમ તબિયત અને સોનગઢના સાહિત્ય સમારોહની ચિંતા તેમને ઘેરી વળેલા: મુંબઈની હીરાનંદાણી હૉસ્પિટલમાંથી ઘરે પહોંચ્યા પછી મારી સાથે વાત થઈ ત્યારે પણ કહે, 'તમને વંદન કરવા આવવું છે, વાસક્ષેપ મળી ગયો છે!'

## ઉપાધ્યાય ભુવનચંદ્રજી મ. સા. લખે છે...

પ્રમુખશ્રી, મંત્રીશ્રી,

જૈન યુવક સંઘ, મુંબઈ.

ધર્મલાભ,

શ્રાવકરત્ન, મેધાવી મનીષી અને ઉત્સાહી આયોજક, અજાતશત્રુ અને ગુણગ્રાહી એવા શ્રી ધનવંતભાઈની અણધારી ચિરવિદાયથી એક ખાલીપો સર્જાયોછે. સમાચાર મળતાં મન ગ્લાનિથી ભરાઈ ગયું.

જૈન પરંપરાના બદલાતા અને અકળાવતા સમય સાથે સમન્વય -સંતુલન-સામંજસ્ય સ્થાપવા માટે સતત ચિંતિત અને સક્રિય રહેનારા શ્રાવકની ખોટ પડી. શ્રી જૈન યુવક સંઘ અને 'પ્રબુદ્ધ જીવન' સામયિક માટે તો જાણે તેનો પ્રાણ ચાલ્યા ગયા જેવી સ્થિતિ છે.

સાહિત્ય, સમાજ અને ધર્મ બધા ક્ષેત્રે તેમણે પ્રેરક, પોષક, પ્રોત્સાહકની ભૂમિકા અદા કરી. ભરપૂર જીવ્યા. આનંદથી જીવ્યા અને જીવંત-જ્વલંત જીવનની છાપ મૂકી ગયા.

'સમણસુત્તં' તેમનો પ્રિય ગ્રંથ હતો. આ ગ્રંથ પર ઓપન બુક એક્ઝામની યોજના તેમના સહયોગથી સંપન્ન થઈ. પુરસ્કાર વિતરણ સમારોહમાં આવનાર હતા, આવી ન શક્યા. ઉત્તરપત્ર તૈયાર કરવા એમણે કહેણ મોકલ્યું. રમજાનભાઈ સાથે અંતિમ દિવસે વિગતે વાત કરી, ખૂબ સંતોષ, ખૂબ રાજીપો વ્યક્ત કરેલો. બસ, એ વાતનો આનંદ અમારી પણ સ્મૃતિમાં અકબંધ રહેશે.

'પ્રબુદ્ધ જીવન'ના આગામી અંકમાં જવાબો અને અહેવાલ પ્રગટ કરવાની વાત તેમણે કરેલી. અહેવાલ તેમની પાસે પહોંચી ગયેલ. ઉત્તરપત્ર આ સાથે મોકલું છું. આગામી અંકમાં પ્રસિદ્ધ કરવા ઘટતું કરશો.

પરિવારજનોને હાર્દિક સહાનુભૂતિ પાઠવું છું. મંગળ હો!

લાયજા, કચ્છ

## પૂ. વિજયશીલચંદ્ર સૂરિ મ. સા. ...

જીવન ક્ષણિક છે, બધું નાશવંત છે, એવી સમજ હોવા છતાં, અને હજી હમણાં જ સમારોહમાં તે વિષે ભરપૂર વાતો કરી હોવા છતાં, આ સમાચાર સાંભળતાં 'આવું બની શકે?' 'માન્યામાં નથી આવતું' જેવા પ્રત્યાઘાતો ચિત્તમાં ઊપસી ગયા.

ખૂબ ખેદજનક વાત બની. જવાનું છે એ અફર હોવા છતાં આમ એકાએક ચાલ્યા જાય તે, આપણી પરિસ્થિતિના સંદર્ભમાં, માની ન શકાય તેવી અને માનવી ન ગમે તેવી ઘટના છે.

ધનવંતભાઈનો અલપઝલપ પરિચય ઘણાં વખતથી હતો. પણ સોનગઢમાં ૪-૫ દિવસ સાથે રહેવા-બેસવાનું બન્યું, ત્યારે તેમની ઘણી ક્ષમતાઓનો અંદાજ મળ્યો. મને આનંદ તો એ વાતે સહુથી અધિક થયેલો કે તેઓ પણ ભાવનગરના હતા.

સમારોહનું આયોજન તથા સંચાલન કરવામાં એમના હૃદયની મમતા, ઋજુતા તથા લાગણીઓ સતત વહેતી જોઈને રાજી થતો. તે વધુ પડતો શ્રમ લેતા તે જોઈને ૨-૩ વાર શ્રી મંગળભાઈ ભણશાલીને મેં સૂચન પણ કરેલું કે તેમને સમજાવો કે આટલો શ્રમ ન કરે.

શિરછત્ર ગુમાવ્યાનો આઘાત તમને બધાને ઓછો નહિ હોય. શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, 'પ્રબુદ્ધ જીવન', સાહિત્ય સમારોહ- વગેરે પ્રવૃત્તિઓ સાથે જોડાયેલા સહુ કોઈ પણ શોકગ્રસ્ત અને આહત હશે જ.

પણ જો માણસ મૂલ્યનિષ્ઠ અને સારપ-ભરેલું જીવન જીવ્યો હોય તો, તેના મરણ પછી તે એક વિશિષ્ટ સુવાસ મૂકીને જાય છે, જેને લઈને લોકો તથા પરિવાર તેને સતત યાદ કરે છે, અને તેના ઉમદા કાર્યોની અનુમોદના કે સરાહના દ્વારા તેને હૃદયસ્થ રાખે છે.

ધનવંતભાઈ ખરેખર ઉમદા અને સત્કર્મમય જીવન જીવી ગયા. તેમના મરણનો શોક કરવો એ કદાચ તેમના આત્મા પ્રત્યેનો અપરાધ બની રહે. તેમના ઉમદા કાર્યો, નિષ્ઠા, દૃષ્ટિ, સદ્‌ગુણો આ બધાને યાદ કરવા, અને તેવાં કાર્યો અવિરત ચાલુ રાખવાં, તેવા ગુણોનો વારસો જાળવવો તથા વિકસાવવો, એ જ તેમને જીવંત કે ચિરંજીવ રાખવાનો શ્રેષ્ઠ ઉપાય છે.

## ધનવંત શાહ એમની કલમે...

*અહીં ધનવંતભાઈની કલમે વ્યક્ત થતા ધનવંતભાઈ જોવા મળશે. એમની વિચારશીલ વૃત્તિ અને સંવેદનશીલ અભિગમ અંગે ભાગ્યે જ કોઈને શંકા હોઈ શકે. એમની લેખિની વાંચતાં ખ્યાલ આવે કે સતત જાગ્રત ધનવંતભાઈ મંથન ચિંતન કરતાં કરતાં પોતાને નિર્વેદ અને યોગીની કક્ષાએ પહોંચાડી શક્યા હતાં. અહીં પ્રસ્તુત લેખમાં એઓની ગુરુ શોધ યાત્રા અંગેના જાત સાથેના સંવાદમાં તેમના વિશાળ જ્ઞાનનો પરિચય મળે છે. ગુરુની શોધમાં અનેક જગ્યાએ ફરવાથી ઘડામણ થાય છે અને સાંભળવાથી ચિંતનમાં સમૃદ્ધિ થાય પણ એ પછી પણ કોઈ મોહમાં પડ્યા વગર જાતને નિર્લેપ રાખી જાગૃતતા રાખી શકાય, એ કેટલી મોટી વાત? ભગવાન મહાવીરની શીખમાં જૈન ધર્મના સિદ્ધાંતને ખરા અર્થમાં તેઓ પામ્યા છે, તેનો ખ્યાલ આવ્યા વગર રહેતો નથી. 'તાંસળીવાળા બાબા' એક વિશિષ્ટ ઘટના છે. એક વિશિષ્ટ વ્યક્તિનો પરિચય અને તેને ઓળખવાની ધનવંતભાઈની દૃષ્ટિનો અહીં પરિચય મળે છે. અનેક લોકો કહે છે કે ધનવંતભાઈ માણસપારખુ હતા, ધનવંતભાઈ ખરા અર્થમાં જીવનપારખુ અને મર્મપારખુ હતા. બે લાગણીસભર લેખો 'જીવનમાં માની પડેલી ખોટ' અંગેની સંવેદના અને 'પિતા દ્વારા પુત્રીને લખાયેલો પત્ર' આપણને ધનવંતભાઈના સંવેદનશીલ અને ઋજુ વ્યક્તિત્વનો ખ્યાલ આપે છે.*

# મારા જીવનમાંથી ભૂંસાઈ ગયેલો શબ્દ ...મા

પૃથ્વી પરનો સૌથી મધુર શબ્દ અને સૌથી મધુર ધ્વનિ છે...મા. હજુ જન્મીને મને વાચા ફૂટે અને હું બોલું એ પહેલાં જ એક વર્ષની ઉંમરે મારા જીવનમાંથી ભૂલાઈ ગયેલો એ શબ્દ...મા. કવિ દામોદર ખુશાલદાસ બોટાદકરના કાવ્ય 'જનનીની જોડ સખી! નહીં જડે રે લોલમાં...' કવિએ લખ્યું છે 'અમીથી ભરેલ એની આંખડી રે લોલ, વ્હાલના ભરેલાં એના વેણ રે, જનનીની જોડ...' આ કવિતા આંખમાં આંસુ લાવી દે છે. સાવ જ નાની વયમાં મારી મા દુનિયા છોડીને જતી રહેવાથી ન તો હું પામી શક્યો માની અમી ભરેલી આંખડી કે વ્હાલભર્યા એનાં વેણ. કદાચ કુદરતનો આની પાછળ કોઈ સંકેત હશે અને જેમ જેમ જીવનના સ્તર ચઢતો ગયો તેમ તેમ હૃદયને લાગ્યું કે હા, મારા જીવનમાંથી મારી માને પોતાની પાસે બોલાવનાર ભગવાને એક લીધી અને અનેક દીધીનો ઘાટ થયો. મારું જીવન ઘડતર શરૂઆતમાં પિતાશ્રીએ, ત્યાર બાદ મારા પરમ ગુરુ દુલેરાય કારાણીએ અને કલ્યાણચંદવિજયજી મહારાજ સાહેબે, યુવાનીમાં મારી બહેન નિર્મળા અને મારા બનેવીએ, કૉલેજકાળ દરમિયાન મારા પ્રોફેસર રામપ્રસાદ બક્ષીએ કર્યું. જ્યારે આ બધા જીવનમાંથી જતા રહ્યા ત્યારે ડૉ. રમણભાઈ અને તારાબહેન શાહ મારા જીવનના મુખ્ય આધારસ્તંભ બનીને રહ્યાં. મારા ગુરુ, મારા સંસ્કારસિંચક, મારી પ્રેરણામૂર્તિ, મારા સ્વજન અને મારા હિતચિંતકો ગણ્યા ગણાય નહીં એટલા હતાં અને આજે પણ છે.

એક જ વર્ષનો હતો ને મા ગુમાવી. ઘરની શોભા હંમેશાં સ્ત્રીથી જ હોય છે. બીજી રીતે કહીએ તો ચાર દિવાલોને જ સ્ત્રી ઘર કહેવડાવે છે.

અમારા ઘરમાંથી મારી મા જવાથી ઘર પર આભ તૂટી પડ્યું, ઘર છિન્નભિન્ન થઈ ગયું. મારે એક ભાઈ અને એક બહેન. મારા પિતાજી તિલકભાઈએ નિર્ણય કર્યો કે અણધારી આવી પડેલી આ આફત સામે હું એકલો જ લડીશ. મારે બીજા લગ્ન કરવા નથી. પરંતુ મારા મોસાળિયાને થયું કે પિતાજી આ જવાબદારી નહિ સંભાળી શકે, એટલે મારા મોટાભાઈ એક મામાને ત્યાં જતા રહ્યાં. મારાથી મોટી મારી બહેન નિર્મળાને મારી માસીના દીકરા એમના ઘરે લઈ ગયાં. હું પિતાજી સાથે જ ચાર વર્ષનો થયો ત્યાં સુધી રહ્યો.

જોકે મારા નાનાનો જીવ મારામાં જ હતો. એમનું મન હું મારા પિતાજી સાથે એકલો રહું એ માટે તૈયાર નહોતું. એથી મારા નાના મને એમના ઘેર લઈ ગયા. જ્યાં મારું બાળપણ મારી માસીના લાડકોડ વચ્ચે પસાર થઈ રહ્યું હતું. ત્યાં સોનગઢના ચારિત્ર-વિજયજી મહારાજ સાહેબનું સંચાલન કલ્યાણચંદ્ર વિજયજી મહારાજ સાહેબના હાથમાં આવતાં જ મારા જીવનમાં ફરી એક નવો મોડ આવ્યો હતો.

વાત એમ બની હતી કે સોનગઢના આશ્રમની જ્યારે ૧૯૨૮માં સ્થાપના થઈ હતી ત્યારે મારા પિતાજીએ એમાં એમના તન, મન, ધનથી યોગદાન આપ્યું હતું. જેવો આશ્રમનો કાર્યભાર કલ્યાણચંદ્ર વિજયજી મહારાજ સાહેબના હાથમાં આવ્યો ને ક્યાંકથી તેમને ખબર પડી કે તિલકની પત્ની અવસાન પામ્યા પછી તિલકનું ઘર વેરવિખેર થઈ ગયું છે. એમને મારા ભાઈ

બહેનનાં સમાચાર મળ્યા હતાં પણ હું ક્યાં અને કોની સાથે રહું છું એની કોઈ ભાળ નહોતી. (આખરે હું મારા નાનાજીને ત્યાં છું એવી જાણ થતાં જ મને આશ્રમમાં લઈ ગયા હતાં.)

મારા નામે ફાઈનાન્શીયલ ટ્રસ્ટ હતું. ટ્રસ્ટીઓનું માનવું હતું કે હું એ ટ્રસ્ટની હેઠળ અમદાવાદમાં ભણું. નાનાની ઈચ્છા મને એમની સાથે રાખવાની હતી. પણ, કલ્યાણચંદ્રવિજયજીનો એક જ નિર્ણય હતો કે મારો ઉછેર આશ્રમમાં જ થાય. એમના નિર્ણયની જીત થઈ અને ચોથા ધોરણથી લઈ મેટ્રીક સુધી હું આશ્રમમાં ભણ્યો અને રહ્યો રહ્યો હતો. ત્યાં મને દુલેરાય કારાણી જેવા ગુરુ મળ્યા, એમણે મને પિતાનો પ્રેમ આપ્યો હતો. જેવો મારો નિર્ણય આશ્રમમાં રહેવાનો થયો કે તરત જ મારા પિતાજી આઝાદીની લડતમાં જોડાઈ ગયા હતા. આશ્રમમાં વિનોબા ભાવે, નારાયણભાઈ દેસાઈ, સ્વામી આનંદ, રમણભાઈ દેસાઈ, કૃષ્ણકુમારજી જેવા અનેક મહાનુભાવોની અવરજવર રહેતી હોવાથી મારામાં અહીં ઊંચા અને સાત્ત્વિક સંસ્કારોનું સિંચન થયું હતું. દુલેરાય કારાણીને લીધે મારામાં સાહિત્ય અને વાચનનો શોખ વિકસ્યો હતો.

આશ્રમમાં આવવાથી સોનગઢની ધરતી મારી મા બની હતી અને કલ્યાણચંદ્રવિજયજી મહારાજ સાહેબ અને દુલેરાય કારાણી મારા પિતા બન્યા. તેઓ ઋષિ જીવ હતા. કચ્છના મેઘાણી કહેવાતા હતા. એમની તોલે કોઈ ન આવે. માની ખોટ મારી બહેન નિર્મળાબહેન પૂરી કરતી હતી. મને નિર્મળાબહેને એટલો બધો પ્રેમ આપ્યો હતો કે આજે ૭૧ વર્ષની વયે મને મા કરતા બહેનની ખોટ વધુ સાલે છે. એને ગુમાવ્યાનો વધુ વસવસો છે. અમારા બંનેમાં ઉંમરમાં ૧૦ વર્ષનો ફરક હતો. હું મેટ્રીક થયા પછી સોનગઢ આશ્રમ છોડી મુંબઈ ભણવા આવ્યો.

દુલેરાય કારાણી મને 'ધનુભા' કહેતા હતા. કલ્યાણચંદ્રવિજયજી મહારાજ સાહેબ અને દુલેરાય કારાણી બંને મને તમે કહીને સંબોધન કરતા હતા. આ બન્ને વ્યક્તિઓ પાસેથી મને નાના મોટાનો વિનય- વિવેક કેમ રાખવો જોઈએ એ શીખવા મળ્યું. મેટ્રીક પાસ થયા પછી તો હું મુંબઈ ભણવા જતો હતો. આમ છતાં મારા ને દુલેરાય કારાણી વચ્ચે જે લાગણીભીના સંબંધો હતા એમાં વધારો થયો હતો, સહેજ પણ ઘટાડો નહીં. એમની દરેક વાતો પર મને હંમેશા વિશ્વાસ અને શ્રદ્ધા હતા. એમનું ઋણ કેમે કરી ચૂકવવું શક્ય નથી. જોકે મને જ્યારે જ્યારે મોકો મળ્યો ત્યારે એમના સાહિત્યસેવાના અનેક મહોત્સવો ઉજવ્યા હતા. આજે પણ એ મોકો હું છોડતો નથી. અમારા બંને વચ્ચે ખૂબ આત્મીયતા હતી.

મને અહીં એક પ્રસંગ યાદ આવે છે. એ સમયે હું યુરોપ ટૂર પર હતો. આમ તો એમના જન્મદિવસે સવારે શુભેચ્છા આપતો ફોન કરું. એમનો ૨૮ ફેબ્રુઆરીએ જન્મદિન. કોણ જાણે કોઈ કામમાં વ્યસ્ત હતો અને મેં સવારે ફોન ન કર્યો. પેલી બાજુ દુલેરાયભાઈએ એમના પુત્રને પૂછ્યું, 'ધનુભાનો ફોન આવ્યો?' એમના દીકરાએ કહ્યું, 'ના બાપુ.' દુલેરાય કહે, 'કેમ, એણે ફોન નહીં કર્યો હોય? ભલા, કેમ નહીં આવ્યો હોય એનો ફોન? આમ તો એ ફોન કર્યા વગર રહે નહીં. એની તબિયત તો સારી હશે ને?' (આ છે મહાન હસ્તીના ગુણ. મેં ફોન ન કર્યો એની શિકાયત કરવાને બદલે તેમને મારી તબિયતની ચિંતા થઈ.)

એ જ વખત મને પણ કોઈ ઈશ્વરીય સંકેત થયો. મને ફોન કરવાનું યાદ આવ્યું. મેં કશેકથી ફોન શોધીને એમને ફોન કર્યો. પહેલાં એમને જન્મદિવસની વધાઈ આપી અને પૂછ્યું, 'કેમ છે તબિયત?' દુલેરાય કહે, 'ધનુભા, અલવિદા! હવે જવું છે.' મેં કહ્યું, 'સાહેબ, એમ ન કહો.' મને કહે,'બહુ રહ્યા જીવનમાં, બહુ આનંદ કર્યો. બહુ મસ્તી-મજા કરી. હવે વિદાય વેળા નજીક આવી છે.'

એમનો પુત્ર મને મળ્યો ત્યારે એણે કહ્યું, 'બાપુએ, તમારો ફોન આવ્યો એના એક-બે કલાકમાં જ દેહ છોડી દીધો હતો.' ત્યારે એમની વય ૯૯ વર્ષની હતી. એમનો જન્મદિન, મૃત્યુદિન તો એક હતો પણ એમનો જન્મસમય અને મૃત્યુસમય પણ એક હતો. મૃત્યુ પહેલાં એમણે એમના દીકરાને કહ્યું હતું કે, માખણમાંથી વાળ નીકળે એમ જીવ નીકળી જાય તો સારું. આવા પુરુષની સેવા ન કરી શક્યો એનો મને હંમેશાં અફસોસ રહ્યો છે. તેઓ નિસ્પૃહી હતા તેની વાત કરું. એમનો રંગભવનમાં અમૃત મહોત્સવ ઉજવાયો હતો. આખા કાર્યક્રમનું રેકોર્ડિંગ લઈ અમે સાંભળતા હતા. ત્યાં એમની દીકરી ટેપ રેકોર્ડરને અડી ને ટેપ તૂટી ગઈ. મેં કહ્યું,'બેન આ તેં શું કર્યું?' તો દુલેરાય કહે, 'જાવા દોને ભાઈ. આ બધાનું શું કામ છે. અફસોસ નહીં કરવાનો.' આવી હતી તેમની નિસ્પૃહિતા. ત્યારે મને સૌથી વધુ સહારો મારા બહેન-બનેવીનો મળ્યો હતો. સંયુક્ત કુટુંબમાં રહેતા હોવા છતાં મારા બહેન-બનેવીએ મારું એવું ઘડતર કર્યું કે હું એ કુટુંબનો સભ્ય બની ગયો હતો. મારી બહેન ગૃહિણી હતાં અને મારા બનેવી રતિલાલ દેસાઈ શિક્ષક હતા.પણ બંને જણે મને દીકરાની જેમ સાચવ્યો હતો. હું સોનગઢથી આવી મુંબઈની ભવન્સ કૉલેજમાં ભણતો હતો. રહેતો હતો હોસ્ટેલમાં પણ જમવા મારી બહેનને ત્યાં જતો હતો. બહેન કરતાં બહેનની દેરાણી મારી જરૂરિયાતોનું હંમેશા વધુ ધ્યાન રાખતી હતી. કેવો સંપ અને પ્રેમ!

પિતા કરતાં અનેરો પ્રેમ દુલેરાય કારાણીએ આપ્યો હતો અને મારી માની ખોટ મારી બહેને પૂરી કરી હતી.

ચંદ્રેશ શાહ લિખિત એક લઘુ કાવ્ય 'બહેન એટલે...' યાદ કર્યા વગર રહેવાતું નથી.

*બહેન એટલે*
*ભાઈને લીલોછમ રાખતી નિર્મળ પ્રેમની નદી*
*બહેન એટલે*
*ભાભીને સંગીતથી ભીંજવતો કોયલનો ટહૂકો*
*બહેન એટલે*
*માની મમતા-મૂર્તિમાંથી પ્રગટેલું સ્નેહનું મનોહર શિલ્પ*
*બહેન એટલે*
*ભાભીના અંતરને અજવાળતી ઝળહળ દીવાની જ્યોત*
*બહેન એટલે*
*ભાઈના કોયડાને ઉકેલતી કુદરતની બોલતી-ચાલતી કવિતા.*

મારી બહેન નિર્મળાબહેન માની મમતા-મૂર્તિમાંથી પ્રગટેલું સ્નેહનું મનોહર શિલ્પ. માને તો જોઈ નહોતી. એટલે નિર્મળાબહેનના સ્નેહને જ્યારે પામું ત્યારે એક પળ માટે એમ થઈ જાય કે જો અત્યારે મા હોત તો એ પણ આવોજ સ્નેહ કરતી હોત. એનું વ્હાલ પણ આવું જ હોત.

નિર્મળાબહેને મને ક્યારેય રડવા નથી દીધો. પણ એ જ્યારે બીમાર પડી ત્યારે મને એણે ખૂબ જ વ્યથિત કર્યો હતો. નિર્મળાબહેનને લીવરનું કેન્સર હતું. તેઓ હોસ્પિટલમાં જીવન-મરણ વચ્ચે ઝોલાં ખાઈ રહ્યાં હતાં. ડૉક્ટરોએ પણ હાથ ખંખેરી નાખ્યા હતા. ડૉક્ટરોએ નક્કી કર્યું કે એમને લગાડેલી ઑક્સિજનની ટ્યૂબો છૂટી કરી દેવી. એના માટે એમણે બનેવીની પરવાનગી માગી. અને બનેવીએ મને પૂછ્યું. મારા માટે આ સમય બહુ જ કટોકટીનો હતો. એક તરફ એ રિબાઈ રહી હતી એ જોવાતું નહોતું. બીજી તરફ મુક્તિ હતી. એની સાથે રોજનો ૪થીપ હજાર રૂપિયાનો એક શિક્ષકને માથે ખર્ચ. મારો નિર્ણય અતિ મહત્ત્વનો હતો. આ ક્ષણ મારે માટે ખૂબ કપરી અને વેદનામય હતી. એની મુક્તિ માટે કેમ નિમિત્ત બનવું એ મારા માટે કઠિન પ્રશ્ન હતો. નિર્મળાબહેન ખૂબ જ ઊંચો જીવ હતા. ધાર્મિક હતા. કૌટુંબિક ભાવનાવાળા હતા. ત્યાગી હતા. એવો જીવ આટલો બધો રિબાય કેમ? આટલી બધી પીડા શાને ભોગવે? અમૂક લોકોએ મને પૂછ્યું. મેં કહ્યું, 'વેદના ભોગવી એના પૂર્વભવના કર્મ ખપાવી રહી છે. જોવાનું એ છે કે એ શાંત ભાવે ખપાવે.'

ટ્યૂબ કાઢવાની મારી હા કે ના બંને મારા માટે ધર્મસંકટ હતી. ગદ્ગદ્ થઈ ગયો હતો. મારી પાસે હા પાડવા સિવાય કોઈ વિકલ્પ જ નહોતો. હા પાડવામાં મને જે પારાવાર વેદના થઈ હતી એ વર્ણવી શકું એમ નથી.

સોનગઢ છોડીને મુંબઈ આવ્યા બાદ બહેન-બનેવીની જેમ બીજી એક વાત્સલ્યમૂર્તિ મળી હતી : મારા પીએચ.ડી.ના પ્રોફેસર અને ગુરુ રામપ્રસાદ બક્ષી.

ચાર વર્ષ સુધી મારા પિતા તિલકરાયનો પ્રેમ પામ્યો હતો. આગળ જતાં આશ્રમમાં આઠ વર્ષ રહ્યો એમાં મને પિતાના રૂપમાં કલ્યાણચંદવિજયજી મહારાજ સાહેબ અને દુલેરાય કારાણી, મુંબઈમાં પ્રવેશતાં જ મારા બનેવી રતિલાલ દેસાઈએ પિતાની ખોટ પૂરી કરી અને કૉલેજકાળમાં મળ્યા રામપ્રસાદ બક્ષી.

આ બધાનું ઋણ ચૂકવવું શક્ય નથી. જ્યારે પલટાતા સમયે માવતર પ્રત્યે આદર અને અહોભાવ ઘટી રહ્યા છે ત્યારે મને કશેક વાંચેલી એક રચના યાદ આવે છે.

*હયાત માતા-પિતાની છત્ર-છાયામાં*
*વ્હાલપનનાં બે વેણ બોલી નિરખી લેજો.*
*હોઠ અડધા બિડાય પછી*
*ગંગાજળ મૂકીને શું કરશો...*
*અંતરના આશીર્વાદ આપનારને,*
*સાચા હૃદયથી એક ક્ષણ ભેટી લેજો.*
*હયાતી ન હોય ત્યારે નત મસ્તકે,*
*છબીને નમન કરીને શું કરશો...*
*કાળની થપાટ વાગશે,*
*અલવિદા એ થઈ જશે,*
*પ્રેમાળ હાથ પછી તમારા પર કદી નહીં ફરે,*
*લાખ કરશો ઉપાય તોયે વત્સલ લહાવો નહીં મળે,*
*પછી દિવાનખંડમાં તસવીર મૂકીને શું કરશો...*

✶ ✶ ✶

## લ્યો અમે તો...

કેસર ચંદન કંકુ ઘોળી
થાપ દઈને, લ્યો, અમે તો હાલ્યાજી,
છાયો પડછાયો મૂકી, સૂરજ લઈને,
લ્યો, અમે તો હાલ્યાજી.

મનની વાતો, મનની રમતો, મનના ગુણાકાર,
ભાગાકાર અમને ન આવડ્યાજી,
લ્યો, અમે તો હાલ્યા જી,

શેષ શોધવા ગયા, ત્યાં તો
નિ:શેષ અમે થઈ ગયા જી,
સરવાળા કરતાં કરતાં
બાદબાકી અમને ન આવડીજી,
લ્યો, હવે તો
શૂન્યને સથવારે અમે હાલ્યાજી,

ભાગં ભાગમાં ભાગને ભૂલ્યાં
ભાગને સથવારે અમે હાલ્યા જી,

કહેવાનું હવે હોય શું જી?
હવે તો શબ્દ હેમાળે યોગ્યા જી,
તું બોલાવે કે ન બોલાવે
લ્યો અમે તો આવ્યા જી,
આ કોણે અમને ઝીલ્યાજી...

□ **ધનવંત શાહ**

# તાંસળીવાળા બાબા

અમારો સોનગઢ આશ્રમ પાલિતાણાથી લગભગ ૨૩ કિલોમિટર દૂર. ભાવનગર-રાજકોટથી પાલિતાણા જતાં પદવિહારી કે વાહનવિહારી માટે વિસામો સ્થાન, એટલે આશ્રમમાં પૂ. મુનિ ભગવંતો, પૂ. સાધ્વીગણ, છ'રી પાળતા સંઘના શ્રાવક-શ્રાવિકા વગેરેના દર્શન–વિચારોનો અમને લાભ મળે જ, ઉપરાંત અમારા પૂ. કલ્યાણચંદજી બાપા રાષ્ટ્રીય ચળવળના પુરસ્કર્તા, પ્રખર વક્તા, સાહિત્ય અને ધર્મના ઊંડા અભ્યાસી, સાથોસાથ આયુર્વેદાચાર્ય એટલે એઓશ્રી સાથે, તેમજ અમારા સુપરિન્ટેન્ડન્ટ પ્રખ્યાત સાહિત્યકાર દુલેરાય કારાણી સાથે જ્ઞાનગોષ્ઠિ કરવા અને ઉપચાર કરાવવા રાષ્ટ્રીય અને સામાજિક કાર્યકરો, વિદ્વાન પંડિતો, સાહિત્યકારો અને રાજવી કુટુંબો પણ પધારે.

આ બધાંની સેવામાં અમારા આશ્રમના મેનેજર પૂર્ણ શ્રાવક એવા શ્રી હરજીવનભાઈ હસતા મુખે ઉપસ્થિત હોય જ. સાધુ-સાધ્વીની વૈયાવચ્ચમાં એઓ પૂરા ઉત્સાહી, એ સર્વેની પૂરી સગવડ એઓશ્રી સાચવે. વહેલી સવારે મુનિ ભગવંતો વિહાર કરવાના હોય તો એઓ સર્વેના સામાન ઊંચકવા માટે, વિહારમાં સાથ આપવા માણસોની પણ વ્યવસ્થા કરી આપે.

આવી રીતે આશ્રમમાં પધારતાં ઘણાં મહાનુભાવોના ચરિત્ર મારા મનમાં આજેય અવિસ્મરણીય ભાવે સ્થિત અને સ્થિર છે. આજે ય બધાં જ્યારે સ્મરણ પર ઊપસી આવે છે ત્યારે પ્રેરણા આપતા રહે છે. આ જે એમાંના એક પાત્રની વાત કરવી છે. બીજાની વળી ક્યારેક.

એ તાંસળીવાળા બાબાનું પાત્ર–એ સ્મરણ અદ્‌ભુત છે. જીવન પાથેયનું પથદર્શક!

રવિવારના શિયાળાની સવાર હતી. દર રવિવારે અમારે સર્વ છાત્રોએ પૂજા કરવાની જ. પૂજા કરીને હું દેરાસરના પગથિયાં ઊતરી રહ્યો હતો, ત્યાં ઓટલા ઉપર જ અમારા આશ્રમવાસી વિદ્યાર્થીઓનું પંદર-વીસનું ટોળું જોયું. કુતૂહલથી મેં ટોળાની વચ્ચે નજર કરી. લગભગ ૬૦ની ઉંમરનો એક ખડતલ માણસ ટોળાની વચ્ચે હતો. વિદ્યાર્થીઓ સાથે વાતો કરતો જાય અને પોતાનો વ્યવસાય કરતો જાય. ફાઉન્ટન પેન પર નામ કોતરી આપવાનો એનો વ્યવસાય. મહેનતાણું માત્ર પૈસા દશ. બાજુમાં ગરમ લાકડું હતું. એ લાકડાની ગરમી ઉપર ફાઉન્ટન પેનને સહેજ અડાડે, એટલે એ ભાગ નરમ પડે અને તરત જ એ જગ્યા ઉપર નામ કોતરી એના ઉપર સોનેરી જરી ભભરાવી દે. સુવર્ણરંગી એવું ચમકતું આપણું નામ તૈયાર! શરીરને તપાવ્યા કે ઓગાળ્યા વગર કે નરમ થયા વગર આજે અનેક વ્યક્તિઓને પોતાનું નામ ચમકાવવાની એષણા માટે જે તન-મનની દોડાદોડી કરતા જોઉં છું ત્યારે મને એ બાબાની આ પ્રક્રિયા યાદ આવી જાય છે. આપણું મન ક્યારેક ક્યાંનું ક્યાં પહોંચી જઈ પોતાનો કેવો ખોરાક વાગોળી લેતું હોય છે!

હું પણ વિદ્યાર્થીગૃહમાં જઈ મારી ફાઉન્ટન પેન લઈ આવ્યો. દાનવીરોને નાશવંત એવી પોતાના નામની તક્તી મુકાવવાનો આગ્રહ હોય તો મારા જેવા બાળ મનને કલમ ઉપર નામ લખાવવાની ઈચ્છા ન થાય? આશ્રમના ઓરડે ઓરડે આવી તક્તી અમે જોઈ હતી, ત્યારે થાતું કે આ ચંપકભાઈ, આ સંતોકબેન, કોણ હશે? આવા તો ઘણાં એકનામ ધારી હશે, એ બધામાં આ કોણ? પણ જવા દો એ બધી ચર્ચાને...

ફાઉન્ટન પેન લઈને હું પહોંચ્યો બાબા પાસે. બાબા કહે, 'નહિ બેટા, અબ દોપહર કે બાદ, હમારી રોજી કા કામ અભી ખતમ, અબ યે રોજી દિલવાને વાલે ઔર રોટી કે લિયે વક્ત નિકાલે.'

અને પોતાની પાસેના તાંબાના લોટામાંથી પાણી લઈને અગ્નિઉપર છાંટ્યું, અગ્નિને શાંત થતી જોઈ અગ્નિને કૃતજ્ઞ ભાવે પ્રણામ કર્યા ને ઠંડા પડેલા લાકડાને ખૂણામાં મૂકી, જગ્યા સાફ કરી, પોતાના ઓજારો એક પોટલીમાં બાંધી, પોતાના બગલ થેલામાં મૂકી ઊભા થયા.

બાબાનું વ્યક્તિત્વ, એ વ્યક્તિત્વની એકે એક રેખા આજે તાદૃશ્ય થાય છે. છ ફૂટ ઊંચો દેહ, ગૌર વર્ણ, શ્વેતકેશધારી તેજસ્વી મુખમુદ્રા, ચાંદનીની તેજને પણ શરમાવે એવા રજતરંગી ઘટ્ટ વાળનો જથ્થો, એના ઉપર સફેદ રંગધારી સ્વચ્છ સાફો, કપાળે કોઈ ધર્મનું નિશાન નહિ, કોલરવાળું સફેદ ખમીશ, ઉપર કાળા રંગનો કોટ, એક ખભે બગલ થેલો, બીજા ખભે ખેસ-પછેડી અને પછેડીને છેડે નાની-મોટી લટકતી થેલીઓ, કછોટો બાંધેલું ધોતિયું, પગમાં મજબૂત ચામડાનાં બૂટ અને હાથમાં મોટો દંડ. બાબા ઊભા થયા, જાણે એક તેજસ્વી તપસ્વી આપણી સામે ઊભો હોય એવું લાગે. આપણે અંજાઈ જ જઈએ. પણ એમના મુખ ઉપર આંજી નાખવાનો કોઈ ભાવ નહિ. મોતી વેરાતા જાય એવું સ્મિત માત્ર!

ત્યારે હું એસ.એસ.સી.માં હતો. અનિમેષ આંખે હું એમને જોઈ રહ્યો.

માત્ર પોતાના શરીર ઉપર જ સમાય એટલો પોતાનો અસબાબ લઈ એ ચાલ્યા. ચારે તરફ દૃષ્ટિ કરી. મને પૂછ્યું, 'બેટા યહાં કહીં સ્નાન કરને કે લિયે પાની કા કૂવા હૈ ?'

'ચલિયે મેરે સાથ.' અને દેરાસરની બાજુમાં જ કૂવો હતો ત્યાં હું એમને દોરી ગયો.

એમણે કૂવો જોયો, બળદ દ્વારા કોસથી કૂવામાંથી પાણી કાઢી બાજુની મોટી કુંડીમાં ઠલવાઈને ભેગું થતું હતું. બાબાએ એ બધું જોયું. પોતાના બૂટ-કોટ કાઢી બાજુ પર મૂક્યાં, સાથે બગલ થેલો વગેરે પણ. કૂવા પાસે ઊભા રહ્યા, કાંઈક શોધતા હોય તેમ, અને કૂવા પાસેની ડોલ અને ડોલને બાંધેલું દોરડું જોયાં, તરત જ ડોલને દોરી ગરગડીથી અંદર નાંખી પાણી ખેંચ્યું.

મેં કહ્યું, 'બાબા આપ ક્યોં તકલીફ લેતે હૈં, યે પાની જો નિકાલા હૈ, વહી ઈસ્તેમાલ કીજિયે.'

'યે દો બૈલને કૂવે મેં સે પાની નિકાલા હૈ, યે આપ સબ કે લિયે હૈ, યે પાની કા ઈસ્તેમાલ કરના મેરા કોઈ હક નહિ, ઐસા મૈં કરું તો ચોરી તો હૈ હી, ઔર બૈલ કે પ્રતિ હિંસા ભી તો હૈ ! ઔર બિના વજહ હમ બૈલ કે કરજદાર ક્યોં બને ? જબ કિ પાની નિકાલને કે લિયે હમ મેં શક્તિ હૈ, ઔર વૈસા કરને સે હમારે શરીર કો વ્યાયામ મિલેગા, જો સ્વાસ્થ્ય કે લિયે ભી અચ્છા હૈ.' ત્યારે આ શબ્દોની સૂક્ષ્મતા હું સમજી શક્યો ન હતો, પણ ચિત્તતંત્રમાં કોતરાઈ ગયેલા એ શબ્દો જ્યારે આજે મન ઉપર ઉપસી આવે છે ત્યારે ઘણા બધા અર્થો અને ધ્વનિ આંદોલિત થઈ જાય છે. 'અબ તુમ જાવ બેટે, જાકર તુમ પઢાઈ કરો, જિસ કે લિયે તુમ્હારે માતા-પિતાને યહાં ભેજા હૈ.'

હું અવાક્ બની ગયો, મારે જવું ન હતું, પણ એમની વાણીમાં જે પિતૃભાવ હતો એ મને સ્પર્શી ગયો, અને મેં ડગ માડ્યાં.

પણ બાબાના વચનો અને વર્તન મારા ઉપર છવાઈ ગયાં હતાં. અનુસંધાન તોડવાનું મન થતું ન હતું. હું ત્યાંથી નીકળીને દેરાસરના બીજા ઓટલા પર બેઠો, જ્યાંથી હું બાબાને બરાબર જોઈ શકું.

બાબાએ ખમીશ કાઢ્યું, પાણીમાં બોળ્યું. બગલ થેલામાંથી લાવેલ સાબુથી એ ધોયું અને કૂવાની પાળ ઉપર સૂકવી બે બાંયો અંદર-બહાર કરી કૂવાના કાંઠાની જાળી સાથે ગાંઠ વાળી. ફરી પાણી કાઢ્યું, ડોલ ભરી, ઠંડા પાણીએ સ્નાન કરવાનું શરૂ કર્યું. ભારતની બધી નદીઓનું નામસ્મરણ કરતા જાય અને તામ્રવર્ણા દેહ પર પાણી રેડતાં રેડતાં એ હાથથી શરીરને ધોતાં જાય.

ભીના શરીરે બાબા ઊભા થયા. બગલ થેલામાંથી એક ધોતિયું કાઢ્યું, એનાથી શરીરને લૂછ્યું અને પછી એ જ ધોતિયું પહેરી, ભીનું ધોતિયું ધોઈને કૂવાની પાળી ઉપર ગાંઠ બાંધી સૂકવવા મૂક્યું.

બાબા નીચે ઊતર્યા. બગલ થેલામાંથી ખમીશ કાઢ્યું, આખી બાંયનું ખમીશ પહેર્યું. બાબા પાસે બે જોડી જ કપડાં હશે. બાબાએ ચારે દિશા તરફ જોયું, પડછાયો જોયો, અને એક દિશા તરફ મુખ કરીને બેઠા, કદાચ એ પૂર્વ દિશા હશે, આંખો બંધ કરી મૌન !

હું ઊભો થયો. બાબા પાસે ગયો. બાબાએ આંખ ખોલી, મારી સામે જોયું. એ આંખોમાં ઠપકો અને વાત્સલ્યના ગુણાકારો હતા. મૌન અમારી બંને પાસે હતું.

બાબાએ બગલ થેલામાંથી એક પુસ્તિકા કાઢી અને સંસ્કૃતમાં શ્લોકો રાગ સાથે ધીમા સ્વરે ગાવા લાગ્યા. દશેક મિનિટ આ ક્રિયા ચાલી. પુસ્તિકા બંધ કરી. પુસ્તિકાને નમન કરી પાછી બગલ થેલામાં મૂકી.

મેં પૂછ્યું, 'બાબા યે કોન સી કિતાબ હૈ ?'

'બેટે યે ભગવદ્ ગીતા હૈ, તુમને પઢાઈ મેં કૃષ્ણ ભગવાન કા નામ તો સુના હોગા, યે વહી ભગવાન કે વચન હૈ, બસ સબ કુછ પઢો, સભી મેં હમેં ગીતા કે વચન કા હી દર્શન હોગા. ઈસમેં અચ્છે જીવન જીનેકા સબ તરીકા હૈ. જબ જબ પઢો, નઈ નઈ બાતેં નિકલતી જાયેગી, જૈસે ઈસ કૂવે મેં સે રોજ નયા નયા પાની નિકલતા હી હૈ, ઔર હમેં જીવન દેતા હૈ.' – બાબા ઉપદેશાત્મક શૈલીમાં નહિ પણ એક પિતા બાળકને સમજાવે એવી રીતે બોલ્યા.

ત્યારે તો હું કાંઈ સમજ્યો ન હતો. પણ આજે એ શબ્દ ગોઠવીને મારા મન ઉપર ઉપસાવું છું ત્યારે ઘણું ઘણું સમજાય છે.

બાબા ઊઠ્યા, મને એમ કે ભોજન શાળા પાસેના સદાવ્રત ગૃહ પાસે જઈ લોટ-મીઠાનું સદાવ્રત લેશે. બાબા-વટેમાર્ગુ માટે લોટ-ચોખા-મીઠાનું સદાવ્રત, મહેમાનો માટે ભોજન શાળામાં ભોજન અને પૂ. મુનિ ભગવંતો માટે આચાર-નિયમ પ્રમાણે આહાર-પાણીની વ્યવસ્થા એ અમારા આશ્રમની વ્યવસ્થા હતી. અને એ બધાં તેમજ વિદ્યાર્થીઓ માટે ધન એકઠું કરવા પૂ. કલ્યાણચંદજી બાપા પોતાના કાફલા સાથે પૂરા દેશમાં ફરી વળે, અને મુંબઈમાં તો શ્રેષ્ઠીવર્ય મણિલાલ મેઘજી થોભણને બંગલે તો દિવસો સુધી દાનપ્રાપ્તિ માટે સ્થિર થઈ જાય, અને બધું પાર પણ પડે. આજે તો એ બધી જવાબદારી આશ્રમના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ ઉપાડી લઈ સંસ્થાને ઊજળી કરી છે.

પણ બાબા સદાવ્રત ગૃહ પાસે ન ગયા. કૂવા પાસે એક ખૂણો શોધ્યો. આજુબાજુથી ત્રણ પથ્થરો અને ઈંટ શોધી ચૂલો બનાવ્યો.

સૂકા પાન-ડાળખાં શોધી ભેગાં કર્યાં.

હવે સાંભળો એ પરિવ્રાજકની ચર્યા:

બાબાએ કૂવા પાસે જઈ ફરી ડોલથી પાણી કાઢ્યું, પોતાના ધોતિયાના છેડાથી ગાળીને પાણી તાંબાના લોટામાં ભર્યું. લોટા સાથે નીચે આવ્યા. માથા પર પહેરેલો સાફો એક તરફ પડ્યો હતો એ ખોલ્યો, એમાંથી મોટી, માથાના આકારની જ તો તાંસળી કાઢી, સાફા નીચે આ તાંસળી માથાનું રક્ષણ પણ કરે, અને જરૂરિયાતનું એ વાસણ સચવાઈ પણ રહે. એ તાંસળી ચત્તી કરી, પોટલીમાંથી લોટ કાઢ્યો, તાંસળીમાં પાણી-લોટ નાખ્યા, લોટનો પિંડ બનાવ્યો. ચૂલો પેટાવ્યો, બે હાથથી એક મોટો રોટલો ઘડ્યો. પછી એજ તાંસળીને ઊંધી કરી ચૂલા ઉપર મૂકી, તાંસળી તાવડી બની ગઈ, એના પર રોટલો મૂક્યો, શેક્યો. રોટલાને પછેડીના એક ખૂણા ઉપર મૂક્યો. ફરી તાંસળીને ચત્તી કરી, ચૂલા ઉપર મૂકી, હવે તાંસળી તપેલી બની, એમાં રેડ્યું પાણી. બગલ થેલામાંથી દૂધીનો એક કટકો કાઢ્યો, અડધી બચાવેલી દૂધી હશે. દૂધીની છાલ કાઢી અને એ છાલને 'પ્રભુ પ્રભુ' બોલતા અગ્નિને સમર્પિત કરી. દૂધી સમારી સીધી પેલી તપેલી બનેલી તાંસળીના ઉકળતા પાણીમાં નાખી, દૂધી ચડવા દીધી, થોડીવારે એમની વિવિધ પોટલીમાંથી મીઠું, ધાણાજીરું અને હળદર કાઢી શાકમાં નાખ્યા. થોડીવારમાં દૂધીનું બાફેલું શાક તૈયાર! કપડાંથી ગરમ તાંસળી નીચે ઉતારી. ચૂલામાં પાણી છાંટી ચૂલાને ઠારી પ્રણામ કર્યા, અને બસ, એક મોટો રોટલો અને દૂધીનું બાફેલું પાણીના રસાવાળું શાક! આરામથી સ્વસ્થ ચિત્તે ખાધું. તાંસળીમાં થોડું પાણી નાખ્યું અને એ પાણી પી ગયા. ચોખ્ખા પાણીથી તાંસળી સાફ કરી. પાણી ચૂલાની ઈંટ-પથ્થર ઉપર નાખ્યું. આ બધી વસ્તુને નમન કર્યા, પછી એ ઠરેલ ઈંટ-પથ્થર ઉપાડી ભીંત પાસેના એક ખૂણામાં મૂક્યા, જગ્યા પૂરી રીતે સાફ કરી બાબા ઊઠ્યા.

સ્નાન કરવાથી માંડીને આ બધી ક્રિયામાં બાબાને પોણો કલાક જ લાગ્યો હશે, કારણ કે એ સમયે અમારે સ્વાધ્યાયમાં જવા માટેનો પહેલો ઘંટ વાગ્યો હતો.

બાબા ઊભા થયા. કૂવા પાસે જઈ પોતાનું ધોયેલું ખમીશ અને ધોતિયું લીધાં, થોડા ભીના તો હતા. હાથમાં બગલ થેલો અને પોટલીઓ તેમ જ ખભે કોટ મૂક્યો. બૂટ પહેર્યાં અને આ બધા અસબાબ સાથે બાબા સંગીતશાળાની પાછળના લીંબડાના ઓટલા ઉપર બધું મૂકી બન્ને કપડાં ત્યાં સૂકવ્યા. ઓટલો સાફ કર્યો અને સાફાને પહોળો કરી પાથર્યો, માથે બગલ થેલાનું ઓશિકું અને બાબા એક જ પળમાં ઘસઘસાટ ઊંઘી ગયા. નિશ્ચિંત, શાંત, સ્વસ્થ! આ તેમની વામકુક્ષી અને બીજો ઘંટ વાગતાં હું પણ અભ્યાસ કક્ષમાં ગયો.

દોઢ કલાક અમારો અભ્યાસ-વાંચવાનો સમય. પછી ૩ થી ૫ અમે છુટ્ટા. પણ આ દોઢ કલાક દરમિયાન મેં તો મનમાં બાબાને જ વાંચ્યા હતા. હું તરતજ પહોંચ્યો બાબા પાસે મારી ફાઉન્ટન પેન લઈને મારું નામ કોતરાવવા.

અત્યારે બાબા એ જ સ્થળે ગરમ લાકડા પાસે બેસી આશ્રમના કર્મચારીઓની પેન ઉપર નામ કોતરી રહ્યા હતા. એક નામ કોતરતા બાબાને પાંચ મિનિટ લાગે. એ ગણતરીએ બાબા રોજના સાત-આઠ રૂપિયાની રોજી મેળવી લેતા હશે, પિસ્તાલીસ વર્ષ પહેલાં રોજના સાત-આઠ રૂપિયાની કિંમત હતી.

કર્મચારીઓનું કામ પૂરું કરી વિદ્યાર્થીઓની પેન ઉપર નામ કોતરવાનું શરૂ કર્યું. બાબા નામ કોતરતા જાય અને વિદ્યાર્થીઓ સાથે વાત કરતાં કરતાં આત્મીયતા કેળવી બે–ત્રણ શિખામણના શબ્દો કહે, ક્યારેક કોઈ વાર્તાની માંડણી પણ કરે.

પાંચ વાગ્યા. બાબા કહે: 'ચલો કલ કી રોટી ભગવાનને દે દી, અબ ચલેં,' અને એમણે અગ્નિ ઠાર્યો, નમન કર્યું. બધો અસબાબ શરીર ઉપર ગોઠવ્યો. સાફામાં તાંસળી મૂકી, સફેદ કેશ ઉપર સફેદ સાફો ગોઠવ્યો, બગલ થેલો બગલમાં લટકાવ્યો, પછી ઉપર કોટ પહેર્યો, કોટના બે ખભા ઉપર લશ્કરના સૈનિકો પહેરે એવા બે ફ્લેપ હતા, એના બટન ખોલી બે બાજુ પોટલીવાળા ખેસ લટકાવી બે બટન બંધ કર્યા જેથી બે બાજુના એ ખેસ સરકી ન જાય. બૂટ પહેર્યાં, હાથમાં દંડ લીધો અને ડગ માંડ્યાં. ત્યાં અમારા એક વિદ્યાર્થીએ વિનંતિ કરી, 'બાબા આજ હમારે સાથ રહિયે, આપ સે બહોત બહોત બાતેં સુનની હૈં, આપ જો કહાનિયાં કહતે હો, ઉસમેં બહોત મઝા આતી હૈ.'

બાબા હસ્યા, બાળકોના માથા ઉપર હેતથી હાથ ફેરવતા બોલ્યા, 'બેટા, હમ તો ચલતે ભલે, રુકે તો રોગ લગ જાવે, ઔર ચલે તો ચકમક ઔર ચમક મિલે. બહેતા પાની હી અચ્છા રહેતા હૈ.'

બાબાએ હાથમાં દંડ લીધો.

આ વાક્યને આજે યાદ કરું છું અને કેટલા બધા અર્થો સામે આવે છે! સ્પષ્ટતા કરવાની શી જરૂર? સુજ્ઞેષુ કિં બહુના?

અમારા કારાણી સાહેબ કહેતા જેને બધું ભાવે અને બધે ફાવે, દુ:ખ એનાથી દૂર ભાગે.

બાબાએ ફ્લેપવાળો કોટ પહેર્યો હતો, એનું વિસ્મય મારામાં મનમાં સળવળે. મેં પૂછી નાખ્યું, 'બાબા પહેલે આપ ક્યા કરતે થે?'

'બેટા બીત ગઈ જો બીત ગઈ, તુમ સબ ભી કલ કી મત સોચો, આજ કી સોચો. વર્તમાન હી સબ કુછ હૈ, ઉસે હી વફાદાર

રહો.'

બાબાએ થોડો શ્વાસ અંદર લીધો, ક્ષણના મૌન પછી બોલ્યા, 'મૈં ક્યા કરતા થા, કહાં થા, વો અગર મૈં નહિ કહુંગા તો તો તુમ બેચેન હોગે, ઔર કુછ ગલત ભી સોચોગે તો કહું કે પહેલે મૈં જેલ મેં થા...'

અમે બધા ચોંક્યાં. બાપ રે, આ કોઈ પહેલાં ડાકુ હશે? જેલમાંથી ભાગીને ફરતો હશે? એમના એક વાક્યમાં અમારા મનના સમીકરણો બદલાઈ ગયા. અમારા મનના ભાવો બાબા સમજી ગયા અને ખડખડાટ હસીને બોલ્યા,

'હાં મૈં ગ્વાલિયર કી જેલ મેં થા, મગર કૈદી બનકે નહિ, વહાં મૈં જેલર થા...'

અને બાબાએ દંડ ઉપાડ્યો, પગ ઉપાડ્યા. કહે, 'બેટા, હમેં ભૂલ જાના, મગર હમારી બાતેં ભૂલના મત.'

કેદીઓ સાથે રહી એમણે કેટલા બધાં જીવનને નજદીકથી જોયું હશે? જીવનના કેટલા બધા મર્મો એ પામી ગયા હશે!

એમને સાચો શ્રાવક કહું? સાચો વૈષ્ણવજન કહું? જીવનને પામેલો મર્મી કહું?

પોતાના અસબાબ સાથે આગળ વધતા એ એકલ વિહારીને જતાં હું અનિમેષ નયને જોઈ રહ્યો...

મારા માટે એ ક્ષણો શાશ્વત બની ગઈ.

આજે પિસ્તાલીસ વર્ષ પછી પણ એ અપરિગ્રહી, કર્મ અને કર્તવ્યનિષ્ઠ મર્મી બાબા નથી ભૂલાયા–એમની વાતો નથી ભૂલાઈ. પણ સાચા સાધુજનને પારખવાની મારી દૃષ્ટિ જરૂર બદલાઈ ગઈ છે. ✶ ✶ ✶

('પ્રબુદ્ધ જીવન', મે ૨૦૦૬)

## ધનવંતભાઈએ પૌત્ર માટે પુત્રીને લખેલો પત્ર...✍

મારા પ્રાણ,

નમસ્કાર!

આજે અહીં ધૂળેટી છે. હોળી પછી ધૂળેટી આવે. હોળીની વાર્તા તું મારી પાસે બેસીશ ત્યારે કહીશ. અમારો આ ભારત દેશ ઉત્સવોનો દેશ છે, ઘણાં બધાં ઉત્સવો, જ્યારે જ્યારે ઉત્સવ આવશે ત્યારે તને કહીશ.

આજે ધૂળેટીના દિવસે બધા એક બીજા ઉપર હાથથી અને પિચકારીથી રંગો ઉડાડે છે. તું અહીં આવશે ને ત્યારે હું તને ખૂબ સરસ પિચકારી અપાવીશ. તું અમને બધાને રંગી નાખજે, સૌ પહેલાં તારી મમ્મીને આખે આખી રંગી નાખજે. એ રંગોથી બહુ ડરે છે એટલે એને રંગોથી રંગી નાખીશું એટલે એને ખિજવવાની બહુ મઝા આવશે. લે, પહેલાં આજે તારી પહેલી હોળી છે, હું તારા કપાળમાં ગુલાલનું તિલક હળવેકથી કરી તને હોળી મુબારક કહું છું. અને તેં તો અમને વહાલના રંગથી રંગી નાખ્યાં છે.

વરસો પહેલાં તારી મમ્મી અમારે ત્યાં આવી ન હતી એના પહેલાં, તારી મમ્મીના નાના, એટલે તારી નાનીના પપ્પા, એટલે મારા સસરા, જેમ તારા પપ્પાનો હું થાઉં તેમ. અમે બંનેએ ભાંગ પીધી. મેં તો એક ગ્લાસ પીધી. પણ એમણે, અમે એમને ભાઈ કહીએ, બે ગલાસ ચઢાવી. અને પછી તો એ કાંઈ હસે, કાંઈ હસે, બે કલાક સુધી, અને તારી નાનીના મમ્મી જે ભડક્યા, જે ભડક્યા...મઝા આવી ગઈ. હવેની હોળી વખતે જો તારા પપ્પા મુંબઈ હશે, તો અમે પણ સસરા જમાઈ...જવા દે. તારી મમ્મી સાંભળી જશે તો... મને તારી મમ્મીની બહુ બીક લાગે હોં...એ મને ક્યારેક દબડાવે છે, હવે મારા તરફથી તું એની સાથે ઝઘડો કરજે.

તું ભલે ત્યાં જન્મે. પણ તારે ભણવાનું તો અહીં જ. આ દેશ હવે ગરીબ નથી. આ દેશમાં બધું જ છે. વિશેષ તો 'પ્રેમ' છે. અઢળક પ્રેમ.

ક્યારેય કોઈનો વિશ્વાસઘાત ન કરવો, જગતમાં આ એક જ પાપ છે.

કોઈને નડવું નહીં, કોઈને કનડવું નહીં, અને પ્રેમ વગર કોઈને અડવું નહિ.

જીવનમાં આટલું કરો એટલે, આનંદ, આનંદ. તું તો બધું જાણે છે, પણ રોતા રોતા આ ધરતી ઉપર આવશે એટલે ભૂલી જશે.

પણ અમે બધું જ શિખવાડીશું.

લ્યો, જો નાની મને ચા માટે બોલાવે છે, જાઉં ત્યારે હું...

હવે વધુ કાલે, બાય, મારા પ્રાણ...અને મારી ઘણી બધી પપ્પીઓ...

તારો<br>
નાનો–ના વંદન.<br>
અત્યારે તું સમાધિ જોગી છો<br>
એટલે તને વંદન કરાય.

## *ભગવાન મહાવીરની શીખ – ART OF LOVING, ART OF LIVING AND ART OF LEAVING.*

શાંતિથી જીવન જીવવા માટે અને મુક્તિ માટે સર્વ કાળ માટે ભગવાન મહાવીરે જગતને આ ત્રણ અમૂલ્ય શીખ આપી. આર્ટ ઑફ લવીંગ, આર્ટ ઑફ લિવિંગ અને આર્ટ ઑફ લીવીંગ. છેલ્લાં બેના ઉચ્ચાર સરખા છે પણ અર્થો અને વિચારભાવ જુદા છે.

મહાવીર વાણીને આગમ વાણી કહેવાય છે. જૈનોના શ્વેતાંબર મૂર્તિપૂજકોને ૪૫ આગમ માન્ય છે. સ્થાનકવાસી જૈનોને આ ૪૫માંથી ૩૨ આગમો જ માન્ય છે. દિગંબર સંપ્રદાયને આ આગમો માન્ય નથી, એમનું કહેવું છે કે ભગવાન મહાવીરના નિવાર્ણના ૯૮૦ વર્ષ પછી આગમો લિપિબદ્ધ થયા. ત્યાં સુધી આ આગમવાણી કંઠોપકંઠ શ્રુતયાત્રા હતી એટલે મૂળ શુદ્ધ સુત્રો લિપિબદ્ધ ન પણ થયા હોય. એટલે દિગંબરો પોતાના આચાર્ય કુંદકુંદાચાર્ય રચિત સમયસાર, નિયમસાર આદિ પરમાગમને માને છે. આ વિષયમાં અત્યારે આપણે ઊંડા ઉતરવું અસ્થાને છે.

મૂળ વાત તો એ જ છે કે આ બધા ગ્રંથોમાં જીવન જીવવાના અને મુક્તિના સિદ્ધાંતો સરખા જ છે અને આપણને એનાથી જ અત્યારે મતલબ છે. ઉપરની ત્રણે કળા – Art –જૈન સિદ્ધાંતો અને તત્ત્વમાં વણાયેલી છે જે મહાવીર વાણી છે, એટલે જ જૈન સિદ્ધાંતો એ જીવન જીવવાની અને જીવન મુક્તિની કળા છે. એ રીતે જીવવું એ જ ધર્મ છે.

**Art of Loving : પ્રેમ કરવાની અને પ્રેમ પામવાની કળા :** જીવ માત્ર પ્રત્યે મૈત્રી ભાવ. મહાવીરનો પહેલો સિદ્ધાંત અહિંસા. તમે કોઈની હિંસા ન કરો, એટલે બસ પ્રેમ જ પ્રેમ છે. ચેતન અને જડને પણ પ્રેમ કરવાનું મહાવીરે કહ્યું. સૂક્ષ્માતિસૂક્ષ્મ પુદ્ગલને પણ પ્રેમ કરવાનું મહાવીરે કહ્યું, તે ત્યાં સુધી કે યોગના પ્રાણાયામનો પણ મહાવીરે અસ્વીકાર કર્યો. કારણ કે આપણા એક ઊંડા ઉચ્છ્વાસથી એક લાખ સૂક્ષ્મ જંતુની હિંસા થાય છે.

રાગમાં આસક્તિ છે, રાગ આવશે તો ક્યારેક દ્વેષ પણ આવશે. પ્રેમમાં સહ અસ્તિત્વનું તત્ત્વ છે. મહાવીરે અનેકાંત અને સાપેક્ષવાદના સિદ્ધાંતો આપી કહ્યું, અન્યના સત્યનો અને અન્યના વિચારનો પણ આદર, એ વિચારને પ્રેમ કરો. એ વિચારને એના સ્થાને બેસી સમજવા પ્રયત્ન કરો. એ વિચારમાં હિંસા હોય તો એની સૈદ્ધાંતિક ચર્ચા કરો, એ હિંસાનો અનાદર કરો, મતભેદ દૂર કરો. પછી ક્યાં મતભેદ રહ્યા ? મતભેદ નહિ એટલે મનદુ:ખ નહિ.

અનેકાંતવાદ એ જ્ઞાનના ક્ષેત્રમાં સત્ય સુધી પહોંચવાનો અદ્વિતિય માર્ગ છે.

મહાવીરે કહ્યું, તારી જરૂરિયાત પૂરતું જ તું રાખ. તું ગમે તેટલું ભેગું કરે, એ બધું તારે અહીં મૂકીને જ જવાનું છે. કાળ મહાન છે અને પરિવર્તન કાળનો આત્મા છે. આવો અપરિગ્રહ જે સમજે અને જીવનમાં ઊતારે એનો કોઈ દુશ્મન ન જ થાય. એની કોઈ ઇર્ષા ન કરે. મહાવીર રાજકુંવર હતા, અને એમણે બધી સંપત્તિ અને સંબંધોનો ત્યાગ કર્યો, અને એ ભગવાન કક્ષા સુધી સર્વના પ્રિય બન્યા. ત્યાગમાં પ્રેમની કળા. એવી વ્યક્તિને બધા જ પ્રેમ કરે. મહાવીરે માત્ર ભૌતિક સમૃદ્ધિના અપરિગ્રહની વાત નથી કરી, સંબંધોમાં પણ અપરિગ્રહ જરૂરી છે. વધુ સંબંધો અને સંપર્કો રાગ-દ્વેષના ચક્રવ્યૂહ સર્જે છે. તું તારા ખપ પૂરતું જ તારી પાસે રાખ, જરા પણ વધુ નહિ. મહાવીરે કહ્યું, 'સત્ય' જ બોલ. અસત્ય વેર ઉત્પન્ન કરે, સત્ય પ્રેમનું સામ્રાજ્ય સ્થાપે છે. અપરિગ્રહ તારામાં સેવા અને દાનની ભાવના જગાડે છે, જે તને પુણ્ય આપી કર્મનિર્જરા કરાવે છે.

### Art of Livnig – જીવન જીવવાની કળા

મહાવીરે જીવન જીવવાની કળા પણ શીખવી. ઉપર કહ્યું તેમ પ્રેમ, અહિંસા, અપરિગ્રહ અને સત્ય જેના જીવનમાં હોય એના જીવનમાં આનંદ આનંદ જ હોય. મહાવીરે કહ્યું, જેમ તને તારો જીવ વહાલો છે એમ સર્વને પોતાનો જીવ વહાલો છે, એટલે માંસ અને મદિરાનું ભક્ષ ન કર, મધને પણ ત્યાજ્ય કહ્યું. ભોજનમાં કઠોળ સાથે દહીં ભેળવીશ તો ત્વરિત સૂક્ષ્માતિસૂક્ષ્મ જીવ ઉત્પન્ન થશે. જે તને હિંસાનો દોષ આપશે. સૂર્યાસ્ત પછી ભોજનનો નિષેધ કર્યો, એ આ જીવ હિંસાને કારણે જ. મહાવીરે આહારશાસ્ત્રની સાથે સાથ ઉપવાસ અને તપના વિચારો અને ચિંતન પણ આપ્યા.

પ્રાચીનતમ આગમ ગ્રંથ આચારાંગ સૂત્રમાં ભગવાન મહાવીરે કહ્યું બધાં દુ:ખો હિંસામાંથી ઉત્પન્ન થાય છે. પ્રશ્ન વ્યાકરણ સૂત્રમાં કહ્યું પ્રાણી વધ પાપ છે, રૌદ્ર છે. સૂત્રકૃતાંગ આગમમાં કહ્યું હિંસાની તરફેણ કરવાવાળો જીવ અંધકારમાંથી અંધકાર તરફ જ જઈ રહ્યો છે. વર્તમાન વિજ્ઞાનીઓ પણ કહે છે કે અહિંસા વગર વિજ્ઞાન અધુંરું છે, પ્રલયકારી છે.

મહાવીરે શિષ્ય ગૌતમને વારે વારે કહ્યું,

।। સમયં ગોયમ! મા પમાયએ ।।

હે ગૌતમ ક્ષણ માત્રનો પ્રમાદ ન કર. પ્રત્યેક ક્ષણનો ઉપયોગ કર, કારણ કે આ ક્ષણ પણ શૂન્ય થવાની છે. જે સમયની કિંમત સમજે છે એ જીવન જીવવાની કળા જાણે છે.

મહાવીરે કહ્યું, ચાર કષાય, ક્રોધ, લોભ, માયા અને માનને તિલાંજલિ આપ. બધાં તારા મિત્ર બની જશે. અનુભવી વૃદ્ધો અને સદ્ગુરુની સેવા કર, શાસ્ત્રોનું અધ્યયન કર, મનન કર,

ધ્યાન કર. તને બહારનો આનંદ અને અંદરનો આનંદ અને પ્રેમ બેઉ મળશે, અને વધારામાં મનની શાંતિ પણ, જેની તને ખોજ છે. વર્તમાન અને ભવિષ્યનું જીવન જીવવાની આ જ કળા છે.

મહાવીરે જીવન જીવવાની કળા માટે વિવેક–વિનયસંહિતા આપી. વિવેકથી ચાલો, બેસો, ઊભા થાવ, વિવેકથી સૂઓ, વિવેકથી ભોજન કરો. વાણીમાં વિવેક ભરો.

મહાવીરે 'ઉત્તરાધ્યયન સૂત્ર ગ્રંથ'ના 'વિનયશ્રુત' અધ્યયનમાં પોતાની અંતિમ દેશનામાં કહ્યું, અહંનો વિલય એટલે વિનય ગુણોનું પ્રસ્થાપન. ગુણોનો હિમાલય એટલે વિનય, વિરતિનું વિદ્યાલય એટલે વિનય, સિદ્ધિનું મહાલય એટલે વિનય. વિનય આત્મિક ગુણોનું કારણ, તારણ અને અવતરણ છે. વિનય ધર્મનું મૂળ છે. વિનયથી વિદ્યા અને સેવા શોભે છે. જ્યાં વિનય છે ત્યાં વિજય છે. કોઈ પણ કાર્યની સફળતાનું બીજ વિનય છે. ધર્મ આરાધનાનું પ્રવેશદ્વાર વિનય અને સરળતા છે. વિનયભાવ એ સર્વ સુખોનું બીજ છે. મુક્તિના મંગલ મંદિરનું પ્રથમ સોપાન વિનય છે. વિનય ગુણ સર્વ ગુણોને ખેંચી લાવે છે. વિનયનું વંદન જીવનને ચંદન બનાવે છે. વિનયથી સર્વ ગુણોનું ગુંથન અને સર્વ સુખોનું ગુંજન વિનય થકી જ થાય છે. અને આવો વિનયવાન અવશ્ય મોક્ષની નજીક જ છે.

ભગવાન કૃષ્ણે કહ્યું, મારે શરણે આવ, મારામાં વિલિન થઈ જા. ભગવાન મહાવીરે કહ્યું, પહેલાં મને જાણ પછી મને માન, અને તું તારા આત્મામાં સ્થિર થા. કર્મો ભોગવી લે, તો તું પણ પરમાત્મા બનવા સક્ષમ છે. અરિહંત, સિદ્ધ અને મોક્ષ પદ સર્વ આત્મા માટે શક્ય છે.

'આત્મા છે', 'તે નિત્ય છે'
'છે કર્તા નિજ કર્મ.'
'છે ભોકતા' વળી 'મોક્ષ છે.'
'મોક્ષ ઉપાય સુધર્મ.'

મહાવીરે આ સૃષ્ટિનો સર્જનહાર એક ઈશ્વર છે એ વિચારનો અસ્વીકાર કર્યો. વર્તમાનમાં મહાન પદાર્થ વૈજ્ઞાનિક સ્ટીફન હોપકિન્સે પણ ઈશ્વરના અસ્તિત્વનો ઈન્કાર કર્યો છે.

મહાવીરે કહ્યું, 'તારા સુખ દુ:ખનો કર્તા તું પોતે જ છે,' એમ કહી મહાવીરે કર્મવાદના સિદ્ધાંતને વિગતે સમજાવ્યો. જે માણસ સારા કર્મ કરે તો એ બધાનો પ્રિય પાત્ર બને જ બને. શુભ કર્મથી એને આજન્મ અને પુનર્જન્મ એમ બેઉ જન્મમાં લાભ છે. જીવન જીવવાની આ વિશિષ્ટ અને સૈદ્ધાંતિક કળા છે.

મહાવીર જગતના પહેલાં માનસશાસ્ત્રી અને પહેલા સામ્યવાદી. અન્યને સુખ આપવાથી જ પોતાને સુખ મળે એ મનની વાત એમણે પ્રગટ કરી અને અપરિગ્રહના સિદ્ધાંતથી જગતને એમણે સામ્યવાદ, અને સમાજવાદનો મૂલ્યવાન વિચાર આપ્યો. કાર્લ માર્ક્સ તો બહુ મોડો આવ્યો.

આ જ અપરિગ્રહ અને ટ્રસ્ટીશીપના વિચારને મહાત્મા ગાંધીએ સ્વીકાર્યો અને વિસ્તાર્યો.

**Art of Leavnig**

આ **Leaving** – આ શરીર છોડવાની કળા કદાચ મહાવીરે જગતને પહેલ વહેલા સમજાવી. પહેલા અપરિગ્રહની વાત કરીને કહ્યું કે, 'વધારાનું' છોડો, પછી અંતિમ સુધી જઈને 'દેહ છોડવા'ની કળા પણ મહાવીરે **'સંથારો'** અને **'સંલેખના'**ના સ્વરૂપમાં વિગતે સમજાવી. મહાવીરે મરવાની આ કળા એવા ઊંડાણથી બતાવી કે એ આત્મા માટે મોક્ષપ્રાપ્તિ શક્ય બને. આ શરીર પુદ્‌ગલ છે, ગલ એટલે ગળી જાય એવું, પછી એનો મોહ શા માટે ? એ ગળવાનું જ, એ એનો ધર્મ છે.

सम्यग् कायकषाय लेखना इति संलेखना – સંલેખનાની આ વ્યાખ્યા છે. એનો અર્થ એ કે કાયાને કષાયોને કૃશ કરવા એટલે કે પાતળા કરવા. ભગવાન મહાવીરે છ બાહ્યાંતર તપ અને છ અભ્યાંતર તપ એમ બાર પ્રકારના તપ કહ્યા છે. સંલેખનામાં આ બારેય તપનો સમાવેશ થઈ જાય છે. આ સંલેખનાનો વિશિષ્ટ અર્થ છે–મૃત્યુ માટેની પૂર્વ તૈયારી માટે લેવાતું વ્રત. આ પ્રકારના વ્રત માટે સંલેખના ઉપરાંત 'અનશન' અને 'સંથારો' શબ્દો પણ પ્રયોજાય છે.

વૃધ્ધાવસ્થા આવે, શરીર રોગોથી ઘેરાઈ ગયું હોય, શરીરની ક્રિયાઓ માટે શક્તિ ન રહી હોય ત્યારે જીવનમાં જાણે અજાણે કોઈ ખોટું કામ થઈ ગયું હોય એ સર્વ માટે પશ્ચાતાપ કરી ક્ષમા માગી લઈ, અને એ સર્વેને ક્ષમા આપી મૃત્યુ સુધી ઉપવાસની પ્રતિજ્ઞા ગુરુ પાસે લેવાની હોય છે.

મહાવીરે મૃત્યુના સત્તર પ્રકાર પણ જણાવ્યા છે–જેમ કે બાળ મરણ, પંડિત મરણ, કેવલી મરણ વગેરે.

વ્યક્તિ અનશન–ઉપવાસ– દશામાં શાંત મૃત્યુ પામે એને માટે 'સંથારો સિજ્યો' એવો શબ્દ પ્રયોગ વપરાય છે. આ ક્રિયા કંટાળીને કરેલો આત્મઘાત કે આપઘાત નથી, પણ સમજપૂર્વક શરીર સંકેલવાની મૃત્યુની કળા છે.આર્ટ ઑફ લીવીંગ–છોડવાની–કળા છે.

આમ મહાવીરે પ્રેમ – Love – કરુણા અને સેવાના સથવારે જીવવાની Livingની કળા દેખાડી અને છોડવાની, મરવાની, Leavingની કળા પણ દેખાડી અને સમજાવી.

આ ત્રણે કળા LOVE, LIVE અને LEAVE જગતના પ્રત્યેક માનવ અપનાવે તો જગત કેટલું સુંદર– અને શાંતિવન બની જાય!?!

✶ ✶ ✶

[ તા. ૧૪-૧૫ માર્ચના અમદાવાદ શેઠ હઠીસિંહની વાડીમાં પ. પૂ. આચાર્યશ્રી વિજયશીલચંદ્ર સૂરીશ્વરજી મ. સા. યોજિત ચિંતનપ્રેરક પરિસંવાદમાં આપેલું વક્તવ્ય. ]

# ગુરુની મારી શોધયાત્રા

***ગુરુ ગોવિંદ દોનો ખડે, કિસકો લાગુ પાય,***
***બલિહારી ગુરુદેવ કી જિસને ગોવિંદ દિયો બતાય.***

આવી પંક્તિઓ શાળામાં ભણાવવામાં આવતી અને પછી સત્સંગમાં ગવાતી પણ સાંભળી હતી. ઉપરાંત 'ગુરુ વિના જ્ઞાન નહિ', 'ગુરુ જ બ્રહ્મા છે, વિષ્ણુ છે, મહેશ્વર છે,' 'ગુરુ જ અજ્ઞાનના તિમિરને દૂર કરે છે' આવા વાક્યો પણ ગોખવા પડ્યા. પણ કોઈએ નથી ગોવિંદ બતાવ્યો, નથી કોઈએ કોઈ સાક્ષાત્કાર કરાવ્યો, કે નથી કોઈએ મારા અજ્ઞાનના તિમિરને દૂર કર્યું.

હમણાં હમણાં 'આસારામ' અને અન્ય ગુરુઓ વિશે જે જે અહેવાલો ચર્ચાય છે એ વાંચીને 'ગુરુ'ઓ વિશે લખવા મન ઉછળ્યું છે!

ગુરુ વ્યક્તિના મન અને શરીરનું શોષણ કરે કે અધ્યાત્મ જિજ્ઞાસાનું પોષણ કરે?

આજે તો શ્રીમંત જગતમાં પોતાના એક ગુરુ હોવા એ ફેશન અને સ્ટેટસ સીમ્બોલ બની ગયું છે અને મધ્યમ તેમજ ગરીબ વર્ગને માટે એક જરૂરિયાત થઈ ગઈ છે. શ્રીમંતને પોતાનું ભૌતિક 'છે' એને ખોવાનો ડર છે અને ગરીબને નથી એ મેળવવાના 'ફાંફાં' છે.

કૉલેજના અભ્યાસકાળમાં મને ચાબખાકાર કવિ અખો મળી ગયો. કહે :

*ગુરુ કીધાં મેં ગોકુલનાથ, ઘરડાં બળદને ઘાલી નાથ,*
*ધન લે ને ધોકો નવ હરે, એ ગુરુ કલ્યાણ શું કરે?*

અધ્યયન કાળમાં અવધુત આનંદઘનજીનો વાચન સ્પર્શ થયો. એ તો કહે કે,

*ગચ્છના ભેદ સહુ નયને નિહાળતા, તત્ત્વની વાત કરતા ન લાજે,*
*ઉદર ભરણાદિ નિજ-કાજ કરતાં અહાં, મોહ નડિયા કલિકાલ રાજે.*

અમારા આશ્રમમાં એટલે સોનગઢ આશ્રમમાં જ્યાં જીવન ઘડતરના મહામૂલા સાત વર્ષો મારા પસાર થયા, ત્યાં પ્રત્યેક મહિને કોઈ ને કોઈ વિદ્વાન કે સંતો પધારે. કારણકે લોહચુંબક જેવા આયુર્વેદાચાર્ય અમારા પૂજ્ય કલ્યાણચંદ્રજી બાપા અને કવિ દુલેરાય કારાણી આશ્રમમાં બિરાજમાન હતા. આ મહાપુરુષોનું બધાંને આકર્ષણ હતું.

આ આશ્રમના સ્થાપક મૂર્તિપૂજક મુનિ શ્રી ચારિત્ર વિજયજી અને સંચાલક સ્થાનકવાસી જૈન મુનિ કલ્યાણચંદ્રજી એટલે આશ્રમમાં ચારેય ફિરકાના સંતો અને શ્રાવકો પધારે. જૈન ધર્મમાં અનેક સંપ્રદાયો છે એની તો અમને ત્યારે ખબર જ નહિ.

જૈન સાધુ-સાધ્વી મહાત્મા પધારે ત્યારે અમારે એમની વૈયાવચ્ચ કરવાની એટલું જ, પરંતુ પૂ. બાપા પોતે જૈન મુનિ હોવા છતાં આ સર્વે મુનિ ભગવંતોની નજીક અમને જવા ન દે. એમના આ હુકમમાં કદાચ એવો ગર્ભિત સંદેશ-આદેશ હશે કે 'ગુરુ'ની માયામાં બાળ અવસ્થામાં પડવું નહિ. અમારા આશ્રમમાં ભણેલ લગભગ સાત વિદ્યાર્થીઓએ દીક્ષા જીવન સ્વીકાર્યું છે અને એક-બે મુનિ ભગવંતોએ આચાર્ય પદવી સુધી પ્રગતિ પણ કરી છે. એ સંતો વિહાર કરી જાય પછી પૂ. બાપા અમને પૂછે, 'તમને એમણે કઈ બાધા લેવડાવી?' કારણ કે પ્રત્યેક સંતો અમને અચૂક કંઈક ને કંઈ બાધા લેવડાવે, જેના અમારા પૂ. બાપા પુષ્કળ વિરોધી. એઓ શિસ્તમાં માને પણ 'આગ્રહ'માં નહિ. એઓ કહે, બાળકોને પોતાને જ્યારે જ્યાં અયોગ્ય લાગશે ત્યારે ત્યાં એ વખતે એ નિયમ સ્વીકારી લેશે.

અહીં મને કૉલેજકાળનો મિત્ર ભીમ સન્મોત્રા યાદ આવે છે. એ બડો તેજસ્વી અને આખાબોલો, કહે, 'જે પરિવારમાં જન્મ્યા તે પરિવારનો ધર્મ પાળવો ફરજિયાત કેમ? બાળપણથી બાળક ઉપર કોઈ પણ ધર્મની છાપ શા માટે મારવી? એને ઉગવા દયો, વિચારવા દયો, જોવા દયો, પછી ત્યારે એનો ધર્મ એ નક્કી કરે એ જ ખરી માનવીય સ્વતંત્રતા છે.' વાત તો વિચારવા જેવી છે. સંસ્કાર અને ધર્મરક્ષા કે પ્રચારને નામે આપણે એક આત્માની સ્વતંત્રતા તો છીનવી લેતા નથી ને?

એક વખત પૂ. સંતબાલજી અમારા આશ્રમમાં લગભગ પંદરેક દિવસ સ્થાયી થયા. અમને એમની પાસેથી ગાંધી વિચારનો બહુ મોટો એવો લાભ મળ્યો. મારા માટે તો એ જીવનભરની મૂડી બની રહી, ત્યારે હું લગભગ એસ.એસ.સી.માં હોઇશ.

પૂ. સંતબાલજી આશ્રમમાંથી વિહાર કરવાની તૈયારીમાં હતા ત્યારે આશ્રમના નિયમ મુજબ અભિપ્રાયપોથી લઈને અમે સંતબાલજી પાસે ગયા અને આશ્રમ અને વિદ્યાર્થીઓ વિશે પોતાનો અભિપ્રાય લખી આપવા વિનંતી કરી. પૂજ્યશ્રીએ ચશ્માના કાચ ઊંચા કરી અમારી સામે સૂચક દૃષ્ટિથી જોયું. એમના ચહેરા ઉપરના અકળ ભાવને વાંચવા હું અસમર્થ હતો, પણ આજે એ રેખાઓ અને ભાવ સ્પષ્ટ જોઈને અર્થ પણ સમજી શકું છું. એમના મનમાં હશે કે જે લાગ્યું એ જ લખું ને?

પૂજ્યશ્રીએ પેન અને પોથી હાથમાં લીધી. ઊંડો વિચાર કર્યો. થોડી ક્ષણ થોભ્યા અને પછી એક વાક્ય લખ્યું.

'સંસ્થા ઉત્તમ છે. ઘડતર પણ શિલ્પ જેવું છે, પણ વિદ્યાર્થીને વ્યક્તિપૂજાથી દૂર રખાય તો સારું.'

મેં વાંચ્યું. વારે વારે વાંચ્યું અને મારા માટે આ વાક્ય ભવિષ્યના

જીવન અને ગુરુ શોધ માટે પથદર્શક બની ગયું.

ત્યારે પૂ. કલ્યાણચંદ્રજી બાપા અમારા માટે સર્વસ્વ. દિવસમાં ત્રણ વખત અમારે પૂજ્યશ્રીને પગે લાગવા જવાનું, ઉપરાંત પ્રત્યેક ગુરુજનોને પણ એજ મુદ્રામાં પગે લાગવાનું. આ એક સંસ્કાર અને શિષ્ટાચાર હતો.

પરંતુ આજે ઘણી ધાર્મિક અને જ્ઞાતિ સંસ્થામાં આનો અતિરેક ઉપકારની હદ સુધી જોવા મળે છે. જે ભવિષ્યમાં એ વિદ્યાર્થીમાં માનસિક બળવાનું રૂપ ધારણ કરે છે.

આજે વિચારું છું તો એમ પણ વિચાર આવે છે કે આ પ્રકારની ભક્તિ વ્યક્તિમાં 'લઘુતા'નું આરોપણ તો નથી કરાવતી ને? જે ભવિષ્યમાં કદાચ એને લઘુતાગ્રંથી સુધી દોરી જાય. સંસ્કારની યાત્રામાં અતિ ભળે એટલે સામેની વ્યક્તિને નિષ્પક્ષ રીતે જોવાની દૃષ્ટિ ન પણ રહે.

કૉલેજકાળમાં સી. પી. ટૅન્કની જૈન ઉદ્યોગગૃહની હૉસ્ટેલમાં રહેવાનું બન્યું. બાજુમાં જ માધવબાગમાં દાદા પાંડુરંગજીના ઉપનિષદો વગેરે ઉપર પ્રવચનો યોજાય. પ્રત્યેક રવિવારે ત્યાં નિયમિત જવાનું થાય. પૂ. દાદા પ્રત્યે આકર્ષણ વધ્યું. એક મિત્ર વર્તુળ સર્જાતું થયું. અને મને એમાં સર્વત્ર દાદા ભક્તિના દર્શન થાય. મનમાં શાંતિ ન મળે. પૂ. દાદા સાથે નિકટ આવતા એક દિવસ એમણે મને પૂછ્યું, 'એમ.એ. પછી શું વિચાર છે?' મેં કહ્યું, 'પીએચ.ડી. અને પછી પ્રાધ્યાપક અથવા ભાગ્ય લઈ જાય ત્યાં.' તો દાદા કહે, થાણા પાસે એક તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠનું અમે નિર્માણ કરી રહ્યા છીએ ત્યાં આવી જા, બધું સંભાળી લે, તારી ભવિષ્યની બધી જવાબદારી મારી.'

અને મારી અંદર પૂ. સંતબાલજીના શબ્દોની ઘંટડી વાગી. આ સ્વીકારું તો ગુરુ તો નહિ જ મળે પણ વ્યક્તિપૂજાની આરતી જીવનભર ઉતારતા રહેવાની! શબ્દોના ભાટ-ચારણ બની જવાનું. પૂ. પાંડુરંગજીની એ સંસ્થા અને પ્રવૃત્તિની આજે શું હાલત છે એ સર્વ વિદિત છે.

અમારી હૉસ્ટેલની સામેની ગલી એસ. વી. પી.રોડને મળે. વચ્ચે વિલ્સન સ્ટ્રીટ અને વિલ્સન સ્કૂલ આવે. સામાન્ય રીતે હું ભવન્સ કૉલેજ જવા એ ગલીમાંથી પસાર થઈ એસ. વી. પી. રોડના બસ સ્ટેન્ડ પાસે જાઉં, લગભગ ઈ-૧, બસ હતી, જે મને ચોપાટી લઈ જાય. એક વખત સવારે અગિયાર વાગે કૉલેજમાંથી આવતી વખતે એજ રસ્તેથી હું હૉસ્ટેલ આવતો હતો, રસ્તામાં જ મારી ચંપલની પટ્ટી તૂટી ગઈ. ચાલવું લગભગ અશક્ય. આજુબાજુ દૃષ્ટિ કરી. જમણી તરફ એક મુતરડીની પાસે જ એક મોચી બેઠો હતો. થોડી દાઢી વધેલી, આધેડ વય, આંખે ચશ્મા, વર્ણ શ્યામ, પોતાના કર્મમાં મશગુલ. હું એની પાસે ગયો અને મારા ચંપલની પટ્ટી સાંધી આપવા વિનંતિ કરી. મેં જેવા ચંપલ કાઢી આપ્યા એટલે એણે મને એક પૂઠું આપ્યું. કહે, 'ઈસ પર પૈર રખો, જલેગા નહિ ઔર પૈર બિગડેગા ભી નહિ, તબ તક તુમ્હારી પટ્ટી મેં ખીલા લગા દું? કિ...'

'નહિ બાબા ધાગે સે સી લો.'

ચંપલ પાણીમાં બોળતા એ બોલ્યા, 'સહી બાત હૈ, દો ચિજ કો જોડને કે લિયે એક કો દર્દ ક્યોં દે?... ધાગા હી અચ્છા હૈ. થોડી દેર લગેગી લેકિન યહી સહી હૈ.' એ મોચી-બાબાના આ શબ્દોથી હું ચોંક્યો. મારા મનમાં એમની એક પ્રતિભા ગોઠવાઈ ગઈ.

એ સમયે બી.એ.માં ભગવદ્ ગીતા ઉપર એક પેપર હતું. અને બીજે દિવસે મારે એની પરીક્ષા આપવાની હતી, એટલે સમયનો ઉપયોગ કરવા ત્યાં ઊભા ઊભા જ મેં ગીતાનું પુસ્તક ખોલ્યું. મુતરડી પાસે બેસી ચપ્પલ સીવતા સીવતા બાબાએ ઉપર જોયું અને પુસ્તક વાંચતો જોઈ બાબાએ પૂછ્યું, 'ક્યા પઢતે હો બેટા?'

'આપ કે સમજ મેં નહિ આયેગા બાબા' મેં મારી ગુરુતાનું પ્રદર્શન કર્યું, પણ અમારા વચ્ચે શબ્દ દ્વારા એક સૌમ્ય સંબંધ બંધાઈ ચૂક્યો હતો, એટલે મેં આગળ કહ્યું, 'કલ મેરી પરીક્ષા હૈ ઔર ગીતા પર મુજે પઢના હૈ.' બાબા કહે, બહોત અચ્છા બેટા, લેકિન પઢને કે બાદ ઈસકો જીવનમેં ઉતારના, નહિ તો યે સબ ગધ્ધે પર સોને જૈસા હૈ.' હું ચોંક્યો. મેં કહ્યું 'બાબા આપને ગીતા દેખી હૈ?'- મેં મારા હુંપણાનું ફરી પ્રદર્શન કર્યું. મારે 'વાંચી છે' એમ બોલવું જોઈએ. બાબા કહે, 'હા પઢી ભી હૈ,' ચપ્પલની પટ્ટીમાં જાડો દોરો પરોવતા બાબા બોલ્યા, 'અબ કોનસા અધ્યાય પઢ રહે હો?' થોડા કંટાળા સાથે મેં કહ્યું, '૧૮મો'. મોચી બાબા કહે, 'મોક્ષ સંન્યાસ યોગ?' અને હું અવાક્ આભો બની ગયો. ચપ્પલ સીવતા સીવતા બાબા આગળ બોલ્યા: 'બેટા પહેલા અધ્યાય, અર્જુન વિષાદ યોગ સે યે ૧૮ અધ્યાય તક હમારી સફર હૈ. મિલે તો મોક્ષ, ન મિલે તો ફિર નયા ચક્કર.' અને મને તો જાણે કબીર મળી ગયા. કોઈ પણ સંકોચ વગર હું એમના ચરણો પાસે બેસી ગયો. ચપ્પલ સીવાઈ જતા બાબા કહે, 'તુંને મુઝે બાબા કહા, તું વિદ્યાર્થી હૈ, ગીતા પઢતા હૈ, તેરા પૈસા નહિ લુંગા.'

ખૂબ આગ્રહ કરવા છતાં મોચી બાબાએ પૈસા ન જ લીધા, અને આપ માનશો? પછી રોજ રાત્રે આઠ વાગે એ બાબા પાસે હું ગીતા શીખવા સમજવા જતો, એ જ જગ્યાએ. અલબત્ત, એમની પાસે ગીતા મરાઠી ભાષામાં હતી અને એમાંથી એઓ મને સરળ હિંદી ભાષામાં સમજાવતા. કૉલેજમાં તો આ ગીતાના અધ્યાપન માટે અમારા પ્રાધ્યાપક વિદ્વાન શાસ્ત્રી નલિન ભટ્ટ હતા, એમની પાસે ગીતા સમજાવવાની બુદ્ધિવાણી હતી. જ્યારે આ ભોળા ભક્ત મોચી બાબા મને એ હૃદય ને આત્માની વાણીથી સમજાવતા, જેનો ગુંજારવ મારા જીવનમાં જીવનભર રહ્યો છે.

આ મોચી બાબા મારા પહેલા ગુરુ, પણ એમણે શિષ્ય તરીકે

મારો સ્વીકાર ન કર્યો. પછી જ્યારે જ્યારે હું ત્યાંથી પસાર થાઉં ત્યારે મોચી બાબાને વંદન કરું અને મારું વંદન નિસ્પૃહભાવે સ્વીકારી પોતાના કર્મમાં મશગુલ બની જાય.

મારી ગુરુ યાત્રા આગળ ચાલી. થોડો સમય ગણેશપુરી-મુક્તાનંદ આશ્રમ પ્રત્યે આકર્ષાયો. હિંદુ શાસ્ત્ર વિશે ઘણું જાણવા મળ્યું ઉપરાંત ધ્યાન સમાધિ એવું બધું ઘણું, પણ ત્યાં મઠાધિપદ માટે કાવાદાવા અને ખટપટો! અહીં શિષ્ય બની કોઈ એક પક્ષનું પ્યાદું બનવાનું? આપણને જામ્યું નહિ. શિસ્તને નામે સામ્રાજ્ય સ્થપાય ત્યાં ખુલ્લે શ્વાસે કઈ રીતે રહી શકાય?

ફેબ્રુઆરી મહિનો આવે એટલે યોગ સાધિકા ગીતા ફરજિયાત મને જે. જે. સ્કૂલ ઑફ આર્ટના મેદાનમાં જે. કૃષ્ણમૂર્તિને સાંભળવા લઈ જાય. એ ચાર પાંચ દિવસો બૌધિક જલસો પડી જાય. જે. કૃષ્ણમૂર્તિ અને થિયોસોફીના પુસ્તકોનો ઘરમાં ઢગલો થઈ ગયો. ઘણાં બધાં સમાધાનો મળ્યા, છતાં ક્યાંક ખૂટે છે એવું સતત લાગ્યા કરે, તોય એ અપૂર્ણમાં પણ મનને થોડી અપૂર્ણ શાંતિ તો મળી જ. જે. કૃષ્ણમૂર્તિએ જાહેરમાં કહ્યું કે 'મને કોઈ ગુરુ ન ગણશો'. તો પછી આપણાથી એમને ગુરુ કેમ કહેવાય? જો કે એમણે એમ ન કહ્યું હોત તો પણ એમના ગુરુસ્થાન માટે હું મારા મનને મનાવી શકત જ નહિ. કારણકે એમના વિચાર-ચિંતન અને એમના જીવન ચરિત્રમાં મને ભિન્નતા દેખાઈ. ગાંધી જેવું તો કોઈ વિરલ જ હોય, જેવી વાણી એવું જીવન. સત્ય, માત્ર સત્ય અને સત્યના પ્રયોગોમાંથી નિષ્પન્ન થતું પરમ સત્ય. જીવનનું અને જીવનપારનું સત્ય.

શક્ય એટલું મહર્ષિ અરવિંદનું ચિંતન વાંચ્યું અને વચ્ચે એક ડૂબકી પોંડીચેરી પણ મારી આવ્યો. મહર્ષિ અરવિંદ અને પૂ. માતાજીની સમાધિ પાસે આસનસ્થ થતાં કોઈ અલૌકિક શાંતિની અનુભૂતિ થઈ. આવી જ શાંતિનો અનુભવ એક વખત મને શ્રવણ બેલગોલામાં બાહુબલિના વિરાટ ચરણોમાં મસ્તક નમાવતી વખતે થયો હતો. ઉપરાંત પરાઅનુભવનો એક ચમકારો થયો હતો તે તો અલૌકિક!

લગભગ ૧૯૬૩-૬૫ની આસપાસ એક વખત અમારા ડૉ. રમણભાઈએ કહ્યું કે જબલપુરથી દર્શન શાસ્ત્રના પ્રોફેસર રજનીશજી આવ્યા છે, એમનું વક્તવ્ય સી. પી. ટૅન્ક હીરાબાગમાં રાખ્યું છે. ત્યાં મારે આવવું અને એમનું વક્તવ્ય પૂરું થયા પછી મારે એમને યથાસ્થાને મૂકવા જવું. ત્યારે હીરાબાગમાં લગભગ ૨૦-૨૫ શ્રોતા હશે, અને રજનીશજીએ તો અમને ઘેલું લગાડી દીધું. એમના શબ્દો, એમની વાણીનું સંમોહન, વિચારોની તાર્કિકતા, દૃષ્ટાંતો, બસ મને અમને બધાંને તો રજનીશનું ઘેલું લાગ્યું. મને થયું મને મારા ગુરુ મળી ગયા.

હીરાબાગ, પછી સુંદરાબાઈ હૉલ અને અનેક જગ્યાએ રજનીશજીનું વક્તવ્ય હોય ત્યાં પહોંચી જવાનું, એમના પુસ્તકો વાંચવાના, એમની ટેપ સતત સાંભળતા રહેવાનું. મારા જેવા અસંખ્ય જિજ્ઞાસુઓની આ પરિસ્થિતિ હતી.

એક વખત નારગોળ ગામમાં શિબિર રાખી. એવો ધ્યાનનો પ્રયોગ કર્યો કે બધાંને નચાવ્યા અને રડાવ્યા. જાણે સામૂહિક સંમોહન. પણ મને કાંઈ અસર ન થઈ, અન્યો જેવું સમર્પણ મને માન્ય ન હતું. પછી તો ગાંધીજી વિશેના રજનીશજીના અભિપ્રાયો, રજનીશજીનો રજવાડી ઠાઠ, 'મનને ફાવે ત્યાં દોડવા દયો,' 'સંભોગથી સમાધિ', મુક્ત આચાર, પૂના આશ્રમ અને ભગવા પહેરો, નામ બદલો, રજનીશના નામની કંઠી પહેરો, આ બધું આપણને તો ન રૂચ્યું.

અલબત્ત છેલ્લા બે શતકમાં રજનીશજી જેવા મહાવિચારક આપણને નથી મળ્યા. પણ એમનું વિચાર સામ્રાજ્ય દોરાના મોટા દડા જેવું, તાર-દોર નીકળ્યા જ કરે. આ નહિ તે, તે નહિ તે, આમ ચાલ્યા જ કરે. નવા નવા અર્થઘટનોનું સ્ફોટક થતું જાય અને આપણે એક 'કેફ'ના જગતમાં પહોંચી જઈએ અને પછી એમાંથી છૂટવું મુશ્કેલ.

વ્યક્તિને ભીતરથી બદલવાની હોય, એમાં આવા બાહ્ય બિલ્લાની શી જરૂર? ડૉ. ગુણવંત શાહ કહે છે કે સૂટેડ-બૂટેડ માણસ પણ ભિતરથી સાધુ હોઈ શકે. વ્યક્તિ પૂજાના મંજીરા અહીં પણ વગાડવાના? તત્ત્વને ભૂલી તંતુને પકડવાનો? સાધુના વસ્ત્રો પહેર્યાં એટલે એ સાધુ હોય જ?

મેં મનન કર્યું. ક્યાંક મારો 'હું' તો વચ્ચે આવતો નથી ને? પણ હું તો બધે 'હું'ને ઓગાળવા ગયો હતો પછી એ વચ્ચે શેનો આવે?

આ બધી ગુરુ શોધની યાત્રા ચાલી રહી હતી. ત્યાં એક ભાઈ મને એક 'ભગવાન' પાસે લઈ ગયા. કહે કે આ આત્માને સ્ટેશન ઉપર જ કેવળજ્ઞાન થયું હતું. સાદી-સરળ ભાષામાં સરસ સમજાવે પણ પોતાને કેવળજ્ઞાની કહેવડાવે. વિચાર આવ્યો જેને કેવળજ્ઞાન થયું એ આવું જાહેર કરે? એમના ભક્ત મને કહે તમારે એમના દર્શન કરવા હશે તો તમારું મસ્તક એમના પગના અંગુઠાને અડાડવું પડશે. મને આ મંજૂર ન હતું. અહીં 'હું' ન હતું, મારે મારા 'હું'નું સ્વમાન પણ સાચવવાનું હતું.

એક જિજ્ઞાસુ આગ્રહ કરીને મને એક અતિ સુપ્રસિદ્ધ વક્તાને સાંભળવા લઈ ગયા. વક્તાએ પ્રારંભ કર્યો, 'કાલે રાત્રે ધ્યાનમાં બેઠો, ત્રણ કલાકે કુંડલિની જાગૃત થઈ અને આપણા ગુરુજીએ કહ્યું કે આજે મારે ગૃહસ્થાશ્રમની ચર્ચા નથી કરવાની બ્રહ્મચર્યાશ્રમની વાત કરવાની છે, અને મુગ્ધ ભક્તોનો તાળીઓનો વરસાદ. બોલો, જેની કુંડલિની જાગ્રત થઈ હોય એ આવી વાતો કરે? એ તો રહે પોતાની મસ્તીમાં મસ્ત.

મેં મારી જાતને પ્રશ્ન પૂછ્યો, 'તારે ગુરુની જરૂર ખરી? શા માટે?' પરમ તત્ત્વને જાણવું છે? શા માટે? જે આ તત્ત્વને પામી

ગયા છે એ કહેવા રોકાયા નથી, અને જ્યારે તને એની જાણ થશે ત્યારે તું પણ મૌન થઈ જશે. એ જાણવા માટે અંદર ઉતર. અંદર મહાસાગર અને મોતી છે, મગરમચ્છ પણ છે એ બધાંને મહાત કરવાના છે, બસ.

અમારા ચીમનલાલ ચકુભાઈ શાહે એક વખત કહ્યું હતું કે જે ક્રિયા 'કર્યા' વગર ચાલે નહિ એવું થાય ત્યારે એને 'ટેવ' સમજજો, અને એવું સમજાય ત્યારે તરત પાછા વળી જજો. નહિ તો જીવનભર એ જ ક્રિયા-ટેવના ચક્રમાં અટવાઈ જશો. નવું જગત દેખાશે જ નહિ, જે તમારી રાહ જોઈ રહ્યું છે. જ્યારે કોઈ મને કહે કે, 'આ સત્સંગમાં ગયા વગર મને ચાલે જ નહિ' ત્યારે મને ચીમનભાઈના આ વાક્યો યાદ આવે.

જે પકડે પકડાવે, તોડે તોડાવે, એ ગુરુ કે જે પોતે છોડે છોડાવે, જોડે જોડાવે એ ગુરુ?

અને મારી સાચી ગુરુ શોધયાત્રા ત્યારે શરૂ થઈ જ્યારે મને આચાર્ય મહાપ્રજ્ઞના ગ્રંથો મળ્યા, આગમ વાંચન પ્રવેશ થયો, ગણધરવાદ અને જૈન ધર્મનો કર્મવાદ વાંચવા મળ્યો. બધાં રહસ્યો ઉઘડી ગયા. ગાઢ અંધકારમાં એક દીપજ્યોત પ્રગટે તેમ.

જે વ્યક્તિને આત્મદર્શન થયું હોય એ ગુરુ કોઈને શિષ્ય બનાવે ખરા? પોતાને ગુરુ કહેવડાવે ખરા? એને શિષ્યોની શી જરૂર?

જીવનમાં ગુરુની શી જરૂર? ગુરુની જરૂર ખરી, પરંતુ ગુરુ શોધતી વખતે મુગ્ધભાવ છોડી દેવો, હૃદય સાથે બુદ્ધિનો ઉપયોગ કરવો જ, પછી શ્રધ્ધાનું શરણું પકડવું. પરંતુ સાચી જરૂર છે રાહબરની.

મને એવા બે રાહબર, મારા બે વિદ્યાગુરુ મળી ગયા હતા, જેમના શબ્દ-વિચાર અને જીવનમાં સંપૂર્ણ અભિન્નતા હતી, તે કચ્છના કવિ પૂ. દુલેરાય કારાણી અને પ્રકાંડ પંડિત પૂ. રામપ્રસાદ બક્ષી. આ મહાત્માઓને વંદન કરું છું.

અખાએ કેવું સરસ કહ્યું છે-

*જે નરનો આત્મા ગુરુ થશે*
*કહ્યું અખાનું તે પ્રિછશે.*

આ લેખ પૂર્ણ ન સમજશો, ઘણી યાત્રા લખવાની બાકી છે, લખાશે, ક્યારેક વધુ, ક્યારેક તીખું-મીઠું લખાશે, કાળ પાકશે ત્યારે.

મોચી બાબા તમે ક્યાં છો?

* * *

## શ્રી ધનવંત શાહની 'પ્રબુદ્ધ જીવન'ના તંત્રી તરીકેની સફર...

ડૉ. ધનવંત શાહ, 'પ્રબુદ્ધ જીવન'ના સહતંત્રી તરીકે તા. ૧૬-૧-૨૦૦૫ થી તા. ૧૬-૧૦-૨૦૦૫ સુધી હતા. અને ત્યારબાદ તા. ૧૬-૧૧-૨૦૦૫ થી માર્ચ ૨૦૧૬ સુધી તંત્રી તરીકે તેમણે કાર્ય કર્યું. સમયગાળામાં કેટલાંક વિશેષાંકો તેમણે પ્રગટ કર્યા, જૈ જૈન જગત અને સાહિત્ય માટે મૂલ્યવાન સંદર્ભ સામગ્રી બની રહેશે. વાચકોની જાણ માટે વિશેષાંકોની યાદી નીચે મુજબ છે :

પ્રબુદ્ધ જીવન : સહતંત્રી : ૧૬-૧-૦૫ થી ૧૬-૧૦-૦૫
પ્રબુદ્ધ જીવન : તંત્રી :૧૬-૧૧-૨૦૦૫

(૧) ડૉ. રમણલાલ શાહ સ્મરમાંજલિ સંપુટ : ૧૬-૧-૦૬
(૨) 'પ્રબુદ્ધ જીવન' એક જ્ઞાન યાત્રા : ૧૬-૨-૦૬
(૩) પંડિત સુખલાલજી સવા શતાબ્દી વિશેષાંક : ૧૬-૩-૦૭
(૪) જયભિખ્ખુ શતાબ્દી અંક : ૧૬-૨-૦૮
(૫) પર્વાધિરાજ પર્યુષણ પર્વ વિશેષાંક : ૧૬-૦૨-૧૦
(૬) પ્રબુદ્ધ અંક : ૧૦-૦૧-૦૯
(૭) મહાવીર વિશેષાંક : ૧૬-૦૩-૧૦
(૮) શ્રી મુંબઈ જૈન યુવક સંઘ યશ ગાથા : ૧૬-૧૧-૦૮
(૯) તીર્થંકર મહાવીર જન્મ કલ્યાણ વિશેષાંક : ૧૬-૦૩-૧૦
(૧૦) પર્યુષણ પર્વ વિશેષાંક : ૧૬-૦૮-૧૦
(૧૧) જૈન સાહિત્ય વિશ્વ ગ્રંથ : ૧૬-૧૦-૧૦
(૧૨) નવપદ : ૧૬-૦૩-૧૨
(૧૩) આગમસૂત્ર : ૧૬-૦૯-૧૨
(૧૪) ગાંધી સ્મૃતિ ચિંતન વિશેષાંક ૧૬-૦૧-૧૩
(૧૫) મહાવીર સ્તવન વિશેષાંક ૧૬-૦૪-૧૩
(૧૬) ગણધરવાદ વિશેષાંક : ૧૬-૦૮-૧૩
(૧૭) પર્યુષણ પર્વ વિશેષાંક :
કર્મવાદ–જૈન દર્શન અને અન્ય દર્શન : ૧૬-૮-૧૪
(૧૮) જૈન તીર્થ વંદના અને શિલ્પ સ્થાપત્ય વિશેષાંક : ૧૬-૦૮-૧૪
(૧૯) અનેકાન્તવાદ, સ્યાદ્‌વાદ અને નયવાદ વિશેષાંક : ૧૬-૦૩-૧૫
(૨૦) પર્વાધિરાજ પર્યુષણ પર્વ વિશેષાંક : ૧૬-૦૮-૧૫
જૈન ધર્મ અને અન્ય ધર્મની આવશ્યક ક્રિયાઓ
(૨૧) ગાંધી જીવનનો અંતિમ અધ્યાય વિશેષાંક : ૧૬-૦૨-૧૬

# અમૃતનું દાન

**□ ડૉ. કુમારપાળ દેસાઈ**

કેટલીક વ્યક્તિઓ એવી હોય છે કે જેમને નીતનવા સ્વપ્નો આવતા હોય છે અને એ સ્વપ્નોને સાકાર કરવા માટે નવા નવા આયામો ખોજતા રહે છે. દુનિયાની રફ્તારમાં ઘેટાની માફક ચીલાચાલુ માર્ગે ચાલનારા ઘણા મળી રહે, પરંતુ કોઈ જ વિરલ વ્યક્તિ એવી હોય કે જે એ ચીલાચાલુ માર્ગે ચાલવાને બદલે કોઈ નવો માર્ગ રચી આપે.

એક દાયકા સુધી શ્રી મુંબઈ જૈન યુવક સંઘના પ્રતિષ્ઠિત સામયિક 'પ્રબુદ્ધ જીવન'નું તંત્રીપદ સંભાળનાર શ્રી ધનવંતભાઈ શાહે આખાય સામયિકની કાયાપલટ કરી નાખી. એમણે એમાં ધર્મની વર્તમાન પરિપ્રેક્ષ્યમાં ચર્ચાઓ જગાવી, સામાજિક ઉત્કર્ષ અને જનકલ્યાણની ભાવનાનું સિંચન કર્યું. અન્ય ધર્મોની ભાવનાઓ આદરસહિત પ્રગટ કરી. ઉત્તમ લેખમાળાઓ આપી. યુવાનો પાસે અંકોનું સંપાદનકાર્ય કરાવ્યું અને છેલ્લે તો મહાત્મા ગાંધીજી વિશેનો 'પ્રબુદ્ધ જીવન'નો અંક આપીને એમણે એક નવો આયામ આપ્યો.

સામાન્ય રીતે સામયિકો એક જ ઢાંચામાં ચાલતાં હોય, ધનવંતભાઈ પહેલાં પોતાનો ઢાંચો નક્કી કરે અને પછી સામયિકને એમાં ઢાળે. એમની અણધારી વિદાયે ઘણો મોટો ખાલીપો સર્જી દીધો છે.

૧૯૪૦ની ૫મી જાન્યુઆરીએ ભાવનગરમાં જન્મેલા ધનવંતભાઈનું બાળપણ ભાવનગરમાં વીત્યું અને એ પછી પ્રાથમિક અભ્યાસ માટે સોનગઢમાં આવેલા શ્રી મહાવીર કલ્યાણ ચારિત્ર્ય રત્નાશ્રમમાં આવ્યા. આ આશ્રમનું અનોખું વાતાવરણ. આ આશ્રમમાં શિક્ષણ, સેવા અને ધર્મભાવનાનો ત્રિવેણીસંગમ જોયો. એ આશ્રમમાં વિદ્યાર્થીઓ માટે શાળા અને છાત્રાલય ચાલે, આમજનતા માટે દવાખાનું અને ઔષધાલય ચાલે અને દર્દથી પીડાતા કેટલાંય લોકો અહીં રહે ને ઉપચાર કરાવે.

અહીં લોકકલ્યાણના પુણ્યપ્રવાસી એવા શ્રી કલ્યાણચંદ્રજી મહારાજની શ્રી ધનવંતભાઈ પર ગાઢ અસર પડી. સાધુતાને કોઈ બંધિયાર વાતાવરણમાં જોવાને બદલે સેવા, સક્રિયતા અને માનવતા સાથે જોડાયેલી જોઈને એમના બાળપણના સંસ્કારો ઘડાયા. અહીં ગરીબ દર્દીને ઉત્તમ અને મોંઘી દવા એક પણ પૈસો લીધા વિના અને જાતિ કે આર્થિક સ્થિતિના ભેદ વિના મળતી હતી. આ જ આશ્રમમાં કચ્છના મેઘાણી સમા દુલેરાય કારાણી પણ વસતા હતા અને ત્યારે ધનવંતભાઈમાં સાહિત્ય અને સંસ્કારનું ઊંડું સિંચન થયું. જાણે એ ઋણને સ્વીકાર કરતા હોય તેમ કલાપીનગર, લાઠીમાં પૂ. મોરારિબાપુના હસ્તે એમનું સન્માન થયું ત્યારે એમણે પોતાને મળેલી ટ્રોફી આ આશ્રમને અર્પણ કરી દીધી અને પારિતોષિકની રકમ યોજક સંસ્થાને પાછી વાળી દીધી. વળી એથીય વિશેષ તો અકસો ને બાવીસથી વધુ વિદ્વાનો અને કુલ બસો જેટલા સાહિત્યરસિકો ધરાવતા જ્ઞાનસત્રનું આયોજન કર્યું.

આ ત્રેવીસમો જૈન સાહિત્ય સમારોહ ૨૦૧૬ની ૪થી ફેબ્રુઆરીએ યોજાયો. એ પૂર્વે ધનવંતભાઈ ગંભીર બીમારીને કારણે આઈ.સી.યુ.માં હતા. છતાં લીધેલું ધ્યેય સિદ્ધ કરવા માટે નાદુરસ્ત તબિયતે પણ આવ્યા. સમારંભના સૂત્રધાર તરીકેની ભૂમિકા બરાબર બજાવી પણ એ પછી એટલા બીમાર પડ્યા કે ફરી આઈ.સી.યુ.માં દાખલ થવું પડ્યું.

ચાર ચાર દિવસ ચાલનારા આ જ્ઞાનસત્ર માટે એ છ મહિના અગાઉથી એનું આયોજન કરે. ચીવટથી કાર્યવાહી કરે. કાગળ મોકલે ને કલાકમાં ફોન કરે. એ દિવસે સાંજે એનો અમલ થાય, તેમ કરે. જ્ઞાનસત્રના વિષયો આપી દે અને દરેક વિષયમાં સંયોજકની નિમણૂક કરે. એનું પરિણામ એ આવતું કે જ્ઞાનસત્રના સમયે ગ્રંથોના ઉદ્‌ઘાટનનો ઉત્સવ રચાઈ જતો. એવું ય બન્યું કે આ વખતે જૈન આગમ સાહિત્ય પર પરિસંવાદ હતો અને એમાં ભાગ લેનારા તમામ વક્તાઓ પાસેથી જાણીતા વિદ્વાન શ્રી ગુણવંત બરવાળિયાએ લેખો મેળવીને એ સમયે એક મહત્ત્વપૂર્ણ ગ્રંથ તૈયાર કર્યો અને એનું જ્ઞાનસત્રમાં વિમોચન થયું.

કેટલીક વ્યક્તિઓ એવી હોય છે કે જેને પોતાના બાગના વૃક્ષ પર ઊગેલા ફળ ખાવાનો રસ હોતો નથી, પરંતુ બાગમાં ખીલતા ફૂલને જોઈને આનંદ પામવાનો ઉત્સવ હોય છે. ધનવંતભાઈએ જેમ સામયિકોના સંપાદકો તૈયાર કર્યા, એ જ રીતે જુદા જુદા વક્તાઓને તાલીમ આપી. 'માનવ પર વિશ્વાસ મૂઝે, ઈશ્વર પર હૈ આસ્થા' એ સુમિત્રાનંદન પંતનું સૂત્ર ધનવંતભાઈનું જીવનસૂત્ર હતું. શ્રી મુંબઈ જૈન યુવક સંઘની પ્રતિષ્ઠિત પર્યુષણ વ્યાખ્યાનમાળામાં નવા નવા વક્તાઓને નિમંત્રણ આપે અને એક બાગબાનની માફક એમની શક્તિની માવજત કરે. કોઈ જ્ઞાનસત્રમાં એકસોથી વધુ વક્તાઓ પોતાનું પેપર રીડિંગ કરે એવી કલ્પના આપણે કરી શકીએ ખરા? પણ એમણે એ સ્વપ્નને સાકાર કરી બતાવ્યું.

નાટક પ્રત્યે એમને અગાધ પ્રેમ. ૧૯૫૮માં ફાર્બસ ગુજરાતી સભાએ યોજેલી નિબંધસ્પર્ધામાં એમણે પ્રથમ પારિતોષિક મેળવ્યું અને તે એમનો નિબંધ 'ગુજરાતના સામાજિક જીવનમાં નાટકોનો ફાળો' માટે ૧૯૭૫માં 'અંગારા' નાટકની રચના કરી. કવિ ન્હાનાલાલ અને કવિ કલાપી એ એમના અતિપ્રિય સર્જકો. 'કવિ ન્હાનાલાલની કવિતામાં 'માનવજીવનદર્શન' એ વિષય પર ઋષિચરિત વિદ્યાપુરુષ રામપ્રસાદ બક્ષીના માર્ગદર્શન હેઠળ મહાનિબંધ લખ્યો, ત્યારબાદ કવિ ન્હાનાલાલ વિશે 'વસંતવૈતાલિક કવિ ન્હાનાલાલ' નાટકની રચના કરી. એમણે લખેલું 'રાજવી કવિ કલાપી' મુંબઈ અને ગુજરાતમાં ભજવાયું. એ પછી 'અપૂરવ ખેલા-અવધૂત આનંદઘનજી'ની રચના કરી. સર્જક જયભિખ્ખુની નવલકથા 'પ્રેમભક્ત કવિ જયદેવ' પરથી કૃષ્ણભક્ત કવિ જયદેવ'ની નાટ્યરચના કરી અને એના પઠનનું મુંબઈમાં આયોજન પણ કરવામાં આવ્યું.

એમના પ્રેમાગ્રહને પરિણામે આ કૉલમ લેખક દ્વારા 'પ્રબુદ્ધ જીવન'માં સતત ૨૨ અઠવાડિયા સુધી 'જયભિખ્ખુ જીવનધારા'ની લેખમાળા પ્રગટ થઈ અને એના પરથી તૈયાર થયેલ નાટકની મુંબઈ અને સોનગઢમાં ભજવણી કરવામાં પણ ધનવંતભાઈએ મહત્ત્વનો ભાગ ભજવ્યો.

એવામાં આજથી છ વર્ષ પૂર્વે એમના ચિત્તમાં એક પરિકલ્પના આવી. એમને થયું કે વર્તમાન સમયમાં તીર્થંકરો, વિભૂતિઓ અને આચાર્યોના જીવન વિશે જનસમૂહમાં અલ્પ માહિતી પ્રવર્તે છે. આને કારણે પોતાના ઇતિહાસ, વારસા અને સંસ્કારથી લોકો વંચિત રહે છે. આથી એમણે સળંગ ત્રણ દિવસ એક વિષયની રસપ્રદ રજૂઆત ધરાવતી કથાનું આયોજન કર્યું. આને પરિણામે 'મહાવીર કથા', 'ગૌતમ કથા', 'ઋષભ કથા', 'પાર્શ્વ પદ્માવતી કથા', 'નેમ-રાજુલ કથા' અને 'હેમચંદ્રાચાર્ય કથા' જેવી છ કથાઓની પ્રસ્તુતિ કુમારપાળ દેસાઈ દ્વારા કરવામાં આવી. એક આયોજક તરીકે ધનવંતભાઈ કયા પ્રકારનો બેક ડ્રોપ રાખવો, કયા સંગીતકારોને બોલાવવા, કઈ રીતે નિમંત્રણપત્રો મોકલવાથી માંડીને સમગ્ર કાર્યક્રમનું સંચાલન કરે.

એમને કલાપીના પુસ્તક માટે મહારાષ્ટ્ર રાજ્ય ગુજરાતી સાહિત્ય અકાદમીનો ઉત્તમ નાટ્યગ્રંથ પુરસ્કાર મળ્યો. મહાવીરપ્રસાદ સરાફ પુરસ્કાર, સંસ્કૃતિ અભિવાદન ફાઉન્ડેશન તરફથી શ્રેષ્ઠ નાટક માટે તથા કલાપીના નાટકને માટે ટ્રાન્સમિડિયા અવોર્ડ અને એ પછી આચાર્ય ભગવંત દુર્લભસાગરસૂરીશ્વરજી અવોર્ડ મળ્યો. છેલ્લે ૨૦૧૬ની ૪થી જાન્યુઆરીએ કલાપી-નગર લાઠીમાં એમને એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા.

આજે સહુ એવો અનુભવ કરે છે કે અમે બધાં પક્ષીઓ રહ્યાં, પણ સહુને ઊંચા આકાશમાં ઉડાડનારી પાંખ ચાલી ગઈ! આવા નિસ્પૃહી, હસમુખા, કર્મનિષ્ઠ, નવી પ્રતિભાઓને સદૈવ પ્રોત્સાહિત કરનારા નાટ્યસર્જક ધનવંતભાઈ શાહના જીવનને જોઇએ તો કવિવર રવીન્દ્રનાથ ટાગોરના એ શબ્દો યાદ આવે છે.

'જીવન મંથન વિષ નિજે કરિ પાન,
અમૃત યા ઊઠે છિલ કરિમેછ દાન.'

'જીવનના મોજામાંથી નીકળેલા વિષનું સ્વયં પાન કરીને મંથનમાંથી જે અમૃત નીકળ્યું તેનું દાન કરી ગયા છો.'

(સૌજન્ય : 'ગુજરાત સમાચાર' તા. ૧૩-૦-૨૦૧૬)

## ઈન્સ્ટિટ્યૂટ ઑફ જૈનોલોજીનો શોકઠરાવ

ઈન્સ્ટિટ્યૂટ ઑફ જૈનોલોજીના ચૅરમૅન, મેનેજિંગ ટ્રસ્ટી અને અન્ય ટ્રસ્ટીઓ સંસ્થાના હૂંફાળા સ્વજન અને માર્ગદર્શક ડૉ. ધનવંત શાહના અવસાન અંગે ઊંડા ખેદની લાગણી અનુભવે છે. ઈન્સ્ટિટ્યૂટ ઑફ જૈનોલોજીના મુંબઈમાં યોજાતા કાર્યક્રમોમાં શ્રી ધનવંતભાઈની હંમેશાં મહત્ત્વની ભૂમિકા રહી છે. મુંબઈમાં 'જૈન પીડિયા'નું લોન્ચિંગ કરવામાં આવ્યું ત્યારે સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંચાલન ડૉ. ધનવંતભાઈ શાહે કર્યું હતું. એ જ રીતે અમદાવાદમાં સંસ્થા દ્વારા આયોજિત હસ્તપ્રતવિદ્યાના સેમિનારમાં પણ તેઓ ઉપસ્થિત રહ્યા હતા અને પ્રેરણાદાયી વક્તવ્ય આપ્યું હતું. સંસ્થાની પ્રવૃત્તિઓને 'પ્રબુદ્ધ જીવન'માં સુપેરે સ્થાન આપતા હતા.

શ્રી ધનવંતભાઈ શાહ જાણીતા નાટ્યલેખક, 'પ્રબુદ્ધ જીવન'ના તંત્રી અને મુંબઈ જૈન યુવક સંઘના મંત્રી હતા અને એમની એ કામગીરી આજે પણ દીવાદાંડીરૂપ બની રહી છે, પરંતુ આ સંસ્થા સાથે એ અંગત આત્મીય ભાવથી સદૈવ સહયોગ આપતા રહ્યા. એમની શાંતપ્રકૃતિ, નિસ્પૃહી સ્વભાવ અને કોઈપણ આયોજનને ખૂબ ઠંડા દિમાગથી પાર પાડવાની જે કુશળતા અમને જોવા મળી, એવો ત્રિવેણીસંગમ ભાગ્યે જ અન્યત્ર જોવા મળે છે. સંસ્થાના ચૅરમૅન શ્રી નેમુ ચંદરયા, મેનેજિંગ ટ્રસ્ટીશ્રી કુમારપાળ દેસાઈ તથા ટ્રસ્ટીઓશ્રી રસિકભાઈ દોશી, શ્રીયકભાઈ શેઠ સહુ કુટુંબીજનોને દિલાસો આપે છે અને સાથોસાથ એમની સ્મૃતિમાં કાર્ય કરવાનો સંકલ્પ પ્રગટ કરે છે. પ્રભુ એમના આત્માને શાંતિ આપે અને આપ સહુને આ આઘાત સહન કરવાનું બળ આપે.

**કુમારપાળ દેસાઈ** (મેનેજિંગ ટ્રસ્ટી)

**નેમુ ચંદરયા** (ચૅરમૅન)

# ચમત્કાર આજે પણ બને છે

□ ગુણવંત શાહ

ભારત એક એવો દેશ, છે જ્યાં સાવ સામાન્ય જણાતો માણસ પણ ક્યારેક ફિલસૂફ બનીને વાત કરે છે. મિત્ર ડૉ. ધનવંત શાહ મુંબઈથી પ્રગટ થતા માસિક 'પ્રબુદ્ધ જીવન'ના તંત્રી છે અને જૈન દર્શનના સુજ્ઞ અભ્યાસી છે. એમણે ચિત્રલેખામાં મેં એક મોચીએ બતાવેલી પ્રામાણિકતા વિશે લખ્યું એ વાંચીને તારીખ ૨૭ ડિસેમ્બર, ૨૦૧૫ના મને પત્ર લખીને અન્ય એક મોચી સાથેનો સાવ સાચો અનુભવ લખી મોકલ્યો છે. એ વાંચીને મને જે હરખ થયો એ સૈ વાચકોને પહોંચાડવાની ભાવનાથી એમના જ શબ્દોમાં અહીં એ અદ્ભુત અનુભવ ટૂંકાવીને રજૂ કરવાનું યોગ્ય માનું છું. એ પત્ર બે વાર વાંચવા જેવો છે:

પરમ સ્નેહી ગુણવંતભાઈ,

'ચિત્રલેખા'માં થોડા સમય પહેલાં તમે એક મોચીનો પ્રસંગ લખ્યો હતો. એ વાંચીને મારા જીવનમાં એક મહામાનવ મોચીએ મહત્ત્વનું સ્થાન આસનસ્થ કર્યું છે એની પ્રસંગકથા અહીં શેર કરું છું:

લગભગ ૧૯૫૫-૫૭ની આ ઘટના છે, ત્યારે હું મુંબઈમાં સી.પી. ટેન્ક પર અમારા જૈન ઉદ્યોગગૃહની હૉસ્ટેલમાં રહેતો હતો. એ મારું બીએનું વર્ષ હતું. વિષયમાં ગુજરાતી સાથે બે પેપર સંસ્કૃતનાં, એમાં એક મમ્મટનો 'કાવ્યપ્રકાશ' અને 'ભગવદ્ગીતા'. મારી કૉલેજ 'ચોપાટી ભવન્સ કૉલેજ.' ગીતા અમને ભણાવે ગીતાના ઊંડા અભ્યાસી પ્રાધ્યાપક નલિન ભટ્ટ.

પ્રત્યેક સવારે હું ઉદ્યોગગૃહની હૉસ્ટેલમાંથી ચાલીને સામેની ગલીમાંથી પસાર થઈને વી.પી. રોડની ખેતવાડી ગલીને નાકે ઈ રૂટની બસ પકડીને ચોપાટી પહોંચું. એવી જ રીતે બપોરે એક વાગ્યે ખેતવાડીના નાકે ઊતરીને એ ગલીમાં પસાર થઈને પાછો હૉસ્ટેલ પહોંચું.

એક વખત એ રસ્તે ચાલતાં મારી ચંપલની પટ્ટી તૂટી ગઈ. માથે સખત તાપ. જેમ-તેમ કરીને ચંપલ ઘસડતો ઘસડતો ચાલ્યો ત્યાં ગલીની મધ્યમાં મૂતરડી પાસે એક મોચી બેઠો હતો. એની પાસે પહોંચ્યો. મોચી પોતાના કામમાં મગ્ન હતો. મેં ધીમા સ્વરે મારી ચંપલ સાંધી આપવા વિનંતી કરી. એમણે મારી સામે જોયું. મારો પહેરવેશ સંપૂર્ણ ખાદીનો અને મારી ચંપલ પણ ખાદી ભંડારની. મારી સામે એમણે આ પોશાક અને હાથમાં રાખેલાં પુસ્તકોને કારણે માનની દૃષ્ટિએ જોયું, એ મેં અનુભવ્યું. તરત જ એમણે મારા પગ પાસે એક મોટું પૂઠું મૂક્યું અને કહ્યું કે પોતે ચંપલ સાંધે ત્યાં સુધી એ પૂંઠા પર પગ મૂકું, જેથી પગ દાઝે નહીં અને ખરાબ પણ ન થાય.

એમણે કામ શરૂ કર્યું અને મેં પણ ગીતાનું ભાષાંતર વાંચવાનું શરૂ કર્યું, કારણ કે બીજે દિવસે ગીતાના વિષય પર મારી પરીક્ષા હતી. ચંપલ સીવતાં સીવતાં મોચીબાબા મારી ચોપડી પર નજર કરતા જાય ત્યારે એ શ્યામમુખી અને આછી દાઢીવાળા બાબામાં મને અચરજ દેખાય!

'ક્યા પઢ રહે હો, બેટા?' મેં એમના સવાલને અવગણ્યો, પરંતુ એની પરવા કર્યા વિના વહાલનો તંતુ આગળ વધારતાં એ બોલ્યા: 'બહોત અચ્છા લગતા હૈ, તુમ્હારે જૈસે યુવાન કે હાથોં મેં ગીતા દેખતા હૂં!' મેં કશો જ પ્રતિભાવ ન આપ્યો. ફરીથી ચંપલ સીવતાં સીવતાં મોચીબાબાએ પૂછ્યું: 'કૌનસા અધ્યાય પઢ રહે હો? સ્થિતપ્રજ્ઞ કી ભાષા માલૂમ પડતી હૈ?' મારા ભણતરનો અહંકાર મોટો હતો. આ મોચીને વળી ગીતા સાથે શું નિસબત? પણ પછી મારા ભણતરનું ભાન ઓગળી ગયું!

મેં પૂછ્યું: 'બાબા! આપને ગીતા પઢી હૈ?'

જવાબ મળ્યો: 'થોડી થોડી... લેકિન અગર જ્યાદા સમજના હો તો હમારે ટિળક મહારાજને ગીતા પર જો લિખા હૈ, વો પઢો.' હું તો આ સાંભળીને અવાક્ થઈ ગયો! મારી ચંપલ સીવાઈ ગઈ અને હું પણ સીવાઈ ગયો.

મેં બાબાને પૂછ્યું: 'મને ગીતા ભણાવશો?' એમને આશ્ચર્ય થયું.

મને કહ્યું: 'પઢાનેવાલા મૈં કોન?' છેવટે કહ્યું: 'રાત કો આઠ બજે કે બાદ આના, સાથ મેં ગીતાપાઠ કરેંગે.'

અમારો સંબંધ ગૂંથાતો ગયો. રોજ રાતે એમની પાસે ગીતા ભણવા જતો હતો. ગીતા પરના પેપરમાં મને ૮૦ ટકા માર્ક્સ મળેલા. લગભગ પાંચેક મહિના બાબાએ મને ગીતા ભણાવેલી. એમ કરતી વખતે પાસે જ આવેલી મૂતરડીની દુર્ગંધ અમને નડતી નહીં! આપના લેખના એક તણખાએ મારી કલમમાં નાનકડો દીપ પ્રગટાવ્યો...

✶ ✶ ✶

## શ્રી ધનવંત શાહ સાથેનાં

# 'કેટલાંક સંસ્મરણો'

☐ જિતેન્દ્ર બી. શાહ

જૈન સાહિત્ય સમારોહ એ શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તથા શ્રી મહાવીર જૈન વિદ્યાલયની ગૌરવવંતી પ્રવૃત્તિ છે. વર્ષોથી ચાલતી આ પ્રવૃત્તિએ અનેક જૈન વિદ્વાનોને પોતાના સંશોધનાત્મક લેખો, તુલનાત્મક અધ્યયનો અને નવા વિચારો રજૂ કરવાનો અવસર આપ્યો છે. આ સમારોહમાં મોટા ભાગે જૈન વિદ્વાનોનું અવાગમન થતું રહ્યું. જુદા જુદા સ્થાને આયોજિત થતી આ પ્રવૃત્તિમાં તીર્થયાત્રા પણ એક પ્રલોભન રહેતું હતું. તેમ છતાં સીમિત સંખ્યામાં જ વિદ્વાનો લાભ લેતા હતા. તે પરંપરાને સંપૂર્ણપણે બદલી નાખી અનેક વિદ્યારસિકોને આ પ્રવૃત્તિમાં જોડાવાની પ્રેરણા આપનાર ધનવંતભાઈ હતા. રમણભાઈના અવસાન પછી આ પ્રવૃત્તિ બંધ થઈ જશે તેવું લાગ્યા કરતું હતું. પરંતુ આ પ્રવૃત્તિને વધુ વેગવંતી બનાવવાનું શ્રેય ધનવંતભાઈને જાય છે.

ધનવંતભાઈ સાથે 'પ્રબુદ્ધ જીવન' સામયિક અંગે અવારનવાર વાતો થતી હતી. મેં તેમને એક વાર કહ્યું કે 'ધનવંતભાઈ, જૈન સાહિત્ય સમારોહની પ્રવૃત્તિ અટકી જવી ન જોઇએ.' ત્યારે, તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે હું આ પ્રવૃત્તિ કરી શકું તેવી યોગ્યતા અને શક્તિ ધરાવતો નથી. મારે તો 'પ્રબુદ્ધ જીવન' સારી રીતે ચાલુ રહે તે સહુથી વધુ અગત્યનું છે. મેં તેમને અનેક તર્કો આપ્યા. છેવટે મેં જણાવ્યું કે તમને મારો સંપૂર્ણ સહયોગ રહેશે. તમે બધું કામ મને સોંપી દો, માત્ર તમારું નામ જોઇએ. આટલો આગ્રહ કર્યો ત્યારે તેઓ આ પ્રવૃત્તિ ચાલુ રાખવા સંમત થયા. મને સંતોષ થયો.

જૈન સાહિત્ય સમારોહ જ એક માત્ર એવી પ્રવૃત્તિ છે જે દ્વારા વિદ્વાનો સાહિત્યિક પ્રવૃત્તિ સાથે જોડાયેલા રહી શકે છે. આજના યુગમાં થઈ રહેલા સંશોધનાત્મક કામોની જાણકારી મેળવી શકે અને ભાવિ કાર્યક્રમોનું આયોજન થઈ શકે. વિદ્વાનો અરસપરસ મળતા રહે એ જ આ પ્રવૃત્તિનો મુખ્ય ઉદ્દેશ છે. આ ઉદ્દેશને સફળ બનાવવા માટે નિવડેલા લેખકો કે સંશોધકોને આમંત્રિત કરી સમારોહની પ્રવૃત્તિ ચાલુ રાખવાને બદલે તેમાં નવા યુવાન જોડાય તે માટે યુવાન વિદ્વાનોને ધનવંતભાઇએ પ્રોત્સાહિત કર્યા. લેખ લખવા પ્રોત્સાહન આપ્યું અને તૈયાર લેખો રજૂ કરવા માટે તક આપી. તેના કારણે જૈન સાહિત્ય સમારોહની પ્રવૃત્તિ વિસ્તરવા લાગી. સંખ્યા બાબતે પણ મારે ધનવંતભાઈ સાથે અનેકવાર ચર્ચા થતી હતી. ત્યારે તેઓ હંમેશાં કહેતા હતા કે આપણે યુવાનોને તેમ જ લખવા માટે ઉત્સાહિત લેખકોને પ્રોત્સાહન આપવું જોઈએ. તેઓ સ્વાધ્યાય કરતા થાય અને લખતા થાય તો નવા નવા કામ થઈ શકે. અને પછી કહેતા કે છેલ્લા વર્ષોમાં જૈન સાહિત્યની પ્રવૃત્તિ અનેક સ્વરૂપે વિસ્તરી છે તેમાં જૈન સાહિત્ય સમારોહનું ખૂબ જ મોટું યોગદાન છે. તેમની ભાવના હતી કે વધુમાં વધુ લેખકો જોડાય અને વધુ લોકો રસ લેતા થાય. આવી વિચારધારાને લીધે ક્યારેક તેમની આલોચના પણ થતી હતી, છતાં ખૂબ જ સમતાભાવથી તેઓ આલોચના સાંભળી લેતા અને પોતાનું કાર્ય ચાલુ રાખતા હતા.

જૈન સાહિત્ય સમારોહના વિષય નક્કી કરવા અને તેની જાણકારી વિદ્વાનોને પહોંચાડવાની પ્રક્રિયા ખૂબ જ મોડેથી થતી હતી, તેથી લેખોનું સ્તર ખૂબ નીચું જતું હતું. તેને બદલે સમારોહની સમાપ્તિ પૂર્વે જ જો આગલા સમારોહનો વિષય નક્કી થઈ જાય તો લેખકોને ગ્રંથો વાંચવાનો અને ચિંતન કરવાનો પૂરતો સમય મળી રહે તેવી વિચારણા થઈ. આ વિચારને તેમણે તરત જ અમલમાં મૂક્યો અને વિષય-નિષ્ણાતોનું ચયન કર્યું. લેખકોને વિષયો ફાળવવાની જવાબદારી વિષય-નિણાતોને સોંપી જેથી વિષયો બેવડાવાની પ્રવૃત્તિ સંપૂર્ણપણે અટકી ગઈ. આવા અનેકવિધ પરિવર્તનો લાવી તેમણે જૈન સાહિત્ય સમારોહની પ્રવૃત્તિને ચેતનવંતી બનાવી હતી.

આ વર્ષે યોજાયેલ સમારોહમાં આવવા માટે મને પહેલેથી જ બાંધી લીધો હતો. મને સમારોહમાં રજૂ થયેલા બધા જ લેખોની સમીક્ષા કરવા જણાવ્યું હતું. મેં આ કાર્યનો સવિનય અસ્વીકાર કર્યો અને જણાવ્યું કે કેટલીક વાર મારી આલોચનાને કારણે યુવાન વિદ્વાનોને દુઃખ લાગવાની સંભાવના રહેલી હોય છે. તેથી મને આ કામ ન સોંપો. તેઓ પણ આ બાબતથી સુપેરે પરિચિત હતા, તેમ છતાં તેમની ભાવના હતી કે મારે જ સમીક્ષા કરવી. તેઓ હંમેશાં કહેતા કે નિષ્પક્ષ અને વિસ્તૃત માહિતી સાથેની સમાલોચના આવશ્યક છે. આવી આલોચનાથી તેઓ ક્યારેય ગભરાયા નથી. જો કે તેમની આ ઈચ્છાને સોનગઢમાં આયોજિત સમારોહમાં હું પૂર્ણ કરી શક્યો ન હતો તેનું મને દુઃખ છે.

એ સમારોહમાં તીર્થો વિશેની એક બેઠકમાં ૪૫થી વધુ લેખો વંચાવાના હતા, મારે એક દિવસમાં બધા જ લેખકોને સંતોષ આપવાનો હતો. હું અત્યંત મૂંઝવણ અનુભવતો હતો. દરેક લેખકને પોતાનો લેખ રજૂ કરવા માટે યોગ્ય સમય મળે તેવી

અપેક્ષા હોય છે. અમારી પણ ભાવના હોય જ કે વિચારો રજૂ કરવા પૂરતો સમય મળવો જોઈએ. પૂ. આચાર્યદેવ શ્રી શીલચંદ્ર મહારાજ સાહેબની નિશ્રા મળી હતી. મેં એક નવો જ પ્રયોગ કરવા વિચાર્યું. તે માટે ધનવંતભાઈએ સંપૂર્ણ સહયોગ કર્યો. અધ્યક્ષીય ભાષણ બધી જ બેઠકોના અંતે આપવાને બદલે શરૂઆતમાં આપવાનું વિચાર્યું અને તેમાં તીર્થ અંગેની તમામ માહિતીઓ આપી અને અંતે જણાવ્યું કે હવે તીર્થની વ્યાખ્યા, પ્રકારો અને ભેદપ્રભેદ વગેરે વિશે બોલવાની જરૂર રહેતી નથી; એટલે દરેક લેખકે પોતાના લેખની વિશિષ્ટ બાબતો માત્ર રજૂ કરવી અને પ્રત્યેક લેખકને પાંચ મિનિટથી વધુ સમય આપી શકાશે નહીં એવી ઘોષણા કરી. આ નિર્ણય મેં ધનવંતભાઈને વિશ્વાસમાં લીધા વગર જ કર્યો હતો. પણ તેમણે મારા નિર્ણયને કોઈપણ જાતના વિરોધ વગર સ્વીકાર્યો અને ધીરે રહીને કહ્યું કે આપણે પાંચને બદલે આઠ મિનિટ આપવી જોઈએ. મેં પણ તરત જ તેમની વાત સ્વીકારી. તેમનામાં ખૂબ જ ઉદારતા અને ઊંડી ગંભીરતા હતી. ગમે તેવી આલોચનાને ખૂબ જ ધીરજથી સાંભળતા અને આવશ્યક કે ઉપયોગી સૂચનો સ્વીકારી લેતા. અનેક પ્રસંગોએ મેં તેમના કામો અંગે તેમની સામે જ આલોચના કરી છે છતાં તેમણે ક્યારેય મનમાં ડંખ રાખ્યો ન હતો. હસતા હસતા કહેતા કે મારી આલોચના કરશો તો હું સાંભળીશ.

તેમનામાં એવી અદ્ભુત ઉદારતા હતી એટલે જ જૈન સાહિત્ય સમારોહની પ્રવૃત્તિ અત્યંત વિસ્તાર પામી. ધીરે ધીરે આ પ્રવૃત્તિએ ઓરિએન્ટલ સંસ્કૃત કોન્ફરન્સ અને વર્લ્ડ સંસ્કૃત કોન્ફરન્સ જેવું સ્વરૂપ ધારણ કરવાની દિશામાં ડગ ભરવાનું શરૂ કરી દીધું હતું. હવે એ દિશામાં આ પ્રવૃત્તિ આગળ વધશે કે કેમ ? એવી શંકા પુનઃ ઊઠવા લાગી છે. ધનવંતભાઈએ આવા સાહિત્ય સમારોહ માટે આપેલો ભોગ હંમેશાં હંમેશાં સ્મૃતિપટ પર અંકિત રહેશે અને સાહિત્ય જગત તેમની સેવાને હંમેશાં યાદ કરતું રહેશે.

ગયા મહિને ઉપાધ્યાય ભુવનચંદ્રજી મહારાજનો સંદેશો આવ્યો કે ૫૦મા દીક્ષા સમારોહ પ્રસંગે આવવાનું છે. મેં તેમને જણાવ્યું કે ધનવંતભાઈ આદિ આવવાના છે અને મારે દિલ્હી જવાનું છે એટલે હું આવી શકીશ નહીં ત્યારે તેમણે કહ્યું કે ધનવંતભાઈ બીમાર છે. આ સાંભળી મનમાં ધ્રાસકો પડ્યો હતો. મેં તરત જ ધનવંતભાઈનો સંપર્ક કર્યો. તેમણે કહ્યું હું હમણાં જ હૉસ્પિટલમાં જઈ આવ્યો અને તબિયત નાદુરસ્ત હોવાને કારણે ભૂજ જઈ શકીશ નહીં. તે વખતે મેં જણાવ્યું કે આવી હાલતમાં સોનગઢ સમારોહમાં તમે વધુ પરિશ્રમ ન લેતા. આ બાબતે તેઓ સભાન હતા. તેમ છતાં મેં બીજા દિવસે પત્ર લખ્યો અને તકેદારી રાખવા જણાવ્યું. ત્યારબાદ પણ તેમની સાથે અવારનવાર વિચારવિમર્શ થતો રહ્યો હતો.

ધનવંતભાઈની સોનગઢની મુલાકાત દરમ્યાન પણ તબિયતની ચર્ચા થઈ હતી. આરામ કરવાની સલાહ આપી. સોનગઢની મુલાકાત છેલ્લી મુલાકાત હશે તેવી કલ્પના પણ ન હતી. તેઓને મુંબઈ પાછા ફર્યા પછી તરત જ હૉસ્પિટલમાં જવું પડ્યું અને થોડા દિવસની બિમારીને અંતે દુઃખદ અવસાન થયું.

ધનવંતભાઇએ 'પ્રબુદ્ધ જીવન'નું તંત્રીપદ સફળતાપૂર્વક નિભાવ્યું. પર્યુષણ વ્યાખ્યાનમાળાનું આયોજન કરી જૈન શાસનને વિભિન્ન ધર્મોના ચિંતકો, લેખકોના વિચારોથી પરિચિત કરાવ્યા. જૈન સાહિત્ય સમારોહની પ્રવૃત્તિ દ્વારા અનેક વિદ્વાનોને પ્રોત્સાહિત કર્યા એ ઉપરાંત શોધનિબંધો છપાવવા અને વ્યાખ્યાનમાળા આદિના આયોજનો કરી એક ખૂબ જ મોટી ક્રાંતિકારી જ્યોત પ્રગટાવી હતી તે પ્રવૃત્તિઓ હવે ચાલુ રહે તે જ તેમની સાચી અંજલિ ગણાશે. ✷✷✷

એલ.ડી. ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઈન્ડોલોજી, ગુજરાત યુનિવર્સિટી બસ સ્ટેન્ડ પાસે, અમદાવાદ-૩૮૦ ૦૦૯.
મો. ૦૯૮૨૫૮૦૦૧૨૬

## શોક સંદેશ

ગુજરાતના લબ્ધપ્રતિષ્ઠિત સાહિત્યકાર, શ્રી મુંબઈ જૈન યુવક સંઘના મંત્રી અને મુલ્યનિષ્ઠ માસિક 'પ્રબુદ્ધ જીવન'ના તંત્રી ડૉ. ધનવંતભાઈ શાહના અવસાનથી 'શ્રી મુંબઈ જૈન યુવક સંઘ' અને 'પ્રબુદ્ધ જીવન'ને જ નહિ પણ સમગ્ર ગુજરાતી સાહિત્ય જગતને ન પૂરી શકાય તેવી ખોટ પડી છે. ગુજરાતી સાહિત્ય ક્ષેત્રે તેમનું નાટક 'કલાપી' નોંધપાત્ર પ્રદાન છે. એ નાટકનું મંચન દિગ્દર્શક શીલા બુટાલાએ કર્યું હતું. જેણે એ સમયે સાહિત્યકારો અને વિવેચકોને આકર્ષ્યા હતા. શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, પર્યુષણ વ્યાખ્યાનમાળામાં ગુજરાતના જાણીતા વિદ્વાન વક્તાઓને એકત્રિત કરી સર્વધર્મ સમભાવનું વાતાવરણ સર્જવામાં તેમનો ફાળો નાનો-સૂનો નથી. 'પ્રબુદ્ધ જીવન'ના તંત્રી તરીકે અધ્યાત્મિક મૂલ્યોના પ્રચાર પ્રસારમાં પણ તેમની ભૂમિકા અગ્ર હતી.

તેમના અવસાને સાહિત્યિક અને રચનાત્મક અભિગમને સમાજમાં પોષનાર અને પ્રસરાવનાર એક ઉમદા સાહિત્યકાર અને સેવક ગુમાવ્યો છે. ઈશ્વર તેમના આત્માને પરમ શાંતિ અર્પે એજ પ્રાર્થના.

☐ ડૉ. રાજેન્દ્ર ખીમાણી
કુલસચિવ, ગુજરાત વિદ્યાપીઠ

# એક પુણ્યત્માની વિદાય

☐ ડૉ. નરેશ વેદ

તા. ૨૮મી ફેબ્રુઆરી, ૨૦૧૬નો દિવસ મારા માટે ભારે આઘાતનજક. એ દિવસે, એક જ સમયે મારા બે અત્યંત અંગત અને ઘનિષ્ઠ મિત્રોએ આ દુનિયામાંથી વિદાય લીધી. એ બે મિત્રો એટલે મુરબ્બી શ્રી ધનવંતભાઈ અને મુરબ્બીશ્રી પ્રવીણાબેન. બંને મારાથી ઉંમરમાં મોટાં, પણ બંનેનો અખૂટ પ્રેમ મને મળ્યો. બંનેએ મને મમતા અને વત્સલતાથી નવડાવ્યો છે. હજુ ગયા ડિસેમ્બર માસમાં મારા મુરબ્બી મિત્ર પ્રોફેસર જશવંત શેખડીવાળા અને જાન્યુઆરી માસમાં મારા વડીલ આદરણીય પ્રોફેસર ડૉ. પ્રભાશંકર તેરૈયા ગયા અને ફેબ્રુઆરી માસમાં આ બે મિત્રો ગયાં. મારા અસ્તિત્વની ઈમારતના કાંગરા ખરતા જાય છે, મારા જીવનમાં ગાબડાં પડતાં જાય છે. આવા ઉમદા (Noble) અને દિલોજાન (Bossom) મિત્રો અને મુરબ્બીઓ ચાલ્યા જતાં મારું અસ્તિત્વ પાંગળું થતું અનુભવાય છે. ન કળાય અને ન જિરવાય એવી વેદનાનો અનુભવ થાય છે. જવાવાળા જતાં રહે છે પણ પાછળ એવી યાદો મૂકતાં જાય છે કે એ સમગ્ર અસ્તિત્વનો કબજો લઈ લે છે.

લાગે છે કે કર્મની જેમ કાળની ગતિ પણ ગહન છે. ક્યારે કોણ ઈશ્વરનું પ્યારું થઈ જશે, એ વિશે કાંઈ કહી શકાતું નથી. ઈશ્વરના ઘર પાસે આપણું કાંઈ ચાલતું નથી. એ રાખે એમ રહેવું રહ્યું, એમ વિચારીને મનહૃદયને સમજાવવા પડે છે.

ગયા જાન્યુઆરી માસમાં એક દિવસ અચાનક શ્રી ધનવંતભાઈનો ફોન આવ્યો: 'તા. ૪ થી ૭ ફેબ્રુઆરી દરમ્યાન સોનગઢ ખાતે યોજાનાર ૨૩મા જૈન સાહિત્ય સમારોહમાં તમારે અચૂક હાજર રહેવાનું છે અને પ્રમુખસ્થાન સંભાળવાનું છે.' મેં બહુ નમ્રતા સાથે ઉત્તર વાળ્યો કે 'હું જન્મે કે ધર્મે જૈન નથી. મારો જૈન ધર્મદર્શન કે સાહિત્યનો ગહન અભ્યાસ નથી. આપ મને ક્ષમા કરો. હું આપનો પ્રસ્તાવ સ્વીકારી શકું નહીં.' એમણે તરત કહ્યું: 'મારે ના નથી સાંભળવી. મિત્ર! આટલો મારો તમારા પર હકક છે. હું તમને આ જવાબદારી સોંપવા જ માગું છું.' મેં મારી નાદુરસ્ત તબિયત વિશે તથા કશેય બહાર જવા આવવા પર ડૉક્ટર્સે મૂકેલા પ્રતિબંધ, શારીરિક અશક્તિ વગેરે દલીલો આગળ ધરી, પણ એમણે પોતાની વાત પકડી રાખી, છોડી જ નહીં. એ દિવસો દરમ્યાન તેઓ અવાર નવાર ફોન કરી મારી તબિયત વિશે પૃચ્છા કરતા રહ્યા અને સમારોહમાં હાજર થવા અનુરોધ કરતા રહ્યા. હું મારી નાદુરસ્ત તબિયત અને શારીરિક અશક્તિને કારણે એ સમારોહમાં ઉપસ્થિત રહી શક્યો નહીં. મુંબઈથી સોનગઢ પહોંચતાં જ ખુદ એમની તબિયત પણ બગડી, એમને ભાવનગરની હૉસ્પિટલમાં સારવાર લેવી પડી. નાદુરસ્ત તબિયત છતાં એ સમારોહમાં સાદ્યંત હાજર રહી સઘળી જવાબદારી તેઓ વહેતા રહ્યા. ભાવનગરથી અમદાવાદ એરપોર્ટ જતાં રસ્તામાંથી મને એમણે ફોન કરી કહ્યું: 'તમે આવી શક્યા નહીં, વાંધો નહીં, પણ તમારું પ્રમુખીય વ્યાખ્યાન તમે તુરત મોકલી આપો. આપણે 'પ્રબુદ્ધ જીવન'ના માર્ચ માસના અંકમાં એ લેખ સ્વરૂપે છાપવું છે.' મેં હા પાડી. અમારી વચ્ચેનો એ છેલ્લો વાર્તાલાપ હશે એની મને ક્યાં કલ્પના હતી? મુંબઈ પહોંચ્યા, એ જ રાત્રે એમને હૉસ્પિટલમાં દાખલ કરવા પડ્યા. હું ફોન વડે મુરબ્બી સ્મિતાબહેન સાથે વાત કરી એમની તબિયતના સમાચાર મેળવતો રહ્યો, પણ એમની સાથે પછી મારે વાત થઈ જ નહીં! સમારોહમાં હું ન જઈ શક્યો એનો રંજ હતો, પણ હવે પારાવાર પસ્તાવો થાય છે કે જો હું હિંમત કરીને ગયો હોત તો એમને મળી તો શક્યો હોત! ખેર! હવે કેવળ અફસોસ થાય છે.

એ આમ ચાલ્યા જશે એવી તો કલ્પના પણ ક્યાંથી આવે? સાજા થઈને પાછા ઘરે પણ આવી ગયા હતા. ઉંમરલાયક વરિષ્ઠ મિત્રોને પોતાની તબિયત જોવા છેક પવાઈ સુધી ધક્કો ન ખાવા માટે ફોન ઉપર વિનંતી કરતાં કરતાં અચાનક ચાલ્યા ગયા. શું આવા ભલા અને ઉમદા માણસોની પ્રભુના ઘરે પણ ખોટ હશે? शहाणु माणुस लाभत नाहीं એવી મરાઠી કહેવત યાદ આવી જાય છે.

મને એમનો પરિચય કરાવ્યો હતો સદ્‌ગત રમણભાઈ શાહ સાહેબે. એમને મારા ઉપર અઢળક સ્નેહ. એમણે મને પ્રથમ મુંબઈ યુનિવર્સિટીમાં વ્યાખ્યાનો માટે નિમંત્ર્યો હતો. પછી ઝવેરી વ્યાખ્યાનમાળા માટે અને પછી પર્યુષણ વ્યાખ્યાનમાળા માટે તેઓ મને બોલાવતા રહ્યા હતા. એ પરંપરા મુરબ્બી શ્રી ધનવંતભાઈએ પણ ચાલુ રાખી, ઉપરાંત, એમણે મને 'પ્રબુદ્ધ જીવન'માં નિયમિત લેખન કરવા માટે પણ પ્રોત્સાહિત કરી ઉદ્યુક્ત કર્યો.

મૂળે તો તેઓ ગુજરાતી ભાષાસાહિત્યના અધ્યાપક. એટલે અમારી મૈત્રી તુરત થઈ. જોતજોતામાં એ આત્મીય અને કૌટુંબિક સંબંધમાં પરિણમી. હું પર્યુષણ વ્યાખ્યાન માટે આવું ત્યારે વરલી સીફેઇસ પરના એમના ફ્લેટમાં જ ઊતરું. અમારી વચ્ચે સાહિત્યિક, સામાજિક, કૌટુંબિક, ધાર્મિક અને આધ્યાત્મિક વાતો ચાલ્યા કરે. મારાં પુત્ર અને પુત્રીના લગ્નોમાં તેઓએ સપરિવાર ઉપસ્થિત

રહી, વડીલ તરીકેની હૂંફ પૂરી પાડેલી. એમ એમના સંતાનોના વેવિશાળ અને લગ્ન પ્રસંગોમાં મારા પરિવારના સૌને નિમંત્રીને એમણે અમને ખૂબ માન-સન્માન આપેલાં અને અમારી ખૂબ સુંદર ખાતરબરદાસ્ત કરેલી. મેં ૧૯૧૦ની સાલમાં મારા નવા મકાનનું વાસ્તુ કર્યું ત્યાર પછી તેઓ સપરિવાર મારા ઘરે વલ્લભ વિદ્યાનગર પણ આવેલા. તેઓ પાક્કા વ્યવહારુ હતા. સામાજિક વ્યવહાર કરવાનું એક વાર પણ ચૂકે નહિ. એમના પરિવારના સૌ સભ્યો સાથે ગાળેલી અને માણેલી ક્ષણો અમારા જીવનની મોંઘી મિરાંત સમાન છે.

વરલી છોડી પવઈ રહેવા ગયા પછી પ્રેમપુરી આશ્રમના મારા વ્યાખ્યાનોમાં, અગાઉની માફક, એ દર વખતે ઉપસ્થિત રહી શકતા ન હતા. પરંતુ મુંબઈની મારી મુલાકાતો દરમ્યાન ક્યાંક અને ક્યાંક મળવાનું અને સાથે જમવાનું તો અમારે બન્યા કરતું. કોઈ વાર મુરબ્બીશ્રી ગુલાબભાઈને ત્યાં તો કોઈવાર મુરબ્બીશ્રી નટવરભાઈ દેસાઈ દ્વારા યોજાયેલ ઓરિયેન્ટ કલબના મિત્રમેળાવડામાં. તેઓ જ્યારે મળે ત્યારે મુક્ત મનથી અને પૂરા ભાવભર્યા હૃદય સાથે મળે. 'પ્રબુદ્ધ જીવન'ના નવા નવા વિષયો પરના વિશેષાંકો, એના અતિથિ સંપાદકો અને યોગદાન આપે એવા લેખકો વિશે ખુલ્લા દિલે ચર્ચા-વિચારણા કરે. સલાહ લે. અભિપ્રાયો માગે. સૌને ધ્યાનથી સાંભળે.

ગુણગ્રાહી બહુ હતા. શ્રી મહાવીર જૈન ચારિત્ર કલ્યાણ રત્નાશ્રમ, સોનગઢમાં એમનું શિક્ષણ થયેલું. ત્યાં કલ્યાણસૂરિ મહારાજ અને કાગબાપુની નિશ્રામાં એમનો ઉછેર થયેલો. માતા-પિતા અને કટુંબના સંસ્કારો તો ખરા જ. ઉપરાંત, આ સંસ્થાના વાતાવરણની અને આ મહાનુભાવોના જીવનની એમના જીવન ઉપર અમીટ છાપ પડી હતી. એટલે સાદાઈ, સંયમ, નીતિ અને સદાચારોના સંસ્કારોથી તેઓ ઘડાયેલા. એ સંસ્થા માટે એમના મનમાં ઊંડો ભાવ. એ સંસ્થાના નિવૃત્ત આચાર્યશ્રી ભોથાભાઈ અને અગાઉ ઉલ્લેખ કર્યો એ બેઉ મહાત્માઓ માટે એમના હૃદયમાં ભારોભાર આદર. હું ભાવનગર હતો એ દરમ્યાન તેઓ મને અને મારા પત્નીને એ સંસ્થાના દર્શન કરાવવા અને એ આચાર્યશ્રીની ઓળખ કરાવવા, એ સંસ્થામાં અને આચાર્યના સોનગઢના નિવાસ્થાને અમને લઈ ગયેલા. એમની ગુણગ્રાહીતાનો અમને ત્યારે સુપેરે પરિચય થયેલો. કોઈ વ્યક્તિ કે સંસ્થા કોઈના જીવનમાં શો ચમત્કાર કરી શકે તે અમે એમના કિસ્સામાં જોયું. પેલી બે વ્યક્તિઓ અને એ સંસ્થાના પ્રભાવને પરિણામે એમનો એક ઉમદા માનવ તરીકે વિકાસ થયેલો. ધનવંતભાઈનું જીવન કેવું ? એવો કોઈ પ્રશ્ન એમના કોઈ પરિચિતને જો કોઈ કરે તો ઉત્તર મળે: સાદું-સરળ જીવવું, ઉચ્ચ વિચાર, નિસ્વાર્થ કર્મ અને વ્યવહારિક ધર્મ – એટલે એમનું જીવન.

અધ્યાપન છોડી પૈતૃક વ્યવસાયની જવાબદારી ઉઠાવવાની આવી, તો એ જવાબદારી પણ તેઓએ પૂરી નિષ્ઠા અને નિસબતપૂર્વક નિભાવી. અમુક વર્ષો પહેલાં એમની ફેક્ટરીમાં લાગેલી આગ જેવી દુર્ઘટના અને વીમા કંપનીની આડોડાઈથી ઘણા મુશ્કેલ અને કસોટીકારક સંજોગો ઊભા થયેલ. પરંતુ એવી આપત્તિ સમયે પણ તેઓ વિચલિત થયા ન હતા. એ આઘાત પણ એમણે હિંમત અને ધીરજથી જિરવી જાણ્યો હતો. આપણામાં કેટલું દૈવત છે એ રોજબરોજની સામાન્ય જિંદગીમાં આપણને કે અન્યને ખ્યાલ આવતો નથી, પણ આવી કસોટી અને કટોકટીની પળે આપણે કેટલામાં છીએ, આપણામાં કેટલું હીર છે, આપણી જીવનધાતુ કેવી છે એનો ખ્યાલ આવે છે. એવો એમના વિશેનો ખ્યાલ એમને અને અમને એ પ્રસંગે આવેલો. એમની ખાનદાની અને ખમીરાત, એમની ખુમારી અને ખુદ્દારી અવિચળ રહી હતી.

તેઓ શ્રી મણિભવન ટ્રસ્ટ, શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, શ્રી મહાવીર જૈન વિદ્યાલય અને અન્ય કેટલીક સંસ્થાઓ સાથે સભ્ય, મંત્રી કે ટ્રસ્ટીરૂપે સંકળાયેલા હતા. એટલે એમનું મિત્રવર્તુળ ઘણું મોટું હતું. એમાં એમના સાલસ અને મળતાવડા સ્વભાવનો પણ મોટો ફાળો હતો. માણસની ખરી ઓળખ એના મિત્રો કોણ છે એ ઉપરથી પણ નિકળે, એવી એક માન્યતા છે. એ મુજબ જોઈએ તો એમના નિકટના મિત્રોમાં શ્રી ચંદ્રકાંત શાહ, શ્રી નીતિનભાઈ સોનાવાલા, શ્રી ગુલાબભાઈ શાહ, શ્રી બિપિનભાઈ જૈન, શ્રી રશ્મિકાંત ઝવેરી, શ્રી ગુણવંત બરવાળિયા, શ્રીમતી નિરુબેન શાહ, શ્રીમતી પુષ્પાબહેન પરીખ, શ્રી નટવરભાઈ દેસાઈ, શ્રી કુંદનભાઈ વ્યાસ. આ તો મેં થોડાંક નામોનો ઉલ્લેખ કર્યો. પણ આવા કેટલા બધા મહાનુભાવો સાથે એમને મૈત્રી હતી. અમે સૌએ એમના જવાથી એક અંતરંગ મિત્ર અને ઉમદા સાથી ગુમાવ્યો છે. અમને કેવી ખોટ પડી છે એ વાતની સાહેદી તો આ અંકોના લેખો પૂરી પાડશે.

ગુજરાતી ભાષાસાહિત્યના તેઓ અધ્યાપક હતા એટલે કવિ ન્હાનાલાલ અને કવિ કલાપી એમના પ્રિય કવિઓ હતા. કવિ જયદેવ અને કવિ દુલાભાયા કાગ માટે પણ એમને ઘણી મમતા. એટલે તો એમણે 'વસંત વૈતાલિક ન્હાનાલાલ', 'રાજવી કવિ કલાપી', 'ભક્તકવિ જયદેવ' જેવા ચરિત્રાત્મક નાટકો લખ્યાં. એ અમદાવાદ અને મુંબઈમાં ખૂબ ભજવાયાં. સન ૧૯૭૫માં 'કલાપી દર્શન' નામનો સંપાદન ગ્રંથ પ્રગટ કરેલો અને સન ૧૯૭૭માં 'કવિ ન્હાનાલાલની કવિતામાં માનવજીવનદર્શન' જેવો પ્રબંધ પ્રગટ કરેલો. જો કે એમની લેખન પ્રવૃત્તિ તો ઘણી વહેલી આરંભાયેલી. સન ૧૯૫૮માં એમણે 'ગુજરાતના

સામાજિક જીવનમાં નાટકોનો ફાળો' એ વિષય પર નિબંધ લખેલો. 'પ્રબુદ્ધ જીવન'ના તંત્રી તરીકે પ્રત્યેક અંકમાં કોઈ એકાદ સત્ત્વશીલ મુદ્દા ઉપર તેઓ તંત્રીલેખ લખતા હતા. એના પરિપાકરૂપે એમના બે લેખસંગ્રહો પણ ઉપલબ્ધ થયા છે; (૧) 'વિચાર મંથન' અને (૨) 'વિચાર નવનીત'. એમની આ લેખન પ્રવૃત્તિ જેમ લોકપ્રિય થઈ હતી, તેમ પુરસ્કૃત પણ થઈ હતી. એમને મહાવીર પ્રસાદ શરાફ પારિતોષિક, પ્રબોધ જોશી નાટ્ય પુરસ્કાર, કવિ કલાપી ગૌરવ પુરસ્કાર જેવાં કેટલાંક માન-અકરામ-ઈનામો પણ મળેલાં હતાં.

સાહિત્યકાર ઉપરાંત તેઓ કુશળ સંચાલક અને તંત્રી પણ હતા. મુરબ્બીશ્રી રમણભાઈ શાહના નિધન પછી શ્રી મુંબઈ જૈન યુવક સંઘ અને 'પ્રબુદ્ધ જીવન' સામયિકના સંચાલનની બે મોટી જવાબદારીઓ એમના ઉપર આવી હતી. સંઘના મંત્રી તરીકે એમણે પ્રેમળ જ્યોતિ, કિશોર ટિંબડીયા કેળવણી ફંડ, અનાજ રાહત ફંડ, વ્યાખ્યાનમાળાઓ, પ્રકાશનો, પર્યુષણ પર્વાધિરાજની ઉજવણી વગેરે જેવી અગાઉથી ચાલતી પ્રવૃત્તિઓ ઉત્તમ રીતે ચલાવી અને એમને વિકસાવી-વિસ્તારી પણ ખરી. 'પ્રબુદ્ધ જીવન'નું તંત્રીપદ સંભાળી એમાં નવા વિભાગો અને વિષયો દાખલ કરીને અનેક નવી કલમો ઉમેરી. પ્રત્યેક અંકના મુખપૃષ્ઠ ઉપર દેવી સરસ્વતીની સુંદર તસવીર, વિચારોત્તેજક તંત્રીલેખ, જૈન ઉપરાંત અન્ય ધર્મો, પંથો અને મતોના શાસ્ત્રો અને ગ્રંથો વિશેના લેખો, બાળકો માટે ચિત્રવાર્તા દ્વારા ધર્મસંસ્કાર સિંચન, ગુજરાતી ભાષા સમજી ન શકતા લોકો માટે અંગ્રેજી ભાષામાં લખાયેલા કે અનૂદિત કરાયેલા લેખો, પ્રેરક પ્રસંગો –વગેરે અનેક નવી બાબતો ઉમેરી 'પ્રબુદ્ધ જીવન'ને એક ઘરેડ અને ઢાંચામાંથી બહાર આણી, એક નવું ક્લેવર અને નવી તાજગી આપ્યાં. એ કારણે 'પ્રબુદ્ધ જીવન'નો અસાધારણ ફેલાવો થયો. દેશના ખૂણે ખૂણેથી એના લોકો ગ્રાહકો થવા લાગ્યા. એનું વાંચન વધ્યું. કોઈ પણ ગુજરાતી સામયિકને જેબ આપે એટલી મોટી એની ગ્રાહક સંખ્યા થઈ ગઈ. જ્યાં કોઈ પ્રતિભાબીજ દેખાય ત્યાં એમની આંગળી પકડી, એમને લિફ્ટ આપવાની સૂઝબૂઝ એમનામાં હતી. પર્યુષણ વ્યાખ્યાનમાળામાં એમણે જૈન ઉપરાંત હિંદુ, ખ્રિસ્તી, ઈસ્લામ, જરથોસ્ત્રી ધર્મોના અને વૈષ્ણવ સંપ્રદાયના વક્તાઓને નિમંત્રી જૈન સમાજ સાચા અર્થમાં અનેકાંતવાદી અને સહિષ્ણુ છે એનો પરિચય કરાવ્યો. પર્યુષણ પર્વ નિમિત્તે એકઠી થયેલી દાનની રકમ કોઈ યોગ્ય સંસ્થાને યોગ્ય વ્યક્તિ વડે અર્પણ થાય એ માટે પૂરી ચીવટ અને કાળજી રાખી. એ સખાવત પણ સંઘના કોઈ ટ્રસ્ટીઓ, પદાધિકારીઓ કે સભ્યોના હસ્તે કરાવવાને બદલે મારા–તમારા જેવા પૃથગ્જનના હસ્તે કરાવી નિસ્પૃહતાનો અને નિરાભિમાનિતાનો એમણે અહેસાસ કરાવ્યો. તેઓ સાચા અર્થમાં કર્માત્મા અને પુણ્યાત્મા હતા.

આ લખું છું ત્યારે એમના પારિવારિક અને દામ્પત્યજીવનના અનેક સ્મરણો પણ સ્મરણપટે ઉભરાય છે, પણ લંબાણ ભયે એનો ઉલ્લેખ માત્ર કરીને અટકું છું.

એમના જવાથી અનેક સંસ્થાઓ, ક્ષેત્રો, અને પ્રવૃત્તિઓને મોટો ફટકો પડ્યો છે. આપણું સાંસ્કારિક જીવન ઊણું અને રંક થયું છે. એમની ખોટ વ્યક્તિગતરૂપે અને સંસ્થાગત રૂપે સૌને સાલવાની છે.

એમના પુણ્યાત્માને પ્રભુ શાશ્વત શાંતિ આપે, એમના નિધનનો આઘાત જીરવવાની એમના કુટુંબીઓને અને આપણને પ્રભુ શક્તિ આપે અને એમણે ચીંધેલા માર્ગે ચાલવાની પ્રભુ આપણને સૌને શક્તિ આપે એવી મારી, આપણા સૌ વતી, પ્રાર્થના છે.

ૐ શાંતિ શાંતિ શાંતિ

✶ ✶ ✶

'કદંબ' બંગલો,
સૌરાષ્ટ્ર કોલોની પાસે,
મોટા બજાર,
વલ્લભ વિદ્યાનગર (૩૮૮૧૨૦)
ફોન નં. : 02692-233750.
સેલ નં. : 09727333000

## ધનવંતભાઈ, તમને કેટલા સંભારુ ?

છેલ્લાં બે દાયકાથી ડૉ. ધનવંતભાઈ શાહનું વારંવાર સ્મરણ થતું રહ્યું છે. પરિચય થયો ત્યારથી 'પ્રબુદ્ધ જીવન' સતત દર મહિને મળતું રહે.

તમે ધનવંતભાઈ, મારા કેટલાયે લેખો છાપ્યા. કેટલાક તો આગ્રહ કરીને લખાવ્યા. 'પ્રાચીન વલભી રાજ્ય, વલભી વિદ્યાપીઠ અને જૈનધર્મ', 'સાચા અર્થમાં શાસનસમ્રાટ', 'રામકૃષ્ણ પરમહંસનું દક્ષિણેશ્વરમાં આગમન' વગેરે સંખ્યાબંધ લેખો 'પ્રબુદ્ધ જીવન'માં તમે પ્રગટ કરતા રહ્યા હતા.

તેમ તમે કલાપી વિશેનું યાદગાર નાટક 'રાજવી કવિ કલાપી' લખ્યું અને તેમાં પણ કલાપીના જીવન વિશેનું તમે જે દિલથી સંશોધન કર્યું તે તો તે પુસ્તકના પરિશિષ્ટમાં 'થેન્ક્યુ મિ. કલાપી' નામથી ઉમેર્યું છે. તેમાં તમે કલાપીના જીવન-સર્જનનું સત્ય પામવા હૃદય નીચોવી નાખ્યું છે, તે નાટક સર્જનકથા ખુલ્લે દિલે આલેખી છે.

તે નાટક વિશે અને કલાપીની સમગ્ર ઘટના વિશે બે લેખો મેં લખેલા જે 'પરબ'માં છપાયા હતા.

તે આપણું મિલન છેલ્લું બની રહ્યું!

**–ગંભીરસિંહ ગોહિલ**

ફોન : (૦૨૭૮) ૨૫૬૯૮૯૮

# સૌમ્ય, મિષ્ટભાષી ધનવંતભાઈ એક હીરાપારખૂ – વિરલ વિચારક હતા !

☐ સર્વેશ વોરા

ડૉ. ધનવંતભાઈની ચિરવિદાયના આઘાતજનક સમાચાર ફોન દ્વારા ભારતીબેને આપ્યા ત્યારે હૈયું થડકારો ચૂકી ગયું. જેમની સાથે લાંબા સમયનો લાગણીનો સંબંધ હોય, પરસ્પરની ઊંડી ઓળખનો સંબંધ હોય એની વિદાય માટે આપણે ક્યારેય તૈયાર નથી હોતા.

'પ્રબુદ્ધ જીવન'ને એમણે નૂતન, તાજગીસભર રૂપ આપ્યું. જૈન દર્શનની બુનિયાદ જ સ્વતંત્ર જીવનયાત્રાની છે, અને સ્વતંત્ર જીવનયાત્રા વૈચારિક પાંખો વિના સંભવે જ નહીં. 'પ્રબુદ્ધ જીવન'નાં શિલારોપણ વખતે જ કોઈ એના શક્તિશાળી સંકલ્પબીજ રોપાયાં હશે કે સતત તેજસ્વી વિચારક-વિદ્વાનો સૂત્રધારો રૂપે મળતા રહ્યા. સ્વ. પ્રિય ધનવંતભાઈના દેહ પાસે નીતિનભાઈ સોનાવાલા જેવા યુવક સંઘના અગ્રણીને વિલાપ કરતાં જોયા ત્યારે એક વિચાર આવ્યો કે 'પ્રબુદ્ધ જીવન', વ્યાખ્યાનમાળા અને શ્રી મુંબઈ જૈન યુવક સંઘ-આ ત્રણેયની આંતરિક સંવાદિતા સધાય એવો કેવો સુભગ સંયોગ, એવા અગ્રણી સૂત્રધારો આપોઆપ જોડાઈ ગયા છે ! મુંબઈના સંસ્કાર જગતમાં એટલે જ તો આજે શ્રી મુંબઈ જૈન યુવક સંઘ હૈયાનાં હાર જેમ શોભે છે !

'પ્રબુદ્ધ જીવન'ના સૂત્રધારો, પ્રારંભથી ને આજે યુવા વિદુષી અને સ્વનામધન્ય ડૉ. સેજલ શાહ સુધી જાણે વિચાર-ક્રાન્તિના મશાલચી રહ્યાં છે.

સંસ્થાબદ્ધ ધર્મથી બંધાયેલા સમાજ પાસે પાંખો આપતા, નૂતન ક્ષિતિજો દર્શાવતા વિચારો રજૂ કરવા અને વ્યાખ્યાનમાળામાં પણ એવા વિચારક વક્તાઓને આમંત્રિત કરવાનું જોખમ ઉઠાવવું એ બન્ને ધર્મકાર્ય, ડૉ. ધનવંતભાઇએ ભારે મિઠાશથી અને રેશમી સૌજન્યથી નિભાવ્યાં. એક બાજુ કલાપી વિષે અત્યંત હૃદયસ્પર્શી બાનીમાં લખવાની ઋજુતા, સંવેદનશીલતા અને બીજી બાજુ મહાન જૈન તત્ત્વદર્શન પરના એમના રસસભર અને શુષ્કતા વિહોણા લેખો ! કમાલનું અનેકરંગી, બહુઆયામી વ્યક્તિત્વ હતું પ્રિય ડૉક્ટર સાહેબનું !

'પ્રબુદ્ધ જીવન'ના વિશેષાંકો સ્વ. ધનવંતભાઈની આગવી, સૂક્ષ્મ પારખ દૃષ્ટિના ઝળહળતા અક્ષરદેહ જેમ આપણને હંમેશાં એમની યાદ આપતા રહેશે. ડૉ. સેજલબેન, સોનલબેન જેવાનાં કોહિનૂર જેવા સંપાદનો પાછળ એમની કેટલી દૂરદર્શી ચયનદૃષ્ટિ હશે ! જાણે એ `Colletors Items' બન્યા.

અને પૂ. રાકેશભાઈ, ડૉ. કુમારપાળભાઈ જેવા આપણા તેજસ્વી તારકોના વ્યાખ્યાનોની આખી મૌલિક સંકલ્પના જ ડૉક્ટરસાહેબનું મૌલિક પ્રદાન રહ્યું.

તંત્રી અને વ્યાખ્યાનમાળાના સૂત્રધરનાં આંતરિક દર્શન, સજ્જતા અને વિદ્વત્તા પરજ તો આખી સફળતા અને વિશિષ્ટતા આધાર રાખતી હોય, અને સ્વ. ધનવંતભાઈએ આ પ્રદાન બખૂબી કર્યું !

લેખો કે પ્રવચનોમાં સામા પ્રવાહની વિશેષતા જુએ તો ખુલ્લાં દિલે ફોન કરીને વધાવ્યા વિના રહે નહીં. આપણે ત્યાં બૌદ્ધિકોમાં સામાન્ય સ્વીકારની ઉદારતા પણ ભાગ્યે જ જોવા મળે, અને સામા પ્રવાહે બોલનાર કે લખનારને જોતાં ઉપેક્ષાની કાયરતા જયારે એક સામાન્ય વેદિયા કે બૌદ્ધિક રોગ જેમ ફેલાયેલ હોય ત્યારે ડૉ. ધનવંતભાઈનો મોકળામનનો પ્રેમ, એમની સાથેની લગભગ દર સપ્તાહે થતી ફોન-ગોષ્ઠિ, એમનો ઉમળકો હવે ભારે સાલશે ! ગણતરીબાજ બૌદ્ધિકો વચ્ચેથી એક વિરલ પ્રેમાળ વ્યક્તિત્વ જાય એ પીડા ભારે તીવ્ર હોય.

ડૉ. ધનવંતભાઈના અગ્રલેખ સીમાચિહ્ન જેવા હતા. શ્રી મુંબઈ જૈન યુવક સંઘના અગ્રણીઓ હંમેશાં મૌલિકતા અને વિશાળતાના પુરસ્કર્તા રહ્યાં છે. એમના અગ્રલેખો સુંદર ગ્રન્થ રૂપે પ્રગટ થાય તો આપણો મોટો ઋણસ્વીકાર અને એમની કાયમી 'અક્ષર-સ્મૃતિ' બનશે !

✶ ✶ ✶

## આયોજન શક્તિ અને મનુષ્ય પારખુ નજર

ધનવંતભાઈ સાથેનો મારો સંબંધ મહાવીર જૈન વિદ્યાલય દ્વારા સાહિત્ય સમારોહને કારણે. એ સમયના અનેક સ્મરણો મારા મન પર અંકિત થયેલા છે. એમની આયોદન શક્તિ અને મનુષ્ય પારખુ નજરથી હું ખૂબ પ્રભાવિત થયેલો. દીર્ઘદૃષ્ટિથી કાર્ય કરનાર ધનવંતભાઈ ઉદાર સમજ, મોકળું મન અને વિકાસશીલ ભવિષ્ય માટેની દૃષ્ટિ ધરાવતા હતા, જેનો લાભ સંસ્થા અને 'પ્રબુદ્ધ જીવન'ને મળ્યો હતો.

ધનવંતભાઈની સક્ષમ નજરે ભવિષ્ય અંગે પૂરતી વ્યવસ્થા કરી યુવાનોને તૈયાર કર્યા હતા. સંસ્થાને સતત ધબકતી રાખવા તેમણે પોતાના અનુગામીની પસંદગી કરી પોતાના કાર્યને વધુ દીપાવ્યું હતું.

☐ વિનોદ વસા

ડૉ. ધનવંતભાઈ ટી. શાહ સ્મૃતિ વિશેષાંક ❋ ડૉ. ધનવંતભાઈ ટી. શાહ સ્મૃતિ વિશેષાંક ❋ ડૉ. ધનવંતભાઈ ટી. શાહ સ્મૃતિ વિશેષાંક ❋ ડૉ. ધનવંતભાઈ ટી. શાહ સ્મૃતિ વિશેષાંક

# પ્રીતનું લીલું પાંદડું

☐ ગુણવંત બરવાળિયા

પ્રતિભા અલગ અલગ સ્વરૂપે પ્રગટે, વિશાળ ફલક માટે સમાજચિંતક કે ધર્મશાસનચિંતક પણ વ્યક્તિઓ માટે ફ્રેન્ડ, ફિલોસોફર અને ગાઈડ હોઈ શકે. ડૉ. ધનવંત શાહ એક એવું વ્યક્તિત્વ કે જેનું અસ્તિત્વ ચોમેર અને સતત અનુભવાય. સીડનહામ કૉલેજમાં અભ્યાસ કરતી વેળાએ હું છેલ્લાં સો વર્ષના પ્રતિનિધિ પ્રણયકાવ્યોનું સંપાદન કરતો હતો. હોસ્ટેલમાં મિત્રો સાથે ચર્ચા થકી કે ન્હાનાલાલના કયા પ્રણયકાવ્યો આ સંગ્રહમાં લેવા? એક મિત્રે કહ્યું, 'તારી કૉલેજના પ્રોફેસર ધનવંત શાહે કવિ ન્હાનાલાલના સાહિત્ય પર Ph.D. કર્યું છે.

બીજે જ દિવસે સ્ટાફ રૂમમાં ધનવંતભાઈની મુલાકાત થઈ. વરલી 'પંકજ' અને ખેતવાડી ઑફિસનું એડ્રેસ આપી આવવા કહ્યું અને આ મુલાકાત આજીવન સ્નેહસંબંધોમાં પરિણમી. ૧૯૭૪-૭૫માં કલાપી જન્મતશાબ્દી સ્મૃતિ ગ્રંથ 'કલાપી દર્શન'નું તેમની સાથે સંપાદન કરવાનું સૌભાગ્ય મળ્યું.

પારિવારિક સંબંધોની શૃંખલા રચાણી. મારા લગ્ન વખતે 'લોકસાહિત્ય અને વાસંતી સંગીત'નું ધનવંતભાઈએ આયોજન કરેલું. મારા પત્ની મધુબેનને Ph.D. કરવા પ્રોત્સાહન આપ્યું.

એમની એરિસ્ટો ગ્રુપ કંપનીના ટેક્ષ એડવાઈઝર તરીકે મારા ૧૦ વર્ષના પ્રોફેશનલ રિલેશનમાં મેં જાણેલું કે જીવહિંસાનું કાર્ય થતું હોય તેવી કંપનીમાં તે પોતાનું પ્રોડક્ટ વેચતા નહીં. આમ ન્યાયસંપન્ન વૈભવની ભાવના તેમના જીવનમાં પ્રતિષ્ઠા પામેલી હતી.

ધંધા અને વ્યવસાયના અડાબીડ જંગલમાં સરસ્વતીની સાધના ચાલતી. ઘરમાં મા સરસ્વતીની નયનરમ્ય મૂર્તિની સ્થાપના કરાવેલી.

એમનું જીવન જાણે એક પ્રયોગશાળા. 'પ્રબુદ્ધ જીવન'ના સંપાદનમાં નવા નવા પ્રયોગો કરે. વિદ્વાનોને એક-એક વિશેષાંકનું સંપાદન આપે. આવા જ પ્રયોગો વ્યાખ્યાનમાળા અને સાહિત્ય સમારોહમાં પણ કર્યા. આ પ્રયોગશાળાને પરિણામે શાસન અને સમાજમાં કેટલાય નવા વિદ્વાન, લેખકો અને વક્તાઓનો ઉદય થયો.

એક વિશેષ પ્રયોગ 'કથા'ના આયોજનનો. આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત ચિંતક પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈની ત્રિદિવસીય 'મહાવીર કથા'નું આયોજન થયું તેને પ્રચંડ સફળતા મળતા છ કથાઓ શ્રી કુમારપાળભાઈ દ્વારા થઈ.

પહેલું નાટક 'વાંસને આવ્યાં ફૂલ' લખ્યું તે અમરેલીના વિદ્યાગુરુ સ્વ. નવકાંત જોશીના દિગ્દર્શનમાં ભજવાયું અને પ્રશંસા પામ્યું. પછી તો તેમના લખેલા કેટલાંય નાટકો સફળતાપૂર્વક ભજવાયાં.

જૈન સાહિત્ય સમારોહમાં સ્મિતાભાભીને ધનવંતભાઈની કાળજી લેતાં જોઈ તેમના પ્રસન્ન દામ્પત્યજીવનની ખળખળ વહેતી નિર્મળ સરિતાનું દર્શન થતું. તેમના અમેરિકાસ્થિત મિત્ર શ્રી જશવંત લાખાણી અને ધનવંતભાઈને પ્રણયકાવ્યોનો સંગ્રહ 'પ્રીત ગુંજન' અર્પણ કરતાં મેં જે પંક્તિ લખી હતી તેનું સ્મરણ થાય છે.

*'નિરૂ પથના વિજન વંટોળે*
*અટવાણી'તી આ વણઝાર,*
*પણ મારગમાં મળિયા મુજને*
*પ્રીતિના બે લીલા પાન.'*

મહાવિદેહ ક્ષેત્રમાં વિસામો લઈ તેમનો આત્મા શાશ્વતી પંચમ ગતિ તરફ પ્રયાણ કરે તેવી અરિહંતદેવને પ્રાંજલ પ્રાર્થના સહ શ્રદ્ધાંજલિ. ✱✱ ✱

## યુવક સંઘ ને સાહિત્ય સમારોહના પ્રાણ ધનવંતભાઈ

**ધનવંત** શબ્દનો જો કોઈ પર્યાયવાચી શબ્દ હોય તો એ **જ્ઞાનવંત** છે. **ધનવંત = જ્ઞાનવંત** આ નામથી વિશ્વ આખું પરિચિત છે કેમકે આયુર્વેદના આદ્યપ્રણેતા કોઈ હોય તો ભગવાન ધનવંતરિ છે. યુવક સંઘ, સાહિત્ય સમારોહના શ્વાસ-પ્રાણ કોઈ હોય તો ડૉ. ધનવંતરાય શાહ.

સાહિત્યના શબ્દોમાં એવું કહી શકાય કે એકાદી મુઠ્ઠીનું અજવાળું આપવા આખી જીંદગી બળ્યા વશ સ્વયમ્

દીર્ઘદૃષ્ટિવંત એવા ધનવંતરાય (સર)ના અનુભવોનું આચમન નવનીત રૂપે મેળવવા હું ભાગ્યશાળી થઈ.

શ્રી મહાવીર જૈન ચારિત્ર કલ્યાણ રત્નાશ્રમ એ ફક્ત બાળાશ્રમ નથી પરંતુ ડૉ. ધનવંત શાહની શૈશવ સ્મૃતિ છે, જ્યારે તેઓ માત્ર છ (૬) વર્ષની ઉંમરના હતા ત્યારે પૂ. બાપા કલ્યાણચંદ્ર-વિજયજી મ.સા. તેમને રત્નાશ્રમમાં લાવ્યા હતા. આ ફળિયામાં અમે ધીંગા-મસ્તી કરતા, પાણી-પીને અહિંયા હાશ કરીને બેસતા. આ આશ્રમે અમારા જેવા કંઈકને બાળકની જેમ રમતા જોયા છે. એ જ ચહેરાઓને યુવાન અને ઘરડા થતા પણ જોયા છે. 'આ મારો છેલ્લો સાહિત્ય સમારોહ છે. હું મારા આશ્રમનું ઋણ ચૂકવવા જ રહ્યો છું.' આ એમના ઉદ્‌ગારો હતા. એમને મળેલો 'કલાપી પુરસ્કાર' આશ્રમને અર્પણ કર્યો.

☐ ડૉ. ફાલ્ગુની પી. ઝવેરી

# સ્નેહાળ મિત્ર અને ભાઈ એવા ધનવંતભાઈને પત્ર...

☐ ડૉ. કલા શાહ

ધનવંતભાઈ સદેહે હતા ત્યારે ક્યારેય પત્ર લખવાનું બન્યું નહિ. પણ હવે તો તમે દૂર...દૂર...દૂર...ક્યાંક જતા રહ્યા એટલે અમારા મનોભાવો શબ્દરૂપે લખી મોકલું છું.

ધનવંતભાઈ એટલે એક વિદ્વાન અને બાહોશ કાર્યશીલ મંત્રી. દીર્ઘદૃષ્ટિ આયોજક, સુચારુ સંચાલક, મધુર ભાષી મિત્ર વગેરે ઘણું ઘણું. તમારા વ્યક્તિત્વના વિવિધ પાસાંઓ વિશે લખવા બેસીએ તો પાનાના પાના ભરાય, પણ અહીં તો અમારે ગાગરમાં સાગર ભરવાનો છે.

યાદ છે ને ધનવંતભાઈ આપણાં એ કૉલેજકાળના દિવસો... આપણી નવ મિત્રોની મંડળી, ભવન્સ કૉલેજ અને સિદ્ધાર્થ કૉલેજના મિત્રો–અનિલા, રંજન, ઈલા, અનિલ પારેખ, પત્રકાર ગુણવંત આચાર્ય, હસમુખ અને આપણા કિશોર પારેખ...સિદ્ધાર્થ કૉલેજમાં બધા ભેગા મળીને વિઠ્ઠલનો સૂકો ભેળ લઈ એમ્પાયર હૉટલની ઇરાની ચ્હા પીવા જવાનું. ત્યાં ભેળ અને ચ્હાની લિજ્જત માણવાની એટલું થોડું હતું? એની સાથે સાથે ગુજરાતી સાહિત્યની લિજ્જત આપણે માણતા. ગુણવંતભાઈ કાવ્યો વાંચતા, કિશોરભાઈ વાર્તાની વાતો કરતા. આમ શુદ્ધ અને નિસ્વાર્થ નર્યો મૈત્રી પ્રેમનો એ સુવર્ણમય સમય યાદગાર બની ગયો. કેવો અદ્‌ભુત હતો એ સર્વનો નીતરતો સ્નેહ. થોડાંક પૈસા અને અઢળક આનંદ–સનાતન મૈત્રી પ્રેમના એ યાદગાર દિવસો — પણ તેહિ નો દિવસા ગતાઃ તે દિવસો ગયા.

ભણી ગણીને આ જીવનપથમાં સૌ કોઈ પોતપોતાની કેડીએ ચાલ્યા ગયા. વેરાઈ ગયા. વિખરાઈ ગયા. તમે કેમિકલના ધંધામાં જોડાયા અને પછીથી સિડનહામ કૉલેજમાં ગુજરાતીના પ્રાધ્યાપક બન્યા. Ph.D. પૂર્ણ કર્યું અને ત્રિપાંખિયો જંગ તમે ખેલ્યો અને જીતી ગયા. એક તરફ બિઝનેસ, બીજી તરફ સીડનહામ કૉલેજના ઉપક્રમે સાહિત્યના કાર્યક્રમો અને સાથે સાથે પ્રતિભાવંત નાટ્યકાર લેખક ધનવંત શાહ આ સમય દરમ્યાન પ્રગટ થયા. રાજવીકવિ કલાપી, વસંત વૈતાલિક કવિ ન્હાનાલાલ વિષયક નાટ્યકૃતિ, અપૂરવખેલા અવધૂત આનંદઘનજી, કૃષ્ણભક્ત કવિ જયદેવ વગેરે લખાયા અને ભજવાયા.

ધનવંતભાઈ, તમારું સૌથી માતબર કાર્ય મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા આયોજિત વ્યાખ્યાનમાળાનું આયોજન અને સંચાલન તથા શ્રી મહાવીર જૈન વિદ્યાલયના નેજા હેઠળ આયોજિત જૈન સાહિત્ય સમારોહનું આયોજન. દસ પંદર સભ્યોથી શરૂ થયેલ જૈન સાહિત્ય સમારોહ સોનગઢમાં ત્રણસો પ્રતિનિધિઓની સંખ્યા પર પહોંચ્યો તેનું મોટું પરિબળ એટલે ધનવંત શાહ અને મહાવીર જૈન વિદ્યાલય. શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા આયોજિત પર્યુષણ વ્યાખ્યાનમાળામાં મુંબઈ અને ગુજરાતભરના વિદ્વાનોને આમંત્રી આ વ્યાખ્યાનમાળાનું અને તેના વક્તા તથા શ્રોતાઓ સૌનું ગૌરવ વધાર્યું છે. આમ તમે ગગનની ટોચ સુધી પહોંચી સર્વ ક્ષેત્રે સફળતાના શિખરો સર કર્યા છે.

ધનવંતભાઈ તમારી કાર્યનિષ્ઠા, નાનામાં નાની વ્યક્તિને આદર આપવાની ભાવના, દરેક કાર્ય ધ્યાનપૂર્વક કરવાની અને જવાબદારી નિષ્ઠાપૂર્વક પૂર્ણ કરવી, સૌને ન્યાય અને પ્રેમ આપવા એજ તમારું જીવનલક્ષ હતું. તમારી શાંત, સૌમ્ય મુખમુદ્રા, હસતો ચહેરો, સંજોગો અને પરિસ્થિતિ સામે ધીરજપૂર્વક અને હસતે મુખે લડી લેવાની તમારી અનુપમ દૃઢતા અવિસ્મરણીય અને અન્ય સર્વને માટે પ્રેરક છે.

વચ્ચે એક યાદગાર પ્રસંગ કહ્યા વિના નહીં રહી શકું. ધનવંતભાઈ તમને યાદ છે ને એમ.એ.ના અભ્યાસમાં 'લિંગ્વસ્ટીક'ના બે પેપર (ખૂબ અઘરા) ભણવાના હતા. એ જમાનામાં ઈ. સ. ૧૯૬૨–૬૩માં ઝેરોક્સ મશીનો ન હતા. યુનિવર્સિટીની લાયબ્રેરીમાંથી દોઢસો પાનાનું પુસ્તક `Language & Culture' આખુંય કારબન પેપર મૂકી બે કોપી બનાવી સવારે તમે લખતા અને બપોરે આગળ હું લખતી. આમ દોઢસો પાના લખ્યા-વાંચ્યા-ગોખ્યા અને એમ.એ. પાસ થયા. અને પ્રાધ્યાપક પણ થયા. આજના વિદ્યાર્થીઓને આવું કઠિન કર્મ કરવાનું સદ્‌ભાગ્ય નથી જે આપણને પ્રાપ્ત થયું હતું.

'માણ્યું તેનું સ્મરણ કરવું એય છે એક લ્હાણું.'

સૌથી મહત્ત્વની વાત આટલી ગળાડૂબ પ્રવૃત્તિઓ તમે સુચારુ સ્વરૂપે કરી શક્યા તેનું રહસ્ય છે તમારું ભર્યું ભર્યું કૌટુંબિક જીવન. પ્રેમાળ અને સ્મિતભરી પત્ની સ્મિતાનો સથવારો, પુત્ર પુરબ, પુત્રવધૂ ખ્યાતિ, પુત્રીઓ પ્રાચી અને રીદ્ધિ તથા પૌત્ર-પૌત્રીઓ નિર્મળ, સ્નેહા, તમારો સર્વ પ્રત્યેનો અપાર પ્રેમ અને સૌનો તમારા પ્રત્યેનો આદર–ધનવંતભાઈ આ જ તો આપણાં જીવનની સાચી મૂડી છે.

પણ તમારી ખોટ પૂરી થાય તેમ નથી. તમારી સાથેના સંસ્મરણો વાગોળતાં વાગોળતાં તમને યાદ કરીને અમારા સ્મરણપટમાં તમને અંકિત કરીને તમારી હાજરીને માણીશું, પણ તમે નથી એ વાત તો કદી ભૂલાય એમ નથી.

એજ લિ.

**કલાબેન શાહ**

## પરિવારજનોની કલમે...

### મનની વાતો

જીવનમાં ડગલે ને પગલે જેના સાથ અને સથવારા વિના આગળ વધવું, એની કલ્પના પણ જ્યારે કરી ન હોય અને આમ અચાનક, ઓચિંતા એ હાથ જ્યારે છૂટી જાય ત્યારે જે વ્યથા અને વિચાર મનના બગીચામાં હિંડોળા ખાય છે, તે હું શબ્દોમાં વ્યક્ત નથી કરી શકતી. આંસુના દરિયાને જેમ તેમ યાદો ભરી સ્મૃતિમાં ખૂબ મનોબળ અને એમના સાથથી અટકાવી રાખું છું. જીવનના સંઘર્ષના સમયમાં ક્યારેય આંખમાંથી આંસુ ટપકી જતા, તો તે કહેતા, 'સ્મિતા, તારા આંસુથી હું નબળો પડી જઈશ.' અને આકૂળવ્યાકૂળ થઈ જતાં. મારી પાસે વચન લેવડાવતા કે હું મુશ્કેલ ઘડીમાં આ આંસુને છલકવા નહીં દઉં. અને હું કહું, 'સારું ત્યારે, જો તમે સાથે હશો, તો હું ક્યારેય નહિ આંખોમાં આંસુ લાવું.' અને એ કહેતા, 'સ્મિતા હું તો હંમેશાં તારી સાથે જ છું.' અને આજે પણ તેઓ મારા શ્વાસમાં, આત્મામાં, આ હવામાં, સૂરજના કિરણોમાં, એમના વાવેલા નાગરવેલના છોડમાં, સાથે જ છે.

'ડી. ટી. શાહ' (એટલે કે ધનવંતરાય તિલકરાય શાહ) એ મારું એમને આપેલું લાડકપણું નામ.

મારા બાળકો જ્યારે સમજણા થયા, ત્યારે અમને મજાકમાં ચિડવતા ને કહે, 'પપ્પા, મમ્મી તમને આવા નામથી કેમ બોલાવે છે?' ત્યારે તે કહેતા, એ તમારી મમ્મીનું આપેલું પેટ નેમ છે. અને હું મનમાં મલકાતી. આજે એક બીજી વાત મને મલકાવે છે. તેઓના વાચક વર્ગમાં સાચું કહું તો સૌ પહેલી વાચક તો હું જ. તેઓ જ્યારે પણ કલમ હાથમાં લેતા અને શબ્દોને સર્જતા, મને કહે, 'સ્મિતા, બધું કામ છોડીને અહિં આવ, અને આ મેં કશુંક લખ્યું છે, તે વાંચી જો.' હું ક્યારેક કામમાં હોઉં અને મીઠા ઠપકે કહું, 'મારે શું બીજું કામ નથી? થોડી વાર પછી વાંચીશ.' પછી તે કહેતા, 'ના, હમણાં આવ અને વાંચ.' પછી તો મારે શું કહેવું? બધું કામ છોડી હું વાંચવા બેસી જતી. પછી હું મારો અભિપ્રાય કહેતી. પણ તેઓ એક આછું સ્મિત કરી પોતાના કામોમાં ફરી વ્યસ્ત થઈ જતા. ક્યારેક હું ઉતાવળમાં મારો અભિપ્રાય મારા મનમસ્તકમાં જ સમાવી જતી. પણ તેઓ ક્યારેય પૂછતા નહિ કે એમનું લખાણ મને કેવું લાગ્યું. આજે આજ સ્મૃતિ મને મલકાવે છે કે તેઓનો સંદેહ અભિપ્રાય પામવાનો નહોતો પણ તેમના વિચારોને શબ્દોમાં પરોવી મારા મન વચનને સૌ પ્રથમ સ્પર્શવાનો હતો. આવો અમારો પ્રેમ. તેઓ તો ફક્ત પોતાના વિચારોને કાગળ પર શબ્દમાં સર્જાવતા. શબ્દને બોલીને વ્યર્થ તો કદી કરતા જ નહિ.

મારી સાથે પણ ઓછું બોલતા. ક્યારેક કોઈએ અમને પૂછ્યું, 'ધનવંતભાઈ, તમે આટલા વ્યસ્ત છો, તો ભાભી સાથે ક્યારે વાતો કરો?' તો તેઓ કહેતા, 'અમારી તો મૌનની ભાષા છે.' આવા સૌમ્ય અને શિતળ તેમનો સ્વભાવ. તેજ તેમણે અમારા બાળકોને શિખવ્યું. અને મેં તેમનામાંથી પામ્યું અને સમજ્યું. જીવનના કપરામાં કપરા સમયે પણ એમનો સ્મિતભર્યો ચહેરો ક્યારેય ચિંતિત અને ગંભીર ન થતો.

આ બધી સ્મૃતિ જ્યારે યાદ આવે છે, ત્યારે અંતરમનમાંથી એક જ ઈચ્છા અભિવ્યક્ત થાય છે કે D. T. Shah એક વાર આવીને મને એ સ્મિતભર્યો ચહેરો દેખાડી જાઓ.

એક વાર આવીને મારા કાનમાં તમારો સૌમ્ય અવાજ ગુંજાવી જાવ...કહો કે સ્મિતા, ચિંતા ન કરીશ...બસ એક વાર...

પણ હવે એ સ્પર્શ, એ ધ્વનિ, ફક્ત સ્મૃતિમાં જ નિહાળવાં રહ્યા...તમે તો સિદ્ધ છો...'

તમને શતઃ શતઃ વંદન...

**□ સ્મિતા ધનવંત શાહ**

### હર પળે યાદ આવો છો

Missing You Pappa,

My Hero, My Idol, My lovely dad.. તમે વસો છો મારા અંતરમાં, મારા હૃદયમાં, મારા રોમેરોમમાં.

તમે મારી આંગળી પકડી ચાલતા શિખવ્યું, નીડર બની જીવનની તકલીફનો સામનો કરતાં શીખવ્યું. અઘરા સમયમાં સંયમ રાખી પરિસ્થિતિનો ઉકેલ કાઢતા શિખવ્યું...પણ જીવનમાં તમારા સાથ અને આશરા વગર જીવવું કેમ ન શિખવ્યું? પણ મને વિશ્વાસ છે જ્યારે પણ હું મારા અંતરવાદથી મારી આંખો બંધ કરી તમને મારા મનમંદિરમાં નિહાળીશ તો તમે મારી મૂંઝવણનો ઉકેલ કાઢવા, મારી મદદ કરશો. મને ખબર છે તમે અહિં જ મારી આસપાસ છો. મને તમારો સ્પર્શ સતત થાય છે. મારી દરેક જીવનની મુશ્કેલ ઘડીમાં તમે મારી ઢાલ અને શક્તિ બની હંમેશાં ઊભા હતા. આજે મને શ્રદ્ધા છે તમારી એ શક્તિ મારા અંતરઆત્મામાં સિદ્ધ છે.

નાનપણથી મારા પપ્પાએ મારા પર અપાર વિશ્વાસ ધરાવ્યો, સ્વતંત્રરૂપે જીવન ઘર્યું અને સંસ્કારોથી સિંચી આજે પગભર કર્યા. આજે મારા પપ્પાના સંસ્કાર, માર્ગદર્શન અને Principles ક્ષણે

ક્ષણે યાદ કરીને જીવું છું. આજ મારી હિંમત અને જીવન જીવવાનું બળ બની રહ્યું છે. જીવનમાં તમારા શિખવેલા સંસ્કાર ક્યારેય વ્યર્થ નહિ જાય એનો મને પૂરે પૂરો વિશ્વાસ છે. જીવનમાં તમારા જેવું બનવું, એ ઈચ્છા દૃઢ છે પણ તે ઈચ્છા પરિપક્વ થશે કે નહિ, એનો જરીક સંદેહ પણ છે. પણ સાથે આ ઈચ્છાને આકાર આપવા પૂર્ણ રીતે પ્રયત્ન કરીશ તે માટે મન સક્ષમ પણ છે. છેવટે, Impossibe વસ્તુને possible કરવી એ જીવનનો પાઠ પણ તમે તો જ શિખવ્યો છે.

પણ કદાચ આ ઈચ્છા પૂરી કરવા આ જીવન ટૂંકું પડશે...

તમારો સદાય આદરણીય પુત્ર

**☐ પૂરબ ધનવંત શાહ**

## સ્મૃતિઓ વાગોળું છું

આજે જ્યારે પપ્પાનસ્મૃતિમાં મારા બાળપણ અને જીવનના પ્રસંગો સંસ્મરું છું, તો એક અદ્‌ભુત આનંદ અને અવણનીય લાગણીની અનુભૂતિ થાય છે.

નાના નાના પ્રસંગો જે પપ્પા હતા ત્યાં સુધી કદી મહત્ત્વના નહોતા લાગતા, તે જ પ્રસંગો આજે અમૂલ્ય લાગે છે. પપ્પાની શારીરિક ખોટ આટલી સાલશે અને આમ અચાનક એ ખોટને અનુરૂપ થવું પડશે, એ ક્યારે સ્વપ્નેય વિચાર્યું નહોતું. અમે ભાંડરડાઓ તો હજુ નાના હતા, એવું લાગતું. આમ અચાનક મોટા થવાનો અહેસાસ થશે, તે સ્વપ્નેય ધાર્યું નહોતું. પણ બધા કહે છે તેમ, એમની સુવાસ અને મહેંક અમારા રોમ રોમમાં છે. પણ કયારેક એમ થાય બસ એક ઘડી પપ્પા, આ તસ્વીરમાંથી બહાર આવે અને માથે હાથ ફેરવે...એ હુંફ બહુ સાલે છે...એ સ્પર્શને હું ઝંખું છું... બસ એક વાર `Tight hug' આપી દઉં. પણ એ શક્ય નથી...હવે તો બસ પપ્પાના શિખવેલા સંસ્કાર અનેક સિદ્ધાંતોને અમારા બાળકોમાં રોપીને પપ્પાની સુવાસને હંમેશાં જીવંત રાખીશું.

જેમને હું `My Soul' કહી અનુમોદતી, મારા પપ્પા, મારા બેસ્ટ ફ્રેન્ડ...હું બધી મારી મનની વ્યથાની એમની સાથે ચર્ચા કરું, અને તે સહજતાપૂર્વક સમજાવતા અને મને સાચું, માર્ગદર્શન આપતા. તેઓ કહેતા, 'દરેક તકલીફોને સૌમ્યતાથી આવકારવાની, અને તેને પ્રેમથી નિહાળી, તેનો સ્મિતભર્યા અહેસાસથી રસ્તો કાઢવો.' જ્યારે મારા લગ્ન થયા, હું કોસો દૂર U.S.A. માં જઈને વસી, ત્યારે ક્યારેક જીવનમાં તકલીફો આવે અને પપ્પાના આ શિખવેલા સિદ્ધાંતોનું અનુકરણ કરવાના પ્રયત્નો કરું, તો ખૂબ અઘરું લાગતું. હું પપ્પાને અકળાઈને, ગુસ્સે થઈને કહેતી, 'પપ્પા આવા સિદ્ધાંતો બોલવામાં જ સારા લાગે છે, પણ અમલ કરવા ખૂબ મુશ્કેલ છે.' તો તેઓ કહેતા, 'બેટા મુશ્કેલ છે પણ અશક્ય નથી.' અને જ્યારે તેમના ઉપર વિશ્વાસ રાખી મેં ખૂબ પ્રયત્નો કરી આ સિદ્ધાંતોને અમલમાં મૂક્યા ત્યારે લાગ્યું. 'Its Magical!'

સાચે જ જ્યારે હું જીવનમાં આ સિદ્ધાંત પર અમલ કરવા લાગી, તો જીવનના અઘરા પાસા પણ સહેલાઈથી સીધા પડવા લાગ્યા. આવી ઘણી જીવનની ઘટનાઓ આજે પણ પ્રેરકરૂપે સભર છે. અને હંમેશાં રહેશે. તેઓની આપેલી એક એક શિખામણ આજે તાજા ખીલેલા ગુલાબની જેમ, મનના બગીચામાં સુવાસ ફેલાવે છે.

આજે એક પ્રસંગ અભિવ્યક્ત કરવા મન ખૂબ આતુર છે. બાળપણથી પપ્પાએ અમને ખૂબ સ્વતંત્રતા આપી છે. ક્યારેય અમને ટોકતા નહીં અને ઠપકો આપતા તો કલ્પનામાં પણ અમે વિચારી ન શકતા. જ્યારે સમય પરિપક્વ થયો અને હું, પપ્પા અને મારી મમ્મી Matrimonial નિમિત્તે Meeting કરવા જતા તો અમે એક નિયમ રાખ્યો હતો. સામેનું પાત્ર જોઈ, હું પપ્પાને ઈશારાથી જણાવતી કે મને એમાં રુચિ છે કે નહીં. હું જો મારા ગાલ પર બે આંગળી મૂકું તો પપ્પાએ સમજવાનું કે મને રુચિ છે અને એક મૂકું તો રુચિ નથી. જીવનનાં આવા અઘરા નિર્ણય લેવામાં પણ તેઓએ મને સ્વતંત્રતા આપી હતી. આટલું જ નહીં, મારા લગ્નનાં ફેરા ફરતાં પહેલાં પણ તેઓ મને તેમના સૌમ્ય આત્મસ્વભાવથી કાનમાં કહી ગયા કે, 'હજુ પણ તને એક પણ ક્ષણ એમ થાય કે મારે આ લગ્ન નથી કરવા, તો તું મને ઈશારાથી જણાવી દેજે.' મેં ત્યારે શરમાઈને સ્મિતભર્યા ભાવથી, ગાલ ઉપર બે આંગળી રાખી, અને તેઓ મારા માથે હાથ ફેરવ્યો અને નિશ્ચિંત રૂપે મારા લગ્નજીવનમાં વિદાય આપી. મને વિદાય વેળાએ બસ એક જ વસ્તુ કહી, 'બેટા, સૌને પ્રેમ આપજે...પ્રેમ જ બધી સમસ્યા અને સંજોગોનું નિધાન છે, પણ કદી તે બદલ પ્રેમની અપેક્ષા નહીં રાખતી.' આ વાક્યને મેં જીવનની માળામાં ગાંઠરૂપી પરોવી દીધી અને પપ્પાનો હાથ છોડી નવા સંસારમાં મદમસ્ત થઈ ગઈ. આજે તેજ પ્રેમભર્યા ભાવથી, હું U.S.A. માં ખુશી ખુશી, Joint પરિવારમાં જીવનની કેડી પપ્પાના આપેલા માર્ગદર્શનથી ચઢું છું.

પપ્પાનો આજે ક્ષરદેહ તો અમારી વચ્ચે નથી પરંતુ તેમનો અક્ષરદેહ તો જ્વલંત જ્ઞાનજયોતિ રૂપે સદાય રહેશે જ રહેશે...

I Love you & I miss you my soul !

**☐ પ્રાચી શાહ**

પુત્રી

## ડગલે ને પગલે આંગળી પકડી

મારે તો હજુ જીવનના અનેક નિર્ણયોનો સામનો કરવાનો છે. જીવનની પરીક્ષાના Lessons શીખવાના છે. તો પછી પપ્પા આમ અચાનક કેમ ચાલ્યા ગયા? કદાચ મને પપ્પા રોજ સવારે સૂરજના કિરણો વડે ઈશારો પહોંચતો કરશે. જ્યારે રોજ એમની નાગરવેલના છોડને પાણી સીંચીશ, ત્યારે તેઓ મને શિખામણ આપશે...મને પપ્પાનો અહેસાસ પળે પળે થાય છે...તેમના વ્હાલનો અહેસાસ હું સ્પર્શી શકું છું...પપ્પાના Writing Table પાસે બેસું તો, પપ્પાની આકૃતિ દેખાય છે અને સ્મિતભર્યા હકથી મને હોકારો આપી તેમનું અંગત કામ કરવાનો હુકમ આપતો ધ્વનિ સંભળાય છે.

તેઓ મને બોલાવતા અને હું કહેતી, 'હં પપ્પા!' તેઓને મારો એ સંવાદ બહુ પ્રિય હતો.

હજુ તો કાલની વાત લાગે છે...હું નાની હતી, તો મને Horse Riding ખૂબ ગમતું. પણ ધર્મ અને પપ્પાના આત્મસ્વભાવના સિદ્ધાંતોને તે સ્વીકાર્ય નહોતું. પણ તેઓ કદી મારી ઈચ્છાને નારાજ ન કરતા. મને ક્યારેય એમ ન કહ્યું કે, આપણાથી ઘોડા ઉપર ન બેસાય. તેઓ કહેતા, બેટા તું ઘોડા ઉપર બેસીશ તો ઘોડાને તારું વજન કેટલું લાગે? એ તો કેટલો થાકી જાય? પણ છતાંયે મારી ઘોડા પર બેસવાની ઈચ્છા અદમ્ય હતી. એક દિવસ, પપ્પા મને બેંડસ્ટેંડ પર Horse Riding કરવા લઈ ગયા. અકસ્માતે એવું બન્યું કે ઘોડો ગબડી પડ્યો અને હું નીચે પડી. મારા પર ઘોડો પડ્યો અને એના પર ઘોડાવાળો પડ્યો. પપ્પા આકૂળવ્યાકૂળ જરાય ન થયા. પણ સ્વસ્થરૂપે મને ડૉક્ટર પાસે લઈ ગયા પછી તેમના સહજ અવાજમાં મને કહ્યું, 'બેટા તું પડી ગઈ એનાથી પેલા ઘોડાને કેટલું વાગ્યું હશે? એને તો કોઈ ડૉક્ટર પાસે પણ નહીં લઈ જાય. એને કેટલું દુ:ખતું હશે? આ સાંભળી મેં નક્કી કર્યું હવેથી ઘોડા પર નહીં બેસું.

આવી જ રીતે જીવનમાં ડગલે ને પગલે મારી આંગળી પકડી, મન સહજતાથી, સરળતાથી, ઉકેલ કાઢવામાં, મને માર્ગદર્શન આપવા તત્પર રહેતા. પપ્પા મારા Best Friend બની ગયા; પણ ક્યારેક મને મીઠો ઠપકો પણ આપતા. મારા Mood swing ને ઓળખી જતા. ક્યારેય મારે મારી મૂંઝવણ કહેવી ન પડતી. તેઓ જાતે જ મારો ચહેરો જોઈ મારી મૂંઝવણ ઓળખી જતા. અને પછી કહેતા 'બેટા, I am not just your father but your best friend so you can open your heart to me.'

મને તેમના પર વિશ્વાસ અને અપાર શ્રદ્ધા, એટલે હું મારી મૂંઝવણની હંમેશાં તેમની સાથે ચર્ચા કરતી. તેઓ હંમેશાં કહેતા કે જો જીવનની મુશ્કેલ ઘડીમાં તમને રસ્તો ન જડે તો પછી તે મૂંઝવણનો ઉકેલ કુદરત પર છોડી દેવો.

અને હવે પપ્પાની યાદમાં, ભવિષ્યમાં મારી મૂંઝવણોને કુદરત પર જ છોડી દેવી રહી...

પપ્પાની સૌથી નાની
વહાલી દીકરી
**☐ રીતિ ધનવંત શાહ**

## સાદગી ને સરળતાથી પ્રભાવિત

ધનવંત અંકલ સાથે રહેવાનો પહેલો અવસર આજથી ૯ વર્ષ પહેલાં થયેલ, જ્યારે તેઓ અમેરિકા આવેલા.

એમની ઓળખ એટલે એમની સાદગી અને સરળતા, જેથી હું ખૂબ પ્રભાવિત થઈ હતી. તેઓની જ્ઞાન માટેની જીજ્ઞાસા મને ખૂબ જ આકર્ષી ગઈ હતી. આજે મને બરાબર યાદ છે, જ્યારે એમના India જવાના છેલ્લા દિવસે હું તેઓને Forcefully Edison Library બતાવવા લઈ ગઈ, ત્યારે ત્યાં અચાનક તેઓની નજર એક પુસ્તક પર પડી. એ પુસ્તક, તેઓ વર્ષોથી ખોજતા હતા અને અચાનક આમ અમેરિકાની લાઈબ્રેરીમાં મળી જશે, એ તેમણે કદી વિચાર્યું ન હતું. પુસ્તક જોઈ એમની આંખોમાં ચમક સાથે ખુશી પ્રગટ થઈ. તરત જ મારી પાસે એક કાગળ અને કલમ માગી અને ટેબલ પર તે પુસ્તકમાંથી નોંધ કરવા લાગ્યા.

તે કાળે, ધનવંત અંકલની, જ્ઞાનપિપાસામાં હું નિમિત્ત બની, તે જાણીને મને અનહદ આનંદ થયો અને આજે ગર્વ પણ થાય છે.

આ સ્મૃતિ મારા મનમંદિરમાં હંમેશાં જાગૃત રહેશે. તેઓની ખોટની ભરપાઈ કરવી તો અશક્ય છે પણ તેઓની યાદ આજે પણ મારી આંખ ભીની કરે છે. તેઓને મારા કોટી કોટી વંદન.

પ્રણામ.

**☐ હિના હિમાંશુ શાહ**
49, Wood Avenue, Edison NJ USA
[Prachi Shah's sister in law]

## લાગણી ને ભાવ મોટાભાઈ જેવા

ધનવંતભાઈ એટલે સૌના પ્યારા અને સદ્‌ભાવ ધરાવતા અમારા વેવાઈ. વેવાઈ તો સંબંધ પુરતા પણ લાગણી અને ભાવ તો મોટાભાઈ જેવા!

ધનવંતભાઈનો સંપર્ક સૌ પ્રથમ જ્યારે થયો ત્યારે અમે અમારી દીકરી ખ્યાતિને કહ્યું, 'બેટા, જો મા-બાપ આટલા ઉચ્ચ સંસ્કારી હોય તો તેમના પુત્રનું તો શું કહેવું? વિદાય વેળાએ અમને પૂરેપૂરો વિશ્વાસ હતો કે સ્મિતાબેન-ધનવંતભાઈ અમારી દીકરીને તેમની

પુત્રવધૂ નહીં પણ દીકરીની જેમ હૃદયમાં વસાવશે. બસ આજે આજ વિશ્વાસને હકીકતરૂપ જોઈ અમને ખૂબજ સંતોષ અને આનંદ છે, પણ સાથે ધનવંતભાઈની આમ અચાનક વિદાયનો રંજ પણ અપાર છે. તેમની ખોટ અમારા પરિવારમાં ખૂબ જ સાલશે. તેઓને અમારા કોટિ કોટિ વંદન...

તમારા વેવાઈ

**દિલીપભાઈ-શોભનાબેન**

Purab's Father in Law

## Eternal, immortal and a devine soul

`Enjoy and cherish every moment of your life!! This is what I have learnt from my father, now that he is not around. He trusted me and gave me his most precious gem – his daughter Prachi and welcomed me with endless love as his son-in-law.

As and when I got to know him more and more I realize uniqueness in his personality. He was, infact `IS' one of his kinds. He is eternal, immortal and a devine soul for me. He is an ideal father who just lived for others.

He was a perfect advisor for me in my married life and guided me in every manner as and when needed. Whenever I would be in India, he would tease me, saying `Anish, when should I call you back to get an appointment with you?' These words are still echoing in my ears and the thought of it itself blushes me inside out. This was just though his humorous self and such beautiful memories will mingle in my heart forever.

But out of all, the day he told me, `Anish, I can truly feel I have two sons now not just one,' that day was one of the best moment of my life. I somehow could connect very well with his heart and as his son, I would discuss my heart talks with him, and in his own unique ways, he would make me feel the fact that no matter what, he would be my support and fatherfigure always. I will miss him on every phase and step of my life.

Today when he is not around physically, I promise myself to follow his teachings that.

'જીવન જેટલું જીવો, એમાં એવું કાર્ય કરો, કે તમારો આત્મા સુખી થાય. અને જીવનમાં આત્માનું કલ્યાણ કરવું હોય, તો અપેક્ષા રાખ્યા વગર જીવો, અને ફક્ત કાર્ય કરો. તે જ આત્માનું કલ્યાણ કહેવાય.'

Today we wish to fulfill his dreams to spread humanity and good karma.

Thank you for giving me this platform to express my feelings for my father figure. I am sure and I know, wherever he be, he can hear my heart talks today aswell. I can feel his aura around me strongly.

`I Love you papa endlessly...'

Your Son

**Anish V. Shah**

Prachi's Husban

## Indeed He Was My True Father

Dearest Father-in-law (My Pappaji)

Although I dont like to address you as my `Father-in-law' because you are my true father. You always called me, `Your Putra Vadhu meaning Putra thi Vadhu and introduced me to everyone in the same manner and I would keep smiling at you with blush on my face.

Pappaji, why did you leave all of us so early? I still wanted to learn so much from you and you have to teach so much to your `Ma' the way you address your grand daughter Vianna.

Now whenever I see Vianna everyday, I remember your words, `Beta, never compromise anything for Vianna and give her best in life. This is your most prescious thing you have got in your life and she should be your first priority.'

Today I promise you Pappa, I will keep up your words for which you be rest assured.

Pappaji, I love you and miss you forever.

Your Putra Vadhu

**Khyati Purab Shah**

Purab's Wife

## My Dearst Darling Nana

My Nana known as Dr.Dhanvant T.Shah to everyone, was a role model for many. But for me, he is my HERO. He was one of the most knowledgeable person one could know. Just not that, he was the kindest person too!

I always visited him in India during my summer vacation. Whenever I was sad or would do anything wrong, he would always tell me " Beta, just shed it off!!" and he would calm me down. He was very busy too. But whenever I would see his face, I felt like spending time with him more and more. Many a

times he would tell me, " Dev, I have to finish my work, let me finish this and then we can spend time together". He could not give me his time always as he loved his work. But I would sit next to his desk and stare at him how he kept writing and writing. He would never get tiered. Books were his best friends. I loved playing chess and carom board with him. I bet you he always lost against me and I would be so happy defeating him as I knew I was defeating the most intelligent person… my Nana!!

I love him a lot… he is like gold to me in a treasure box. But now I will never get to see him and play with him. It has all come to an end… he left this world and went up in the heaven just 3 months before I could visit him. I wish he waited for me before he left us forever. I was going to visit him in June..then why did he not wait for me? My mummy said, bhagwanji had fixed a date for him to go to heaven which no one can change…I wish bhagwanji had fixed the date after my summer vacation was over… no wait..wishBhagwaanji had never decided a date for my Nana to go in heaven… I wish I could lock my gold(my nana) in my treasure box forever… I miss you Nana…I want you Nana..:(

Today, I regret the times when I was a little mean to my Nana and troubled him. He never liked me and my brother fighting. He always said, never fight, just love and love everyone. I wish I never troubled him… He has left a message for me in my mummy's phone when he was in the hospital last time and my mummy went to India… he said, " Thank you Dev and Jash for sending your mamma to me, now I am returning your mamma to you. Your mamma is a Gem, so please keep her safe in the safe custody of your heart." He also said he loves me and Jash(my brother) a lot, and said we would be very successful in life…He said, "Love each other, love everyone, love is the key to success". I hear his voice message every day and I can feel him he is there around him. I promise my Nana, I will be successful and be just like him!!

I still miss him a lot.. By a lot mean, a lot, a lot, and a lot…..

Lots of love , hugs, kisses to my Nana,
Your grandson,
**Dev A. Shah.**

## My Dearst Darling Nana

My Nana, is my Soul. He is my best friend, he is my happiness , he is in all my emotions. I love him lotss.

I was looking forward to play with him in my summer vacation in June but my mamma says, he is in heaven now and will never play with me.. I am sad. Now who will play carom board with me? He always says books are your best friend who will never cheat on you and will always be with you. But I don't like to read all the time. I also want play. I know once he has gone to heaven, he will never come back but mamma says, if I be good boy and do as my Nana wished, he will be watching me from heaven and he will be happy.

I will make him happy because I love him a lot. He is very kind to me and I love hugging him. He never let me lose in a game. Whenever he was writing something, and I wanted to play, he explained me that always finish your work first and then do the next thing. He would tell me to wait and then after he finished his work, he would play with me. He also taught me meditation. Whenever I would cheat in meditation, he would come to know I'm cheating. I don't know how he could come to know that as his eyes would be closed in meditation.

I heard Nanas voice in my mammas phone. He says I should love everyone as that will make me successful. He also thanked me for sending my mamma to him in India when he was in the hospital. But when my mamma came back to USA, he was fine and he also went home.

Then again he fell sick and my mamma went to India in just 1 week. But this time he did not send me a voice message, as mamma said, when she reached India, Nana had already left for heaven. But I am sad.

I miss him a lot!

I love you Nana !

**Jash A. Shah**

Age: 7 years

## શ્રી મુંબઈ જૈન યુવક સંઘના પદાધિકારીઓ અને કારોબારી સમિતીના સભ્યોની શબ્દાંજલિ...

**પ્રમુખશ્રી લખે છે....**

શ્રી ધનવંતભાઈનો પહેલો પરિચય જ્યારે ડૉ. રમણભાઈ શાહની નાદુરસ્ત તબિયત હોવાથી હું તેમની તબિયત જોવા ગયો હતો, અને તેમના મુલુંડ નિવાસસ્થાને તેમને પરિચય થયો હતો. રમણભાઈએ પોતાની હયાતીમાં જ ધનવંતભાઈની સહતંત્રી તરીકે નિમણૂક કરી હતી. અને તેમના અવસાન પછી સ્વ. ધનવંતભાઈની તંત્રી તરીકે નિમણૂક કરી હતી અને તંત્રી તરીકેની બધી જ જવાબદારી સોંપી હતી.

છેલ્લા ૧૦ વર્ષથી 'પ્રબુદ્ધ જીવન'નું તંત્રીપદ સંભાળતા હતા. તંત્રીપદે રહીને પ્રબુદ્ધ જીવન'ને નવું સ્વરૂપ આપી ઉચ્ચ માનવીય મૂલ્યોને સ્પર્શતા વિષયો સાથે એક ઉચ્ચ સ્થાને પહોંચાડ્યું. 'પ્રબુદ્ધ જીવન'ના અંકોમાં સામાજીક ક્ષેત્રે લખાણો લખતા, તેમજ સાહિત્ય ક્ષેત્રમાં પણ તેમણે અનેક પુસ્તકો લખેલ છે. તેમણે સામાજીક નાટક પણ લખ્યા છે. બધા વિષયોને આવરી લેતા દિન-પ્રતિદિન 'પ્રબુદ્ધ જીવન'ના અંકો ખૂબ જ રસપ્રદ, ધર્મમય રહેતા.

વ્યાખ્યાનમાળા ક્ષેત્રે પણ તેમણે પોતાની નિપુણતા બતાવી હતી, વ્યાખ્યાનમાળામાં આઠ દિવસના ૧૬ વ્યાખ્યાતાઓ અને ૧૬ વિષયો પસંદ કરતા હતા. પોતે સ્વભાવે શાંત, નમ્ર, સૌની સાથે શાંતિથી વાત કરે એવા સૌમ્ય સ્વભાવવાળા અમારા ધનવંતભાઈ હતા. પણ હું હૃદયપૂર્વક તેમને શ્રદ્ધાંજલિ આપું છું.

પ્રભુ તેમના આત્માને ચીર શાંતિ આપે.

ૐ શાંતિ ૐ શાંતિ ૐ શાંતિ

□ **શ્રી ચંદ્રકાંતભાઈ ડી. શાહ**, પ્રમુખ
શ્રી મુંબઈ જૈન યુવક સંઘ

## જ્યારે કોઈ ધૈર્યવાન, સજ્જન વ્યક્તિના સાન્નિધ્યમાં આવીએ ત્યારે સારે માર્ગે બદલાવ અનુભવાય છે

જીવનમાં અનેક પડાવ, વળાંક, પરિસ્થિતિ આવતી હોય છે; પછી ધીમીગતિએ આવે કે અચાનક આવે, પણ જાગ્રતતા હોય તો સહજતાથી થતા બદલાવનો હૃદય અનુભવ કરે છે. પણ આવા પ્રતિકૂળ કે અનુકૂળ સંજોગોનો સ્વીકાર કે અસ્વીકાર કરવો તે જ બદલાવ. જ્યારે કોઈ પરોપકારી, પરમાર્થી, ધૈર્યવાન, સજ્જન વ્યક્તિના સાન્નિધ્યમાં આવીએ ત્યારે સાચ્ચે અને સારે માર્ગે બદલાવ અનુભવાય છે અને જીવને પ્રસન્નતાનો અહેસાસ થાય છે.

૨૦૧૧માં પૂ. ધનવંતભાઈએ મારા પર SMJUS માં ઉપપ્રમુખનો કળશ ઢોળ્યો, જેની જવાબદારી હું નહીં નિભાવી શકું તેમ માનતો અને ધનવંતભાઈને કહેતો. મારો તમને આદેશ છે (હંમેશાં બહુવચનથી બોલાવતા). ખૂબ જ પ્રેમપૂર્વક અને મક્કમતા ઉભરતી અનુભવાય અને નિ:શબ્દ થઈ જવાય. બસ, આ જવાબદારી ઉપાડવા માટેની પ્રેરણા, શક્તિ તેમજ ઊર્જા મળી રહેતી. તેઓ જવાબદારી સોંપતા, અને પાછું વળીને જોતાં પણ નહીં અને મને સમજ નહોતી પડતી કે હું જવાબદારી કેવી રીતે પરિપૂર્ણ કરું છું. બસ, આમાં જ થાય ધનવંતભાઈના ગુણોનું દર્શન.

૨૦૧૩માં કપરાડા શબરી છાત્રાલય આશ્રમમાં પધાર્યા.૧૪૦ આદીવાસી દીકરીઓના મુખેથી સમૂહમાં નવકારમંત્ર સાંભળ્યો, ખૂબ જ પ્રસન્ન થયા ને તેઓને નવકારમંત્રનો વિસ્તારપૂર્વક દાખલા સાથે અર્થ સમજાવ્યો. દીકરીઓમાં આવેલો બદલાવ નિહાળ્યો, નિરખ્યો. આવા હતા તેમના વાણીના સ્પંદનો, આંદોલનો.

૨૦૧૬માં સોનગઢના સાહિત્ય સમારોહમાં હું ન જઈ શક્યો. મુંબઈમાં ફેબ્રુઆરી ૧૫, ૧૬, ૧૭ દરમ્યાન ICU માં મળવા જવાનું હિતાવહ નહોતું. મળી ન શકાયું. તા.૧૫.૦૨.૨૦૧૬ મારા મોબાઈલ પર રીતિબેન દ્વારા આદેશ આપતો SMS મળ્યો. વાંચીને ચોંકી ગયો. ટૂંક સમયમાં પ્રતિકૂળ સંજોગોનું નિર્માણ થવાનો સંદેશો તેમાં હતો. તા. ૧૮.૦૨.૨૦૧૬ના દિવસે મને સ્મિતાભાભી દ્વારા મળવા બોલાવ્યો જેની હું કાગડોળે રાહ જોતો હતો. હોસ્પિટલમાં હસતો ચહેરો, તબીયત લેવાઈ ગયેલી પણ સંપૂર્ણ સ્વસ્થતા જોઈ હું મનમાં ખૂબ રાજી થયો. તેમને જે કહેવાનું હતું તે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું. એક હૃદયે બીજા હૃદયની વાત સાંભળી. મારી નમ્ર વિનંતીને માન આપી તેમનો જમણો હાથ મારા માથા ઉપર મૂકી ખૂબ જ વહાલથી હસતે મોઢે તેમના આશીર્વાદ, પરિવારની હાજરીમાં આપ્યા.

અમદાવાદમાં વિચરતા સમુદાય સમર્થન મંચ તથા રાજકોટમાં વિશ્વનિડમ્ સંસ્થામાં ચેક અર્પણ વિધિની જવાબદારી સોંપી જે તેમના વ્હાલા સ્પર્શથી આપેલા આશીર્વાદથી સફળતાપૂર્વક પાર પાડી. હું કપરાડા શબરી આશ્રમમાં તા. ૨૬,૨૭,૨૮ ફેબ્રુઆરી ૨૦૧૬ મારું કામ પતાવી તરત મળવા આવીશ કહી રજા માંગી.

ફોન ઉપર હવે તો ખૂબ સ્વસ્થતાથી વાત કરતા હતા. ખૂબ સારી રિકવરી જણાઈ. રૂબરૂ ન મળાયું. જાણે કહેતા ગયા Show must go on. જતાં જતાં કેટલાય બદલાવ તરફ આંગળી ચિંધતા ગયા, તે હું જોઈ શકું છું. હર પળે તેમની હાજરી વર્તાય છે. સોંપેલી જવાબદારી તેમના માર્ગદર્શન અને આશીર્વાદથી તેમ જ બધાના સાથ અને સહકારથી ખાતરી છે જરૂર પૂરી કરાશે જ.

□ **નીતિન સોનાવાલા**, ઉપપ્રમુખ શ્રી મું. જૈ. યુ. સંઘ

**શ્રી મુંબઈ જૈન યુવક સંઘ લખે છે....**

# ડૉ. ધનવંત શાહની અલવિદા

ડૉ. ધનવંત શાહની ચિર વિદાયે ખાલીપો સર્જાયો છે. યાદો દ્વારા તેઓ જીવંત છે. જીવન એવું જીવી ગયા કે જીવનને સુગંધીત કરી ગયા. ડૉ. રમણભાઇએ જતાં પહેલાં શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું સુકાન સોંપ્યું હતું, જે તેમણે પ્રેમપૂર્વક સહજપણે નિભાવ્યું. સાહિત્યનું ક્ષેત્ર હોય, નાટ્યક્ષેત્ર હોય, પર્યુષણ વ્યાખ્યાનમાળાનું સંચાલન હોય, શ્રી મું. જૈ. યુ. સંઘનું મંત્રી પદ હોય, 'પ્રબુદ્ધ જીવન'નું તંત્રી પદ હોય, ધર્મકથાઓનું સંચાલન હોય, બધા ક્ષેત્રોમાં તેમણે કાર્યોની સુવાસ પ્રગટાવી. દેશ પરદેશમાં 'પ્રબુદ્ધ જીવન'ની લોકપ્રિયતા વધારી, સૌને પ્રવૃત્તિઓમાં રસ લેતા કર્યાં. સારી રીતે લોક હૃદયમાં સ્થાપિત થયા. શ્રી મુંબઈ જૈન યુવક સંઘની આન, બાન, શાન વધારી. નામે, કર્મે, ધર્મે ગુણવંત, સ્વભાવે સૌમ્ય, વાણીએ મધુર એવા ડૉ. ધનવંત શાહને પ્રેમાંજલિ, પુષ્પાંજલિ, શ્રદ્ધાંજલિ અર્પણ કરુ ં છું. પ્રભુ એમના આત્માને ચિરશાંતિ આપે.

□ **શ્રીમતિ નીરૂબેન સુબોધભાઈ શાહ**: મંત્રી : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ

## આપણે સામૂહિક રીતે એમની ભાવનાને મૂર્તિમંત કરીએ એ જ અભિલાષા છે : કાકુલાલ મહેતા

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ અને 'પ્રબુદ્ધ જીવન' સાથેનો અમારો સંબંધ અંદાજે સાંઠેક વર્ષનો ખરો પણ એ તો દૂરનો. ૨૦૦૧માં મુંબઈમાં સ્થિર થવાનું બન્યું. શ્રી ધનવંતભાઈ 'પ્રબુદ્ધ જીવન'ના તંત્રી બન્યા પછી વ્યાખ્યામાળામાં મળવાનું થયું. એ અરસામાં શ્રી ધનવંતભાઈ 'પ્રબુદ્ધ જીવન'ના અગ્રલેખોમાં સંઘ અને 'પ્રબુદ્ધ જીવન'ની આર્થિક પરિસ્થિતિ વિષેની મૂંઝવણ પણ વ્યક્ત કરતાં અને શ્રદ્ધા પણ વ્યક્ત કરતાં કે 'પ્રબુદ્ધ જીવન'ને ગમે તેવા સંજોગોમાં ચાલુ રાખવામાં આવશે. આ પ્રસંગે મને શ્રી ધનવંતભાઈના સંપર્કમાં આવવાની તક પ્રાપ્ત થઈ એને મારું સદ્‌ભાગ્ય સમજું છું.

પ્રત્યેક પળે એમના સૌજન્ય અને હકારાત્મક અભિગમનો અનુભવ થયો, જે સમયાંતરે વિકસતો રહ્યો. પ્રત્યેક વ્યક્તિ સાથેનો એમનો આ સ્વભાવ નજરે ચડતો રહ્યો. વચન આપેલું પાળવા માટે અથાગ પ્રયત્ન કરીને 'પ્રબુદ્ધ જીવન'ને અને શ્રી મુંબઈ જૈન યુવક સંઘને આર્થિક રીતે સદ્ધર બનાવીને જ રહ્યા. 'પ્રબુદ્ધ જીવન' એ એમના અંગત જીવનનો એક હિસ્સો જ બનીને રહ્યો અને તેને અકલ્પનીય ઊંચાઈ પર લઈ જવાનો એમનો ફાળો, એમના વ્યક્તિત્વની એક ઝલક જેમણે આ વિકાસ થતો જોયો છે એમની સ્મૃતિમાં સદાય જળવાઈ રહેશે. સહુના, સહુ સાથે મૈત્રીભાવ છતાં પરથી પર અને આત્મામાં છવાયેલા એવા ધનવંતભાઈને હવે તો છાયાચિત્ર રૂપે જ જોવાના રહ્યા.

નવોદિત લેખકોને પ્રોત્સાહન આપીને એમણે લખતા-વિચારતા કર્યા. જ્યાં શક્તિ નજરે ચડી ત્યાં એમને આગળ લાવીને કામ સોંપ્યું અને એમને સફળતા અપાવી. પોતે જાણે ક્યાંય નથી એવી નિર્લેપતા જોઈને એમના સંપર્કમાં આવનાર સહુ કોઇએ એની મીઠાશ માણી હશે. નાજુક તબિયત હોવા છતાં શરીરની ચિંતા એમણે કરીજ નહિ. મને થાય છે કે 'શરીર માધ્યમ ખલુ ધર્મ સાધનમ્'ની એમણે અવગણના શા માટે કરી હશે? જો કે ધર્મની સાધના તો એમણે કરી જ કરી.

અંગત વાત કરું તો મારા બધા કુટુંબીજનોમાં હું મોટો એટલે મારા માટે બે આશ્રય સ્થાન હતા એમાંના એક શ્રી ધનવંતભાઈ હતા. એમની ખોટ હંમેશા જણાશે. મુંબઈ જૈન યુવક સંઘ અને 'પ્રબુદ્ધ જીવન'ને પણ એમની ખોટ ક્યારે પૂરાશે એ તો કલ્પના જ કરવાની રહી. ધનવંતભાઈને ત્યાં જવાનું થાય ત્યારે સ્મિતાબહેન જેમનું નામ એ પ્રમાણે સસ્મિત સ્વાગત માણ્યું છે.

સમસ્ત જૈન સમાજે એક વિરલ વ્યક્તિ ગુમાવી છે. એમના અંતરમાં ઊંડે ઊંડે એવી ભાવના હતી કે જૈન ધર્મના ચારેચાર સંપ્રદાયો કે જે બધા જ મહાવીરને માનનારા છે તે એક બને, આંતરિક ભેદભાવ દૂર થાય અને સામૂહિક રીતે વિશ્વ કલ્યાણમાં પોતાનું મહત્ત્વનું પ્રદાન કરે. એક પ્રબળ શક્તિ ઉત્પન્ન થાય. મારી અલ્પ મતિ અનુસાર શ્રી ધનવંતભાઈ જ્ઞાનયોગમાં જ લિપ્ત હતા અને 'પ્રબુદ્ધ જીવન'ની જવાબદારી લીધી ત્યારથી એમણે જ્ઞાનયોગની સાથે સાથે કર્મયોગનો પણ સમન્વય કર્યો. આપણે એવી ભાવના ભાવીએ કે જૈન ધર્મના બધા જ સંપ્રદાયોનો એક સંઘ (ફેડરેશન) બને જેમાં દરેક સંઘ પોતાની રીતે પોતાના કર્તવ્યો કરતા રહે પણ એક પર્યુષણ પર્વ બધા સાથે મળીને પાળે. અનેકાન્તના સિદ્ધાંતમાં શ્રદ્ધા ધરાવનાર આટલું તો કરી જ શકે! જૈનોની લઘુમતિ, વિસ્તરતી હિંસા-અસત્ય, જૈન ધાર્મિક કે યાત્રાસ્થળોના પ્રશ્નો વગેરેમાં સાથ સહકારથી કામ કરવાની ભાવના પ્રબળ બને.

એમનો આત્મા જ્યાં પણ હશે ત્યાં પૂર્ણ શાંતિમાં જ હોવાનો. આપણે સામૂહિક રીતે એમની ભાવનાને મૂર્તિમંત કરીએ એજ અભિલાષા, એજ અભ્યર્થના! સર્વ મંગલ માંગલ્યમ્, સર્વ કલ્યાણ કારણમ્, પ્રધાનમ સર્વ ધરમાણં, જૈનમ જયતિ શાસનમ્!! ✷

## 'સોહામણો મંગળવાર'

(૧) પરમ સ્નેહી ધનવંતભાઈ તમે કેમ ભુલાશો? આપના વગર અમે અને ગુજરાતી સાહિત્ય જગત સૂનું છે. આપે દસ-બાર વર્ષથી શ્રી મુંબઈ જૈન યુવક સંઘ અને 'પ્રબુદ્ધ જીવન' સામયિકને સમૃદ્ધ બનાવ્યું.

(૨) કેટલીય શારીરિક તકલીફો છતાં થાક અનુભવ્યા વગર આપે ઉચ્ચ લેખન-વાંચન અમને પીરસી, 'પ્રબુદ્ધ જીવન'ની પ્રત્યેક મહિને આતુરતાથી રાહ જોવાય અને હાથમાં આવતાં જ પહેલો લેખ સાથે વિશ્વાસથી ભરેલો ચહેરો સન્મુખ થાય.

(૩) કલાકો સુધી વ્યાકરણ, છંદ કવિતા સાથે તાત્ત્વિક ચર્ચા થતી. સૂક્ષ્મ સંશોધનનાં આપના વિચાર દર્શાવતા ધનવંતભાઈ આપના વગર કવિ નાનાલાલ અને કલાપીની મધુર યાદોને અને એનું રહસ્ય કોણ સમજાવશે?

(૪) મારી અંગત વાત કહું તો અમારા કુટુંબ અને ખાસ તો મારી દીકરી રેશ્માને પિતાથી અધિક પ્રેમ આપ્યો. આ બધું સદાય સ્મૃતિમાં રહેશે.

(૫) ધનવંતભાઈ વિષે લખવા બેસીએ તો પાનાં ભરાઈ જાય. સદ્‌ગુણોથી ભરેલા, સદાય સામેની વ્યક્તિને સદ્‌ભાવથી સ્વીકારનાર આવા ખેલદિલ સજ્જનની મિત્રતા મળવી એને મારું સદ્‌ભાગ્ય માનું છું.

(૬) અત્યારે તો તેમના જવાથી અવકાશ છવાયો છે, છતાં શ્રી મુંબઈ જૈન યુવક સંઘ અને 'પ્રબુદ્ધ જીવન'ની વર્ષો પૂર્વે એવા સમૃદ્ધ માનવોએ સ્થાપના કરી છે, જેથી સદાય સમયાનુકુળ વાતાવરણ આગળ ને આગળ જતું રહેશે.

(૭) જૂની યાદોમાં પૂ. પંડિત સુખલાલજી, પૂ. પરમાનંદ કાપડિયા, પૂ. ચીમનલાલ ચકુભાઈ, ડૉ. રમણભાઈ અને ગઈ કાલ સુધી ધનવંતભાઈએ શોભવેલ એટલે દઢતાપૂર્વક વર્ષો સુધી એ આગળ વધતું રહેશે.

(૮) છેલ્લા ત્રણેક વર્ષથી દરેક મંગળવારે બપોર પછી રાતના ૮ થી ૯ વાગ્યા સુધી ચિ. રેશ્મા સાથે પછીનાં ઓછામાં ઓછા ત્રણેક કલાક સુધી અમે બંને ઘણી જ જ્ઞાનગોષ્ઠી કરતા અને રાત્રે ભોજન લેતા, એ પ્રસંગ અવર્ણનીય છે. મારા પરમ આદરણીય મિત્ર-સ્વજન આપનો આત્મા જ્યાં પણ હશે ત્યાં શાતામાં જ હશે.

આપને નત મસ્તકે અંજલિ અર્પું છું.

**☐ બિપીનચંદ્ર જૈન**

Email : bipin.jain75@gmail.com

## બારણે ટકોરા

શ્રીમાન : અરે! જરા કોઈ પણ બારણું ઉઘાડો; ક્યારનું કોઈ ખખડાવે છે. કોણ છે?

દેવ : હું કાળદેવ છું. તને લેવા આવ્યો છું. તારો સમય પૂરો થયો.

શ્રીમાન : ભાઈ! મારો સમય હમણાં શી રીતે પૂરો થાય? ગણતરીના દિવસોમાં તો અમારો રત્નાશ્રમ વિદ્વાનોની હાજરીથી ઉભરાતો હશે. અહીંનું સંપૂર્ણ આયોજન મારા હસ્તક છે અને મહેમાનો સધ્ધાં મારા જાણીતા છે. અને એમાં મારી હાજરી નહિ આ તો અશક્ય વાત થઈ. સોનગઢની આ સંસ્થાની ખુશ્બૂને દૂર દૂર સુધી ફેલાવવાના મારા સ્વપ્નનું શું? ભાઈ, તું મને લઈ જવાનો પ્રયત્ન ભલે કરી લે પણ મને નથી લાગતું એમાં તું સફળ થાય.

કાળદેવ : હવે ચૂપચાપ આંખો બંધ કરી પ્રભુનું નામ લે. હું તારો શ્વાસોચ્છ્‌વાસ મંદ કરું છું. અરે! આ શું ચમત્કાર! તમારું સ્વાસ્થ્ય સારું છે. હું હાર્યો તમે જીતી ગયાં. થોડા દિવસ પછી ફરી આવીશ.

શ્રીમાન : ભાઈ તારો આભાર. મારા વિશાળ પરિવારની પ્રાર્થના ફળી. હવે હું આ સંસ્કાર વાટિકાના ખીલેલા પુષ્પો, વૃક્ષો અને અદકેરા માળીઓની મહેકને જગત સમક્ષ પ્રસરાવીશ. સોનગઢની ભૂમિ તો ચારિત્રધારી આત્માઓથી પવિત્ર થયેલ છે. અહીંના પુષ્પો તે અમારા નાના ભૂલકાંઓ છે. વૃક્ષ એ અહિંના ચરિત્રશીલ શ્રાવકો છે. તેઓ મહાન થઈને અહીંના બાળકોને સંસ્કાર આપશે એવી પરંપરા અવિરત ચાલી આવે છે. આ સંસ્થાના સ્થાપક કલ્યાણચંદ્રજીબાપા જાતે મને આશ્રમમાં સારો નાગરિક બનાવવા લાવ્યા હતા.

કાળ! તને વધુ શું કહું? તેં બક્ષેલ નવજીવન થકી હું સંસ્થાનું ઋણ અદા કરીશ. જો આજે નહીં ચૂકવું તો ક્યા જન્મમાં ચૂકવીશ? કેમ કહેવાય? આ પણ મને ચમત્કાર જ લાગે છે. મારું કાર્ય પૂરું થયા પછી હું ખુશીથી આવીશ.

**☐ ડૉ. રેણુકા પોરવાલ**

૧૧૦૫, ઝેનિથ ટાવર, પી. કે. રોડ, મુલુંડ (વેસ્ટ)

મોબાઈલ : ૯૮૨૧૮૭૭૩૨૭.

x x x

પૂ. ડૉ. ધનવંતભાઈને શ્રદ્ધાંજલિના પુષ્પો સમર્પિત કરતાં ગળે ડૂમો ભરાઈ આવે છે. શબ્દો પણ ઓછા પડે તેમ છે.

મુઠ્ઠી ઊંચેરો, નિષ્ઠાવાન તથા સાહિત્ય સાથે તન્મય થયેલો આત્મા હતો. તેમના લખાણમાં આપણી સમક્ષ વાત કરતા હોય એટલી જ નિખાલસતા નિતરતી હતી.ડૉ. ધનવંતભાઈ એટલે જ 'પ્રબુદ્ધ જીવન' અને 'પ્રબુદ્ધજીવન' એટલે જ ડૉ. ધનવંતભાઈ.

અત્યારે પ્રબુદ્ધ જીવન જે ઊંચાઇએ છે તે ડૉ. ધનવંતભાઈના અથાગ પ્રયત્નને આભારી છે

**☐ રજનીકાંત ચી. ગાંધી**

# વિરલ વ્યક્તિની ચિર વિદાય

**ભારતી બી. શાહ**

'હીરો પહેલ પડે દીપે, ટીપે ઘાટ ઘડાય,
ધૂપ જલે દીપક બળે, જીવન એમ જીવાય.'

જીવનની આકરી કસોટીમાંથી પાર ઉતરનાર માનવીનું જ મૂલ્ય અંકાય છે.

જીવન અને મરણ એ તો જીવની સાથે જોડાયેલી નિશ્ચિત બાબત છે, પણ એમાં તરતમતા અવશ્ય હોય છે.

સદા સુપ્રસન્ન મુખમુદ્રા અને આનંદી સ્વભાવ ધરાવનાર, સૌના પ્રિય એવા ડૉ. ધનવંત શાહે પોતાનું જીવન નિ:સ્વાર્થભાવે, લોક-કલ્યાણના કાર્યો કરવામાં વ્યતીત કર્યું. સમતા, સરળતા, નિખાલસતા અને નિ:સ્પૃહતાના ગુણો કેળવીને સ્વનું જીવન સુગંધી બનાવી, તેનું અત્તર બીજા તેમના પરિચયમાં આવનાર મિત્રો પર છાંટીને તા. ૨૮ ફેબ્રુઆરી-રવિવારની રાત્રે ૮-૪૫ મિનિટે દેહ પરિવર્તન કરી લીધું. આ એક વિરલ અને અણધારી તેમની ચિર વિદાય થઈ ગઈ.

કહેવાય છે કે; 'માનવી કેટલું જીવ્યો એ મહત્ત્વનું નથી, કેવું જીવ્યો એ મહત્ત્વનું છે.આ ઉક્તિને સાચા અર્થમાં તેઓએ સાર્થક કરી બતાવી એક ઉત્તમ દાખલો બેસાડ્યો મા સરસ્વતીની અપરંપાર કૃપા તેમના પર વરસી રહી હતી. જ્ઞાન સાથે વિદ્વતાનો સંગમ હતો. પરંતુ તેનું જરા સરખું, લેશ માત્ર પણ અભિમાન નહોતું. સદ્ભાવ, સંસ્કાર, સાહિત્યની સેવા સાથે રત્નાકર સમાન તેઓ બની રહ્યા. તેમના સંપર્કમાં આવનાર દરેક વ્યક્તિ પ્રત્યે લાગણી રાખતા. પીએચ.ડી.ની ડીગ્રી લેવા ઈચ્છતા અભ્યાસુઓને ખૂબ જ સુંદર રીતે માર્ગદર્શન આપતા. તેમની જીજ્ઞાસાને સંતોષ થાય તેવા ઉત્તરો આપતા. આમ સૌ કરતાં નિરાળું તેમનું વ્યક્તિત્વ જોતાંની સાથે જ જોનારના હૈયામાં અહોભાવ જાગ્યા વિના રહે નહિ. આપોઆપ એ જોડાઈ જાય અને મસ્તક ઝૂકી પડે.

ડૉ. ધનવંતભાઈએ સૌને પ્રેમ આપ્યો છે તેનાથી પણ વધારે પ્રેમ સૌએ તેમને કર્યો છે. મુંબઈની સૌથી જૂની ને જાણીતી સંસ્થા 'જૈન યુવક સંઘ'ના તેઓ મંત્રી અને 'પ્રબુદ્ધ જીવન'ના તંત્રી હતા. આ રીતે સ્વ. શ્રી રમણભાઈ ચી. શાહના પછી મંત્રી અને તંત્રી બનીને 'જૈન યુવક સંઘ'ને સફળતાના રાજમાર્ગ પર લઈ જઈ બે દાયકાથી પણ વધુ તેઓએ સુચારુ સેવા પ્રદાન કરી છે. 'પ્રબુદ્ધ જીવન'ના નિતનવા વિષયો પર આધારિત વિશેષાંકો પ્રસિદ્ધ કરી જૈન યુવક સંઘને ગૌરવ અને ગરિમા બક્ષ્યા છે. સર્વધર્મ સંપ્રદાયમાં માનતા ડૉ. ધનવંતભાઈએ અનેક નામાંકિત વિદ્વાન લેખકોને તેમજ નવા ઊગતા લેખકોનો આમંત્રણ આપીને જ્ઞાનની વહેંચણી કરી, એક વિશેષ વાચક વર્ગ ઊભો કર્યો છે. સુંદર મુખપૃષ્ઠ સાથે સાહિત્યને સમૃદ્ધ કરી સંસ્કારી વાંચનનો આસ્વાદ કરાવ્યો છે. 'જયભિખ્ખુ જીવન ચરિત્ર સતત પાંચ-છ વર્ષો સુધી' 'પ્રબુદ્ધ જીવન'માં પ્રસિદ્ધ કરીને જન જન સુધી તેમનો પરિચય કરાવ્યો છે. જે તાજેતરમાં જ નાટક રૂપે

## જેને વધતી ઉંમર કાર્ય કરતાં રોકી ન શકી

અત્યંત ઉત્સાહી મિત્ર, જેને વધતી ઉંમર કાર્ય કરતાં રોકી ન શકી. ૫૦ વર્ષની અમારી મિત્રતાની સફર. આજે હવે એ જ કહું કે 'આવો મિત્ર મળવો મુશ્કેલ.' મહાવીર જૈન વિદ્યાલય આયોજિત સાહિત્ય સમારોહના એ પ્રાણ. આખા સમારોહને પહેલેથી લઈ છેલ્લે સુધી જો કોઈ આકારિત કરી બતાવે તો તે ધનવંત શાહ. અનેક મિત્રોની સહાય તો ખરી જ. વલ્લભ ભંસાલી, કુમારપાળ દેસાઈ, જિતેન્દ્ર શાહ વગેરે સહ મદદ કરે પરંતુ એ બધાનું કેન્દ્ર ધનવંતભાઈ. એમ કહી શકાય કે ગૂંથેલી માળાનું મુખ્ય નંગ એટલે મારા મિત્ર ધનવંતભાઈ. છેલ્લાં કેટલાંક વર્ષોથી જૈન સાહિત્ય સમારોહને સાહિત્યિક, તાત્ત્વિક અને ધાર્મિક સ્પર્શ આપી કેટલાંય લોકોને વાંચતા-વિચારતાં અને લાયબ્રેરીમાં જતાં કર્યાં. એક યુનિવર્સિટી કક્ષાનું કાર્ય આ મિત્રો પાર પાડ્યું અને જેના વાવેલા વૃક્ષોના ફળોનો સ્વાદ કેટલાય પામી રહ્યાં છે.

આ મિત્ર હંમેશાં કામ માટે તૈયાર. એમની પાસે દરેક મૂંઝવણનો જવાબ હોય જ. એ સલાહ આપી ખસી ન જાય પરંતુ જ્યાં સુધી ઉકેલ ન આવે ત્યાં સુધી સાથે હોય. શબ્દોની ખોખલી સહાય નહિ પરંતુ પ્રત્યક્ષ સહાય માટે તત્પર આવો મિત્ર હવે ક્યાં મળશે?

વર્ષોથી પર્યુષણ વ્યાખ્યાનમાળા સંભાળું છું પરંતુ જે સ્વરૂપ પંડિત સુખલાલજીના સમયમાં હતું જેને જાળવી રાખવાનું કાર્ય ધનવંતભાઈએ કર્યું છે. આજે છવાયેલા શૂન્યાવ્યાકાશમાં હાથ પકડી દોરવનાર તો નથી પરંતુ એમને વાવેલા સ્વપ્નો અને કાર્યોને જાળવી લઈ આગળ વધારીએ એથી વધુ બીજું શું જોઇએ?

**□ શ્રી શ્રીકાંત વસા**

ચૅરમૅન ઑફ ટ્રસ્ટ, મહાવીર જૈન વિદ્યાલય

ગુજરાતી રંગમંચ પર રજૂ થતાં તેમના આનંદની કોઈ સીમા રહી નહોતી. 'જૈન યુવક સંઘ'ના `Best-Future Plan' વિશે તેઓ સતત વિચારતા જ રહેતા. તેમના રોમ રોમે આ સંસ્થાના સ્પંદનો રહેતા. 'પરસ્પરગ્રહો જીવાનામ્'ની ભાવના સદાય તેમની અંદર રમતી.

મુંબઈમાં 'મણિભુવન ટ્રસ્ટ'ના પણ તેઓ ટ્રસ્ટી હતા. દર મંગળવારે અચૂક જ તે ત્યાં હાજરી આપે. તેમના જીવનમાં સૌથી વધારે પ્રભાવ પૂ. ગાંધીબાપુ તેમજ શ્રીમદ્ રાજચંદ્રજીનો હતો. હમણાં ફેબ્રુઆરી ૨૦૧૬માં જ લાઠી ગામે પૂ. મોરારીબાપુના કરકમળો દ્વારા તેમને 'રાજવી કવિ કલાપી'નો એવોર્ડ તથા પુરસ્કાર પ્રાપ્ત થયા હતા. જે તેઓએ ખેલદિલીપૂર્વક પોતે સોનગઢ ખાતે જે 'ચારિત્રકલ્યાણરત્નાશ્રમ'માં ભણ્યા હતા તે આશ્રમમાં અર્પણ કરી દીધાં.

આ આશ્રમમાંથી જ પોતાના જીવનનું ઘડતર, ભણતર અને ચણતર થયું હોવાથી તેઓએ સંપૂર્ણ કર્તવ્યનિષ્ઠાથી સમારોહના દરેક કાર્યોમાં ધ્યાન આપી, સફળ સુકાની બની ખૂબ સંતોષ માન્યો. તેમની સાથેના અનેક ભૂતપૂર્વ વિદ્યાર્થી મિત્રોને યાદ કરી મંચ પર બોલાવતા. આમ તે સૌનો સાથ-સહકાર મળતાં આભારની લાગણી સાથે પ્રશંસા કરતા. રત્નાશ્રમનું જાણે પોતે ઋણ ચૂકવી દીધું હોય તેવી સંતોષની રેખાઓ તેમના મુખ પર છવાઈ ગઈ હતી.

આવા મુઠ્ઠી ઊંચેરા માનવી, સર્વતોમુખી પ્રતિભા દ્વારા તેમનું જીવન પ્રકાશિત કરી ગયા. ચિરંજીવ યશનું પાત્ર બનીને, કાળના પંથ ઉપર સુકૃતના પદ્ચિહ્નો અંકિત કરીને આપણી વચ્ચેથી દેહથી વિદાય થયા છે પણ તેમના કામો દ્વારા, તેમના આત્મા દ્વારા તો આપણી સાથે જ છે અને રહેશે.

ડૉ. ધનવંતભાઈ, તમને ક્યારેય ભૂલી શકાય તેમ નથી જ નથી. મારા ગુરુ બનીને, માર્ગદર્શન આપીને તમે જ તો મને પ્રેરણા આપી, મારામાં ઉત્સાહ અને જોશ જગાડીને 'ગુરુ ગૌતમ સ્વામી'નું પુસ્તક પ્રકાશિત કરાવ્યું. ગણધરવાદ વિશે છ આવશ્યક વિશેષાંક જેવા અંકો તૈયાર કરવામાં સાથ આપ્યો. સદાયે મારે તમારું ઋણ તો રહેશે જ.

અંતમાં તેમને શ્રદ્ધાંજલિ અર્પણ કરતાં તેમના જ અવતરણો અહીં રજૂ કરું છું જેની નોંધ લેવી આવશ્યક છે.

૧. 'જે કાળને સમજ્યો છે એ બધું સમજ્યો છે એટલે આપણે તો કાળને વિનંતી કરવાની કે પળે પળે મને જાગૃતિ આપજે પછી ન પશ્ચાતાપ રહે કે ન ક્ષમા યાચના.

૨. વ્યક્તિ માત્ર જ પોતે પોતાના ભાગ્યનો ઘડનારો છે પણ તેમાં હિંમત અને પુરુષાર્થ જરૂરી છે. દરેક માણસ મોક્ષની યાચના કરે છે, પણ આચરણ બદલવા તૈયાર નથી.

૩. જો રાગ-દ્વેષ કે વેર-ઝેરની ભાવનાને બદલાવી સમતા ને સમભાવ સાથે પ્રેમથી રહેતા શીખે તો એ માણસનું જીવન તેજોમય બન્યા વગર રહે નહિ.

૪. જેના જીવનમાં સાત્ત્વિકતાનું તેજ આવતું જાય, તેને બીજાના અવલંબનની જરૂર રહેતી નથી કે નથી જરૂર બીજા પ્રકાશની.

૫. અનેકાંતવાદની પૂર્વ શરત એ છે કે વ્યક્તિએ સર્વ પ્રથમ અહં અને પૂર્વગ્રહથી મુક્ત થવું. તો જ સત્ય પાસે પહોંચી શકાય છે.

૬. જગતે વિશ્વશાંતિ અને સુખ પાસે પહોંચવું હશે તો ગાંધી ચિંતનને જીવનમાં ને વ્યવહારમાં ઉતારવું પડશે.

✱ ✱ ✱

મોબાઈલ : ૯૩૨૪૧૧૫૫૭૫

## સૌના દિલોદિમાગમાં સદાય છવાયેલા રહેશે !

જૈન યુવક સંઘની કમિટીમાં મેમ્બર હોવાથી ધનવંતભાઈ સાથે થોડોઘણો વાત કરવાનો પરિચય–તેમના કાર્યોની સફળતા માટે બિરદાવવાનો, પ્રશંસા કરવાનો પરિચય. પણ આ તો અલપઝલપ. એ અલપઝલપ વાતચીતના માધ્યમથી પણ એમનું વ્યક્તિત્વ આપણી સમક્ષ સાંગોપાંગ ઉભરી આવે; કારણ તેમના ઉમદા ગુણો. જાણે કે ઉમદા ગુણોનો પયધિ એટલે ધનવંતભાઈ. સર્વગુણો તેમના જીવનમાં આવિષ્કાર થયા હતા.

સમાજને નવા નવા પ્રોજેક્ટ દ્વારા જ્ઞાનભણી દોરવા એ જ તેમના જીવનનું ધ્યેય હતું. સર્વધર્મ સમભાવની ભાવનાથી બધા ધર્મોના લેખો તેઓ 'પ્રબુદ્ધ જીવન'માં લેતા હતા. સર્વને પોતાનામાંજ સમાવી લેવા એવી તેમની દીર્ઘદૃષ્ટિ હતી.

અતિ વ્યસ્ત કાર્યમાં પણ તેઓએ અમને અનાજ રાહત ફંડ અને કેળવણી ફંડ માટે અપીલ કરવાની સૂચના આપી. જેનો અમલ અમે અપીલ કરીને કર્યો અને સારો પ્રતિસાદ મળ્યો, જેનું શ્રેય ધનવંતભાઈને જાય. આટલી નાની શી વાત અમને ન સૂઝી અને તેમને સુઝી. આ જ તેમની જૈન યુવક સંઘની દરેક પ્રવૃત્તિ માટેની લગન અને દીર્ઘદૃષ્ટિ.

આશ્ચર્ય થાય કે તેમના મન-બુદ્ધિમાં કેટલા ખાના હશે કે દરેકમાં એક એક વિચાર ગોઠવીને દરેકને કાર્યરત કરે! દરેક વ્યક્તિને પોતાની ક્ષમતા અનુસાર આંગળી ચીંધીને જીવનને માર્ગે આગળ ધપાવે.

શું લખવું અને શું ન લખવું, પરંતુ ધીરગંભીર સદાય મીઠી વાણી બોલનારા, સામી વ્યક્તિને પોતાની કરી લેવાની ક્ષમતા ધરાવનાર ધનવંતભાઈ સૌના દિલોદિમાગમાં સદાય છવાયેલા રહેશે.

☐ રમા વિનોદ મહેતા

# ડૉ. ધનવંત શાહની કાવ્ય સાધના-પત્રોમાં...

☐ ડૉ. એમ. એમ. સંગોઈ

અમારી પાંસઠ વર્ષની મિત્રતા, સોનગઢ ચારિત્ર રત્નાશ્રમમાં સાથે રહી અભ્યાસ કર્યો. એ બુદ્ધિજીવી પોતાના વિચારોમાં આગળ અને આપણા રામ ઉંમરમાં ચાર વર્ષ આગળ. મેટ્રીક કરી અમે બંને છૂટા પડ્યા ને હું મુંબઈ આવ્યો. પત્રવ્યવહાર ચાલુ થયો. તે પણ કવિતાઓમાં, ધનવંતભાઈની ઉંમર તેર વર્ષની. એ કાવ્યો છંદોમાં લખે. એમનો આગ્રહ કે મારે પણ જવાબ પદ્યમાં જ આપવો. એમણે તા. ૧૩-૧૨-૧૯૫૩ના પત્રમાં લખ્યું, છંદ હતો સ્ત્રગધરા. 'કાવ્યો અર્પીશ તુંજ નવલાં...માગું મુજ પત્રનો જવાબ પદ્યોથી.'

પત્રના અંતમાં :

નવ સમય, જગ્યા, મગજ મુજ પાસે હવે
પત્ર અભિલાષાએ પંકજને વિરમું ભાવે.'

પોતાનું તખ્ખલુસ 'પંકજ' રાખેલું.

બાળપણથી એ માતૃસુખથી વંચિત રહ્યા હતા. તા. ૧૩-૩-૧૯૫૪માં (ઉંમર ૧૪) એમણે હૃદયનું દુ:ખ ઠાલવ્યું.

રાગ ભૈરવી.

'અરે હશે કો કમભાગી મુજ સમો આ જગમાં,
જેણે માણ્યુ ન સુખ માનું, એ જીવન મૃતક જગમાં
ઓ માડી તું ક્યાં ગઈ રે તુજ બાળકને મૂકી,
આવ અહિં માડી મુજ પર હેતે સહ મૂકી.

તા. ૧૩-૯-૧૯૫૪ના પત્રમાં છંદ મંદાક્રાંતામાં લખે છે :

શીર્ષક, 'પ્રેમ અને વિરહ'. (ઉંમર ૧૪ વર્ષ)

'સિંધુ તારા જલધિ જલ આરે શશિ સર્દનો આ,
કેવો ખીલ્યો જગ પર વરે ચાંદની વેરતો હા!
ધીમી વહેતી પવન લહેરી પંખીડા ગીત ગાતાં
હીલોળતાં કિરણ જળ-હૈડે કણો હેમ શા આ.
કિશ્તી ડોલે ઉદધિ-ઉદરે ચંદ્ર તેજ રૂપેરી
મોજાં ડોલે અગણિત અહીં ખેલતાં ગેલતાં કૈં,
જોને! પેલી સરિત ધસતી આવતી સ્નેહ ઘેલી,
ઘેરા નાદે નિધિ ઘુઘવતો ભેટતો ભાન ભૂલી.
પ્રેમી હૈયાં પરસ્પર આલીંગન ચૂમતા કૈં
ભાવે ભેટી લથબથ થતાં લાડતાં લાડલા કૈં,
કેવાં મીઠાં મધૂર મિલનો મીઠડી પ્રીત કેવી?
કેવાં ઘેરાં વિરહ દુ:ખ, ઓ પ્રેમની રીત કેવી?

મુંબઈમાં અભ્યાસ પૂરો કરી દિલ્હીમાં મને સારા પગારે જોબ મળી. એમણે પત્રમાં લખ્યું,

**પુત્ર અને પ્રગતિ**

અધૂરો મૂક્યો હોય સંસારનો યજ્ઞ માત તાતે
ત્યાંથી આદરી પૂરો કરે તે પુજી લ્યો ત્યારે પુત્રને.

પુત્ર પૂજા એટલે પ્રગતિ પૂજા. આશીર્વાદ દ્યો. પુત્રધન નારો દિલ્હીમાં રાજઘાટે જઈ પૂ. ગાંધીજીની સમાધિએ હું જવાનો છું એમ મેં લખ્યું,

એમણે લખ્યું,

'પૂ. ગાંધીજીના જન્મ દિવસે તારો હાર્દિક સંદેશો મળ્યો, આભાર. પરંતુ હું જન્મ કરતાં મૃત્યુને વધુ મહત્ત્વનું ગણું છું. માણસ જન્મે ત્યારે મહાન નથી હોતો, મૃત્યુ વખતે મહાન થતો જાય છે.'

'માનવ, તું જન્મ્યો ત્યારે બધાં હસ્યાં અને
તું ઉંઆ ઉંઆ રડ્યો પરંતુ એવી જીંદગી જીવી
જા કે તારા મૃત્યુ વખતે જગ રડે અને તું હસે.'

૨૯મી ફેબ્રુઆરી ૧૯૧૬ના દિવસે ધનવંતભાઈ સૌને શોકમાં મૂકી એ સ્નેહની સુવાસ ફેલાવતાં ચાલ્યા ગયા.

✱ ✱ ✱

૧૮, સાગરપ્રભા,
પ્રભાનગર,
પ્રભાદેવી બીચ રોડ,
મુંબઈ-૪૦૦ ૦૨૫.
ટેલિફોન : ૨૪૨૧૧૧૧૬

## તા. ૧૭ જાન્યુઆરી ૨૦૧૬નો યાદગાર પ્રસંગ

ગત્ વર્ષે અમો એક જ કારમાં ધનવંતભાઈ, સ્મિતાબેન, નિતીનભાઈ સોનાવાલા તથા અમે બન્ને સફર કરીને કપરાડામાં શ્રી નિતિનભાઈ સોનાવાલાના 'શબરી આશ્રમ'ની મુલાકાતે ગયા હતા અને એક રાત ત્યાં રોકાયા હતા. તેથી ધનવંતભાઈ તેમ જ સ્મિતાબેન સાથે પણ વધુ સંપર્કમાં આવ્યા. ત્યારબાદ અમે બધા સાથે ધરમપુરમાં પૂ. શ્રી રાકેશભાઈના આશ્રમની મુલાકાતે ગયા હતા. તેમના પ્રવચનનો લાભ લીધો હતો. આ બે દિવસની સફર દરમિયાન ધનવંતભાઈના આનંદી સરળ સ્વભાવ તથા શ્રી મુંબઈ જૈન યુવક સંઘના મંત્રી તરીકેનું તેમનું વ્યક્તિત્વ તથા સરળતાનો ખ્યાલ આવ્યો. તે અગાઉ તેઓ અમારા ઘેર પણ આવ્યા હતા. તેમના 'પ્રબુદ્ધ જીવન'માં આવતા તંત્રી લેખ વાંચીને તેમના જ્ઞાનથી હું ખૂબ જ પ્રભાવિત થઈ હતી.

☐ તરૂબેન વી. ઘેલાણી
☐ વી.આર. ઘેલાણી

# ધનવંત શાહ : ગુણાનુરાગી વ્યક્તિત્વ

❑ ડૉ. અભય દોશી

પરમ આદરણીય ડૉ. ધનવંત શાહ સાથેનો મારો પરિચય તો સાહિત્ય સમારોહ, જ્ઞાનસત્રો આદિ નિમિત્તે છેલ્લાં કેટલાય વર્ષોનો હતો, પરંતુ ૨૦૦૬ના અંતમાં મારો શોધનિબંધ 'ચોવીશી : સ્વરૂપ અને સાહિત્ય' પ્રકાશિત થયો. ૨૦૦૭ના પ્રારંભે પંડિત સુખલાલજી વિશે મુંબઈ જૈન યુવક સંઘના ઉપક્રમે એક પરિસંવાદ યોજાયો હતો, તેમાં આ પુસ્તકનું વિમોચનનું આયોજન સામે ચાલીને કર્યું. જૈન સાહિત્યમાં સંશોધન કરનાર વ્યક્તિઓને પ્રોત્સાહન આપવાની તેમની આ ઉદાર વત્સલ દૃષ્ટિએ આત્મીયતાના તાર બાંધી આપ્યા.

ધનવંતભાઈ શાહે રમણભાઈ શાહને પગલે ચાલી સાહિત્ય સમારોહ, 'પ્રબુદ્ધ જીવન'નું તંત્રીપદ અને પર્યુષણ વ્યાખ્યાનમાળા આ ત્રિવિધ જવાબદારીઓને દીપાવી એટલું જ નહિ, અનેકગણી રીતે ઊજમાળ કરી.

તેમની ગુણગ્રાહકતા અને સર્વસમાવેશકતા એવા વ્યાપક હતા કે, જેને લીધે ખાસ કરીને મહાવીર જૈન વિદ્યાલય દ્વારા આયોજિત સાહિત્ય સમારોહમાં સહભાગી બનતા કેટલાંક નવા સંશોધનાર્થીઓના પેપરના સ્તર અંગે પ્રશ્નો પણ થતા. પરંતુ, તેઓ અનેક નવી કલમો જૈન સાહિત્ય સ્તરે પ્રવૃત્ત થાય, તે માટે પ્રયત્નશીલ હતા.

તેમની આ સર્વસમાવેશકતા હોવા છતાં ઉત્તમ વિદ્વાનો માટે તેમના હૃદયમાં વિશેષ આદર હતો. એથી જ સમારોહમાં આવતા નવયુવાન શોધાર્થીઓમાંથી કેટલાક વિશેષ શક્તિમાન એવા શોધાર્થીઓને સોંપાતા વિશેષ કાર્યભારમાંથી દેખાઈ આવતું.

તેઓ પોતે જૈન સાહિત્યના તો ઊંડા અભ્યાસી હતા જ, પરંતુ સાથે વિશ્વભરના આધ્યાત્મિક સાહિત્યના મર્મજ્ઞ હતા. મારા એક વિદ્યાર્થિનીના શોધનિબંધના પરીક્ષક તરીકે તેઓ આવ્યા, ત્યારે પરીક્ષક તરીકે શોધનિબંધને કેવા ઊંડાણથી તપાસાય તેનો પરિચય તો આપ્યો જ, પરંતુ 'યોગવશિષ્ટ રામાયણ' આદિ મહાકાય ગ્રંથોમાંથી કેવી પ્રજ્ઞાભરી દૃષ્ટિ ફરી વળી છે, તેનો પરિચય કરાવ્યો હતો.

તેઓ ન્હાનાલાલ, કલાપી અને કાન્ત આદિ પંડિતયુગના સાહિત્યના ઊંડા અભ્યાસી હતા. કચ્છમાં યોજાયેલા એક પરિસંવાદમાંથી પાછા ફરતા ટ્રેનમાં આ વિવિધ સાહિત્યકારો અંગે ઊંડી ચર્ચા થયેલી. તેઓ કહેતા કે, કલાપી અને કાન્તને યથાર્થ રીતે સમજવા માટે સ્વીડનબોર્ગન સાહિત્યનો અભ્યાસ કરવો પણ આવશ્યક છે. આ વાતમાં તેમની આ કવિઓને સમજવાની દાર્શનિક પીઠિકાનો પરિચય પ્રાપ્ત થાય છે.

ભાવનગર અને પુણે એ બે સાહિત્યસમારોહો બાદ ધનવંતભાઈના માર્ગદર્શન હેઠળ રતલામ સાહિત્યસમારોહથી સાહિત્ય સમારોહ સાથે ભંશાળી-પરિવાર સંકળાયો. વ્યાપક આમંત્રણ અને ઉત્તમ આયોજનને લીધે શોધાર્થીઓની સંખ્યા વધતી ચાલી. પાવાપુરી (રાજ.) મોહનખેડા (મ.પ્ર.) આ બંને સાહિત્યસમારોહ શોધાર્થીઓની સંખ્યા, આયોજનની ગુણવત્તા તેમજ કેટલાક ઉત્તમ શોધનિબંધો આદિને લીધે જૈનસમાજ અને સાહિત્ય માટે આશીર્વાદસમાન બની રહ્યા.

૨૦૧૬નો સાહિત્યસમારોહ સોનગઢ મુકામે નિશ્ચિત થયો. ધનવંતભાઈ સોનગઢના વિદ્યાર્થી અને સોનગઢમાં જ અંતિમ સાહિત્યસમારોહ એક ઋણાનુબંધની જાણે સાંકળ હતી. સોનગઢ સાહિત્યસમારોહ પૂર્વે જ એમની તબિયત બગડી, પરંતુ સોનગઢના સાહિત્યસમારોહમાં સ્વસ્થ થઈ બધી જ જવાબદારીઓનું નિર્વહણ કર્યું એટલું જ નહિ, વિવિધ સત્ર-સંચાલકો સાથે ચર્ચા-વિચારણા કરી ભાવિ સાહિત્યસમારોહનું માળખું તૈયાર કરતા રહ્યા.

માર્ચ મહિનામાં મુંબઈ વિદ્યાપીઠ ગુજરાતી વિભાગ અને જૈન એકેડેમી સાથે ઉપાધ્યાય વિનયવિજયજી અને યશોવિજયજીના જીવન-કવન અંગે એક પરિસંવાદ યોજાયો હતો. સોનગઢથી આવી ગંભીર માંદગીમાં પટકાયા હતા, એમાંથી જરાક સ્વસ્થ થયા કે, પુનઃ તેના આયોજનની ઝીણી ઝીણી કાળજી લેતા. ફોન હૉસ્પિટલમાંથીજ ચાલુ થયા.

તેમના હૃદયમાંના અનેક સ્વપ્નમાંથી એક સ્વપ્ન હતું કે, બેય મહોપાધ્યાયોના સાહિત્ય વિશે સઘન અધ્યયન થાય, એ સ્વપ્ન માર્ચ માસમાં યોજાનારા આ કાર્યક્રમ દ્વારા સુંદર રીતે પૂર્ણ થાઓ એ અમારા હૃદયની ભાવના છે.

એમની અનેકવિધ કાર્યોને સાકાર કરવાની ઝંખના, સુકુમાર સ્વભાવ અને મધ્યસ્થ દૃષ્ટિ, તે સાથે જ સદાય પ્રસન્ન સુમધુર હાસ્ય એ સૌ સદા સ્મૃતિપટ પર રમશે. તેમના ગુણગ્રાહી સ્વભાવ વિશે એમના પ્રિય કવિ કલાપીની પંક્તિ ટાંકીને કહી શકાય.

'સૌંદર્ય પામતા પહેલાં સુંદર બનવું પડે.'

પોતાના આત્માના અનંત સૌંદર્યને પ્રાપ્ત કરવા તેમણે નાનામાં નાની વ્યક્તિથી માંડી વિરાટ સર્વને માટે અપાર-ગુણાનુરાગનું સૌંદર્ય ધારણ કર્યું હતું એવા ધનવંતભાઈને શ્રદ્ધા-સુમન અર્પું છું.

✶ ✶ ✶

અધ્યક્ષ : ગુજરાતી વિભાગ, મુંબઈ યુનિવર્સિટી
Phone : 989267827. email : abhay.doshi@gmail.com

# બિછડે સભી બારી બારી...

❑ ગીતા જૈન

'મૃત્યુ તો જન્મનો પડછાયો છે,
અમર પ્યાલો પીને
કોઈ અવતરતું નથી,
ઊતરે છે તે ઊડવાને કાજે.'

**–કવિ ન્હાનાલાલ**

હૃદયસ્થ આત્મીયજન ડૉ. ધનવંતભાઈ શાહ–'ડિટીશા'ની વિદાય હચમચાવી રહી છે ત્યારે અમને બંનેને પૂ. મુનિશ્રી ક્ષમાસાગરજીની ગમતી કવિતા મારા માટે આશ્વાસનરૂપ છે.

मुझे कहना है अभी वह शब्द जिसे कहकर नि:शब्द हो जाउं
मुझे देना है अभी वह सब जिसे दे कर नि:शेष हो जाउं
मुझे रहना है अभी इस तरह कि मैं रहूं लेकिन मैं रह न जाउं।

એઓ એવા વ્યક્તિ હતા કે મોટી વયની વ્યક્તિ પણ એમને એકવાર મળે તો ભૂલી ન શકે ને વારંવાર મળવા ઈચ્છે. હું તો માત્ર ૧૫-૧૬ વર્ષની હતી ત્યારે એમની સાથે થયેલી પહેલી મુલાકાત સદાય ચિરંજીવ રહી. બાવન વર્ષની એકધારી અવિરત વહેતી નિર્મલ મૈત્રીના અનેક તાણાવાણા રચાયેલા છે જાણે 'ઝીની ઝીની ચદરિયા...'

એ વખતે એઓ Ph.D.ના અભ્યાસમાં મશગુલ હતા. 'કવિ ન્હાનાલાલની કવિતામાં માનવજીવન દર્શન.' એમના હસ્તાક્ષર પ્રેસવાળા ઉકેલી શકતા નહીં. એટલે મારા સદ્ભાગ્યે એ શોધપ્રબંધની પ્રેસકોપી તૈયાર કરવાનું કામ મારે ભાગે આવ્યું! કવિના સાહિત્યમાં ડુબકી મારવાની મને તક મળી. લખતા લખતા અટકી જવાતું, ફરી વાંચતી, ફરી લખતી આમ હું કવિતાના પ્રેમમાં પડી. લખવા, વાંચવામાં રુચિ વધતી ગઈ. એમની સાથેના ટ્યુનિંગ થકી ગુજરાતી ભાષાના અધ્યાપકો, લેખકો, કવિઓ, પત્રકારો, સાહિત્યકારોના પરિચય થયા. સાહિત્યિક પ્રવૃત્તિઓ સાથે મળીને કરી...હું ઘડાતી ગઈ, મંઝાતી ગઈ! એમના સાહિત્યિક કાર્યોના આયોજનના કામો સંપૂર્ણ વિશ્વાસથી મને સોંપીને એઓ મને કેળવતા.

અમારી સ્વસ્થ મૈત્રી આગળ ધપતી રહી...જીવનના ઘણાં વળાંકે એકબીજાને સહી લેવાની તક અમને નિયતિએ પૂરી પાડી.

એઓ કશુંક પણ લખે–કવિતા, મુક્તક, પંક્તિ, લેખ, નાટક, મને વંચાવે, પ્રાયઃ પહેલી વાચક અથવા શ્રવણકારનું સૌભાગ્ય મને મળતું. મારી ચાંચ પણ ન ડૂબે એવા વિષય પર એઓ મારો અભિપ્રાય માગે એ એમની નમ્રતા અને સાલસતાને સલામ કરીને મારો મતભેદ રજૂ કરું તો એની પર ચર્ચા થાય. ક્યારેય અહંકાર વચ્ચે ન આવે. મનભેદ વગરની ખુલ્લી ચર્ચા પછી યોગ્ય લાગે તો ફેરફાર પણ કરે. આવું વિરલ વ્યક્તિત્વ મને વામણું થોડું રહેવા દે!

'પ્રબુદ્ધ જીવન'ના તંત્રી તરીકે 'પંથે પંથે પાથેય'ના લેખ માટે કડક નિયમિતતા માટે સલાહ આપે, ઠપકો આપે અને પ્રેમથી ટાઢક પણ આપે.

પુસ્તકો અને સ્ટેશનરીના ગજબના શોખીન. એક નાનકડી પેન્સિલ કે ડાયરીથી પણ ખુશ થઈ જાય અને સ્મરણમાં રાખે! ભેટ આપવામાં પૂરી ઉદારતા. પુસ્તક આપે તો એની ચર્ચા કરવા પણ સમય આપે.

એમની વ્યવસાય સિવાયની સાહિત્યિક પ્રવૃત્તિની કામગીરી સંભાળવાનો આનંદ હું લેતી એટલે નિયમિત પણે એમની ઑફિસમાં જતી. એ વર્ષોમાં કાર્યક્રમ દરમ્યાન એમને વિષે બોલતા મહાનુભાવો વિશેષરૂપે ટાંકતા કે શ્રી અને સરસ્વતી બંને એમને વરેલા છે.

અમારી વચ્ચે ક્યારેય 'શ્રી' આવતી નહીં. ન એ અંગે કોઈ લેવડદેવડ થતી, સ્વસ્થ મૈત્રીના ઝરણાંએ ક્યારેય મને લઘુતા અનુભવવા ન દીધી. હા! સરસ્વતીની પૂજા, અર્ચના, ઉપાસના અમે નિરંતર સાથે કરતા રહ્યા. ડેવિડ સાસુન લાયબ્રેરીના ગાર્ડનની હરીભરી સાંજો જ્ઞાનસભર બની જતી. ઑફિસમાં પણ એમની પાસેથી ઘણું શિખી. ગમે તેવી પળોમાં એઓ ઉશ્કેરાતા નહીં, સામેવાળો તપીને આવ્યો હોય પણ ડીટિશાની બરફની પાટને અડે ને તદ્દન ઠંડો થઈ જાય... શાંતિથી ઉકેલ નીકળી આવે.

માણસ કોઈ પણ પદ પર હોય એઓ સૌને સમાન સન્માન આપતા.

લાઠીમાં કલાપી એવોર્ડ સમારોહ વખતે અમારી સાથે રાજેશભાઈ પટેલ પણ હતા. એમણે નોંધ્યું – 'હું ધનવંતભાઈ પાસે લાડ કરૂં છું અને ગીતાબેન દાદાગીરી કરે છે.' – રાજેશભાઈ જીવનના ઘણાં તબક્કા પછી, ઘણાં ટપલા ખાધા બાદ 'દાદાગીરી' સ્વીકૃત બને છે!

'બ્રહ્માંડને યે આરા છે,
આયુષ્યને યે કિનારા છે.'

**–કવિ ન્હાનાલાલ**

ડિટિશા સાથેની અંતિમ મુલાકાત ૨૩-૦૨-૨૦૧૬એ પણ રાજેશભાઈની હાજરીમાં થઈ. હૉસ્પિટલથી પરત આવ્યા બાદની આ મુલાકાત જાણે પૂર્ણવિરામ મૂકીને હળવાશ અનુભવતા હોય તેમ એમણે મન મૂકીને વાતો કરી. આગળના પ્લાન રજૂ કર્યા,

સૂચનો આપ્યા, માર્ગદર્શન કર્યું...જાણે એમને સંદેશો હતો કે ફરીવાર નહીં મળાય.

'મૃત્યુ એટલે દેહાન્તર ને રૂપાન્તર.'

**–કવિ ન્હાનાલાલ**

આત્મીય ડિટીશા, તમે જ્યાં હશો ત્યાં શાંતિ માણી રહ્યા હશો. અંતિમ ક્ષણો સુધી કાર્યરત આપને મારી હૃદયાંજલિ પ્રસ્તુત કરતાં ઈચ્છું છું કે બસ! આપે સૂચવેલ કાર્ય કરી શકું, માર્ગદર્શનનો અમલ કરી શકું એવી શક્તિ મને મળો.

'મૃત્યુ એ મહાભ્રમ છે જગતનો,
જગતમાં મૃત્યુ છે જ ક્યાં?
બ્રહ્માંડે છે નવજન્મ – પુનર્જન્મ,
આયુષ્યની યાત્રા અનન્ત છે.'

**–કવિ ન્હાનાલાલ**

મોબાઈલ : ૯૮૬૯૧૧૦૯૫૮.

# અલગારો માનવી

☐ **મહેન્દ્ર શાહ** (એડવોકેટ)

ધનવંતભાઈ અને હું જૂન ૧૯૫૭માં મુંબઈના ચોપાટી વિસ્તારમાં આવેલી મરીના મોર્ડન સ્કૂલમાં શિક્ષકબંધુ સ્વરૂપે મળ્યાં. રિસેસમાં થોડી સાહિત્યની વાતો કરી અને જાણે પ્રથમ દૃષ્ટિએ પ્રેમમાં પડ્યાની અનુભૂતિ થઈ. તોફાની વિદ્યાર્થીઓની ગણાતી આ શાળામાં સફળ શિક્ષક રહેવાનું મુશ્કેલ હતું. ધનવંતભાઈ પિરીયડોમાં ધીમે ધીમે શાંત પડતાં વિદ્યાર્થીઓ એમને પ્રેમ અને શાંતિથી સાંભળતા થઈ ગયા. એમના આકર્ષક વ્યક્તિત્વ, વાણીની મધુરતામાં વિર્ધાર્થીઓ ખોવાઈ ગયા. અમારી મૈત્રી દિન પ્રતિદિન વ્હાલ, શાંતિ, નિખાલસતાથી વાયુ વેગે વધતી રહી. ધનવંતભાઈના બહેને મોકલેલ ટિફિનમાં ભાગ પડાવી પ્રસાદ જેવું ભોજન આરોગ્યાની સ્મૃતિ હૃદયપટ પર અંકિત થયેલી રહેશે. અમારા કાર્ય ક્ષેત્રો બદલાયા. એમણે સાહિત્ય, અધ્યાત્મ, સમાજસેવાના ક્ષેત્રમાં ઊંડી ડૂબકીઓ લગાવી શ્રેષ્ઠતાના શિખર સર કર્યા. મેં મારા વકીલાતના વ્યવસાયમાં આગળ જંપલાવ્યું. હવે તો પ્રસંગોપાત મળવાનું બનતું છતાં અમારા પરસ્પર પ્રેમ, એમની અમીદૃષ્ટિ, મારી સરળતાએ અમારી મૈત્રીની ઊંડાણતામાં અમને ઓતપ્રોત કરી દીધા. એમણે સાહિત્ય, અધ્યાત્મ અને માનવસેવાના કાર્યોમાં પોતાનું સર્વસ્વ હોમી દેતા જોઈને હું ખૂબ આનંદ અને ગૌરવ અનુભવતો. એમના આ બધા ઉત્કૃષ્ટ કાર્યોની ગમે તેટલી મોટી નોંધ કરીએ તો તે ટૂંકી પડવાની. અમે બેસતા વર્ષના દિવસે મહાલક્ષ્મીમાતાજીના દર્શન કરવા સહકુટુંબ જતા. એમની કુટુંબપ્રેમની પ્રતિભા ઉત્કૃષ્ટ રીતે અંકાયેલી રહેશે. એમણે રચેલી કૃતિઓ પછી એ નાટ્યકૃતિ હોય, આધ્યાત્મિક કૃતિ હોય, કે 'પ્રબુદ્ધ જીવન'નો એમને તંત્રી લેખ હોય–આ તમામ કૃતિઓમાં એમની શ્રેષ્ઠતા, વિષયનું અગાધ ઊંડાણ, ખૂબ જ લોકભોગ્ય પારિભાષામાં અભિવ્યક્ત કર્યું. 'પ્રબુદ્ધ જીવન'માં એમણે ખૂબ જ જ્ઞાની વ્યક્તિઓના ઉત્કૃષ્ટ સર્જનો વિવિધ લેખમાળા દ્વારા લોકસમૂહને પીરસ્યા. લોકોને ધર્મ, સમાજ, દેશ અને સાહિત્ય પ્રત્યે જાગૃત કર્યા. તેમની ફરજો માટે જાગૃતિ લાવવાનો સઘન પ્રયાસ કર્યો. સોનગઢ આશ્રમમાં ભણ્યા, ઉત્તમ સંસ્કારો પ્રાપ્ત કર્યાં અને એમની નાદુરસ્ત તબિયત હોવા છતાં સોનગઢ આશ્રમમાં જ્ઞાનસત્ર યોજવામાં ખૂબ જ પરિશ્રમ ઊઠાવ્યો. સૂત્રધારની ભૂમિકા ભજવી એ કાર્યક્રમને ખૂબ જ સફળ બનાવ્યો. તા. ૨૮-૨-૨૦૧૬ની અમારા સમાજની ખબર પત્રિકામાં સોનગઢ જ્ઞાનસત્રમાં એમણે કરેલા વિશિષ્ટ કાર્યોની નોંધ હતી એટલે તે દિવસે લગભગ ૩ વાગે એમને આ શુભ સમાચાર આપ્યા. એમણે એમની નબળી તબિયતના સમાચાર આપ્યા એટલે મેં એમને ઘેર જઈ તબિયતના ખાસ સમાચાર જાણવાની વાત કરી તો એમણે મારી નાદુરસ્ત તબિયતને કારણને અઠવાડિયા પછી આવવાની વાત કરી. પણ એ જાણતા હતા કે હું એમની નબળાઈ જોઈ શકીશ નહિ એવી ઉચ્ચ ભાવનાથી મને એમને ઘેર આઠ દિવસ પછી આવવાનું કહ્યું. મેં ૩૦મીએ એમને મળવાનું મનોમન નક્કી કર્યું હતું પણ મારી આ ભાવના અપૂર્ણ રહી. અમારી ૫૯ વર્ષની પ્રેમપૂર્ણ મૈત્રીનો કરુણ અંત આવ્યાની જાણ અમારા મિત્રએ જણાવી. મેં જબરદસ્ત આંચકો અનુભવ્યો. સૂનમૂન થઈ ગયો. આપણે બધા એ પ્રેમની સાક્ષાત મૂર્તિ, જ્ઞાનના દરિયા સમાન, નિસ્વાર્થ ઉત્કૃષ્ટ કોટિની અધ્યાત્મ મૂર્તિને ખોઈ બેઠા છીએ.

એમનો આત્મા અવશ્ય શાશ્વત ગતિ પ્રાપ્ત કરે એવી સિદ્ધ ભગવાનને હૃદય-પ્રાર્થના.

સનરાઈઝ એપાર્ટમેન્ટ, રામચંદ્ર લેન,
મલાડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૬૪.
ફોન : ૦૨૨-૨૮૮૯૪૩૬૨

# વડલાનો છાંયો

**□ માલતી કે. શાહ**

વિશાળ વટવૃક્ષ કેટલા બધાને આશ્રય આપે, છાંયો આપે, આધાર આપે! એ જ રીતે જે હેત-પ્રીતથી સૌને આવકારે, પ્રેમથી સૌની પાસેથી કામ લે, જરાય આકરા કે ઉતાવળા થયા વગર મૃદુ ભાષાથી વાત કરે તેની પાસે સૌ હોંશપૂર્વક દોડી દોડીને આવે. આવા વટવૃક્ષના છાંયામાં ઊભેલાને સંસારના તાપમાંથી રાહત અનુભવાય તે સ્વાભાવિક છે.

શ્રી ધનવંતભાઈ આવું જ એક નામ! તેમનું નામ લઈએ અને સૌમ્ય મૃદુભાષી, ગદ્ય-પદ્ય બંને ક્ષેત્રે જીવનભર પ્રવૃત્ત રહેનાર વ્યક્તિ આપણી નજર સામે આવીને ઊભું રહે.

જિંદગીમાં ક્યારેક દુ:ખદ અકસ્માતો સર્જાય છે, તો ક્યારેક સુખદ અકસ્માત પણ સર્જાય છે. મારા જીવનનો આવો જ એક સુખદ અકસ્માત તે પૂ. શ્રી ધનવંતભાઈ સાથેનો મારો મેળાપ. ઈ. સ. ૨૦૧૦માં રતલામ મુકામે યોજાયેલા વીસમા 'જૈન સાહિત્ય સમારોહ' દરમ્યાન તેઓએ મને વિનંતી કરી કે, 'બહેન, આ બેઠકનું સંચાલન તમે કરો.' મારો સંકોચ તેઓને મેં જણાવ્યો કે, 'મેં આવું સંચાલનનું કામ ક્યારેય કર્યું નથી, તો મને કેટલું આવડશે તે મને ખબર નથી.' તરત જ પ્રત્યુત્તર મળ્યો કે, 'બહેન, કરી તો જુઓ, નહીં વાંધો આવે. નવા નવા વ્યક્તિઓ આવા કામ નહીં શીખે તો નવી પેઢી કેમ તૈયાર થશે? અમે બધા કેટલા સમય સુધી? કોઈકે તો તૈયાર થવું પડશે ને?' તેઓની આ વાતમાં સચ્ચાઈ પણ હતી, જેનો ઈન્કાર ન થઈ શકે. અને મારા જીવનમાં એક નવતર પ્રયોગ રૂપે મેં સંચાલનની હા પાડી ત્યારે ખબર ન હતી કે તેમની સાથે આ નિમિત્તે બંધાયેલ સંબંધ એક અંતરંગ સંબંધ બની જશે.

સરળતાથી, સહજભાવે, કોઈપણ જાતનો ભાર ન લાગે તે રીતે તેઓ પોતાના વિચારો સામેની વ્યક્તિને જણાવે કે જેથી તેમણે સોંપેલ નામ વ્યક્તિ હોંશેહોંશે કરે. તેમની આ વાતનો પણ હું ઈન્કાર જ ન કરી શકી અને આ વિભાગના માર્ગદર્શક તરીકે, સમારોહ દરમ્યાન આ વિભાગની બેઠકના સંચાલક તરીકે અને છેવટે આ વિભાગમાં આવેલા લેખોના સંપાદક તરીકેની જવાબદારી મેં નિભાવી.

આ વિભાગના લેખો જ્યારે 'જૈન સાહિત્યના અક્ષર-આરાધકો' પુસ્તક રૂપે ગ્રંથસ્થ કરવામાં આવ્યા ત્યારે પણ તેને લગતાં ચાલુ કામની માહિતી મેળવે, નાની-મોટી ગૂંચના વ્યવહારુ રસ્તાઓ શોધી આપે અને સંતોષ પ્રગટ કરે. પુસ્તકના છેલ્લા ટાઈટલ પેઈજ ઉપર સંપાદકનો પરિચય છપાય તે તેમનો આગ્રહ. મારી પાસે બાયોડેટા મંગાવ્યો. માત્ર થોડીક વિગતો ને એક કવિજીવનો હાથ અડે અને જાણે બધું જ સજીવન થઈ જાય, તે રીતે તેઓએ આ કામ કરી આપ્યું. મારા પિતાજી શ્રી રતિલાલ દીપચંદ દેસાઈ માટે તેમના હૃદયમાં એક અગમ્ય પ્રેમનું ઝરણું વહ્યા કરે.

શ્રી રતિભાઈ અને જયભિખ્ખુ આ બંને પિતરાઈ ભાઇઓના જન્મ શતાબ્દી વર્ષ ઈ. સ. ૨૦૦૪ માં પૂના ખાતે યોજાયેલ. જૈન સાહિત્ય સમારોહ આ બંધુ બેલડીની સાહિત્ય સેવાને સમર્પિત કરવામાં આવ્યો. આ નિમિત્તે તેઓના તંત્રીપદે 'પ્રબુદ્ધ જીવન'નો ખાસ વિશેષાંક પ્રસિદ્ધ થયો. 'જૈન સાહિત્યના અક્ષર આરાધકો' પુસ્તકમાં મારો પરિચય લખતાં તેઓના મનમાં શ્રી રતિભાઈ અને તેમના સમગ્ર પરિવાર પ્રત્યેનો તેમનો જ અહોભાવ હતો. રતિભાઈ પ્રત્યે તેમના હૃદયની જે સરવાણી હતી તે જાણે-અજાણે વ્યક્ત થઈ જ ગઈ. દિલમાં સચવાયેલાં સ્નેહનાં ઝરણાં ક્યારેય સૂકાતાં નથી તેનો અહેસાસ તેના આ પ્રકારના અનેક લખાણોમાં થયા કરતો. માત્ર લેખનકાર્ય, લેખક, સાહિત્યપ્રેમ, વિદ્વત્તા વગેરેની જ વાત કરવાને બદલે તેઓ આવા નિમિત્તે સમગ્ર પરિવારને સાંસ્કૃતિક પ્રદાનને યાદ કરતાં. આ રીતે વિદ્વત્તા અને સંસ્કારધન બંનેને જોડીને તેઓ જે વિચારતા, લખતા અને સૌને કાર્ય કરવા માટે પ્રેરતા તેવું કામ તો ધનવંતભાઈ જ કરી શકે! સૌ સાથે મળીને કામ કરે–ચાહે પછી તે કુટુંબ હોય કે સંસ્થા હોય–તો સઘળું દીપી ઊઠે અને સૌના પગમાં જોર આવે તથા સમાજમાં પ્રેમભાવની વૃદ્ધિ થાય. આ હતી તેમની વિશાળ ભાવના.

આપણને તો તેમના જેવા પ્રેમાળ વ્યક્તિની ખોટ કદી પુરાવાની નથી. પણ છેલ્લાં દિવસોમાં પોતે જાણે પોતાની બાળપણના અભ્યાસની પ્રિય એવી સોનગઢની ભૂમિ, જૈન સાહિત્ય સમારોહમાં આવેલ અનેક વિદ્વાનો, સતત સ્વાધ્યાયરત પૂ. આચાર્ય શ્રી વિજયશીલચંદ્રસૂરિજી મહારાજ સાહેબ અને તેમના વિદ્વાન શિષ્યગણ વગેરે તથા અન્ય સાધુભગવંતોની પાવન નિશ્રામાં–આ બધાંને મન ભરીને માણી લીધાં અને ત્યાં પસાર કરેલી પ્રત્યેક ક્ષણને પૂરેપૂરી વાપરી જાણી!

આકાશ જેવા ઉન્નત સ્વપ્નાંઓ જોવા, તેને પ્રાપ્ત કરવા જરૂરી મહેનત કરવી, વિવાદોથી પર રહીને પણ કાર્યરત રહેવું–આ બધી તેમની વિશેષતાઓએ જાણે તેમને મોટા વિશાળ વડલા સ્વરૂપે ફેલાવવામાં મદદ કરી. તેમના નિધનથી ઘણાં બધાંએ જાણે આ વડલાની છાંયા ગુમાવી.

શ્રીપાલ ફ્લેટ, દેરી રોડ, કૃષ્ણનગર,
ભાવનગર-૩૬૪૦૦૧. M.: 9824894669

# ધનવંતભાઈ : એક વાસ્તવિક વ્યક્તિત્વ

**☐ સ્નેહલ ન. મઝુમદાર**

૧૯૭૨નો જુન માસ. સિડનહામ કૉલેજના પ્રથમ વર્ષના પ્રથમ અઠવાડિયામાં ગુજરાતી વિષયના પ્રથમ પિરિડયમાં ડૉ. ધનવંતભાઈ શાહ પ્રાધ્યાપક તરીકે પ્રવેશ્યા અને પ્રથમ નિબંધ માટેનો વિષય આપ્યો: આ વસંત ખીલે શતપાંખડી, હરિ આવોને... અને બસ ત્યારથી ધનવંતભાઈ જોડે એક વિશિષ્ટ નાતો બંધાયો. વિધિની બલિહારી જુઓ કે ધનવંતભાઈના દેહાંતના થોડાં દિવસો પહેલાં જ જાન્યુઆરી ૨૦૧૬માં જાણે મારે એમનું ઋણાનુબંધ ચૂકવવાનું હોય એમ, મેં ન્હાનાલાલ-મેઘાણી પર ભવન્સ ચોપાટી ખાતે એક સંગીત કાર્યક્રમ યોજ્યો, જેમાં ધનવંતભાઈ સસ્મિત (સ્મિત અને સ્મિતાબેન સહ) આવ્યા અને કૉલેજના એ દિવસોને યાદ કરી કાર્યક્રમ ખૂબ માણ્યો. ૧૯૭૨-૭૬ના એ ચાર વર્ષોમાં ધનવંતભાઈએ અમારી પાસે કલાપી, મેઘાણી, ન્હાનાલાલ વગેરે કાર્યક્રમો કરાવેલા, જેમાં ભાગ લેનાર એક કલાકાર હતા સુરેનભાઈ ઠાકર 'મેહૂલ'. જોગાનુજોગે જાન્યુઆરી ૨૦૧૬ના અમારા કાર્યક્રમમાં પણ 'મેહૂલ' જ સૂત્રધાર હતા અને સંચાલન દરમ્યાન એમણે ધનવંતભાઈને પણ ઉમળકાભેર યાદ કર્યા. કાર્યક્રમ પછી એમનો સંદેશો આવ્યો કે હવે કોના પર કાર્યક્રમ. કલાપી, નરસિંહ અને દયારામ? સિડનહામ કૉલેજ જેવી વાણિજ્ય કૉલેજમાં પણ જે ઉત્સાહ અને ઉમંગ, ધગશ અને ધૈર્યથી સાહિત્યના કાર્યક્રમો યોજ્યા તે રીતે કદાચ આર્ટ્સની કૉલેજોમાં પણ યોજાયા ન હશે. કૉલેજ કાળની એ કેળવણી અમને આજ સુધી કામ લાગી છે. અને વ્યવસાય ક્ષેત્રે તદ્દન ભિન્ન ક્ષેત્રમાં કાર્યરત હોવા છતાં અમે એમના વિદ્યાર્થીઓ સાહિત્ય વિષયક પ્રવૃત્તિઓ કરતા રહ્યા છીએ.

ત્રીજી જાન્યુઆરી, ૧૯૭૭ના દિવસે ધનવંતભાઈએ લખેલા 'કવિ ન્હાનાલાલની કવિતામાં માનવ જીવન દર્શન' નામના શોધ-પ્રબંધનું વિમોચન થયું. એ પ્રસંગે આચાર્ય રામપ્રસાદ બક્ષીના શબ્દો માણવા જેવા છે.

*'ભાઈ શ્રી ધનવંત શાહે પીએચ.ડી.ની ડીગ્રી માટેનું કાર્ય આદર્યું ત્યારે તેઓ ન્હાનાલાલની કૃતિઓનું વિશાળ અધ્યયન અને ઊંડું મનન કરીને તથા જીવનદર્શનનો પરિચય મેળવીને જ આવ્યા હતા. ઉપરાંત ન્હાનાલાલ જેવી કાવ્યમયતાની મુદ્રાવાળી ગદ્યશૈલી પણ અજમાવી ચૂક્યા હતા. એ શૈલી જેટલી ભાવનામય લલિતનિબંધોમાં ઉપયોગી થાય એટલી ચર્ચાત્મક, વિવેચનાત્મક અને અધ્યયનાત્મક નિબંધોમાં પણ ઉપયોગી સર્વથા ન નિવડે એ પણ એમને લક્ષમાં આવ્યું હતું. પરિણામે જે નિબંધ લખાયો એમાં લલિતશૈલીના નમૂનાઓ પણ છે, વિવેચનાત્મક શૈલીના નમૂનાઓ પણ છે. એમના આ મહાનિબંધનો વિષય એમની ન્હાનાલાલની વાઙ્મય ભક્તિમાંથી એમને સ્ફૂર્યો હતો. એનો આજે કવિ શ્રી સુન્દરમ્‌ના હાથે પ્રકાશન વિધિ થાય છે એનો મને આનંદ છે. ભાઈ શ્રી ધનવંત શાહને હાર્દિક અભિનંદન આપું છું.*

**-આચાર્ય રામપ્રસાદ બક્ષી**

(સિડ્નહામ કૉલેજ ગુજરાતી સાહિત્ય મંડળ આયોજિત કવિ ન્હાનાલાલ જન્મશતાબ્દી મહોત્સવના પ્રમુખ-સ્થાનીય પ્રવચનમાંથી તા. ૩-૧-૧૯૭૦)

વિધિના નિર્માણ નીરખો. બારમી ફેબ્રુઆરી, ૨૦૧૬ના સવારે એમનો મને છેલ્લો વોટ્સએપ સંદેશો આવ્યો: 'આ વસંત ખીલે શતપાંખડી, હરિ આવો ને...' જે શબ્દોથી ઓળખાણનો ૪૪ વર્ષો પહેલાં આરંભ થયો એ જ શબ્દોથી અંત, કોને ખબર, એ અંતમાં જ કશો વાંસતિક આરંભ ગોપિત હશે!

✱ ✱✱

## વ્હાલા ધનવંતભાઈની વસમી વિદાય

અમે, મુંબઈથી દૂર, પલાઠી વાળીને બેઠા છીએ, એટલે આપણી વચ્ચેથી શ્રી ધનવંતભાઈ ચાલ્યા ગયાની ખબર પણ, ઠીક ઠીક દિવસો પછી, શ્રી નીતિનભાઈના ફોનથી જ પડી.

વ્હાલા ધનવંતભાઈએ અણધારી અને વહેલી વિદાય લીધી.

તેઓ બહુમુખી વ્યક્તિત્વ ધરાવતા હતા.

મારી ઉંમર થઈ એટલે યાદ પણ નથી આવતું કે સૌથી પહેલા અમે ક્યાં મળ્યા! વર્ષોથી સંબંધ બંધાઈ ગયેલો.

એકવાર અમદાવાદમાં એક કાર્યક્રમમાં અમે ભેગા થઈ ગયેલા અને પછી એમના સ્વજનના ઘેર લઈ ગયેલા!

એમના આગમનથી 'પ્રબુદ્ધ જીવન'નું સ્વરૂપ બદલાયું અને શ્રી મુંબઈ જૈન યુવક સંઘની પ્રવૃત્તિઓની ક્ષિતિજો પણ વિસ્તરી.

એમના જીવનમાંથી આપણને સૌને સત્કાર્યોની પ્રેરણા મળતી રહે, એવી પરમેશ્વરને અભ્યર્થના.

**☐ સુરેશ સોની**

સહયોગ કુષ્ઠયજ્ઞ ટ્રસ્ટ, રાજેન્દ્રનગર ચોકડી, હિંમતનગર-શામળાજી નેશનલ હાઈવે-૩૮૩૨૭૬. મોબાઈલ : ૯૮૨૫૦૧૧૧૮૫.

# ડૉ. ધનવંત શાહ...સ્મરણો

☐ સુરેશ જોશી

ડૉ. ધનવંત શાહને મળવાનું થયું ૨૦૦૪ની સાલમાં. એ મારી પ્રથમ મુલાકાત, રૂબરૂ! એ પહેલાં ઘણાં કાર્યક્રમોમાં આમને સામને થયેલાં પણ ઔપચારિક સ્મિત અને કેમ છો? મજામાં. જેવાં સંવાદો સાથે જ.

૨૦૦૪ની સાલમાં 'કલાપી' નાટક માટે પ્રોડ્યુસર રાજેન્દ્ર બુટાલા–શિલા બુટાલા, દિગ્દર્શક મેહુલ બુચ, કલાકાર કમલેશ મોતા અને 'કલાપી'ના નાટ્ય લેખક એ આપણાં પ્રબુદ્ધ ડૉ. ધનવંત શાહ. નાટકની સ્ક્રિપ્ટ વાંચતી વેળાએ ધનવંતભાઈમાં રહેલ સંગીતની સૂઝનો સુપેરે પરિચય થયો. તેમણે લખેલ નાટકની સ્ક્રિપ્ટમાં લખેલી નોટ્સ. અહીં બેકગ્રાઉન્ડમાં ઘોડાની હણહણાટી, કે પછી રમાબાના સુંદર અવાજ સાથે આ પદનું ગાન અને મુશાયરાની જમાવટ...જ્યાં કલાપી અને મિત્રો કવિતાનો પાઠ કરે છે. આ બધી જ પાદ્ટીપ મને સંગીતકાર તરીકે ઉપકારક નીવડી. અને સર્જન થયું અદ્ભુત ગુજરાતી નાટક 'રાજવી કવિ કલાપી!'

ત્યારબાદ ૨૦૦૬ની સાલમાં મિત્ર રાજેશ પટેલ (કે જેઓ 'રાજવિ કવિ કલાપી' નાટકમાં બે કે ત્રણ પાત્રો ભજવતાં હતાં) એમણે ઓડિયો આલ્બમ કરવાનું નક્કી કર્યું. ફરી ધનવંતભાઈ સાથે મુલાકાત અને એજ પ્રેમભરી આંખોથી આપણા કાર્યને બિરદાવવું. કંઈક નવું અને સુંદર સર્જન થાય તે માટેની તેમની પ્રેરણાદાયક ટીપ્સ મને ફરી એકવાર કલાપીના કેકારવની ઘણીજ રચનાઓ સ્વરબદ્ધ કરી રેકોર્ડ કરવામાં મદદરૂપ થઈ. પ્રબુદ્ધ, વિદ્વાન હોવા છતાં તેમનો મૈત્રીભર્યો અવાજ અને પ્રેમ તમને એક મિત્રની હૂંફ આપે એ એમની નમ્રતા નહીં તો બીજું શું? અને હમણાં ૨૦૧૬માં ૨૩મું જૈન સાહિત્ય સંમેલન સોનગઢ મુકામે યોજાયું. તો આ વખતે 'સજ્જાય' એ વિષય પર વિદ્વાનોના વક્તવ્ય યોજાયેલ. ડૉ. સેજલ શાહ અને ડૉ. નિરંજન રાજ્યગુરુના અધ્યક્ષ પદ હેઠળ આ એક ઉપક્રમ હતો. મને સજ્જાયના સંગીત સ્વરૂપો વિશે બે શબ્દો કહેવા માટે ધનવંતભાઈએ પ્રેમભર્યો આગ્રહ કર્યો. અને બે મહિના સાધુ-ભગવંતો, વિદ્વાનો અને મિત્રોની સાથે અભ્યાસ કરીને સજ્જાયના સંગીત વિશે વક્તવ્ય આપવાને તૈયાર કર્યો. આ મિત્ર ઋણ કઈ રીતે ચૂકવીશ?

આ જૈન સાહિત્ય સંમેલન દરમ્યાન કાર્યક્રમ પહેલાં ધનવંતભાઈની તબિયત થોડી નાદુરસ્ત થઈ. ફરી સજ્જ થઈ કાર્યક્રમમાં ચારેય દિવસ હાજર રહ્યા ને પોતાની ભૂમિકા પ્રભાવક રીતે નિભાવી. કાર્યક્રમ દરમ્યાન મળ્યાં. તો કહે, 'કેમ છો?' મેં કહ્યું, 'આપ કેમ છો? આપની તબિયત નાદુરસ્ત હતી ને?' તો કહે, આપ સૌ મિત્રોની શુભેચ્છા મને કંઈ પણ ન થવા દે.' પછી વાતચિતનો દોર ચાલ્યો. કાર્યક્રમ પૂરો થયાં પછી મુંબઈ પાછા આવી, થોડાં દિવસ બાદ એમણે આપણો સંગાથ છોડી ને પરમનો રાહ પકડ્યો.ધનવંતભાઈ, પાત્ર ભજવવાની આટલી નિષ્ઠા!

We will miss you, Dhanvantbhai...Forever...

sureshjoshi@gmail.com
M.: 9869002639

## નમ્રતાથી હર્યુંભર્યું વ્યક્તિત્વ

કાર્યેષુ નમ્રતા, વાચેષુ નમ્રતા.
વચને નમ્રતા, પૂર્ણ નમ્રતા.
નમ્રતા, નમ્રતા, સર્વેષુ નમ્રતા.
નમ્રતાધિપતે અખિલા નમ્રતા.

એમની નમ્રતા એમના પગલે પગલે, વાચે વાચે, પ્રશ્ને પ્રશ્ને ઉપસી આવે.

ધનવંતભાઈ એટલે મારે માટે તો મારા કોઈપણ પ્રશ્નનો યથા યોગ્ય ઉકેલ આપનાર વ્યક્તિ. ભલે મારો અને તેમનો પરિચય ફક્ત આઠ દસ વર્ષનો જ હતો પરંતુ મારે માટે તો સગા ભાઈ કરતાં પણ વધુ હતા. સાત વર્ષ પૂર્વે જ્યારે મારા પતિ ચંદ્રકાંત પરીખે આ દુનિયામાંથી વિદાય લીધી ત્યારે મને શ્રી મું. જૈન. યુ. સંઘના નાતે જ મળવા આવ્યા અને મેં તેઓને એક વિનંતી કરી હતી કે, 'ભાઈ મને કંઈ કામ આપજો.' આ એક વાક્યે તેઓએ મને ધીરે ધીરે 'પ્રબુદ્ધ જીવન'ના કામમાં જોડી અને આજે 'પ્રબુદ્ધ જીવન' માટે જે કંઈ કરતી થઈ છું તે તેમની જ પ્રેરણાથી. કોકવાર હું તેમનો આભાર માનું તો મને કહે, 'તમારામાં હતું જ. મેં કાંઈ નથી કર્યું.' આટલી મહાન વ્યક્તિ હોવા છતાં થોડા દિવસ થાય ને વગર કારણે પણ ખબર પૂછવા સામો ફોન કરતા. મારા દરેક પ્રશ્નો ભલે પારિવારિક હોય કે 'પ્રબુદ્ધ જીવન'ના હોય તેને માટે તેઓ હંમેશાં તૈયાર. ધનવંતભાઈ, આપની ખોટ મારા જીવનમાં આ ભવે પુરાય એવું લાગતું નથી. આવી વ્યક્તિનો આત્મા જ્યાં હશે ત્યાં શાંત જ હશે. આપણે એમના આત્માની શાંતિ માટે પ્રાર્થના કરનાર કોણ? તે છતાં વ્યવહારિક દૃષ્ટિએ કહેવાઈ જ જાય કે પ્રભુ તેમના આત્માને ચિર શાંતિ આપે એજ પ્રાર્થના.

મૃત્યુ તો પરિવર્તનનો મહોત્સવ છે, અસ્તિત્વની સમાપ્તિ નથી.

☐ પુષ્પા પરીખ
૬/બી, કેનવે હાઉસ, વી.એ. પટેલ માર્ગ,
મુંબઈ-૪૦૦ ૦૦૪. ટેલિ : ૨૩૮૭૩૬૧૧.

# પારસમણિ....આદરણીય ડૉ. ધનવંત શાહ સાહેબને શત્-શત્ વંદન...

☐ ડૉ. દીક્ષા એચ. સાવલા

ભારતવર્ષની તવારીખમાં વિભૂતિઓનો જોટો જડે એમ નથી. આવા વિભૂતિઓનું જીવનકાર્ય ધર્મ, સેવા, શિક્ષણ અને સમાજસેવા ઇત્યાદિ રહ્યું છે. સાથ-સહકાર-પ્રગતિના પંથે વધારવા સદાયે તત્પર અને હંમેશાં હસતા મોઢે પ્રોત્સાહન આપનાર એવાં જ એક મહાવિભૂતિ આદરણીય ડૉ. ધનવંતભાઈ શાહને શત્-શત્ વંદન. એમનું અનેરું વ્યક્તિત્વ કે જેમણે માન, પ્રતિષ્ઠા બાજુ પર રાખી દરેકને મદદ કરવી એ પથ પર પોતાના પગરણ મક્કમ રીતે માંડ્યા હતા. પરિણામ સ્વરૂપ તેમના કાર્યો એ વ્યક્તિના નહિ પણ શક્તિ સ્વરૂપના ઊભરી આવ્યા છે. તેમના જીવનદર્શનના, ધર્મદર્શનના, કેળવણીના, સાહિત્ય સમારોહના, સાહસના, સમાજસેવાના તમામ પાસાંઓમાંથી તેમનું જીવનકાર્ય નીતરે છે.

સેવા-સાહસ અને વિચારોનું મૂર્તિમંત સ્વરૂપ એટલે ડૉ. ધનવંત શાહ સાહેબ. તેમણે કરેલા કાર્યો એક ભવ્ય ઇતિહાસ બનીને આપણને સૌને પ્રેરણા પૂરી પાડે છે. એમનું સમગ્ર વ્યક્તિત્વ કોઈ વ્યાખ્યામાં બાંધવું અઘરું પડે. તેમનું જીવન કારકીર્દિ અને વ્યક્તિત્વ સતત એકબીજાની સ્પર્ધા કરતા રહે છે. જેમને આપણે સૌ ધનવંત-જ્ઞાનવંત-વિદ્યાવંત કહીએ છીએ.

વર્ષમાં ક્યારેક સાહિત્ય સમારોહમાં ૧-૨ વાર મળવાનું થાય. પણ હંમેશાં ખૂબ ઉલ્લાસ, આનંદ અને લાગણીથી મળતા. સાથે એમના ધર્મપત્ની માનનીય સ્મિતાબેનનો પણ એટલો જ મને સાથ મળ્યો છે. એ માટે એમની ઋણી છું. ગુજરાતી સાહિત્યમાં વિપુલ પ્રમાણે કાર્ય કરનાર, જૈન જ્ઞાન સમારોહ, 'પ્રબુદ્ધ જીવન'ના તંત્રી તરીકે ખૂબ જ ઉમદા અને ભવ્ય કાર્ય કરેલ જેનાથી નતમસ્તક થઈ જવાય છે. અન્ય કાર્યો પણ કરેલ એટલા જ ખંત-ઉત્સાહથી.

જ્ઞાન સાધના માટે તન-મન-ધનનું સંપૂર્ણ સમર્પણ કરવા સુધીની તૈયારી અને વિકાસલક્ષી સંગઠન ઊભું કરવા સતત મથતું રહેલું અને એમનું જીવનકાર્ય રહ્યું છે. ઘણી વખતે જોબ માટે મારે એકલા રહેવાનું થતું ત્યારે તેઓ કહેતા: 'પોતાનામાં અસીમ વિશ્વાસ સ્થાપિત કરવો અને એકલા બેસીને અંતઃકરણનો અવાજ સાંભળવો એ વીરપુરુષનું કામ છે.' આમ આ રીતે એમણે મને આંતર મનમાં ડોકીયું કરતા પણ શીખવ્યું છે. એક અલગ રીતે વિચારવાની હિંમત, શોધ કરવાની હિંમત, અશક્યને શક્ય બનાવવાની હિંમત, સમસ્યાઓ સાથે બાથ ભીડવાની હિંમત અને સફળ થવાની હિંમત એમણે વિકસાવી છે. એમનો એક સંદેશો આપણને આ પંક્તિમાં આપી જાય છે કે:

*પ્રફુલ્લિત થવા દો અગણિત પુષ્પોને અને*
*રચવા દો મુક્ત સંઘર્ષ હજારો વિચારધારાઓને.*

ડૉ. ધનવંત શાહનું જીવન કોઈ આડંબર નહિ, સાદું જીવન, ઉચ્ચ વિચારોએ એમને મહાન બનાવ્યા છે. સંસ્કાર ઉપર તેમની પક્કડ અજબની અને તેમની વાતો ગજબની હતી. વ્યક્તિત્વ મિતભાષી, મુદ્દાસર-છટાદાર અને લોકોની નાડ પારખીને વિકાસના પંથે લઈ જવામાં આદર્શ આયોજક-સંયોજક, સંસ્થાપક ડૉ. ધનવંતભાઈ શાહને કેમ વિસરી શકાય! જેમણે મારી નાડ પારખીને જૈન સાહિત્ય રાસ વિમર્શ, ગ્રંથનું સંપાદન કાર્ય કરવાનું પ્રોત્સાહન આપ્યું.

'જલાવી જાતને ધુપ સુવાસિત બધું કરે.
તેમ ઘસીને જાતને પોતે, અન્યને સુખિયા કરે.'
ગુણોના ગોવર્ધન...
સંસ્કારના સમંદર...
ભણતરના ભોમ....
શિક્ષણના શબ્દકોષ...

આવા મહાન વિભૂતિ માટે ખરેખર અક્ષરો પણ ઓછાં પડે. પરમકૃપાળુ પરમાત્માને પ્રાર્થના કરીએ કે એમના આત્માને શાંતિ પ્રદાન કરે એવમ્ ઉર્ધ્વગતિએ પમાડે...

જેમ કહ્યું છે ને;
'કાષ્ઠને ચંદન કરે, ઉરને નંદન કરે
એવા સાહિત્યપ્રેમી ધનવંતભાઈને કોણ વંદન ન કરે?' તેઓએ જીવનમાં વર્ષો નહિ, વર્ષોમાં જીવન ઉમેર્યું છે.

અને છેલ્લે...
જિંદગીનો એ જ સાચે સાચ પડઘો છે...
હોય ના વ્યક્તિ, ને એમનું નામ સતત બોલાયા કરે...
શત્ શત્ વંદન...

✷ ✷ ✷

M.: 9327914484

**નેત્ર જ્યોતિની ભાવભરી શ્રદ્ધાંજલિ**

ડૉ. ધનવંતરાય તીલકરાય શાહ, એ દિવ્ય આત્માને નેત્રહીન બાળ-બાલિકાઓ તરફથી ભાવભરી શ્રદ્ધાંજલિ...

મારો દીવડો ઝગમગ રાખજે હો જગના રાખનહાર.

**ભીખુભાઈ રામજી હરખચંદ નિસર**

ગામ બાકઠીયા, (કચ્છ-વાગડ ) મો. : 98207 32903

# સજ્જન, સેવાભાવી ને સમાજોપયોગી મિત્રના દુઃખદ અવસાનથી અંગત મિત્રની ખોટ પડી છે

□ ચમનલાલ વોરા

ડૉ. ધનવંતભાઈ શાહને શ્રદ્ધાંજલિ અર્પણ કરતાં અતિ દુઃખની લાગણી અનુભવી રહ્યો છું. કારણ કે તેમના જેવા સજ્જન અને સમાજ ઉપયોગી, સેવાભાવી મારા મિત્રના દુઃખદ અવસાનથી મારા જીવનમાં એક અંગત મિત્રની ખોટ પડી છે.

જૈન અધ્યાત્મ સ્ટડી સર્કલ ઘાટકોપરના પ્રમુખ તરીકે ઘણા વિદ્વાનોનું માર્ગદર્શન તેમાં ખાસ કરીને પ્રવચન માટેના તત્ત્વજ્ઞાન સભર વિષયો તથા વક્તાઓની અમોને ખૂબ જરૂર પડે છે અને તેથી આપણા સમાજના વિદ્વાનોને મળવાનું તથા તેમનો પરિચય કેળવવાની મને હંમેશાં તક મળે છે. આ પ્રમાણે ડૉ. ધનવંતભાઈ શાહનો પરિચય પણ મને થયો હતો.

ડૉ. ધનવંતભાઈ પ્રથમ વખત મને મળ્યા ત્યારે તેમની વાતચીત કરવાની પદ્ધતિ, તેમની નમ્રતા તથા નિરાભિમાન સ્વભાવનો મને પરિચય થયો. તેઓની વાતચીતમાં તેઓ પ્રખર વિદ્વાન છે તેવું ક્યારે પણ આપણાને લાગે નહિ. તેમના સ્વભાવના કારણે મારો તથા તેમનો પરિચય વધારે નિકટ બન્યો. મારા જેવા સામાજિક કાર્યકર માટે ડૉ. ધનવંતભાઈ શાહનો પરિચય મારા જીવનમાં એક અગત્યનો પ્રસંગ છે. તેઓની સાથે મારો જેમ જેમ પરિચય વધતો ગયો તેમ તેમ હું તેઓથી ખૂબ જ પ્રભાવિત થયો છું.

તેમની સાથેનો એક પ્રસંગ મને આજે પણ યાદ છે. સોમૈયા કૉલેજમાં 'સમણ સુતં' પુસ્તકના વિમોચન વખતે અમો બન્ને મળ્યા અને તે વખતે મેં તેમને મારી ઘણાં વખતની વિનંતીને યાદ કરાવી કે જૈન અધ્યાત્મ સ્ટડી સર્કલ ઘાટકોપરના ઉપક્રમે મારે તેમનું પ્રવચન રાખવું હતું. તેઓશ્રીએ વિના સંકોચે મારી વિનંતી સ્વિકારી અને 'સમણ સુતં'ના પુસ્તક ઉપર પ્રવચન આપવાનું નક્કી થયું. 'સમણ સુતં'ના પ્રવચનથી તેમની વિદ્વતાની સમાજમાં ઊંડી છાપ પડી.

મારા પરિચયમાં બહુ થોડા વિદ્વાનો છે કે જેઓ લેખક છે, નાટ્યકાર છે અને ઉત્તમ પ્રકારના પ્રવચનકાર પણ છે. તેમાં ડૉ. ધનવંતભાઈનું નામ મોખરે છે. તેઓશ્રીએ લખેલું કલાપી ઉપરનું નાટક 'યાદી ભરી છે આપની' ખૂબ જ સફળતાપૂર્વક ભજવાયું હતું અને તેઓશ્રીને કલાપીનો એવૉર્ડ પણ મળેલ હતો.

ડૉ. ધનવંતભાઈ વિદ્વાન લેખક તરીકે ખૂબ જ જાણીતા હતા પરંતુ પત્રકાર તરીકે 'પ્રબુદ્ધ જીવન'માં તેમના તંત્રીપદથી તેમનામાં રહેલી તેમની ઘણી બધી શક્તિઓ પ્રકાશમાન થઈ છે.

'પ્રબુદ્ધ જીવન'ના તંત્રી તરીકે 'પ્રબુદ્ધ જીવન'ને જે રીતે શણગારી માહિતીસભર બનાવી પ્રકાશિત કરતા તેથી 'પ્રબુદ્ધ જીવન'ને સમાજમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત થયું છે. તેઓશ્રીએ તેમની આગવી સૂઝથી ઘણા બધા વિષયો ઉપર સમગ્ર અંક પ્રસિદ્ધ કરવાની પ્રથા અપનાવી અને તેથી કરીને ઘણા બધા વિષયો ઉપર સમાજને ઘણી માહિતી પ્રાપ્ત થયેલ છે.

જે વિષય માટે તેઓ સમગ્ર અંક પ્રસિદ્ધ કરવા ઈચ્છતા હોય ત્યારે બે કે ત્રણ વિદ્વાનોને શોધીને સમગ્ર અંક તેમની મદદથી પ્રસિદ્ધ કરે છે. આ તેમની પદ્ધતિ અભિનંદનને પાત્ર છે. ઘણાં વિદ્વાન લેખકો દ્વારા તે વિષય ઉપરનું જ્ઞાન સમાજને મળે છે.

વાચકોના પ્રતિભાવ પ્રસિદ્ધ કરવાની શ્રી ધનવંતભાઈની પ્રથા ખૂબ સારી હતી. તેથી વાચકોના અભિપ્રાય પ્રમાણે અંકનું મૂલ્યાંકન થતું હતું.

જોગાનુજોગ તેઓશ્રીએ મહાત્મા ગાંધીજી ઉપર સોનલબેન પરીખ તથા અન્ય લેખકોની મદદથી આખે આખો અંક પ્રસિદ્ધ કર્યો. આ તેમનો જીવનકાળ દરમ્યાન તંત્રી તરીકેનો છેલ્લો અંક છે. અત્યારના વિકટ સમયમાં સમગ્ર દુનિયાને ગાંધીજી દ્વારા તેઓશ્રીએ સત્ય અને અહિંસાનો સંદેશ આપ્યો છે.

ડૉ. ધનવંતભાઈના વિચારોને સમજવા તથા જાણવા માટે તેઓશ્રીએ લખેલ 'વિચારમંથન'નું પુસ્તક કે જેમાં તેઓશ્રીના તંત્રી તરીકેના અનેક લેખોનું સંકલન છે. તેઓશ્રીએ તંત્રી તરીકે અપનાવેલ નવા વિચારો તથા પદ્ધતિઓ આ પુસ્તક વાંચવાથી મળશે.

'પ્રબુદ્ધજીવન'ને તથા સમગ્ર જૈન સમાજને તેમના જેવી વિશાળ મનોભાવના તથા સમાજ સમક્ષ દર મહિને નવા વિષયો રજૂ કરવાની ખોટ આપણને કાયમ લાગશે.

✷ ✷ ✷

## સ્મરણાંજલિ

સ્વર્ગસ્થ ધનવંતભાઈને યાદ કરવાની સાથે જ હૃદય ગદ્‌ગદીત થઈ જાય છે. બહુ જ સૌમ્ય પ્રકૃતિ ધરાવતા હતા. દરેક વાતનો જવાબ સંપૂર્ણ આપતા હતા. સાહિત્યસમારોહમાં એમના સ્વભાવના ઘણાં અનુભવ થયા છે. આબાલ વૃદ્ધ સૌ એમના મિત્ર હતા. ખૂબ જ મિલનસાર સ્વભાવના હતા. બદલો લેવાની વૃત્તિ ક્યારે પણ એમનામાં જોવા મળી નથી. બધાને શક્તિ પ્રમાણે આગળ લાવવાનો પ્રયત્ન કરતા હતા. પરમકૃપાળુ પરમેશ્વર એમના આત્માને શાંતિ આપે.

□ સુદર્શના પી. કોઠારી

# સ્મરણયાત્રા

□ ડૉ. પાર્વતીબેન ખીરાણી

*મળે છે દેહ માટીમાં પણ માનવીનું નામ જીવે છે.*
*મરે છે માનવી પોતે પણ માનવીનું કામ જીવે છે.*
*પથ્થર પર કોતરેલા શીલાલેખ વર્ષો બાદ ભૂંસાઈ જાય છે.*
*પણ સ્નેહના સદ્ગુણોના સ્મરણો કદી ભૂંસાતા નથી.*

આવા જ મારા શ્રી ધનવંતભાઈ સાથેના સ્મરણો વાગોળું છું.

(૧) સૌ પ્રથમ તો મારું પુસ્તક 'જીવવિચાર રાસ એક અધ્યયન' પ્રકાશિત થવાનું હતું ત્યારે એની પ્રસ્તાવના માટે શ્રી ધનવંતભાઈ પર પસંદગી ઉતાર્યા પછી મને મનમાં થયા કરતું કે મોટા ગજાના ચિંતકને કહેવું કઈ રીતે અને વ્યસ્ત જીવનમાં શું મને એ પ્રસ્તાવના લખવાની હા પાડશે? આવા જ કાંઈક અવઢવ ભરેલા સ્પંદનો સાથે મેં પ્રસ્તાવના લખવા માટે વિનંતી કરી અને મારા સાનંદાશ્ચર્ય વચ્ચે તેમણે એ સ્વીકારીને મારા એ પુસ્તક માટે મનનીય, બીજાને પુસ્તક વાંચવા પ્રેરે એવી પ્રસ્તાવના લખી આપી. જે અમારા વાગડ સમાજના મેગેઝિન 'વાગડ સંદેશ' (શ્રી વાગડ કલા કેન્દ્રનું મુખપત્ર)માં અક્ષરશઃ પ્રગટ થઈ હતી. આ છે એમના સાલસ, નિખાલસ, એખલાસ ભરેલા સ્વભાવની સ્મરણિકા,

(૨) મને સ્મરણ થાય છે ૬ માર્ચ ૨૦૧૪નો દિવસ જ્યારે મોહનખેડામાં મહાવીર જૈન વિદ્યાલયે રૂપ માણેક ભંશાલી ચેરિટેબલ ટ્રસ્ટ-મુંબઈના સૌજન્યસહ ૨૨મો જૈન સાહિત્ય સમારોહના આયોજનમાં વ્યસ્ત ધનવંતભાઈનો કુદરતે માર્ચ મહિનામાં ત્રણ ઋતુની અનુભૂતિ કરાવી. બપોર સુધી ગરમી હતી, બપોરે વરસાદ અને રાત્રે ઠંડી. આવા વાતાવરણમાં એ દિવસે બીજા દિવસથી શરૂ થતા સમારોહ માટે શામિયાણો બંધાઈ ગયો હતો. બાકીની વ્યવસ્થાઓ પૂરબહારમાં ચાલી રહી હતી. પરંતુ વંટોળ સાથે આવેલા વરસાદમાં શામિયાણો ધરતીને સાક્ષાત્ પ્રણામ કરવા ધસી ગયો. ત્યારે ધનવંતભાઈએ આગમચેતી વાપરીને બીજા દિવસથી શરૂ થતા સમારોહની ગોઠવણ ઉપાશ્રયના હોલમાં કરવા માટેની તજવીજ કરી. ટ્રસ્ટી આદિઓને મળીને સંમતિ મેળવીને ઉપાશ્રયમાં સુંદર આયોજન કરાવી દીધું. આ છે એમની દીર્ઘદૃષ્ટિ, આગમચેતીનું ઉદાહરણ.

(૩) બીજા દિવસે વરસાદી વાતાવરણમાં કુદરતી કરામત અને કર્મની ગતિની ચર્ચા કરતા હતા ત્યારે એમાંથી પોતાના 'પ્રબુદ્ધ જીવન'ના વિશેષાંક માટે વિષય શોધી લઈને અમારા જેવી સામાન્ય ગૃહિણીઓ (હું અને રતનબેન ખીમજી છાડવા)ને કર્મવાદના વિશેષાંક માટે ઈજન આપી દીધું. આ છે એમની વિષયોને શોધવાની દૃષ્ટિનું સ્મરણ.

(૪) ત્યાર પછી એ અંક માટે અમને વારંવાર ઘરે બોલાવીને કર્મ સંબંધી ઝીણવટભર્યું માર્ગદર્શન આપ્યું. પોતે જ આખો અંક સુંદર રીતે તૈયાર કરી શકે એટલા સક્ષમ છતાં અમને યશ અપાવવા તત્પર એ કેમ વિસરાય?

પાછા ઘરે જઈએ ત્યારે મારો ઉપવાસ કે વ્રત ન હોય ત્યારે જ આવવાનો આગ્રહ. એક આગ્રહ પાછળ એમના જીવનસંગિની સ્મિતાબેનનું પીઠબળ. પડદા પાછળના મહાન કલાકાર એટલે સ્મિતાબેન માટે શું કહું? એક માથી વિશેષ સસ્મિત આગ્રહભર્યો સત્કાર સન્માન કેમ ભૂલાય? અને એમના પુત્રવધૂ તો પુત્રથી પણ વધુ આદર સત્કાર કરીને જમાડવામાં સાસુને સાથ આપે. આ છે એમના પારિવારિક પ્રેમાળ, રસાળ, સ્નેહાળ આતિથ્ય સત્કારનું સ્મરણ. આમ તો સ્મરણયાત્રા લાંબી થતી જશે માટે...

છેલ્લે છેલ્લે સોનગઢમાં થયેલા છેલ્લા મિલનનું સ્મરણ વાગોળું છું. એ નિર્મળ ચહેરો, વાત્સલ્ય વરસાવતી આંખો, બાળસહજ જિજ્ઞાસા, અધૂરપના અહેસાસ વિનાનો અલિપ્ત ભાવ વિગેરે ચર્મચક્ષુ સામે તરવરી રહ્યા છે. છેલ્લે છેલ્લે મારી સાથે તો વાત ન થઈ પણ માલતીબેન અને રતનબેનને મારી સાથે મળીને એક બાર ભાવનાના અંકના સંપાદનનું ઈજન આપતા ગયા એ કેમ વિસરાશે? મરણ પણ એમનું સ્મરણ નહિ મિટાવી શકે. એ જ અભ્યર્થના સહિત સ્મરણાંજલિ આપતા હૈયું તૂટે છે.

ઊંચું ધ્યેય, કાર્યદક્ષતા, દૃઢ સંકલ્પ, પ્રબળ ઈચ્છાશક્તિ, સ્વયંશિસ્ત, સહનશક્તિ, સફળ આયોજક, સમર્થ સાહિત્યકાર-નાટ્યકાર, સફળ શિક્ષક જેવા નવગ્રહો, જેમના વ્યક્તિત્વની કુંડળીમાં ઉચ્ચસ્થાને બિરાજતા હોય એમને સ્મરણાંજલિ આપતા મારા અક્ષરો ઓછા પડે છે, શબ્દો સાંકડા પડે છે અને વાક્યો વામણાં પડે છે. છતાં અંતરથી ઉદ્ગારો નીકળે છે કે

*આકૃતિ જેમની આહ્લાદકારી,*
*પ્રકૃતિ જેમની પાવનકારી*
*સંસ્કૃતિ જેમની શાસનની શાન વધારનારી,*
*એમને સ્મરણાંજલિ ભાવભરી.*

✱ ✱ ✱

## મંગલ મંદિર ખોલો

મંગલ મંદિર ખોલો,
દયામય! મગલ મંદિર ખોલો!
જીવન વન અતિ વેગે વટાવ્યું.
દ્વાર ઊભો શિશુ ભોળો,
દયામય! મંગલ મંદિર ખોલો!
તિમિર ગયું ને જ્યોતિ પ્રકાશ્યો,
શિશુને ઉરમાં લ્યો, લ્યો,
દયામય! મંગલ મંદિર ખોલો!
નામ મધુર તમ રટ્યો નિરંતર,
શિશુ સહ પ્રેમે બોલો,
દયામય! મંગલ મંદિર ખોલો!
દિવ્ય-તૃષાતર આવ્યો બાળક

**–નરસિંહરાવ દિવેટીયા**

# એક વિરલ વ્યક્તિત્વ

□ ડૉ. રતનબેન ખીમજી છાડવા

મુંબઈના સુપ્રસિદ્ધ સાહિત્યકાર, નાટ્યકાર, 'પ્રબુદ્ધ જીવન'ના તંત્રી, ચારિત્ર કલ્યાણ રત્નાશ્રમના રત્ન એવા કર્મયોગી ડૉ. ધનવંતભાઈ શાહે તા. ૨૮-૨-૨૦૧૬ના રોજ રવિવારે ૭૬ વર્ષની ઉંમરે વિદાય લીધી. જાણે આકાશનો એક ઝગમગતો તારલો ખરી પડ્યો.

ડૉ. ધનવંતભાઈની જન્મભૂમિ ભાવનગર પણ સંસ્કાર ઘડતર તો સોનગઢમાં થયું. સોનગઢના શ્રી મહાવીર જૈન ચારિત્ર કલ્યાણ રત્નાશ્રમમાં રહીને તેમણે શિક્ષણ, સેવા અને ધર્મભાવનાના પાઠ ઘૂંટ્યા હતા. માટે જ માતૃસંસ્થાને તેઓ કદી ભૂલ્યા નહિ. હજી ગયા મહિને જ તેમને પૂજ્ય મોરારીબાપુના વરદ્ હસ્તે 'રાજવીકવિ કલાપી એવોર્ડ-૨૦૧૬' એનાયત થયો હતો. જે વિનમ્રતાથી એમણે આ એવાર્ડની ટ્રોફી પોતાની માતૃસંસ્થા શ્રી મહાવીર જૈન ચારિત્ર કલ્યાણ રત્નાશ્રમને અર્પણ કરી હતી.

છેલ્લે એમને એક અદમ્ય ઈચ્છા હતી કે શ્રી મહાવીર જૈન વિદ્યાલય દ્વારા આયોજિત જૈન સાહિત્ય સમારોહ સોનગઢમાં શ્રી મહાવીર જૈન ચારિત્ર-કલ્યાણ રત્નાશ્રમના આંગણે યોજાય. એમની આ પણ ઈચ્છા સાકાર થઈ અને સોનગઢમાં ૨૩મો જૈન સાહિત્ય સમારોહ યોજાય એવું નક્કી થયું. એ માટે એમણે પૂર્વ તૈયારી શરૂ કરી દીધી. સમારોહ શરૂ થાય એ પહેલાં એમને શારીરિક તકલીફ થઈ છતાં એમણે મોતને રોકી રાખ્યું. ભાવિનો અણસાર જાણે એમને મળી ગયો હશે.

*'જતાં પહેલાં મળી લેવું છે, ફરી સૌને એકવાર*
*એકવાર ફરી મળી લેવું છે, જઈ સામેથી ધરાર.'*

–'ઉશનસ'

'ઉશનસ'ના શે'રના આ શબ્દોને તેમણે જાણે સાકાર કરી બતાવ્યા.

છેલ્લે છેલ્લે પણ પોતાના મોતને કહેતાં ગયા કે,

*'થોડીક શિકાયત કરવી'તી,*
*થોડાક ખુલાસા કરવા'તા.*
*ઓ મોત જરા રોકાઈ જતે,*
*બે ચાર મને પણ કામ હતા.*

ડૉ. ધનવંતભાઈ સાથેની મારી પ્રથમ મુલાકાત મારા રેફરી (પરીક્ષક) તરીકે થઈ. સૌમ્યપ્રકૃતિ, મુખ ઉપર પ્રેમાળ હાસ્ય અને વાણીમાં મીઠાશ અનુભવીને મારો અડધો ગભરાટ ઓછો થઈ ગયો. મારી થિસિસનો એમણે ઊંડો અભ્યાસ કર્યો જ હશે. કારણ કે તેમણે થિસિસમાં ૨૫-૩૦ પાના ઉપર નોટની કાપલી ચિપકાવી હતી જે મને સ્પષ્ટ દેખાતી હતી. તેમના પ્રશ્નોએ મને સ્ફુરિત કરી અને હું તેમના જવાબો સહજતાથી અને સરળતાથી આપી શકી. આ હતી મારી તેમની સાથેની પહેલી મુલાકાત...આ પછી તો જૈન સાહિત્યમાં તેઓ મારા માટે રાહબર બની ગયા.

તેમની પ્રેરણાથી અમારા વતન સામખીયારીમાં (કચ્છ) જૈનજ્ઞાન-સ્વાધ્યાય સત્ર ઈ. સ. ૨૦૧૨માં અમે યોજી શક્યા હતા. ત્યારે ખબર પડી કે જ્ઞાનસત્રનું આયોજન કરવું કેટલું કઠિન છે. પરંતુ ડૉ. ધનવંતભાઈ સહજતાથી અને સરળતાથી જ્ઞાનસત્રોનું આયોજન મોટા પાયે યોજી શકતા હતા. યથાર્થ જ છે કે-

न अभिषेको न संस्कार: सिंहस्य क्रियते वने।
विक्रमार्जितसत्त्वस्य स्वयमेव मृगेंद्रता।।

મુંબઈ જૈન યુવક સંઘનું પ્રતિષ્ઠિત, જૈન જગતમાં લોકપ્રિય સામયિક એટલે 'પ્રબુદ્ધ જીવન'. ઈ. સ. ૨૦૧૪માં પર્યુષણ પર્વ વિશેષાંકનું (કર્મવાદ) સંપાદન કાર્ય અમને સોંપવામાં આવ્યું હતું. અમારા માટે તો આ કાર્ય દરિયો ખેડવા જેવું કપરું હતું. પરંતુ તેમણે અમને હિંમત આપી. વિશેષાંક માટેની ચર્ચા કરી સચોટ માર્ગદર્શન આપ્યું. અમારી નાવ ડગુ-મગુ થાય ત્યારે હલેસારૂપી બળ તેમણે પૂરું પાડ્યું. આમ આ કાર્યમાં અમે આગળ વધ્યા અને કર્મવાદ જેવા વિશેષાંકનું સંપાદન કરવાનું ભગીરથ કાર્ય સંપન્ન કરવા સમર્થ બન્યા. એમનું આ ઋણ હું કેવી રીતે ભૂલીશ...

અંતે શ્રદ્ધાંજલિ આપતા એટલું જ કહીશ કે, બસ આપની આ યાદો ચિરંજીવી રહે...આપનો આત્મા જ્યાં પણ હોય ત્યાં શાશ્વત ગતિને પામો એ જ પરમકૃપાળુ પરમાત્માને હૃદયપૂર્વકની પ્રાર્થના....-અસ્તુ.

✶ ✶ ✶

એફ/૩૦૨, ગુંદેચા ગાર્ડન, લાલબાગ, મુંબઈ-૪૦૦ ૦૧૨.

## વંદનીય વિરલ વિભૂતિ ડૉ. ધનવંતભાઈ શાહ

મારા પીએચ.ડી.ના પરીક્ષક ડૉ. ધનવંત શાહ સૌમ્ય, શાંત વ્યક્તિત્વના ધારક હતા. પરીક્ષા વખતે જાણ હતી તે મુજબ ડૉ. ધનવંત શાહે પૂર્ણ થીસીસ અક્ષરે-અક્ષર વાંચીને તેમના સૂચનો-સુધારાઓ સહિત ન કેવળ પરીક્ષા લીધી, સુયોગ્ય માર્ગદર્શન પણ આપ્યું. નાની-નાની પુસ્તિકાઓ તેઓ પબ્લિશ કરવા માગતા હતા. પરંતુ મારા સંજોગો અનુસાર તે શક્ય ન બન્યું. આ સન ૨૦૧૨ની વાત છે. હવે તેમણે જે ઈચ્છયું હતું તે તરફ મારો પ્રયાસ બનશે. તેમણે ઈચ્છ્યું તે અંતિમ આદેશ સમજી અનુસરીએ તો જ તેમને સાચી અંજલિ આપી કહેવાય.

**–ડૉ. હંસા ઉમરશી ગાલા**
દાદર/ભચાઉ Mob. : 922445526

# સત્ત્વશીલ જીવનશૈલી, અનેકાંત વિચારશૈલી, સૌજન્યશીલ વ્યવહારશૈલી, હૃદયસ્પર્શી લેખનશૈલી અને ઝીણવટભરી આયોજન શૈલીનું બીજું નામ ધનવંતભાઈ

❑ સુરેશ ગાલા

*લ્યો, અનંતની યાત્રામાં પૂરો થયો ધનવંતભાઈ તરીકેનો એક મુકામ*
*હતું વ્યક્તિત્વ એવું કે ગૌરવ અનુભવે સગા-સ્નેહીઓ તમામ*

સૌમ્ય ચહેરો, આંખોમાં તેજ, મિષ્ટવાણી, ગરવું અને નમ્ર વ્યક્તિત્વ, ઊંચું કદ એટલે ધનવંતભાઈ.

આજથી લગભગ પાંત્રીસેક વર્ષ પહેલાંની વાત છે. મારા પાડોશીની ઓફિસ મારી ઓફિસની સામે હતી. હું મારા પાડોશીને મળવા એમની ઓફિસમાં ગયો હતો. મારા પાડોશીને ફાઈનાન્સનો ધંધો હતો. એમની કેબીનમાં એક વ્યક્તિ બેઠી હતી. મારા પાડોશીએ એ વ્યક્તિની ઓળખાણ કરાવતાં કહ્યું કે આ ધનવંતભાઈ છે અને કેમીકલ્સની ફેક્ટરી ચલાવે છે. મારો પણ કેમીકલ્સનો જ ધંધો હતો. અમે કેમીકલ્સના ધંધા અંગેની વાતો કરતા હતા. વાતચીત દરમ્યાન ધનવંતભાઈ એક વાક્ય બોલ્યા, 'પૈસો મોટો પણ થઈ ગયો છે અને પૈસો નાનો પણ થઈ ગયો છે.' અમારી વાતચીતમાં ધનવંતભાઈની શિષ્ટ ભાષાથી હું પ્રભાવિત થયો જ હતો અને એમાં આ વાક્ય સાંભળી મેં ધનવંતભાઈને પૂછ્યું કે કેમીકલ્સની ફેક્ટરીના માલિક સિવાયનો તમારો બીજો પરિચય આપો. કારણ કે તમારી ભાષા સૂચવે છે કે તમે માત્ર ઉદ્યોગપતિ નથી. એમણે હસતાં હસતાં કહ્યું, 'હું સિડનેહામ કૉલેજમાં ગુજરાતી ભણાવું છું.' મેં ઊભા થઈને એમની સાથે હાથ મેળવ્યા. આ મારો ધનવંતભાઈ સાથેનો પહેલો પરિચય.

ઈ. સ. ૨૦૦૭માં મેં અનહદની બારી નામનું પુસ્તક લખ્યું કે જેમાં કચ્છના સંત મેકણદાદાની કચ્છી સાખીઓનો ગુજરાતીમાં અનુવાદ કર્યો હતો. ધનવંતભાઈએ આ પુસ્તક વાંચીને મને ફોન કર્યો અને કહ્યું કે, 'હું સોનગઢમાં આવેલા શ્રી મહાવીર કલ્યાણ ચારિત્ર રત્નાશ્રમમાં ભણ્યો છું. આશ્રમના સુપરવાઇઝર શ્રી દુલેરાય કારાણી મેકણદાદાની કચ્છી સાખીઓ ગાતા હતા એનું સ્મરણ આ પુસ્તક વાંચીને થઈ ચાલ્યું. ધનવંતભાઇએ 'પ્રબુદ્ધ જીવન' સામિયકમાં આખો તંત્રીલેખ ગુજરાતમાં અનુવાદિત મેકણદાદાની સાખીઓ વિશે લખ્યો હતો. અમારી મિત્રતાની બીજી ઈનિંગ્સ શરૂ થઈ જે એમના જીવનના અંત સુધી ટકી રહી. ધનવંતભાઈ મારા વિશે વિશિષ્ટ ભાવ ધરાવતા હતા.

ધનવંતભાઈના પિતાશ્રી મુનિશ્રી ચારિત્રવિજયજી અને મુનિશ્રી કલ્યાણચંદ્રજીની ખૂબ જ નિકટ હતા. એક દિવસ મુનિશ્રી ચારિત્રવિજયજીએ ધનવંતભાઈના પિતાશ્રીને કહ્યું, 'તમારો કપરો કાળ શરૂ થાય છે. ગૃહલક્ષ્મી અને ધનલક્ષ્મી બંનેનો તમને વિયોગ થશે.' અઠવાડિયામાં જ ધનવંતભાઈના માતુશ્રીનું અવસાન થયું અને સાથે સાથે ધનવંતભાઈની ઉંમર ત્યારે નાની હતી અને સોનગઢ આશ્રમમાં રહીને અભ્યાસ કરતા હતા. ધનવંતભાઈએ સાહજિક રીતે મને આ પ્રસંગની વાત કરતાં કરતાં કહ્યું કે અશુભ કર્મનો જ્યારે ઉદય થાય છે ત્યારે આવી ઘટનાઓ ઘટે છે. આપણે સમતા જાળવવી જોઇએ! ધનવંતભાઈ ઉપર મુનિશ્રી કલ્યાણચંદ્રજીની ગાઢ અસર હતી. મુનિશ્રી સાથેના ઘણાં પ્રસંગોની એમણે મને વાત કરી છે.

અનેકાંત દૃષ્ટિકોણ ધરાવતા ધનવંતભાઈને જૈન ધર્મના સિદ્ધાંતો ઉપર અટલ શ્રદ્ધા હતી. એમની કેમીકલની ફેક્ટરીમાં એક એવું કેમીકલ બનાવતા હતા કે જેનું વેચાણ ખૂબ જ હતું અને નફો પણ સારો એવો હતો. એમને ખબર પડી કે આ કેમીકલનો ઉપયોગ માછલા પકડવાની જાળ બનાવવામાં થાય છે એટલે એમણે તરત જ નિર્ણય કર્યો કે મારે આ કેમીકલ બનાવવું નથી. એમની ફેક્ટરીના માર્કેટિંગ વિભાગના અને ફાઈનાન્સ વિભાગના મેનેજરોએ એમને ઘણું સમજાવ્યા કે આપણી કંપનીનો મોટા ભાગનો નફો આ કેમીકલના વેચાણમાંથી મળે છે માટે તમે તમારા નિર્ણયની ફેરવિચારણા કરો. ધનવંતભાઈનો એક જ જવાબ હતો કે 'હું જન્મે જૈન છું. અહિંસા મારા ધર્મનો એક આધારસ્તંભ છે. ભલે કંપનીનો નફો ઓછો થઈ જાય કે ખોટ આવે. મારા કેમીકલનો ઉપયોગ આડકતરી રીતે પણ હિંસક કાર્યમાં થતો હોય તો મારે એવા નફાની જરૂર નથી.' માત્ર વાણીમાં નહીં પણ આચરણમાં પણ સિદ્ધાંત જાળવી રાખ્યો અને એ કેમીકલનું ઉત્પાદન બંધ કર્યું. એમની કંપનીને ઘણી મુશ્કેલ પરિસ્થિતિઓમાંથી પસાર થવું પડ્યું. પણ એમણે પોતાની અહિંસા પ્રત્યેની નિષ્ઠામાં જરાપણ બાંધછોડ કરી નહીં.

છેલ્લાં કેટલાંક વર્ષોથી એમણે કેમીકલની ફેક્ટરી બંધ કરી ધંધામાંથી નિવૃત્તિ લઈ લીધી હતી. એમનો મોટા ભાગનો સમય સાહિત્ય સર્જન, જૈન સાહિત્ય સમારોહનું આયોજન અને શ્રી મુંબઈ જૈન યુવક સંઘની પ્રવૃત્તિઓમાં જ પસાર થતો હતો. શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું સુકાન કુશળતાપૂર્વક સંભાળતા હતા. શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું મુખપત્ર 'પ્રબુદ્ધ જીવન'ને એમણે તંત્રી તરીકે એવી ઊંચાઈએ પહોંચાડ્યું હતું કે જૈન અને જૈનેતર વિદ્વાનો પણ 'પ્રબુદ્ધ જીવન'ની પ્રશંસા કરતા હતા.

વિષયોની વિવિધતા, વિચારોની ઊંચાઈ અને ઊંડાઈ
હૃદયને સ્પર્શે એવી વિનયી ભાષા

પૂર્વગ્રહરચિત દૃષ્ટિકોણ, અભિવ્યક્તિની સાહજિકતા.

કવિ કલાપી અને કવિ ન્હાનાલાલ એમના અતિપ્રિય સર્જકો હતા. 'કવિ ન્હાનાલાલની કવિતામાં માનવજીવન દર્શન' એ વિષય પર એમણે આદરણીય રામપ્રસાદ બક્ષીના માર્ગદર્શન હેઠળ મહાનિબંધ લખ્યો હતો. એમણે 'વસંત વૈતાલિક કવિ ન્હાનાલાલ', 'રાજવી કવિ કલાપી', 'અપૂરવ ખેલા-અવધૂત આનંદઘન' અને 'કૃષ્ણભક્ત કવિ જયદેવ'–આ ચાર નાટક લખ્યા હતા. એમને ઘણાં પુરસ્કારો અને એવોર્ડ પણ મળ્યા હતા. કલાપીના પુસ્તક માટે મહારાષ્ટ્ર રાજ્ય ગુજરાતી સાહિત્ય અકાદમીનો ઉત્તમ નાટ્યગ્રંથ પુરસ્કાર, મહાવીરપ્રસાદ સરાફ પુરસ્કાર અને છેલ્લે ૨૦૧૬ની ૪ થી જાન્યુઆરીએ લાઠીમાં એમને એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા.

આજથી છ વર્ષ પહેલાં એમને એક વિચાર આવ્યો કે વર્તમાન સમયમાં તીર્થંકરો અને મહાન આચાર્યોના જીવન વિશે લોકોમાં અલ્પ માહિતી પ્રવર્તે છે. પરિણામે લોકો પોતાના મહાન વારસાથી અપરિચિત રહે છે. આથી એમણે સળંગ ત્રણ દિવસ એક વિષયની રસપ્રદ રજૂઆત ધરાવતી કથાનું આયોજન કર્યું. આને પરિણામે 'મહાવીર કથા', 'ગૌતમ કથા', 'ઋષભ કથા', 'પાર્શ્વ-પદમાવતી કથા', 'નેમ-રાજુલ કથા' અને 'હેમચંદ્રાચાર્ય કથા' જેવી છ કથાઓની પ્રસ્તુતિ જૈન સાહિત્યના મર્મજ્ઞ પદ્મશ્રી કુમારપાળ દેસાઈ દ્વારા કરવામાં આવી.

આ છ કથાનું આયોજન એમણે સુપેરે પાર પાડ્યું.

ધનવંતભાઈ એટલે સત્ત્વશીલ જીવનશૈલી, અનેકાંત વિચારશૈલી, સૌજન્યશીલ વ્યવહારશૈલી, હૃદયસ્પર્શી લેખનશૈલી, ઝીણવટભરી આયોજન શૈલી.

ધનવંતભાઈ એક સંજ્ઞાવાચક નામ હતું પણ એ નામમાં આ ભાવવાચક નામો ખુશવંત, યશવંત, કર્મવંત, જ્ઞાનવંત, સંસ્કારવંત અને અધ્યાત્મવંત. દરેક વ્યક્તિની જેમ ધનવંતભાઈ નાશવંત તો હતા જ પરંતુ ઓચિંતા આવી રીતે ચાલ્યા જશે એવી કલ્પના કોઈને પણ ન હતી!

કદાચ ધનવંતભાઈએ આપણને કહેવું હોય તો શ્રી મકરંદભાઈ દવેના શબ્દોમાં આમ કહે,

જીવનની સાંજ થશે ને આપણે જઈશું પોઢી,  
સૂરજ સાથે જાગશું પાછા, નવો આંચળો ઓઢી.  
નિત નવા વેશ ધરી, નિત નવે નવે દેશ,  
આપણે આવશું, ઓળખી લેશું આંખ્યુનો સંદેશ

ધનવંતભાઈનો આત્મા ચેતના, ઉચ્ચ સ્તરોમાં શાંતપણે સ્થિત હોય એમાં શંકાને સ્થાન નથી. એમનો આત્મા ભગવદ્ ગીતાના શબ્દોમાં કહીએ તો પવિત્ર, શ્રીમંત અથવા યોગીઓના કુળમાં જન્મ લઈને પરમ પદને પ્રાપ્ત કરે એવી પરમકૃપાળુ પરમાત્માને પ્રાર્થના.

***

## આપણા - અમારા - આત્મીય શ્રી ધનવંતભાઈ

શ્રી ધનવંતભાઈ નામના એક ઘેઘૂર વડલા નીચે બેસી આપણે સૌ કેવી પરમ શાંતિ શીતળતા પામતા હતા! તેમની અધ્યક્ષતામાં સંઘનું સૌ કાર્ય સુપેરે ચાલતું હતું. ઉત્તરોત્તર વિકાસ પામતું જતું હતું. નવા સીમાચિહ્નો સર કરતું જતું હતું. આજે આ વડલો ધરાશાયી થયો છે. હૃદયમાં ગ્લાનિ છે.

તેમની સાથે ઘણી વાર ફોન પર–રુબરુ વિચારોની આપ-લે થતી. તેમનો પ્રેમાળ-નિખાલસ-આત્મીય સ્વભાવ વિસરાતો નથી. તેમનો હરહંમેશ હસતો ચહેરો આંખ સમક્ષ તરવરે છે.

જાન્યુઆરી ૨૦૧૬નો 'પ્રબુદ્ધ જીવન'નો અંક તા. ૧૭/૧૮મી જાન્યુઆરીએ મળ્યો. અંક મળતા આદત પ્રમાણે તંત્રી-લેખ તરત જ વાંચી જાઉં. 'જૈન શ્રમણ-શ્રમણી'નો તંત્રી લેખ વાંચી ગયો. જૈનોની એકતા માટેના આ લેખ માટે અભિનંદન આપવા સહજતાથી ફોન પર વાત થઈ. આ એકતા માટે કોણ મથશે? કોણ બીડું ઝડપશે? મશાલચીનું આ કામ કોણ કરશે? તેમણે કહ્યું, આપણું કાર્ય દીવાદાંડીનું – પથ પ્રદર્શકનું – વિચારને વાચા આપવાનું છે. આ લેખને જૈન સોશ્યલ ગ્રુપના મુખપત્ર 'મંગલયાત્રા'માં અને 'જૈન જાગૃતિ સંદેશ'માં ઉધ્ધૃત પણ થયો.

તેઓના આવા પ્રેમના આપણે ઋણી છીએ.

ઘણાં વર્ષો પૂર્વે 'પ્રબુદ્ધ જીવન'ના અંકોનું આવરણ મુખપૃષ્ઠ સાદું હતું. સરસ્વતી દેવીની એક પછી એક નવ-નવી કૃતિઓ છપાવા માંડી. અંકો પણ સાહિત્યની દૃષ્ટિએ ઉત્તરોત્તર વિકાસ પામતા ગયા. આવા સુંદર અંકોનું આવરણ પ્લાસ્ટીકનું કોટેડ-ગ્લોસી કરાવવા સૂચન કર્યું. જવાહરભાઈને પૂછી તેમણે આ વિચારને વધાવ્યો. અંક-મૂલ્ય વધ્યું. તેમની છાયામાં બેસી વિચારોને વહેતા કરવાનું ગમતું.

નવા નવા વિષયોને આવરી નવા-નવા સંપાદક-સંપાદિકા-સંકલનકર્તાઓને અંકનો કાર્યભાર તેમની રાહબરી હેઠળ સોંપતા અને આ સૌનું સન્માન-બહુમાન કરતા રહેતા.

આવા પ્રેમાળ વ્યક્તિત્વને નત મસ્તકે વંદના. તેમનો મોક્ષગામી આત્મા મહાવિદેહ ક્ષેત્રમાં વિચરે અને પરમ પ્રભુ શાશ્વત શાંતિ અર્પે એ જ હૃદયથી પ્રાર્થના. અભ્યર્થના! -અસ્તુ

☐ હસમુખ શાહ

Mobile : 99209 38626

# પ્રબુદ્ધ વ્યક્તિત્વ શ્રી ડૉ. ધનવંતભાઈ શાહ

☐ રાજેશ પટેલ

ગુણવંત છો! બળવંત છો! યશવંત છો! તમે આહ છો! તમે વાહ છો! તમે ચાહ છો! તમે શાહ છો!

સૌરાષ્ટ્રના ભાવનગરમાં માતા ગુણીબેન અને પિતા શ્રી તિલકરાય કુબેરદાસ શાહના ઘરે ૭મી જાન્યુઆરી ૧૯૪૦ના રોજ જન્મેલા ધનવંતભાઈનું બાળપણ સૌરાષ્ટ્રમાં વીત્યું હતું. પછી માટીમાંથી માનવ ઘડવાની અને એ માનવ જીવનનું કલ્યાણ થાય એવા સુંદર સંસ્કાર સાથે બાળપણથી જ ચારિત્રનું ઘડતર કરનાર સોનગઢના શ્રી મહાવીર કલ્યાણ ચરિત્ર રત્નાશ્રમમાં પ્રાથમિક અભ્યાસ કર્યો. બાળપણથી જ બાપા અને કચ્છના મેઘાણી એટલે કે કવિવર્ય શ્રી દુલેરાય કારાણી સાહેબનું સાંનિધ્ય મળ્યું કલ્યાણચંદ્ર બાપાએ બાળપણથી જ ધનવંતભાઈમાં રહેલા સદ્‌ગુણોને પારખીને એવું સરસ વાતાવરણ આપ્યું કે તેમના વ્યક્તિત્વમાં એ ગુણો ઓતપ્રોત થઈને રહી ગયા. ધનવંતભાઈ કહેતા કે બાળપણમાં હું રત્નાશ્રમમાં હતો ત્યારે બાપા રોજ સાંજે દેરાસરે આરતી ઉતારીને આવીને પછી ચરિત્રાત્મક વાર્તાઓ કહેતા. આ રોજનો ક્રમ હતો. અમે બધા વિદ્યાર્થીઓ બહુ ધ્યાનથી વાર્તા સાંભળતાં અને પછી પૂ. બાપા વાર્તાને અંતે બધા વિદ્યાર્થીઓ સાથે સવાલ જવાબ કરે અને એ રીતે બોધ આપતા. મારી માતાનું હું બહુ નાનો હતો ત્યારે જ અવસાન થયું અને મમતાનો અભાવ મારા જીવનને ઘેરી વળેલો. એ ઉંમરે કંઈ સમજાય નહીં ક્યાંય મન લાગે નહીં અને એકદમ સૂનમુન બેસેલો જોઈને એક દિવસ પૂ. બાપાએ મને એકલાને બોલાવીને ખૂબ સમજાવ્યો. જીવનની સાચી ફિલોસોફી મારી ઉંમર અને સમજ પ્રમાણે સમજાવી અને કહ્યું જો બેટા દુ:ખનું ઓસડ દહાડા છે એ વાત સાચી પણ વહેતું રહેવું એજ જીવન છે. હું તારી પરિસ્થિતિ સમજી શકું છું, પણ બેટા આશ્રમના બધા બાળકો તારા સ્વજનો જ છે, તારા મનને હળવું કર અને સૌ સાથે ભળી જા, ન સમજાય એ સો વાર પૂછ, જીજ્ઞાસા હોય તો એનું નિરાકારણ માંગ, તારા માતા પિતાના સદ્‌ગુણોનો વારસો તારે આગળ વધારવાનો છે, અમે તારી સાથે જ છીએ! બસ આટલા પણ ભાવપૂર્ણ શબ્દોની અસર ધનવંતભાઈના સમગ્ર જીવન પર રહી. તેમની જિજ્ઞાસાવૃત્તિએ તેમને સંશોધક બનાવ્યા, કોઈ પણ કાર્યમાં પ્રવૃત્ત થતાં પહેલાં જરૂરી યોગ્ય તૈયારી અને અભ્યાસ એ પહેલાં કરી લેતા અને પછી દરેક કાર્યની શરૂઆત કરતા. નિરાશા-હતાશા ને બાળપણથી જ ખંખેરીને ઉછરેલા આ રત્નાશ્રમના રત્નને મેં હંમેશાં રચનાત્મક અભિગમ અને ઉચ્ચ આદર્શ સાથે જીવતા જોયા છે. બાળપણના આ સંસ્કારના જોરે જ એમને એક સંવેદનશીલ સર્જક અને ઉમદા માનવી બનાવ્યા હતા. દરેક સમય, સંજોગો અને પરિસ્થિતિમાં સ્થિતપ્રજ્ઞ રહેવાની તેમની અજોડ શક્તિનો હું સાક્ષી રહ્યો છું. પ્રાથમિક માધ્યમિક શિક્ષણ પૂરું કરીને મહાવીર વિદ્યાલય, મુંબઈમાં પ્રવેશ લીધો. ઉચ્ચ અભ્યાસ મુંબઈ યુનિવર્સિટીમાં બી.એ. વિથ ગુજરાતી, સંસ્કૃત વિષય સાથે અને એમ.એ. ગુજરાતી ભાષાશાસ્ત્ર સાથે કર્યું. મુંબઈના જ સાહિત્ય મહર્ષિ ડૉ. રામપ્રસાદ બક્ષીના માર્ગદર્શનમાં મહાકવિ નાન્હાલાલની કવિતામાં માનવજીવન દર્શન ઉપર શોધ-નિબંધ રચી પીએચ.ડી. કર્યું. મુંબઈની જ સીડનહામ કૉલેજમાં ગુજરાતીભાષાના પ્રાધ્યાપક બન્યા. ૧૯૭૪માં સીડનહામ કોલેજમાં રાજવી કલાપીની જન્મશતાબ્દી વર્ષની ઉજવણીનું ભવ્ય આયોજન થયું ત્યારે સોનગઢના રત્નાશ્રમમાં કવિ અને વિદ્યાગુરુ શ્રી દુલેરાય કારાણી સાહેબના સહવાસમાં સાંભળેલા ગાયેલા કલાપીકાવ્યો અને બાળપણનો પ્રવાસ બહુ ઉપયોગી બન્યો. કારાણી સાહેબ એ સમયે રત્નાશ્રમના બાળકોને કલાપીનગર લાઠીની મુલાકાતે લઈ ગયેલા. રાજવી પરિવાર સાથે સાહેબને ઘરોબો એટલે કલાપીના મહેલમાં બધા વિદ્યાર્થીઓ ખૂબ ફર્યા પણ ધનવંતભાઈને કલાપીની લાયબ્રેરી બહુ ગમી ગઈ હતી. કલાપીનો પુસ્તક પ્રેમ બહુ જાણીતો છે. તેમણે લખ્યું છે, ભળીશ નહિ મિત્ર, સ્ત્રી, બાળકોથી જીવીશ બની શકે તો એકલા પુસ્તકોથી. લાયબ્રેરીમાં આંતરરાષ્ટ્રીય સર્જકોના અંદાજે ૫૫૦ જેટલા પુસ્તકો જોઈ ધનવંતભાઈને કલાપી પ્રત્યે બહુમાન થયું. એ સમયે કલાપીના પ્રપૌત્ર અને સાહિત્યકાર શ્રી પ્રહ્‌લાદસિંહજી ગોહિલ લાઠીના રાજા હતા. બપોરના ભોજન સમયે ઠાકોરસાહેબ સાથે વિદ્યાર્થીઓની મુલાકાતમાં આ બાળ ધનવંતભાઇએ ઠાકોરસાહેબને કલાપી વિષે થોડા સવાલો કર્યા. એમનો જન્મ, કુળ, વિદ્યાઅભ્યાસ લગ્ન, પ્રણય, અને મૃત્યુ વિષે જાણવાની તેમની જિજ્ઞાસુવૃત્તિએ સતત પાંચ વર્ષ સુધી કલાપીનો ઊંડો અભ્યાસ અને સંશોધન કાર્ય કરાવીને ગુજરાતી સાહિત્ય જગતને અદભૂત, અણમોલ નાટ્યગ્રંથ 'રાજવી કવિ કલાપી'ની ભેટ મળી જે પછી નાટક રૂપે વારંવાર ભજવાયું અને પ્રથમ ગુજરાતી ઑડિયોબુક 'યાદી ભરી ત્યાં આપની'–રૂપે દર્શન વેઝ એન્ડ વિઝન દ્વારા પ્રકાશિત થયું અને ખૂબ જ લોકચાહનાને પામ્યું, જીવન ચરિત્રાત્મક નાટકમાં શિરમોર બન્યું અને ઘણાં એવોર્ડ અને સન્માન પ્રાપ્ત થયા. પ્રયોગશીલ નાટ્યકાર તરીકેની તેમની પ્રતિભા વધુ વિકસી. તેમણે મુંબઈ યુનિવર્સિટી અને એસ.એન.ડી.ટી. યુનવર્સિટીના મેમ્બર ઑફ બોર્ડ ઑફ સ્ટડી તરીકે પણ સેવાઓ આપી હતી અને એ રીતે શિક્ષણ ક્ષેત્રે સદાય અગ્રેસર રહ્યા.

રોટરી કલબ ઑફ મુંબઈમાં રોટરિયન તરીકે સેવા આપી અને ફોર્બ્સ ગુજરાતી સભા, ગુજરાતી સાહિત્ય પરિષદ, શ્રી મહાવીર જૈન વિદ્યાલય અને રૂપ માણેક ભણશાળી ટ્રસ્ટ આયોજિત જૈન સાહિત્ય સમારોહના એ સંયોજક રહ્યા. જૈન સાહિત્યમાં અવનવા વિષયો પર તેમણે સાહિત્યકારો પાસે પુષ્કળ સંશોધનકાર્ય કરાવ્યું અને નિબંધના સ્વરૂપે લખાવી ગ્રંથસ્થ કરાવ્યું એ રીતે જૈન સમાજ પર બહુ મોટો ઉપકાર તેમનો છે. તેઓ એ સમગ્ર ગુજરાતી સમાજ અને શ્રી મુંબઈ જૈન યુવક સંઘમાં મહામંત્રી તરીકે સેવા આપી અને સંઘનું મુખપત્ર 'પ્રબુદ્ધ જીવન'ના તંત્રી રહ્યા. તેમની રાહબરી નીચે 'પ્રબુદ્ધ જીવન' નવા સ્વરૂપે અને ઉચ્ચ માનવીય મૂલ્યોને સ્પર્શતા વિષયો સાથે એક નવી ઊંચાઈ પર પહોંચ્યું. તેમના તંત્રી લેખમાં હંમેશાં સામાજિક ઉત્કર્ષ અને જીવ માત્ર પ્રત્યેની તેમની કલ્યાણ ભાવના પ્રગટ થતી. તેઓ હંમેશાં કહેતા કે મારા પૂર્વ સૂરી અને વિદ્વાન સ્નેહી શ્રી, રમણભાઈ શાહે 'પ્રબુદ્ધ જીવન' માટે જે ઉચ્ચ માપદંડ નક્કી કર્યા છે એ મર્યાદામાં રહીને મારે સમાજને કૈંક વિશેષ આપવું છે, એટલે સ્તર જાળવીને તેમણે ખૂબ પ્રયોગો કર્યાં.

તેમને મળેલા સન્માનોમાં ઉલ્લેખનીય એવું ૧૯૫૮માં ફોર્બ્સ ગુજરાતી સભા દ્વારા નિબંધ સ્પર્ધામાં પ્રથમ પારિતોષિક તેમના નિબંધ 'ગુજરાતના સામાજિક જીવનમાં નાટકનો ફાળો'ને મળ્યું હતું. ૧૯૭૫માં તેમના નાટક 'અંગારા'ને સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનની નાટ્ય સ્પર્ધામાં પ્રથમ પુરસ્કાર તેમજ સંશોધનાત્મક સત્ય ઘટનાનો મૌલિક નાટ્યગ્રંથ 'રાજવી કવિ કલાપી'ને મહારાષ્ટ્ર રાજ્ય ગુજરાતી સાહિત્ય અકાદમીનો બેસ્ટ નાટ્યગ્રંથ પુરસ્કાર અને મહાવીર પ્રસાદ સરાફ પુરસ્કાર તેમજ સંસ્કૃતિ અભિવાદન ફાઉન્ડેશન તરફથી બેસ્ટ નાટકનો એવોર્ડ મળ્યો હતો. ૨૦૦૪માં તેમના લખેલા નાટક કલાપીને ટ્રાન્સમીડિયા એવોર્ડ પણ મળ્યો હતો અને વર્ષ ૨૦૧૫નો આરાધના ચેરિટેબલ ટ્રસ્ટ લાઠી દ્વારા અપાતો 'રાજવી કલાપી એવોર્ડ' તા. ૪-૧-૨૦૧૬ના રોજ પૂજ્ય મોરારી બાપુના વરદ્ હસ્ત લાઠીમાં એનાયત થયો ત્યારે તેમણે પોતાની માતૃસંસ્થા શ્રી મહાવીર ચરિત્ર કલ્યાણ રત્નાશ્રમને યાદ કરીને પોતાને મળેલો એવૉર્ડ સંસ્થામાં ભેટ મોકલવાની શુભ ભાવના વ્યક્ત કરી હતી અને ભવિષ્યના વિદ્યાર્થીઓને એક નવો આદર્શ અને પ્રેરણા મળે એવી સુંદર ભાવના પ્રગટ કરી હતી જેની પૂજ્ય બાપુએ સહર્ષ નોંધ લીધી હતી...

સર્જક તરીકે ૧૯૭૫માં સીડનહામ કૉલેજમાં કલાપી જન્મશતાબ્દિ વર્ષ નિમિત્તે તેમના નિબંધ 'કલાપી દર્શન'નું પ્રકાશન થયું અને 'વસંત વૈતાલીક' મહાકવિ નાન્હાલાલના જીવન પર આધારિત નાટક 'વસંત વૈતાલીક' અને 'રાજવી કવિ કલાપી', શ્રી જયભિખ્ખુકૃત–કૃષ્ણ ભક્ત કવિ જયદેવનું નાટ્યાંતર, અવધૂત આનંદઘનજીના જીવન પ્રસંગો પર 'અપૂર્વ ખેલા', 'વાંસને આવ્યા ફૂલ' તેમજ તેમનું ચિંતન 'વિચાર મંથન' અને 'વિચાર નવનીત' એમના યાદગાર સર્જનો રહ્યા છે.

શ્રી મહાવીર ચારિત્ર કલ્યાણ રત્નાશ્રમમાં બાળપણથી જ સાહિત્ય અને સંસ્કારનું ઊંડું સિંચન થયું. પરિણામે ધનવંતભાઈનું વ્યક્તિત્વ અલગ જ રીતે ખીલી ઊઠ્યું. માનવીય સંબંધો, ઉચ્ચ આદર્શ સાથે મુંબઈની ઘણી સામાજિક, શૈક્ષણિક સંસ્થામાં સેવાઓ આપી. જૈન તત્ત્વદર્શનના ઊંડા અભ્યાસને કારણે શ્રી મુંબઈ જૈન યુવક સંઘની પર્યુષણ વ્યાખ્યાનમાળાનું વિચાર, વૈવિધ્ય સાથેનું ભવ્ય આયોજન, જૈન કથાઓ, અને જૈન સાહિત્ય સંમેલનમાં સંયોજક તરીકે ખૂબ ગરિમાપૂર્ણ કાર્ય કર્યું! ખુદ્દારી, ખુમારી અને ખાનદાની, તેમના જીવનના મુખ્ય સિદ્ધાંતો હતા. સમય, સંજોગો અને પરિસ્થિતિ સામે ક્યારેય હાર નહિ માનનારા ધનવંતભાઈ બહુ આકર્ષક વ્યક્તિત્વના માલિક હતા. તેઓ એકદમ હર્યુંભર્યું જીવન જીવ્યા. જીવનની પ્રત્યેક ક્ષણને તેમણે મ્હાણી, સંબંધો માટે જીવ્યા અને અંત સુધી પ્રવૃત્તિમય રહી દુનિયાને અલવિદા કરી ગયા! એજ સાબિત કરે છે કે તેઓ ઉચ્ચ આત્મા હતા જે થોડા વિશિષ્ઠ કાર્યો કરવા આ ધરતી પર અવતર્યા હતા અને એ કાર્યો પૂરા કરીને માનભેર વિદાય લીધી. શારીરિક બીમારીઓ અને તકલીફો સામે એ હંમેશાં લડ્યા, આસાનીથી હાર માની લેવાનું તેમના સ્વભાવમાં નહોતું. એ રીતે તેઓ બળવંત હતા. જોયેલા સ્વપ્નાંઓ સિદ્ધ કરવા, સાકાર કરવા તેમણે ઘણાં મિત્રોનો સહયોગ લીધો અને ખૂબ યશ પામ્યા એ રીતે તેઓ યશવંત હતા...

વર્ષો સુધી ફેક્ટરી ચલાવીને સફળ વ્યવસાય કર્યો અને એ અર્થમાં ધનવંત બન્યા. અચાનક આવી પડેલી આકસ્મિક મુસીબતો સામે અડીખમ ઊભા રહેવાની તેમની કોશિશ અને હિંમતને તો સો સો સલામ કરવી પડે. પોતાના સિદ્ધાંતો, પોતાના આદર્શો સાથે તેઓએ ક્યારેય બાંધછોડ ન કરી અને ઈમાનદારીથી વળગી રહ્યા. તેમનું એક સૂત્ર મને બહુ ગમે છે. તેઓ કહેતા કે સારા અને ખરાબ દિવસો તો જીવનમાં આવે અને જાય. આપણી દાનત સારી હશે તો આ કસોટી કાળ એક દિવસ પૂરો થશે અને સારા દિવસો પાછા જરૂર આવશે જ!! આપણે આપણી ખાનદાની ને સંસ્કારને વળગી રહેવું જોઇએ અને સંબંધોને ટકાવી રાખવા જોઇએ એ જ સાચું જીવન છે. અહીં કશું જ સ્થિર નથી બધું પરિવર્તનશીલ છે...

*પ્યારું ત્યજીને પ્યાર કોઈ આદરે છેલ્લી સફર!*
*ધોવાય યાદી ત્યાં રડાવે છે જુદાઈ આપની!*
*જ્યાં જ્યાં નજર મારી ઠરે યાદી ભરી ત્યાં આપની!*
*આંસુ મહીં એ આંખથી યાદી ઝરે છે આપની!* - કલાપી ✷

# ડૉ. શ્રી ધનવંત શાહને સ્મરણ-શ્રદ્ધાંજલિ

☐ પ્રા. પ્રતાપકુમાર જે. ટોલિયા

## 'એ મોત ! તું જરા થંભી જા !'

**'જીવિત કે ગરણે નહીં ન્યૂનાધિકતા'**

(અપૂર્વ અવસર : શ્રીમદ્ રાજચંદ્રજી)

બુધવાર ને બીજી માર્ચની પરોઢ પૂર્વે જ આ લખવા બેઠો છું- જિનસ્મરણ, સદ્ગુરુ-વંદન કરીને.

હમણાં જ એ અદ્ભૂત સ્વપ્ન પૂર્ણ થયું છે. શ્રી ધનવંતભાઈના એવરેસ્ટ હાઈટસના જ ઉપરના માળનું સ્વપ્ન. તેમની આરંભાઈ ચૂકેલી પરલોકયાત્રા પછી સહધર્મચારિણી સુમિત્રા સાથે ત્યાં તેમને શ્રદ્ધાંજલિ અર્પવા પહોંચાયું છે. તેમના પરિવારના સર્વ સ્વજનો તેમની સ્મશાનયાત્રાએ ગયેલા છે–એકાદ અતિથિ સજ્જન સિવાય. આમ તો કદી નહીં જોયેલા એ ઘરમાં, જ્યાં તેઓ સદેહે વસીને ચિંતન, લેખન, આયોજન બધું કરી ગયા તેના બધા પરમાણુઓ ત્યાંથી ઘણું ઘણું અમને કહી રહ્યા હતા.

એ સઘળું સાંભળતાં, જોતાં, બારીની બહાર, મુંબઈના સાગર પર દૃષ્ટિ દોડી ગઈ. જાણે ત્યાં ગુરુદેવ રવીન્દ્રનાથનું 'શમુએ શાન્તિ પારાવાર'નું ગીત ગાતા એક નૈયામાં બેસી એ જઈ રહ્યા અને આ પ્રાર્થના કરી રહ્યા હતા.

'હે જીવન-કર્ણધાર! આપના આ અપાર શાંતિસાગરમાં મારી જીવન નૈયા વહાવીને લઈ જાઓ અને પહોંચાડો આપના પરમ શરણે, પરમધામ, નિજધામમાં...

આ સ્વપ્ન સાથે, અમૃતવેળાના શીઘ્ર આકાર લેતા પરોઢ-સ્વપ્ન સાથે અવશ્ય કોઈ અગમ સંકેત હશે! શ્રી કલ્પસૂત્રમાં આર્ષદૃષ્ટા યુગપ્રધાન આચાર્યશ્રી ભદ્રબાહુ સ્વામી આવા સંકેત-સિદ્ધિની સાક્ષી પૂરે છે. શ્રી ધનવંતભાઈની જીવનયાત્રા અને તેમના સાથે ચાલેલી અમારી અંતર-સહયાત્રાનો એ પડઘો પાડે છે. કારણ છેલ્લે રવિવારના દિવસે અમારી કોલવાર્તા થવી રહી ગયેલી. બહેનશ્રી સ્મિતાબેન સાથેની એ વાતનો ઉલ્લેખ હજુ ગત રાત્રે જ અમે બંનેએ વિદુષી બહેન ડૉ. સેજલ શાહ સાથે, શ્રી ધનવંતભાઈના છેલ્લા દિને, રવિવારના પ્રયાણના સર્વ સમાચારો જાણવા ફોન-વાર્તાલાપ કરેલો. આ સ્વપ્ન એનું એક મહત્ત્વનું કારણ હતું, પ્રતિફલ ન હતું.

વાત એમ હતી કે તેમને સોનગઢ સાહિત્ય સમારોહના વ્યસ્ત કાર્યક્રમમાં વિક્ષેપ ન કરતાં પછીથી ૨૮મી ને રવિવારે સવારે તેમને પ્રવાસમાંથી ફોન જોડ્યો, કે જ્યારે બેંગલોરથી હંપી-કર્ણાટકના શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમે પહોંચેલો. સદ્ગુરુદેવ શ્રી સહજાનંદઘનજીને મહત્ત્વનો સંદેશ આપવાની પ્રેરણા થઈ હતી. ફોન જોડતાં બહેનશ્રી સ્મિતાબેને તેઓ સામાન્ય અસ્વસ્થ હોવાનું અને ત્યારે બાથરૂમમાં હોઈને સાડાચાર વાગ્યા પછી ફોન કરવા સૂચવ્યું.

હમણાં જાણેલા તેમના કાર્યસંકલ્પ દૃઢતાના અને ભાવનગર હૉસ્પિટલ યાત્રા કરી, મૃત્યુને હાથતાળી આપી સોનગઢના સમારોહના સુચારુ સંચાલન કરી આવ્યાના સમાચાર ત્યારે રવિવારે જાણમાં ન હતા. રવિવાર સવારના ઉપરના ફોન મુજબ બહેનશ્રી સ્મિતાબેન સાથે સ્વાભાવિક જ એ બધું પૂછવા-જાણવાનું બનેલું નહીં. પરંતુ કોણ જાણે કેમ, ગુરુપ્રેરણાથી, તેમને ફરી ફોન જોડું ત્યારે સાંજે તેમને એમ કહેવાનું તો સૂઝેલું કે,

'ધનવંતભાઈ! જિન-શરણ અને નિજાત્મ-સ્મરણ દૃઢ રાખજો!'

તેમના જીવનભરના સાહિત્ય ક્ષેત્ર દ્વારા જિન-શાસનની સંશોધન ભરેલી સેવા તેમને એ ભણી લઈ જ જાય. આ અમારી અંતર પ્રતીતિ છે, કારણ કે જાણેલા સર્વ સમાચારો મુજબ તેમણે ઉપર કહેલ મોતને પણ હાથતાળી આપતાં કહી દીધું હોય કે,

'મોત ! તું થંભી જા જરા, મારું અધૂરું કામ પૂરું કરી લઉં !'

અને છેલ્લે સંકલ્પભેર સોનગઢ સાહિત્ય સમારોહનું એ કાર્ય સફળપણે સંપન્ન કર્યા પછી, થંભાવી રાખેલા એ મૃત્યુમિત્રને તેમણે જાણે તૈયારી પૂર્વક ફરી નિમંત્ર્યો હોય કે-

'સાચે જ તૈયાર છું, તું આવતો ખરો !<br>
પળનો ય વિલંબ નહીં કરું, તું આવ તો ખરો !!'

(મેઘબિન્દુ)

આત્માની નિર્ભયતા સૂચવતા – આ ગૂર્જરકવિ જેવા જ સ્વામી રામતીર્થ તો આ ઉર્દૂ કવિતાના શબ્દો જાણે શ્રી ધનવંતભાઈના મૃત્યુને આ નિર્ભય-નિમંત્રણનો પડઘો પાડે છે-

'અય મૌત ! બેશક ઉડા દે ઇસ જિસ્મ કો,<br>
મેરે ઔર અજસામ ભી કુછ કમ નહીં;<br>
હવાઓં મેં લહરાતા ફિરુંગા,<br>
નદી-નાલોં કે ભેશ મેં ગાતા ફિરુંગા,<br>
ચાંદ-સિતારોં કે રૂપમેં ચમકતા રહૂંગા...'

('જ્ઞાની કા ઘર' કવિતા)

આમ મોતનેય 'ચુનૌતી' આપી શ્રી ધનવંતભાઈ તો મૃત્યુને અને જીવનને બંનેને જીતી ગયા. તેમના એ વિજયી સાહિત્યાત્મા-જ્ઞાનારાધકાત્માને તેમની આત્મશાંતિ અર્થે પ્રાર્થનાપૂર્વક વંદના.

શ્રી ધનવંતભાઈ સાથેનો અમારો સંબંધ ચાલીસેક વર્ષનો અને 'પ્રબુદ્ધ જીવન' પત્ર સાથે સાઠેક વર્ષનો. ૧૯૫૫માં શ્રી પરમાનંદભાઈ સાથેથી લેખ-લેખન રૂપે આરંભાયેલો અને શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ અને ડૉ. શ્રી રમણભાઈ સાથે એ વિસ્તરતો રહેલો, શ્રી ધનવંભાઈએ એ સુષ્ઠુપણે માત્ર નિભાવ્યો જ નહીં, વિકસાવ્યો પણ. સમયે સમયે અનેક વિષયો પર લખવા અમને નિમંત્રતા રહ્યા, કે જે તેમનો એક સફળ સંપાદક તરીકેનો ધર્મ હતો. વાસ્તવમાં અમને જ નહીં, અનેક નવા લેખકોને તેમણે સદા લખતા કર્યા. લખતા જ નહીં, સંપાદન કરતા કર્યા – 'પ્રબુદ્ધ જીવન'ના અનેક વિશેષાંકો તેના સાક્ષીરૂપ છે. 'પ્રબુદ્ધ જીવન'ને નવું, નિત્યનૂતન રૂપ આપ્યે જવાનું તેમનું પ્રદાન કોઈ નાનું સૂનું નથી. સર્વ કોઈ આ વાત સાથે સહમત થશે.

ચાલીસેક વર્ષ પહેલાં અમારો જે સાહિત્ય–સંગીત તત્ત્વચિંતનના નિમિત્તથી શ્રી ધનવંતભાઈ સાથે સંબંધ આરંભાયેલો તેનું નિમિત્ત હતું ભગવાન મહાવીરના જીવનનું અમારું દીર્ઘ ચિંતન અધ્યયન પછીનું કથન-સર્જન એવું 'મહાવીરદર્શન'નું રેકર્ડીંગ વરલીના એક સ્ટુડિયોમાં સંપન્ન થયા પછી તેમના ત્યારના વરલીના મુંબઈ-નિવાસે જવાનું થયેલું. તે પહેલાં તેમણે અમારી શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર અને શ્રી ભક્તામર સ્તોત્રની રેકર્ડો વસાવેલી અને ખૂબ બિરદાવેલી. આ બંનેની તેઓ અનુમોદના કરતા. શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર અને તેના સાત ભાષાના સ્વરૂપ 'સપ્તભાષી આત્મસિદ્ધિ'ને તો વિશેષ રૂપ આપી 'પ્રબુદ્ધ જીવન'ના અનેક અંકોમાં પ્રકાશિત કરતા રહ્યા. તે જ પ્રમાણે અમારા શ્રી ભક્તામર સ્તોત્રના એલ.પી. રેકર્ડ (હવે સી.ડી.)ના રેકર્ડીંગને, તેની શાસ્ત્રીય રાગોની સંયોજનાને તેઓ સદા પ્રશંસતા જ નહીં, આધુનિક ફિલ્મી-ધૂનો પરના અને અશુદ્ધિ-ઉચ્ચારપૂર્ણ શ્રી ભક્તામર સ્તોત્રના અનેક રેકર્ડીંગો સામે લાલબત્તી ધરતા તેઓ લખવા પણ માગતા હતા. શ્રી ભક્તામર જ નહીં, ભક્તિ-સંગીતના નામે જૈન સમાજમાં જે સંગીત વર્તમાનમાં સર્વત્ર પ્રસ્તુત થઈ રહ્યું છે તેના તેઓશ્રી ઘોર વિરોધી રહ્યા. શ્રી ભક્તામર સ્તોત્રની અમારી નિર્માણની ભૂમિકા પર તેમણે અમારી પાસે લેખ પણ લખાવેલો જે અપ્રકાશિત રહી ગયો છે.

છેલ્લે, અનેક પ્રોત્સાહન-પ્રદાનોમાં શ્રી ધનવંતભાઈનું મહત્ત્વનું પ્રદાન છે અમારી 'મહાવીર દર્શન' પછીની વિસ્તૃત કૃતિ 'મહાવીર કથા'. છ કલાકની આ ત્રણ દિવસ ચાલેલી મુંબઈ-વિલેપાર્લેની કથા (જેમાં તેમનો અવાજ પણ રેકર્ડ થઈ ગયેલ છે.) તેમણે પ્રત્યક્ષ ત્રણેય દિવસ હાજરી આપી, અમને બંનેને તેમણે જે અનુમોદિત-પ્રોત્સાહિત કર્યા છે, જે. 'પ્રબુદ્ધ જીવન'ના પાને મુદ્રિત છે, તે ભૂલાશે નહીં.

સર્વેના સુકૃતોના આવા અનુમોદક આત્મા શ્રી ધનવંતભાઈને વંદન.

ૐ શાંતિ... શાંતિ... શાંતિ...

✱ ✱ ✱

મો. : ૦૯૬૧૧૨૩૧૫૮૦

## સ્નેહાંજલિ

એ સાચું જ છે કે....
સંબંધોના હસ્તાક્ષર કોઈ ઉકેલી નથી શકતું.
એમાં જોડણીની ભૂલ કોઈ શોધી નથી શકતું.
ખૂબ સરસ હોય છે વાક્યરચના,
પણ પૂર્ણવિરામ એમાં કોઈ મૂકી નથી શકતું.

કારણ કે...આ પૂર્ણવિરામ મુકવાનું કાર્ય પરમેશ્વરની પરમ ઈચ્છાને આધારે જ સર્જાતું હોય છે, એટલે જ જૈન દર્શનના ચિંતક, પ્રાકૃત અને મધ્યકાલિન સાહિત્યના વિદ્વાન એવા ડૉ. ધનવંતભાઈ શાહની જીવનયાત્રા ૨૮ ફેબ્રુઆરીએ પ્રભુઈચ્છાને કારણે જ વિરામ પામી એ માનવું જ રહ્યું...આજે તેમના શબ્દાર્થની સાથે સાથે તેમના વિચાર અને આચારની પૂરી સંવાદિતાની સ્મૃતિ થઈ આવે છે. એમની રચનાઓમાં શાસ્ત્રના પૂરા આધાર સાથે તાર્કિક દલીલો, વૈજ્ઞાનિક અભિગમ, સર્જનશી મૌલિકતા તથા સરળ શૈલીના નવાજ્ઞાનાકાર દર્શન કરનારી વર્તમાન તથા ભાવિ પેઢી જ્યારે જ્યારે એને ગહનતાથી આસ્વાદશે ત્યારે ત્યારે એ જરૂર વિશ્વાસ કરશે કે કેવી ભવ્ય પ્રજ્ઞાવાન વ્યક્તિએ આ ધરતી પર વિચરણ કર્યું હતું અને આ 'વિશ્વાસ' શબ્દનું તો એવું છે કે એને વાંચતા ૧ સેકંડ લાગે, એના વિશે વિચારતા ૧ કલાક લાગે, એને સમજાવતા ૧ દિવસ અરે, ૧ મહિનો લાગે પણ...આવો પેઢી...દર પેઢીમાં ઝીલાતો પ્રચંડ વિશ્વાસ ઉત્પન્ન કરવા તો આવા પ્રજ્ઞાવાન ડૉ. ધનવંતભાઈ શાહના સમસ્ત જીવનનો કાર્યકાળ એમાં ઝળહળતો લાગે...સ્નેહી સ્મિતાબહેનના સૌભાગ્ય શિખર એવા તથા ચિ. પ્રાચી. ચિ. રીતિ તથા ચિ. પૂરબના વત્સલ વડીલના મોક્ષગામી એવા પુણ્યશીલ આત્માને કોટિ કોટિ પ્રણામ કરીએ છીએ...ખરા અંતરથી પ્રણામ કરીએ છીએ.

**ગીતા પંડ્યા — કીર્તિ પંડ્યા**
ડી/૩૦૨, નિર્માણ પાર્ક, જીજામાતા રોડ,
પંપ હાઉસ, સુનિતા હૉસ્પિટલની સામે,
અંધેરી ઈસ્ટ, મુંબઈ-૪૦૦ ૦૯૩.
ફોન : ૨૮૩૮૩૮૫૪ મો. : ૯૮૨૦૩૫૪૬૬૧

# એક અનોખા-અદ્ભુત શિલ્પી: નામે ડૉ. ધનવંતરાય ટી. શાહ

❑ શ્રીમતી પારુલબેન ભરતકુમાર ગાંધી

૨૯ માર્ચ, ૨૦૧૬. સવારે ફોન દ્વારા સમાચાર મળ્યા કે 'ધનવંતભાઈ હવે આપણી વચ્ચે નથી રહ્યા.' સાંભળી મગજ બહેર મારી ગયું. ઘડીભર તો એમ જ થયું કે આ સમાચાર સાચા નથી. કાંઈક ભૂલ થતી લાગે છે. પરંતુ ના, વાસ્તવિકતા એ જ હતી. ધનવંતભાઈની ગેરહાજરીવાળા શ્રી મુંબઈ જૈન યુવક સંઘ અને સાહિત્ય સમારોહની કલ્પના પણ હૃદયને હચમચાવી જાય છે. હિમાલયની સામે માનવી ઊભો રહે, અને તેને શબ્દોમાં આલેખવા મથે એવી જ કંઈક સ્થિતિ છે મારી આજે, પરંતુ મારા માર્ગદર્શક, પ્રેરક એવા પૂ. ધનવંતભાઈને શબ્દાંજલિ ન આપું તે તો કેમ ચાલે?

*આકાશ સમ ઊંચું ને ઉદધિ સમ ઊંડુ,*
*તો યે સહુના હૃદયમાં સ્નેહથી સમાયું,*
*પરાર્થે પલ પલ ઘસાઈ ઊજળું થયેલું,*
*એવું ધન્ય ધન્ય જીવન જેનું,*
*એ ઉજાગર કરવાનું મુજ રજનું શું ગજું?*

ધનવંતભાઈ એટલે એક વિરલ વિભૂતિ, દિવ્ય આત્મા, મહામાનવ, કલામંદિર, પ્રેરણાની પરબ, સંવેદનશીલ હૃદયના સ્વામી, અનેકોના માર્ગદર્શક, બહુમુખી પ્રતિભાવાન સંસારી સંત. એક એવું અસીમ વ્યક્તિત્વ કે જેને શબ્દોમાં અભિવ્યક્ત કરવું એટલે અસીમને સીમામાં બાંધવાની ધૃષ્ટતા કરવી, કારણ કે કોઈપણ વિશેષણો, મારી બુદ્ધિમતા કે મારી લેખિની એ આત્મીય સ્વજનના જીવનને આલેખવા ટૂંકી જ પડવાની. આમ છતાં જ્યારે પૂ. ધનવંતભાઈના શબ્દદેહને તાદૃશ કરવાનો મહાયજ્ઞ આરંભ્યો છે ત્યારે મારી અંતરભાવનાને પાવન કરવા થોડા સ્મૃતિરૂપી સમિધોની શબ્દાહુતિ અર્પિત કરવા નમ્ર પ્રયાસ કરું છું.

*સ્મૃતિઓનો ઊછળે અફાટ જલધિ અંતર મહીં,*
*આચમન માટે ધરું છું, એક અંજલિ અહીં...*

લગભગ ૨૦૦૯ની સાલમાં Jain Social Group International Federation દ્વારા એક મહાનિબંધ સ્પર્ધાનું આયોજન થયું. ત્રણ નિર્ણાયકોની પેનલમાં એક નામ ડૉ. ધનવંતભાઈનું પણ હતું. આ આંતરરાષ્ટ્રીય મહાનિબંધ સ્પર્ધાનો વિજયાભિષેક મારા મસ્તક પર થયો. મારા માટે પ્રથમ નંબર મળ્યો એ ખુશીની વાત તો હતી જ પણ એથીય વધુ ખુશીની વાત તો એ હતી કે મને આવા કર્મયોગી, નૂતનદૃષ્ટિસંપન્ન, રાષ્ટ્રપ્રેમી અને હકારાત્મક અભિગમ દ્વારા શૂન્યમાંથી સર્જન કરનારા ધનવંતભાઈના પરિચયમાં આવવાનું સદ્ભાગ્ય સાંપડ્યું. અન્ય એક જ્ઞાન-સત્રમાં તેમની સાથે રુબરુ મુલાકાતમાં વાત થઈ કે એ મહાનિબંધ મેં લખેલો, ત્યારે આત્મીયતાનું વાત્સલ્યસભર આમંત્રણ મળ્યું કે મહાવીર જૈન વિદ્યાલય દ્વારા દર બે વર્ષે સાહિત્ય સમારોહ યોજાય છે તેમાં જરૂરથી પધારશો. એ પછી થોડા સમયમાં પુના મુકામે સાહિત્યસત્રનું આયોજન થયું. ત્યારે મેં ધનવંતભાઈને વિનંતી કરી કે આ સાહિત્ય સત્રનો નાનો અહેવાલ આપને લખી મોકલીશ. આપ તેને 'પ્રબુદ્ધ જીવન'માં સ્થાન આપજો. એ અહેવાલ તેમણે જોયો, યોગ્ય લાગ્યો, પત્રકારત્વ ક્ષેત્રે મળેલી મારી સિદ્ધિઓને નજર સમક્ષ રાખી તેમણે તે પછીના દરેક સાહિત્ય સમારોહમાં રિપોર્ટીંગનું કાર્ય મને સોંપ્યું. આ ઉપરાંત મારા લેખો જોઈ-વાંચી હંમેશાં મને પ્રોત્સાહિત કરતા કે જ્ઞાનાભ્યાસ ચાલુ રાખજો. નવા નવા સંશોધકીય લેખો મને મોકલતા રહેજો. મારા ઘણાં લેખોને તેમણે 'પ્રબુદ્ધ જીવન'માં સ્થાન આપી હંમેશાં પ્રોત્સાહિત કરી. ક્યાં રાજકોટ અને ક્યાં મુંબઈ છતાં સતત સંપર્કમાં રહેતા. તેમના શબ્દો દ્વારા ચેતના જાગતી, પ્રાણ સંચરતો અને સતત પ્રેરણાનો ધોધ વહેતો મેં અનુભવ્યો છે. પોતાના સર્જનશીલ વ્યક્તિત્વ સાથે સામી વ્યક્તિમાં રહેલી શક્તિને ઓળખવામાં માહિર ધનવંતભાઈ કોની પાસેથી કયું કામ લેવું? કોને શું આપવું? તેમાં નિષ્ણાત હતા. તેથી જ તેમના જીવન માટે એમ કહી શકાય કે,

*એક એક પળ સમજી લીધી, અનેક પળ ઊકેલી લીધી,*
*પળ પળ જિંદગી જીવીને, પળમાં તેને સંકેલી લીધી.*

લીલા પાન અને સુવર્ણરંગી ફળોથી શોભતું આમ્રવૃક્ષ જોઈને કોઈનું પણ મન પ્રસન્નતા અનુભવે. એ છાંયડો, પવન, સુગંધી પુષ્પ અને સુમધુર મિષ્ટ ફળો આપે છે. વૃક્ષની સમૃદ્ધિ તેના મૂળને આભારી છે. મૂળ વિનાના વૃક્ષની કલ્પના પણ ન કરી શકાય. સમાજમાં કેટલીક વ્યક્તિઓ પણ આ મૂળ જેવી હોય છે. આખા સમાજને પુષ્ટ અને સમૃદ્ધ બનાવવા એ જિંદગી ખર્ચી નાખે છે, અનેક કષ્ટો સહે છે. ધનવંતભાઈ પણ આમાંના જ એક હતા.

તેઓ વ્યક્તિ એક હતાં પણ તેમના વ્યક્તિત્વના રંગો અનેક હતાં. લેખક તરીકે તેમની કુનેહ અને આર્ષદૃષ્ટિની વાત કરું કે નાટ્યકાર તરીકે તેમના અવનવા સર્જનોની વાત કરું? સાહિત્ય સમારોહના એક કર્મઠ, સમર્પિત સંયોજકની વાત કરું કે જીવદયા પાળવા માટે પોતાના ઉદ્યોગની દિશા બદલી નાખનાર એક સંવેદનશીલ, મહામુલા માનવની વાત કરું? અનેક એવોર્ડો મેળવનાર વિજેતાની નમ્રતાની વાત કરું કે સિદ્ધિઓ મેળવ્યા પછી તેનો ભૂલથીયે ક્યાંય ઉલ્લેખ ન થઈ જાય તેવા નિરાભિમાની-

સરળહૃદયા શિક્ષણવિદ્‌ની વાત કરું? પોતે સ્વસ્થ હોય કે અસ્વસ્થ હંમેશાં પોતાના નિર્દોષ-વાત્સલ્યસભર હાસ્યથી સામી વ્યક્તિને પ્રસન્ન કરી દેનાર સદાનંદીની વાત કરું કે ક્યારેય કોઈના પ્રત્યે પણ રાગ-દ્વેષ ન રાખનાર ગુણાનુરાગી-અજાતશત્રુ-ઉત્કૃષ્ટ માનવીની વાત કરું? આવું પ્રતિભાશાળી વ્યક્તિત્વશબ્દોમાં કંડારવું કઠિન છે એટલે એમ જ કહીશ કે,

*સમાવી દેવું તમ વ્યક્તિત્વ મારે શબ્દ તણા સાગરમાં,*
*પણ ઓછો પડ્યો શબ્દસાગર, મારી ભાવના તણા ગાગરમાં...*

એક જ વાર ધનવંતભાઈના પરિચયમાં આવનાર વ્યક્તિ પણ તેમના વાત્સલ્યસભર હાસ્યને ક્યારેય ભૂલી નહિ શકે. તેમની ઓચિંતી વિદાયે પરિવારને તો નોધારો કર્યો જ છે, પરંતુ શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું છત્ર પણ છિનવી લીધું છે. તેમના સ્વર્ગ-ગમને અનેકની પાંપણોને પલાળી, હૃદયને કારમી ચોટ પહોંચાડી છે. તેમણે કરેલા કાર્યો જિંદગીભર તેમની યાદ અપાવતા રહેશે. તેમના માટે મકરન્દ દવેની આ પંક્તિઓ યોગ્ય જ છે કે,

*અમે તો જઈશું અહીંથી પણ અમે ઊડાડ્યો ગુલાલ રહેશે,*
*ખબર નથી શું કરી ગયા? પણ કરી ગયા તે કમાલ રહેશે...*

જ્ઞાન-ભાવના-સેવા-ઐક્ય અને સમર્પણનો જેમાં મહાસંગમ થયો છે તેવા સાહિત્ય સમારોહને શ્રુતજ્ઞાનરૂપી તીર્થ બનાવી અનેકોને તેની ભક્તિમાં તરબોળ કરનાર ધનવંતભાઈએ પોતાના પ્રાણની આહુતિ આપી એને જવલંત રાખ્યું છે તેમ કહીશું તો પણ અતિશયોક્તિ નહિ ગણાય. 'પ્રબુદ્ધ જીવન'ના પ્રાણ એવા ધનવંતભાઈનું મહાપ્રયાણ સર્વેને એક ખાલીપાનો અહેસાસ કરાવી જાય છે ત્યારે મારા શબ્દો મૌન બની જાય છે. મારી ક્ષતિભરેલી, સદાય અધુરી લાગે તેવી પણ સ્મૃતિના સ્નેહથી છલોછલ અભિવ્યક્તિ પર પૂર્ણવિરામ મૂકી, પ્રેમાળ, પિતૃતુલ્ય, વાત્સલ્યમૂર્તિ ધનવંતભાઇને હૃદયાંજલિ, શ્રદ્ધાંજલિ, સ્મરણાંજલિ સાથે અશ્રુઅંજલિ અર્પણ કરી અંતમાં એટલું જ કહીશ કે,

*સ્થૂલદેહે થયા અદૃશ્ય આ શાશ્વતી મહીંથી,*
*શબ્દદેહે રહેશો તાદૃશ આ સ્મૃતિગ્રંથ મહીં,*
*સૂક્ષ્મદેહે થયા આકૃત આ કૃતિના કણ કણ મહીં,*
*સ્મૃતિદેહે રહેશો આવૃત્ત સ્વજનોના અંતર તર મહીં.*

'અસ્તુ'.

✷ ✷ ✷

'ઉષા સ્મૃતિ', ૧, ભક્તિનગર સોસાયટી,
જૈન ઉપાશ્રયની બાજુમાં, રાજકોટ-૩૬૦ ૦૦૨.
ફોન : ૦૨૮૧-૨૨૨૨૭૯૫ મો. ૯૭૨૫૬૮૦૮૮૫.

## ડૉ. ધનવંત શાહ

શું કહું આપ વિષે? આપ તો મારા `Friend Guide & Philosopher.' 'કલાપી' નાટકના નિર્માણ વખતે આપણે સૌ પ્રથમ મળ્યા...સાહિત્ય જગત સાથે મારો ઘરોબો કેળવનાર, મારી આંગળી પકડીને સાહિત્ય જગતમાં મને ખેંચી જનાર, જાણે એ કારણે જ આપણે મળ્યા. અને ૧૪, ૧૪ વર્ષની આપણી નિસ્વાર્થ મૈત્રી...

આજે એટલું ચોક્કસ કબૂલ કરું છું. આપની હાજરી કરતાં આપની ગેરહાજરી વધુ સાલે છે. કારણ આજેજ મને સમજાય છે મેં શું ખોઈ નાખ્યું છે. શું ગુમાવી દીધું છે. મારા નોધારાપણાનો અહેસાસ આજે થઈ રહ્યો છો. કહોને 'સર' તમે ક્યારેય પાછા નહીં આવો.

રવિવારે તા. ૨૮-૨-૨૦૧૬-બપોરના ૧૨ વાગે મારા ફોનની ઘંટડી રણકે છે. હું ફોન લેવા આવું છું અને આપનો `Weak' પણ પ્રેમાળ 'હલો' મને સંભળાય છે. આપનો અવાજ સાંભળી આનંદથી ઉછળી ઉઠું છું કે હાશ મારા 'સર' ઘરે આવી ગયા. તેમની તબિયત હવે સુધરી જશે. મારી થીસીસના સંબંધે આપનું અનારાધાર વરસતું પ્રોત્સાહન ફરી એક વાર વરસે છે. 'બહેન હવે જલ્દી જલ્દી 'પીએચ.ડી.'નું કામ પૂરું કરો, તમને હવે એકસ્ટેન્શન નહીં મળે. હું તેમને જોઈતી બાહેંધરી આપતાં કહું છું 'સર' આપ જલ્દીથી સાજા થઈ જાઓ એટલે મારી પીએચ.ડી. થઈ જશે. ત્યાં તો તેઓ હસતા હસતા રણકે છે–'તમારી થીસીસ પૂરી થઈ જશે, એટલે હું સાજો થઈ જઈશ.' આ વાતને બિરાદવતા હું સ્વયં પોતાને વચન આપું છું કે હું ખરેખર જલ્દી જલ્દી પૂરું કરી નાખીશ. સર મને સ્વપ્ને પણ ખ્યાન નહતો કે એ તમારી અંતિમ ઈન્સ્ટ્રક્શન હતી..કારણ તમે ટૂંક સમયમાં મને મળવાનો વાયદો પણ કર્યો હતો.

આ લખતાં નયનો અશ્રુથી ઉભરાય છે. મારા રાઈટીંગ ટેબલ પર મારી સામે જ આપનો હસતો ફોટો મેં રાખ્યો છે. જેથી હું આપને પૂછી શકું 'સર આ નથી આવડતું, કેવી રીતે કરું? 'સર' આપ ભલે ગેરહાજર હો મને તો આપે ગાઈડ કરવી જ પડશે અને સત્વરે આપની જેમ વિચારવા પ્રેરાઉ છું....શીલા આટલો સ્વાર્થ? 'સર'ને તો પુછ તમે કેમ છો? અફકોર્સ! જ્યાં પણ હશો ત્યાં હસતાં જ હશો–બધાને ખુશ કરતા જ હશો.

સર મને આશીર્વાદ આપો કે આપના જેવી જ થઉ અને આપનું સ્વપ્ન પૂરું કરું. પૂ. કલાબેન સમા સારથિ મારી પીએચ.ડી.નો રથ હાંકવા સદૈવ તૈયાર છે. તેમનો ઘણો ઘણો ઉપકાર.

☐ **શીલા બુટાલા**
Tel. : 23690654 / 9930773486

# શ્રી ધનવંતભાઈ શાહ-એક મહામાનવ

☐ જાદવજી કાનજી વોરા

કેટલીક વ્યક્તિઓની વિદાય આપણા મનો-મસ્તક ઉપર એક અમીટ અવિસ્મરણીય છાપ મૂકતી જાય છે. ડૉ. શ્રી ધનવંતભાઈ શાહની ઓચિંતી વિદાયના સમાચાર હજી મન માનવાની ના પાડે છે. ગયા ફેબ્રુઆરી મહિનાની ૪થી તારીખથી સોનગઢ ખાતે યોજાયેલા ૨૩મા જૈન સાહિત્ય સમારોહમાં તેમનું નિકટનું સાંનિધ્ય માણવાનો સુઅવસર પ્રાપ્ત થયો. આ સમારોહના આયોજનમાં છેલ્લા કેટલાય મહિનાઓથી શ્રી ધનવંતભાઈ વ્યસ્ત હતા.

સામાન્ય રીત એવું અનુભવાઈ રહ્યું છે કે હવે પ્રાદેશિક ભાષાઓનું શિક્ષણ, વાંચન, પુસ્તક-પ્રકાશન તથા વિસ્તરણ મહદ્ અંશે ઓછું થઈ રહ્યું છે. શિષ્ટ સામયિકોનું પ્રમાણ પણ દિન પ્રતિદિન ઘટી રહ્યું છે. બહુ જ ઓછા શિષ્ટ સામયિકો હોવા છતાંય, મારા મતે જેને **'અતિ શિષ્ટ કક્ષા'**નું કહી શકાય તેવું સામયિક એટલે **'પ્રબુદ્ધ જીવન'** રહ્યું છે. એ માટે 'પ્રબુદ્ધ જીવન'ના ભૂતપૂર્વ તંત્રીઓ ઉપરાંત વર્તમાન તંત્રીશ્રી ડૉ. ધનવંતભાઈ શાહનો ફાળો સવિશેષ તથા અણમોલ હતો. આ બહુમૂલા રત્નો સમાજ માટે માર્ગદર્શક અને ઉપકારક રહ્યા છે એમાં બે મત નથી. 'પ્રબુદ્ધ જીવન'ના અગાઉના તંત્રીશ્રી ડૉ. રમણભાઈ શાહની વિદાય બાદ શ્રી ધનવંતભાઈના શિરે આ એક અતિ શિષ્ટ કહી શકાય એવા સામયિકના સંપાદનની જવાબદારી આવી પડી હતી જેને આ મહામાનવે ખૂબ જ સફળતાપૂર્વક નિભાવી અને 'પ્રબુદ્ધ જીવન'ને એક નવી જ ઊંચાઇ ઉપર લઈ ગયા હતા. પહેલા જ પાના ઉપરનો તેમનો તંત્રીલેખ દરેક અંકમાં કાંઈક નવું જ મૌલિક ચિંતન રજૂ કરતો હતો. દર મહિને કોઈક નવો જ વિષય હોય અને તેમાં પણ એવા વિષયની ચર્ચા હોય જેમાં દરેકને રસ પડે એ તો ખરૂં પણ, તેમના પોતાના નિર્ભયતાથી વ્યક્ત થયેલા વિચારો આપણને કોઈક અનેરી અકલ્પેલી દિશા બાજુ લઈ જાય અને આપણને વિચાર કરતા કરી મૂકે. 'પ્રબુદ્ધ જીવન'ના અવારનવાર પ્રગટ થતા વિશેષાંકો ડૉ. ધનવંતભાઈ શાહની ઉમદા સંપાદકીય કુશળતાનું ઉપાદાન છે જે તેમના આધ્યાત્મિક અભિગમને રજૂ કરતા હતા.

જૈન સાહિત્યના વાંચન-ચિંતન-મનન-લેખન તથા રજૂઆત માટે વધુ ને વધુ વ્યક્તિઓ આ બાજુ આકર્ષાય એ માટે તે સતત કાર્યશીલ હતા અને એ માટે દરેકને સુંદર માર્ગદર્શન પૂરું પાડતા. બે વરસ અગાઉના મોહનખેડા ખાતે યોજાયેલા જૈન સાહિત્ય સમારોહમાં નિબંધ લખવા અને ત્યાં રજૂ કરવા માટે હું માનસિક અવઢવમાં હતો કે હું આટલા બધા વિદ્વદ્જનો સમક્ષ મારા વિચારો રજૂ કરી શકીશ કે કેમ! મને આત્મવિશ્વાસ ન હતો. ડૉ. ધનવંતભાઈ સાથે ફોન ઉપર વાત થઈ તો તેમણે મને પોતાના ઘેર આવવાનું આમંત્રણ આપ્યું. હું તથા મારી પત્ની અમે બંને તેમના ઘેર ગયા અને આશરે પોણા બે કલાક સુધી આ મહામાનવ સાથે અમને બંનેને સત્સંગ કરવાનો લાભ મળ્યો. આટલા વિદ્વાન હોવા છતાં પણ તેમનામાં કેટલી બધી નમ્રતા અને સરળતા હતી કે આપણું માથું તેમની સમક્ષ માનપૂર્વક ઢળી જાય અને દિલમાં છવાઈ જાય. મારા માટે તેમણે જ મને '૧૯મી અને ૨૦મી સદીના જૈન સાહિત્યકારો' સંદર્ભે 'પ્રોફેસર તારાબેન રમણલાલ શાહ' વિશે નિબંધ લખવા માટેનો વિષય સૂચવ્યો અને તરત જ ડૉ. માલતીબેન શાહનો સંપર્ક કર્યો. એટલું જ નહીં, ત્રણેક દિવસમાં તો તેમણે પ્રોફેસર તારાબેન રમણલાલ શાહના લખેલા પાંચેક જેટલા પુસ્તકો પણ મને કુરીયર દ્વારા મોકલાવી આપ્યા. કોઈ પણ વ્યક્તિ સાહિત્ય ક્ષેત્રે આગળ વધે એ માટે તે ખૂબ જ ઉત્સુક હતા અને નિસ્વાર્થ ભાવે એ માટે પ્રેરણા આપી શકાય એટલો સાથ સહકાર આપતા. સોનગઢ ખાતે એમની નાદુરસ્ત તબિયતના સમાચાર સાંભળી મેં તેમને આરામ કરવાનું કહ્યું તો તેમણે હસતાં હસતાં મને કહ્યું હતું કે 'જાદવજીભાઈ, મને આરામ જ છે. જુઓને હું તો માત્ર બેઠો જ છું. હવે તો સાહિત્ય સમારોહની જવાબદારી સંભાળવા માટે આ કેટલા બધા માણસો તૈયાર થઈ ગયા છે.' તેમના આમ કહેવા પાછળ કુદરતનો કોઈક અગમ્ય સંકેત પણ હોય, પરંતુ, આપણને તેનો ક્યાંથી અંદાજ આવે! કામ અન્ય સજ્જનો કરતા હતા પણ એ સર્વેના પ્રેરણાસ્રોત તો ડૉ. ધનવંતભાઈ શાહ જ હતા એ નિર્વિવાદ હકીકત છે!

ડૉ. ધનવંતભાઈ સાથે નિકટતા ધરાવતા કેટલાય મિત્રોને ખ્યાલ જ હશે કે થોડાક વર્ષો પૂર્વે તેમની એક કેમિકલ ફેક્ટરી હતી. જેમાં જે કેમિકલ બનાવવામાં આવતું તે માછલીઓને પકડવા માટે પણ વપરાતું હતું. આ વાતનો તેમને ખ્યાલ ન હતો પણ, જયારે તેમને આ બાબતની ખબર પડી કે તરત જ તેમણે નિર્ણય લીધો અને એ ફેક્ટરી બંધ કરી, ધંધાકીય પ્રવૃત્તિનો અંત આણીને આ જીવહિંસાને અટકાવી. આમ ઋજુ હૃદય ધરાવતા આ મહામાનવે જે ફેક્ટરીમાંથી સારી એવી આમદાની થતી હતી તે જતી કરીને જીવદયા પ્રત્યેનું તેમનું ઋણ અદા કર્યું.

'માનવજીવન હાસ્ય અને અશ્રુનું મિશ્રણ છે. ઓચિંતી વિદાય દુ:ખદ જ હોય પરંતુ, એ જીવનક્રમ જ છે ને!' એમને ગયા ગણીએ

જ નહીં તો શોકને ઓછો અવકાશ રહે. મિલન અને વિયોગ વચ્ચે એક અદીઠ સેતુ જેવું છે. બાજુ બે પણ સિક્કો એક જ.' મૃત્યુ એટલે અનિવાર્યપણે દરેકના જીવનમાં આવતું એક એવું અંતિમ સત્ય છે જેને કોઈ પણ વ્યક્તિ કોઈ પણ સંજોગોમાં નકારી શકતું નથી. મૃત્યુ એ કોઈની પસંદગી કે choice ની બાબત નથી. એવા બહુ જ થોડા વિરલાઓ છે જે આ મૃત્યુને ભલે પધારો કે welcome કરવા માટે તૈયાર હોય છે. હકીકતમાં આ તો જીર્ણ વસ્ત્રો બદલાઈને નવા વસ્ત્રો ધારણ કરવાનો એવો અનિવાર્ય મંગળ પ્રસંગ છે જેને દિલથી આવકારવો જ રહ્યો!

મૃત્યુ વિશે 'પ્રબુદ્ધ જીવન'ના, જુન ૨૦૧૪ના અંકમાં ડૉ. ધનવંતભાઈ શાહએ લખ્યું હતું કે, 'મળવું, વિખૂટા પડવું એ તો કુદરતનો ક્રમ છે. જે પળે મળવાનું થાય એ પળે જ વિખૂટા પડવાની પળ વિધાતાએ લખી જ નાખી હોય છે, પછી એ પરિસ્થિતિજન્ય હોય કે કુદરતી. વિખૂટા પડવું એ કુદરતી છે એટલે એની ફરિયાદ ન હોય, પણ આ વેદનાનું શું? છલોછલ ભરેલા કટોરામાંથી એક એક ચમચી આચમન કરીએ તો એ પ્યાલો ક્યારેક તો ખાલી તો થવાનો જ છે. ત્યારે ખાલીના શૂન્યનો વિચાર ન કરતા મ્હાણેલા આચમનની સ્મૃતિને વાગોળતાં વાગોળતાં એ સ્મૃતિના આનંદમાં ભીંજાતા રહેવું એમાં જ સમજદારી છે. આ જ નિયતિ છે.'

'લિ. તમારો મકરન્દ' નામક પુસ્તકમાં આધ્યાત્મિકતાના રંગે રંગાયેલા શ્રી મકરન્દભાઈ દવેએ લખેલા અઢળક પત્રોનો પુંજ સમાયેલો છે. એમાંના એક પત્રમાં જ્યારે શ્રી રતિભાઈ મહેતા નામક પત્રકારમિત્રનું અવસાન થાય છે ત્યારે તેની પત્ની કાન્તાબેનને મકરંદભાઈએ લખેલા પત્રમાંથી કેટલાંક અંશો : 'આપણા પર વાદળ ઘેરાય છે ને વિખરાય છે. આપણે કલ્પી પણ ન શકીએ તેવી રીતે વિજળી તૂટી પડે છે. અને છતાં આકાશની નીલિમા, સ્વચ્છતા અને અનંત વિસ્તાર તો બિડાઈ જતાં નથી. પૂજ્ય રતિભાઈ સ્વધામ ગયા. ફરી એક વાર જીવનની ક્ષણભંગુરતા ને શાશ્વત નિવાસની સાધના-તીવ્રતાથી ઊપસી આવી. રોજ જીવનની ક્ષણભંગુરતા વિશે વાંચીએ, સાંભળીએ, પણ આ તો સામે જ આવી પડી. અને છતાં ક્યાંય આ તંતુ તૂટ્યો નથી, પણ વધુ સૂક્ષ્મ અને ઉજળો થઈ આપણને ઊંચે લઈ જાય છે. હવે કદાચ એના ઝીણા સૂરને ઝીલવાની શક્તિ આપણે કેળવી શકીશું. કદાચ આપણાથી દૂર જઈને આપણા સ્વજન વધુ ઊંચા સ્તરે નિકટ આવતા હોય છે. પરમાત્મા આપણને આ આંખો આપે – અને તેની નીલ, વિસ્તીર્ણ, સ્વચ્છ આકાશમાં ઊડવાની પાંખો આપે એવી પ્રાર્થના કરું છું.' આ હું વાંચતો હતો ત્યાં જ જાણે કે મારી નજર સામે શ્રી ધનવંતભાઈ શાહની આકૃતિ ખડી થઈ ગઈ.

અમુક વ્યક્તિઓની વિદાયથી એવો શૂન્યવકાશ સર્જાય છે, જે ક્યારેય ભરાતો હોતો નથી. દેહ સ્વરૂપે હવે સદ્‌ગત ડૉ. શ્રી ધનવંતભાઈ શાહ કદાચ આપણી સાથે નથી, પરંતુ, તેમણે કરેલા કાર્યો દ્વારા તેમની સતત હાજરી વરતાતી જ રહેશે. તેમણે કરેલા કાર્યો આપણે આગળ વધારીએ એ જ એમના આત્માને સાચી શ્રદ્ધાંજલિ હશે. પરમકૃપાળુ પરમાત્મા સદ્‌ગતના આત્માને શાંતિ આપે એવી આપણે સહુ પ્રાર્થના કરીએ. હવે એમની સદેહે હાજરી ન હોવાથી આપણે એમની સાથે ગાળેલી અમૂલ્ય ક્ષણોને જ વાગોળીએ અને તેમના સહજતા, સરળતા તથા ભદ્રીકતા જેવા ગુણોને યાદ કરીને પરમકૃપાળુ પરમાત્માને પ્રાર્થના કરીએ કે તેમના આત્મા વહેલો વહેલો પોતાના શેષ કર્મોને ખપાવી સિદ્ધ ગતિને પામે! ✶✶✶

૨૦૪, બી.પી.એસ.પ્લાઝા, દેવી દયાલ રોડ, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.
મો. : ૯૮૬૯૨૦૦૦૪૬

## અજાતશત્રુ, સ્વભાવે નમ્ર, સ્પષ્ટવક્તા પરંતુ મૃદુભાષી

મુ. શ્રી ધનવંતભાઈના એક જ શબ્દમાં પરિચય આપવો હોય તો એ શબ્દ છે અજાતશત્રુ. સ્વભાવે અત્યંત નમ્ર, સ્પષ્ટવક્તા, પરંતુ મૃદુભાષી. હંમેશ એમને હળવા અને હસતાં જ જોયા છે. એમની સાથેનો પરિચય છેલ્લા દસ બાર વર્ષનો. અમારે મન મુંબઈ જૈન યુવક સંઘની વ્યાખ્યાનમાળા કે 'પ્રબુદ્ધ જીવન' એટલે અત્યારના તબક્કે મુ. શ્રી ધનવંતભાઈ 'પ્રબુદ્ધ જીવન'ની સફળતા અને નવું ક્લેવર એ એમની સફળતાની કલગી. મુંબઈથી હોય કે અમેરિકાથી. અમે જ્યારે પણ એમને ફોન કરીએ ત્યારે જો તેઓ સામે છેડે ન હોય તો એ અચૂક પાછો ફોન કરતા. પરંતુ આ વખતે 'પ્રબુદ્ધ જીવન'નો એક અત્યંત ઉમદા કહી શકાય એવો ગાંધી વિશેષાંક વાંચ્યા પછી એમને ફોન કર્યો ત્યારે એમની નાદુરસ્ત તબિયતને કારણે સ્મિતાબેન સાથે વાત થઈ અને એમની સાથે વાત ના થઈ એનો વસવસો કાયમ રહેશે.

એ આત્મા જ એવો સારો હતો કે આપણી કોઈની પણ પ્રાર્થના વગર ઈશ્વર એમના આત્માને શાંતિ આપશે જ.

પ્રિય સ્મિતાબેન અને પરિવાર તેમ જ મુંબઈ જૈન યુવક સંઘ માટે એમની વિદાય ન પૂરી શકાય એવી ખોટ છે.

'ખરીદ સકતે તો જિંદગી, દે કર ખરીદ લેતે 'ફરાઝ'
લેકીન કુછ લોગ કિંમત સે નહીં કિસ્મત સે મીલા કરત હૈં.'

**ભારતી** (૯૩૨૩૮૬૨૮૪૩) **અને**
**ભરત પારેખ** (૯૮૨૦૦૦૦૫૫૨) મુંબઈ

## શ્રદ્ધાંજલિ પત્ર – એ... ધનવંતભાઈ....અમારા

[ લેખના લેખક શ્રી હિંમતભાઈ જી. કોઠારી (સુરેન્દ્રનગર), શ્રી ધનવંતભાઈના કૉલેજ અને હોસ્ટેલ જીવનના 'લંગોટીયા' મિત્ર હતા. એટલે તો શ્રી ધનવંતભાઈના અવસાનના સમાચાર મળતા બન્ને પતિ-પત્ની તેઓના (શ્રી ધનવંતભાઈના) છેલ્લાં દર્શન કરવા મુંબઈ દોડી આવ્યા. ]

**અશ્રુભીની અંજલિ**

ભેરૂઓને અંતરિયાળ ભટકતા મૂકીને, સ્વયં પ્રભુની દોસ્તી માણવા, ભેરૂઓને વિલાપ કરતા છોડી ગયા, સંસાર ભલે કહે, તમને સ્વર્ગવાસી અમો તો કહીશું જ નહીં.

અનંત બ્રહ્મમાં વિલિન થવું અનિવાર્ય છે. પરંતુ અચાનક અનંતની યાત્રા ઘણી દુ:ખદાયક છે.

સમય વિતતો જશે પણ યાદ આપની રહી જશે.

આપ હતા અમારી સાથ, લાગે હજુ ગઈ કાલ જેવી વાત.

આપની સાક્ષાત્ સ્નેહધારા ગુમાવી હૈયે વસમો ઘોળાય છે આઘાત.

પરમ કૃપાળુ પરમાત્મા આપના આત્માને ચિર શાંતિ અર્પે એજ અભ્યર્થના.

શ્રી ધનવંતભાઈની અને અમારી મિત્રતાનો એકજ પુરાવો બસ થશે કે તેઓ મારા લગ્નમાં મારા 'અણવર' બનેલા અને હું તેઓના લગ્નમાં તેમનો 'અણવર' બનેલો.

અમારી મિત્રતા એવી કે અઠવાડિયે તેઓનો એકાદ ફોન અચૂક આવે જ. 'કેમ છો હિંમતભાઈ?' ખબર અંતર પૂછીએ અને મિત્રતાનો પરવાનો Renew કરીએ. જીવનની ઘણી બધી ખાટી-મીઠી વાતો કરીએ અને આનંદ માણીએ.

લગભગ ૬૦ વર્ષ જૂની મિત્રતાનો આ વિરલ પ્રસંગ હશે. એની મિત્રતા હંમેશાં મને જીવનનો નવો રાહ બતાવતી.

સૂર્ય ઊગે તે આથમવા માટે જ, પ્રભાતે ખીલેલા પુષ્પો તે સંધ્યા સમયે કરમાવા માટે જ. જન્મ તેનું અવશ્ય મૃત્યુ હોય જ. પરંતુ પરમ કૃપાળુ પરમાત્માએ હાથમાં રાખી છે કે, ક્યારે આ લગામની દોરી ખેંચાય તે નક્કી નથી.

ધનવંતભાઈના જતા પૂ. સ્મિતા ભાભીએ તો પતિનું શિર-છત્ર ગુમાવ્યું છે તો ભાઈ પૂરબે અને બહેન પ્રાચી તથા રિતી અને અ. સૌ. ખ્યાતિએ પિતાજીની છત્ર છાયા ગુમાવી છે તો અમારા પરિવારના દરેક સભ્યે એક વહાલસોયા, શાણા તેમજ સાચા **ધનવંતકાકા** ગુમાવ્યા છે જેનું પારાવાર દુ:ખ છે. કઈ કઈ વાત કરીને તેમના સ્મરણો યાદ કરું? આંખો ભીંજાય છે. હજુ સોનગઢમાં હમણાં સાથે હતાં. તેઓને જોઉં અને તેમની કર્તવ્યભાવના અને સેવા-ભાવનાની મારા પત્નીને વાત કરું. લખવા બેસું તો પાના ભરાય. તેઓનો આત્મા જ્યાં હોય ત્યાં ચિર શાંતિ પામે અને અંતરના આશીર્વાદ અમારા ઉપર વરસાવતા રહે. શાંતિ...શાંતિ...શાંતિ...

**□ હિંમતભાઈ કોઠારી**

## દિવ્યાત્માને શ્રદ્ધાંજલિ

કલાત્મક સુશોભન અને તત્ત્વવિચારોથી સભર 'પ્રબુદ્ધ જીવન' માસિકની બાગડોર સંભાળનારા, મનગમતા સાક્ષરવર મંત્રી એટલે નામવંત અને ગુણવંત એવા ધનવંતભાઈ!

ભાષાવિજ્ઞાનના પ્રખર વિદ્વાન, ઉત્કૃષ્ટ લેખક અને નાટ્યકાર જેવી અનોખી ખ્યાતિ પ્રાપ્ત અને ઉમદા વ્યક્તિવિશેષ દુનિયાના રંગમંચ પરથી સદાને માટે ઓઝલ થઈ અનંતમાં વિલીન થઈ ગયા. તેમનું નામ ઇતિહાસના પાને સુવર્ણાક્ષરે જમા થઈ ગયું. વડીલ વત્સલ હવે પાર્થિવ દેહે આપણી વચ્ચે ઉપસ્થિત નથી પરંતુ તેમના ગુણોના સંભારણાં વિદ્વદ્ જગતના હૈયે સદા ચિરંજીવ રહેશે.

નાના-મોટા દરેક વ્યક્તિનું એમને મન ખૂબ મૂલ્ય હતું. ઉગતા વિદ્વાનોને પોતાની આંતરિક શક્તિ ઉદ્ઘાટિત કરવાનો અચૂક મોકો આપતા. બેસતા વર્ષના દિવસે ફોન પર મારી સાથે વાત થઈ. તેમણે કહ્યું, 'બહેન! તમે સુંદર કાર્ય કરી રહ્યાં છો.' તેમાં ખૂબ આગળ વધો. આગામી અંક 'નવતત્ત્વ વિશેષાંક' પ્રગટ કરવાની ભાવના છે. તે માટે તમે અને કેતકીબેન આ કાર્ય કરો.' પરંતુ સંજોગોની પ્રતિકૂળતાથી આ કાર્ય સ્થગિત રખાયું. તેઓ વિવિધ વિષયોમાં ખેડાણ કરાવી, નવા સાહસના પ્રેરણાસ્રોત્ર હતા. આવા ગૌરવસભર કાર્યરત જિંદગી જીવનારા કામના કરંદા માનવી મળવા મુશ્કેલ છે. નિવૃત્તિ આ કામઢા વ્યક્તિને સ્પર્શી જ ન હતી! અંતિમ પળો સુધી અસામાન્ય એવા ધનવંતભાઈ સામાન્ય બની જીવ્યા.

તેમના જીવનમાં અધિકારપ્રિયતા અને અહંકારપ્રિયતાનો સદંતર અભાવ હતો. આ ગુણે તેમને મુઠ્ઠી ઊંચેરા માનવી તરીકે પ્રસ્થાપિત કર્યા છે. જ્ઞાનસત્રમાં બધાથી ઘેરાયેલા, પ્રવચન આપતા, સ્વભાવે શાંત અને મૃદુ, ક્યારેય કડવા ન બનવાનું જાતને આપેલું વચન એવા વિદુષક ધનવંતભાઈની ગેરહાજરીથી હું એક પ્રકારની 'અપાહિજ'ની લાગણી અનુભવું છું. કારણ કે મેં મારા એક એવા અધ્યાપકને ગુમાવ્યા છે, જેઓ મારા પુસ્તકો વાંચી આશીર્વચન તો લખી આપતાં, સાથે સાથે અક્ષરસ: ઝીણવટપૂર્વક વાંચી યોગ્ય માર્ગદર્શન આપતા. જો જોડણીમાં ભૂલ હોય તો કોશ ન જોવા બદલ ઠપકો જરૂર આપે. વળી, નવા નવા વિચારો આપી નવી ક્ષિતિજોનો ઉઘાડ કરાવનારા તેમજ જાતને માંજવાની પ્રેરણા આપનારા મારા 'સર' હતા. મેં બહુમુખી પ્રતિભાની અલ્પ અક્ષર દ્વારા શ્રદ્ધાંજલિ અર્પી છે, એથી વિશેષ મારી ક્ષમતા નથી.

તમારી અત્યંત ઋણી શિષ્યા

**□ ભાનુબેન જે. શાહ**

## 'પ્રબુદ્ધ જીવન' પરિવારની કલમે...

# જમાના બડે શૌક સે સુન રહા થા, હમ હી સો ગયે દાસ્તાં કહેતે કહેતે

**❑ જવાહર ના. શુક્લ**

*જમાના બડે શૌક સે સુન રહા થા*
*હમ હી સો ગયે દાસ્તાં કહેતે કહેતે.*

જાણીતા ઊર્દુ શાયર મીર શાકીબનો આ શે'ર ઉધ્ધૃત કરવાનું પ્રયોજન એ કે ગઈ તા. ૨૮મી ફેબ્રુઆરીએ રાતે ૯.૩૫ વાગે શ્રી મુંબઈ જૈન યુવક સંઘના કાર્યનિષ્ઠ મંત્રી અને 'પ્રબુદ્ધ જીવન'ના કાર્યદક્ષ તંત્રી માન્યવર ડૉ. ધનવંતભાઈ તિલકરાય શાહના દિવંગત થયાના દુ:ખદ સમાચાર પ્રાપ્ત થયા ત્યારે અચાનક આ શે'ર માનસપટ પર ધસી આવ્યો. હજુ સાતેક કલાક પહેલા જ એમની સાથે ફોન પર વાત લગભગ આઠેક મિનિટ વાત થઈ હતી અને તેમણે 'પ્રબુદ્ધ જીવન'ના માર્ચ મહિનાના અંકના તૈયાર હોય એટલા પાના સોમવારે સવારે કાર્યાલયના માણસ સાથે મોકલી આપવાની સૂચના આપી હતી. સાથે એમ પણ કહ્યું કે પોતે પ્રથમ પાનાનો લેખ લખીને એની સાથે મોકલી આપશે. કાર્યનિષ્ઠાનું અને પોતાની ફરજ પાલનનું આ અદ્ભુત દૃષ્ટાંત જુઓ કે હોસ્પિટલમાંથી પાછા ફર્યા બાદ પણ, ડૉક્ટરોની આરામ કરવાની અને મન અને મસ્તિષ્ક પર કોઈ ભારણ ન રાખવાની સખત તાકીદની સલાહ હોવા છતાં તેઓ 'પ્રબુદ્ધ જીવન'ના કામમાં ખૂંપી ગયા હતા, કેમકે પ્રકાશનની તારીખ નજીક આવી ચૂકી હતી. ખરું પૂછો તો એમણે પોતાના શારીરિક સ્વાસ્થ્યની જરા પણ પરવા કર્યા વિના શ્રી મુંબઈ જૈન યુવક સંઘના, 'પ્રબુદ્ધ જીવન'ના, મહાવીર જૈન વિદ્યાલયના, જૈન સાહિત્ય સમારોહના તથા ઈતર જે સામાજિક સંસ્થાઓ સાથે પોતે એક યા બીજા પ્રકારે સંકળાયેલા હતા તે તમામની પ્રવૃત્તિઓને વેગવાન બનાવવા, તે તમામના પ્રકલ્પોને દિવસનું અજવાળું દેખાડવા તેમણે પોતાની જાતને 'ઘસી' નાખી તેમ કહું તો એમાં કોઈ અતિશયોક્તિ નહિ લાગે.

આયોજનના તે 'બાદશાહ' હતા. કોઈ એક પ્રકલ્પના વિચારનો દીવો તેમના મસ્તિષ્કમાં ઝબકે કે તુરત એને પ્રથમ પોતાના મનમાં ઘૂંટવો શરૂ કરી દેતા. પૂર્ણપણે એના પર, એના લેખાજોખા પર, સમાજ, ધર્મ, સાહિત્ય, અને ભાવિ પેઢીના સંસ્કારો એનાથી કેટલા સમૃદ્ધ અને સુદૃઢ બનશે એની બ્લ્યુ પ્રિન્ટ તૈયાર કરતા અને પશ્ચાત એને પહોંચી વળવા આર્થિક પાસાનો પહોંચી વળવા કોઈ પ્રયોજકની નિમણૂક કરતા. બધું પદ્ધતિસર થતું અને ફુલપ્રુફ આયોજનનું માળખું અસ્તિત્વમાં આવતું. તેમની ચોકસાઈ અને ચીવટ અદ્ભુત હતા.

શ્રી મહાવીર ચારિત્ર કલ્યાણ રત્નાશ્રમમાં તેમનું ભણતર અને ઘડતર થયું હતું. ત્યાં જ તેમણે ઉમદા સંસ્કારો અને ઉજ્જવળ ચારિત્રના પીયૂષનું પાન કર્યું હતું. પોતાની દિવ્યતાની પ્રતિમૂર્તિ સમી એ માતૃસંસ્થા માટે તેમને અનહદ લાગણી અને ગૌરવ હતાં. આ વર્ષના જૈન સાહિત્ય સમારોહનું આયોજન આ સંસ્થાના પ્રાંગણમાં થાય તેવી તેમની ઈચ્છા હતી. અને પોતાની નાદુરસ્ત તબિયત હોવા થતાં તેઓ ત્યાં અંત સુધી હાજર રહ્યાં, બધી વ્યવસ્થાની પંડે દેખરેખ રાખી અને પોતાને મળેલા 'રાજવી કવિ કલાપી એવૉર્ડ' અને પુરસ્કારની ધનરાશી માતૃસંસ્થાને ચરણે ધરી ઋણમુક્ત થવાનો સંતોષ હાંસિલ કર્યો. આ તેમનું છેલ્લું જાહેર રોકાણ.

એક ઉમદા માનવ હતા. તેમની સાદાઈ બેનમૂન હતી. તેઓ પોસ્ટ ગ્રેજ્યુએટ હતા. કવિ નાન્હાલાલ પર શોધ મહાનિબંધ લખી તેમણે પીએચ.ડી.ની ઉપાધિ મેળવી હતી. પોતે લેખક, કવિ, સાહિત્યકાર, નાટ્યકાર, પત્રકાર હોવાની સાથે ઉદ્યોગપતિ પણ હતા. તેમ છતાં અહંકાર કે ઘમંડનો અંશ સુદ્ધાં તેમનામાં વિદ્યમાન નહોતો. ઉચ્ચ ચારિત્રપ્રાપ્ત આ વ્યક્તિ 'ડાઉન ટુ અર્થ' હતી. શ્રી અને સરસ્વતી બંને દેવીઓની તેમના પર અપરંપાર કૃપા હતી.

તેઓ ભારે વિનમ્ર હતા. કદી કોઈને ઊંચા સાદે કશું ન કહેતા. ગુસ્સો તેમને સ્પર્શ્યો નહોતો. ભૂલ થાય તો ચલાવી લેતા પણ કદી કોઈને ઠપકો નહોતા આપતા. શું પરિવારમાં, શું વ્યવસાયમાં કે પછી શું વ્યવહારમાં હંમેશાં મીઠું બોલતા અને મનની મોટાઈ નિરંતર પ્રદર્શિત કરતા. તેમના ચહેરા પર હંમેશ વિલસતું મધુરું સ્મિત તેમની સૌથી મોટી મિરાત હતી.

તેઓ વ્યક્તિમાં નિહિત શક્તિઓના અદ્ભુત પારખુ હતા. કેટલીવાર માણસમાં રહેલી સુષુપ્ત શક્તિઓનો તેને પોતાને અંદાજ નથી હોતો; કેમકે એ દિશામાં તેણે કાં તો વિચાર્યું નથી હોતું કે પછી તે લઘુતાગ્રંથિની ભાવનાથી ગ્રસિત હોય છે. આવી વ્યક્તિઓને 'માંજવા'નું કાર્ય તેમણે આરંભ્યું. દરેકમાં નિહિત ગુણો અને શક્તિઓને તેમણે પ્લેટફોર્મ આપ્યું. 'યસ, યુ કેન' કહી તેને પોરસ્યો અને કલ્પનામાં ન આવે એવા પરિણામો મળ્યાં.

તેમણે લઘુતાગ્રંથિથી ગ્રસીત લેખકો, કવિઓ, નાટ્યકારોમાં નવો પ્રાણસંચાર કર્યો અને તેમને તેમની એ ગ્રંથિથી મુક્ત કરી સાહિત્યક્ષેત્રે લેખકોની એક પૂરી સ્વતંત્ર ફોજ તૈયાર કરી.

દરેકમાં વિશ્વાસ, વિશ્વાસ, વિશ્વાસ.

દરેકમાં પૂરી શ્રદ્ધા, શ્રદ્ધા, શ્રદ્ધા.

તેમણે 'પ્રબુદ્ધ જીવન'ની ક્રમશઃ કાયાપલટ કરી નાખી. નવા નવા લોકભોગ્ય વિભાગો ઉમેર્યા. ધારાવાહિક લેખમાળાઓ શરૂ કરી. કેટલાય લેખકોને નવું પ્લેટફોર્મ આપ્યું. તેમને ઉઘાડ આપ્યો. સરસ્વતી દેવીના ચિત્રો મુખપૃષ્ટ પર પ્રગટ કરી રંગીન આવરણ પૃષ્ટને નવો નિખાર આપ્યો. અંગ્રેજી વિભાગ શરૂ કરી આજની યુવા પેઢી જે ગુજરાતી ભાષાથી કાં તો અનભિજ્ઞ છે અથવા અધકચરી જાણે છે તેમનામાં જૈન ધર્મ પ્રત્યેની ભાવના દૃઢિભૂત થાય એ માટે સઘન પ્રયાસ કર્યો. કેટકેટલી રીતે તેમણે વિચાર્યું અને અમલમાં મૂક્યું. તેઓ ભારે દીર્ઘદૃષ્ટા અને બહુ લાંબો વિચાર કરતા હતા.

વાંચકો અને તંત્રી વચ્ચે સ્નેહનો સેતુ અતૂટ રહે તે માટે તેમણે વાંચકોને 'પ્રબુદ્ધ જીવન'માં પ્રકાશિત કૃતિઓ અંગે પોતાના પ્રતિભાવો જણાવવાને કહ્યું અને આ વિભાગ 'પ્રબુદ્ધ જીવન'ના નજરાણા સમ બની ગયો. દર મહિને પ્રતિભાવ દર્શાવતા અનેક પત્રો મળવા લાગ્યા. જરૂરી હોય ત્યાં તંત્રી પણ સામો ખુલાસો કરી પત્રલેખકની જિજ્ઞાસાને સંતોષવા લાગ્યા. આમ વાચકોના નિરંતર સંપર્કમાં રહેવાનું બન્યું.

તંત્રીના વિચારો ભારે અહેમિયત ધરાવતા હોય છે, એનું ભારે વજન પડતું હોય છે. પોતાના વિચારો અથવા મતનો કોઈ અયોગ્ય કે અનિચ્છિય પડઘો ન પડે એ માટે એણે ભારે સાવધ અને સતર્ક રહેવું પડતું હોય છે. શ્રી ધનવંતભાઈ આ વિષે ખૂબ સતર્ક રહેતા. બબ્બે વાર ક્યારેક તો ત્રણત્રણ વાર પ્રથમ પાનાના લેખને તપાસી જતા અને વખતોવખત સુધારાઓ કરતા. લખીને પ્રથમવાર હું વાચું અને એમને મોકલું કે તુરત મને પૂછે: લેખ કેમ લાગ્યો? ભાવ બરાબર સમજાય છે ને? પછી કહે મારા પહેલા વાચક તમે! અને એ આવું બોલે ત્યારે હું એટલો ક્ષોભ અનુભવતો કે ન પૂછો વાત! કેટલી ઉચ્ચ કક્ષાની નિખાલસતા! કેટલી અદ્‌ભુત નમ્રતા! કોઈ મોટાઈ નહિ! નાનામાં નાની અને સાધારણમાં સાધારણ વ્યક્તિ પ્રત્યે પણ કેવો અહોભાવ! ખરેજ આવાજ માણસો લોકોના હૃદય પર શાસન કરતા હોય છે, તેમનો પ્રેમ સંપાદન કરતા હોય છે અને ભક્તિભાવ પામતા હોય છે.

હવે આપણે પ્રારંભમાં ઉધ્ધૃત ઊર્દુ શે'રનું અનુસંધાન સાધી આગળ વધીએ. ધનવંતભાઈ એક પછી એક સમાજિક ક્ષેત્રે, શાસન ક્ષેત્રે, પત્રકારત્વ ક્ષેત્રે, લેખન ક્ષેત્રે, રંગમંચ ક્ષેત્રે અવનવા પ્રકલ્પોને કાર્યરત કરી રહ્યા હતા અને વિશ્વ ભારે અહોભાવપૂર્વક એની નોંધ લઈ રહ્યું હતું, એ ઉપલબ્ધિઓને માણી રહ્યું હતું, એની ભરપૂર સરાહના કરી રહ્યું બરાબર એવે જ વખતે તેમણે પોતાની જીવનલીલા સંકેલી લીધી અને આખરી શ્વાસ લીધો. ભલા આનાથી વધુ દુર્ભાગ્યપૂર્ણ બીજું શું હોઈ શકે?

અને એટલે જ જ્યારે આવી વ્યક્તિ હાથતાળી આપી આ દુનિયાથી દૂર ચાલી જતી હોય છે ત્યારે એક નહિ અનેકના જીવનમાં શૂન્યાવકાશ સર્જાતો હોય છે. અનેક વ્યક્તિ પોતાને 'ગરીબ' અને 'નોધારી' નિહાળતી હોય છે.

એમની વિદાયથી સર્જાયેલો આ શૂન્યાવકાશ, આ ક્ષતિ એમના પત્ની સુશ્રી સ્મિતાબહેન, પુત્ર શ્રી પુરબભાઈ, પુત્રી સુશ્રી પ્રાચીબહેન અને સુશ્રી રીતિબહેન કે પુત્રવધૂ સુશ્રી ખ્યાતિબહેન સુધી મર્યાદિત ન રહેતાં શ્રી ધનવંતભાઈના અનેક અનેક ચાહકો, મિત્રો, કુટુંબીઓ, 'પ્રબુદ્ધ જીવન'ના વાંચકો માટે પણ આ ક્ષતિ અસહનીય બની રહે છે.

જાણીતા ગીતકાર આનંદ બક્ષીના એક ગીતની પંક્તિઓ વખતે આપણા દુ:ખી અને સંતપ્ત મન ને હૃદયને સાંત્વના આપવા નિમિત્ત બને એ આશયથી અહીં પ્રસ્તુત છે:

દુનિયા સે જાનેવાલે જાને ચલે જાતે હૈં કહાઁ,
કૈસે કોઈ ઉનકો ઢુંઢે નહીં કદમોં કે ભી નિશાઁ.
જાને હૈ વો કોન નગરિયા, આયે જાયે ન ખત ના ખબરિયા,
આયે જબ જબ ઉનકી યાદે, આયે હોઠોં પર ફરિયાદેં,
જાકે ફીર ના આને વાલે, જાને ચલે જાતે હૈં કહાઁ.
મેરે બિછડે જીવનસાથી, સાથ જૈસે દીપક બાતી,
મુઝસે બિછડ ગયે તુમ ઐસે, સાવન કે જાતે હી જૈસે,
ઊડ કે બાદલ કાલે કાલે, જાને ચલે જાતે હૈં કહાઁ.

ગુજરાતના નામવર શાયર સદ્‌ગત ગની દહીંવાલાનો એક શે'ર પણ અહી ટાંકવો અપ્રસ્તુત નહિ ગણાય. ગની સાહેબે લખ્યું છે:

*'જિંદગીનો એ જ પડઘો છે 'ગની',*
*હોય નહીં વ્યક્તિ ને એનું નામ બોલાયા કરે.'*

શ્રી ધનવંતભાઈ ક્ષર દેહે ભલે આપણી વચ્ચે નથી રહ્યા, પણ મારા, તમારા, સૌના હૃદયમાં તેમનું સ્થાન અકબંધ રહેશે, કાળની કોઈ સીમા એ સ્થાનને ચલિત નહીં કરી શકે.

ઈશ્વર એમના આત્માને શાંતિ આપે અને એ સિદ્ધ ગતિને પામે એવી જગત્‌નિયંતાને પ્રાર્થના.

ધનવંતભાઈ ઘણું જીવો!

Long live Dhanvantbhai.

✶✶✶

## શ્રી ધનવંતભાઈ એટલે એક મહામાનવ

શ્રી ધનવંતભાઈએ કેટલીક જીવન જીવવાની કળા શીખવી. એમને યાદ કરતાં હું આજે પણ મારા આંસુ રોકી શકતો નથી.

મેં જ્યારે એકવાર એમને કહ્યું કે, 'હું જૈન નથી' ત્યારે એમણે કહ્યું, 'આપણે વિચાર અને આચારથી જૈન થવાનું છે. Work ને Worship માનશો તો તમારે ક્યારે પીછેહઠ નહીં કરવી પડે.'

'અક્ષર'ને અજવાળે ચાલ્યો એકલવીર નાટક ભારતીય વિદ્યા ભવનમાં યોજાવાનું હતું. બધી જ તૈયારીઓ થઈ ગઈ હતી અને ભારતીય વિદ્યા ભવનમાં ACમાં આગ લાગવાથી અમારે નાટક યોજવાનું કેન્સલ કરવું પડે એમ હતું, ફક્ત દશ જ મિનિટમાં એમણે ઉપર મુજબ કહ્યું, `Work is Worship અને જાણે પ્રભુએ સાંભળી લીધું અમને તરત જ તેજપાલ ઓડિટોરિયમમાં એ નાટક યોજવાની વ્યવસ્થા થઈ ગઈ. નાટક યોજવા માટે પોલીસ પરમીશન જરૂરી હતી જે તેજ દિવસે મળે એમ શક્ય ન હતું. એમણે આપેલ Slogan Work is Worship નો ઉપયોગ કર્યો અને વગર પોલીસ પરમીશને અમે નાટક યોજી શક્યા.

એમને માટે શ્રી મુંબઈ જૈન યુવક સંઘનો સ્ટાફ એક પરિવાર જેવો હતો.

**☐ હેમંત કાપડિયા**

XXX

## મોટા મનના માનવી ડૉ. ધનવંતભાઈ શાહ

તા. ૧-૧૧-૨૦૦૮ના રોજ શ્રી મુંબઈ જૈન યુવક સંઘમાં શ્રી ધનવંતભાઇએ મારી નિમણૂક કરી હતી. શરૂઆતના દિવસોમાં તેમનો સવારે ફોન આવે ત્યારે સ્વાભાવિક રીતે હું તેમને ગુડ મોર્નિંગ કહેતો, પણ જ્યારે એમને ખબર પડી કે મને 'ભગવાન સ્વામીનારાયણ'માં અખૂટ શ્રદ્ધા છે અને હું ચુસ્ત હરિભક્ત છું ત્યારે તેમણે મને કહ્યું, 'પ્રવીણભાઈ હવેથી આપણે ફોનમાં હેલો કે ગુડ મોર્નિંગને બદલે 'જય સ્વામીનારાયણ' કહેવું. ત્યારથી દરરોજ ધનવંતભાઈના ઑફિસમાં ૨,૩ કોલ તો આવેજ અને ફોન હું ઉઠાવું ત્યારે તેઓ અચૂક 'જય સ્વામીનારાયણ' કહે અને પછી જ વાતની શરૂઆત કરે...

સર્વ ધર્મ સદ્ભાવની વાતો કરવી અને સર્વ ધર્મને માન આપવું બંને અલગ બાબતો છે. ધનવંતભાઈ સર્વ ધર્મને સ્વીકારીને સમદૃષ્ટિ રાખતા હતા, અને સર્વ ધર્મના અનુયાયીને પણ ખૂબ જ માન આપતા હતા. આપણે એક સાચા સમદૃષ્ટા ગુમાવ્યાનો બહુ અફસોસ થાય છે. ખેર તેમનો માયાળુ સ્વભાવ, સ્ટાફના દરેક સભ્યો માટે બહુ લાગણી, સૌની ચિંતા કરે. અમારી ક્યારેક કોઈ ભૂલચૂક થઈ ગઈ હોય તો તુરત મીઠો ઠપકો આપે અને ઉકેલ પણ આપે. કામ બાબત એ હંમેશાં બહુ સ્પષ્ટ હતા. એમને બધું જ આયોજનબદ્ધ જોઈએ. તેઓ શિસ્ત અને ચીવટના પૂરા આગ્રહી હતા તેમની સાથે યુવક સંઘનું કામ કરતા કરતા ૮ વર્ષ ક્યારે નીકળી ગયા એની ખબર જ ન પડી...

પણ અચાનક ૨૮ ફેબ્રુઆરી ૨૦૧૬ના તેમના અવસાનના સમાચાર સાંભળી બહુ આઘાત લાગ્યો. પરમકૃપાળુ પરમાત્માને બે હાથ જોડીને હૃદયપૂર્વક પ્રાર્થના કરીએ છીએ કે એ આત્માને પરમ શાંતિ આપે. ધનવંતભાઈ, છેલ્લા જય સ્વામીનારાયણ.

**☐ પ્રવીણભાઈ દરજી**

## મારા સાહેબ પૂ. ધનવંતભાઈ

સાહેબ સાથેના સંબંધો યાદ આવતા આજે પણ મારું હૈયું ભરાઈ આવે છે. સાહેબ, મારા માટે મારા કુટુંબના વડીલ જેવા હતા.

સાહેબનો સવારના ફોન આવે ત્યારે લાગતું હતું કે સાહેબને કઈ વસ્તુ જોઈતી હોય છે. નહીં તો 'પ્રબુદ્ધ જીવન' કોઈ ભાઈને આ એડ્રેસ મોકલી આપજો એમ ફોન આવતા હતા.

મારી કોઈ પણ કામમાં ભૂલ થઈ ગઈ હોય તો સાહેબ ઠપકો આપતા હતા. પણ પછી સમજાવતા પણ હતા કે કામ કરતી વખતે મન શાંત રાખીને કામ કરવું પછી તારી ભૂલ નહીં થાય.

હું ૧૯૮૪માં શ્રી મુંબઈ જૈન યુવક સંઘમાં કામ ઉપર આવ્યો ત્યારે ડૉ. રમણભાઈનું જે કામ કરતા હતા એ કામ હવે મારું કરવું પડશે એમ સાહેબે મને કહ્યું હતું. એ પ્રમાણે એમની સૂચનાથી કામ કર્યું સાહેબના અંત સુધી.

સાહેબની યાદગીરીમાં ઘણું બધું લખવા જેવા પ્રસંગો છે પણ લખાણની મર્યાદા હોવાથી ઓછું લખ્યું છે.

જ્યાં મારા સાહેબ હશે ત્યાં એમના આત્માને શાંતિ આપો એવી ભગવાન પાસે પ્રાર્થના કરું છું.

**☐ અશોક એમ. પલસમકર**

કર્મચારી શ્રી મુંબઈ જૈન યુવક સંઘ

XXX

## મારા વહાલા વડીલ શ્રી ધનવંતભાઈ સાહેબ

વરલીથી સીફ્ટ થયા પછી લગભગ આઠ વર્ષ 'પ્રબુદ્ધ જીવન'ના કામકાજ માટે અવારનવાર શ્રી ધનવંતભાઈના ઘેર પવાઈ જવાનું થતું.

તેઓ કોઈ પણ કામકાજ 'પ્રબુદ્ધ જીવન' માટે હોય તો મને શાંતિથી અને સરળતાથી સમજાવતા અને કહેતા, હરીચરન ન સમજાય તો મને પાછું પૂછજો. કામ થયા પછી તેઓ સ્મિતાબેનને કહેતા હરીચરનને ચા-નાસ્તો આપો.

સોનગઢથી ઘેર આવ્યા ત્યારે મને ઘેર બોલાવ્યો. મેં સાહેબને પ્રણામ કર્યા અને તબીયત પૂછી. એમણે કહ્યું, તમારા બધાના

સહકારથી સારી છે. તેમણે મને કહ્યું, 'હરીચરન, એક મહિનાના લેટર ઢગલાબંધ જમા થયા છે. તો તમારે ત્રણ-ચાર દિવસ આવવું પડશે.' છેલ્લા શનિવાર સુધી કામ કર્યું. રવિવારે જ્યારે મને ફોન આવ્યો કે શ્રી ધનવંતભાઈ નથી રહ્યા મારી આંખો ભરાઈ આવી. ભગવાન સાહેબના આત્માને શાંતિ આપે એજ ઈશ્વરને પ્રાર્થના કરું છું.

**□ શ્રી હરિશ્ચંદ્ર એ. નવાળે**

કર્મચારી શ્રી મુંબઈ જૈન યુવક સંઘ

# તમે મોટો કીધો મહારાજ મને કેમ વીસરે રે !

**□ ડૉ. રમજાન હસણિયા**

ડૉ. અંકલ સાથેનું સ્નેહ સગપણ બંધાયું એને પૂરો દાયકો થયો છે. મને ડૉ. ગીતાબેન જૈન જેવા ગુરુજન મળ્યા છે એનો હર્ષ વ્યક્ત કરતાં તેમણે પ્રથમ મુલાકાત વખતે કહેલું કે, 'રમજાન! તારા જીવનમાં સજ્જનતાનો સરવાળો થતો જશે.' કોઈ મંગળ વેળાએ તેમના મુખે ઉચ્ચારાયેલા આ શબ્દો ખરે જ સાર્થક થયા. કેટલાંય ઉત્તમ લોકો મારા જીવનમાં પ્રવેશતા ગયા અને એ દરેકે દરેકના સંસ્પર્ષથી હું ઊંચકાતો રહ્યો. તેમના સાથેના અનુબંધનો એકડો પણ ગીતાબેનના કારણે ઉત્તરોત્તર ઘૂંટાતો રહ્યો ને વધુ ને વધુ મરોડદાર થતો રહ્યો.

વર્ષો પછી સામખિયાળી-કચ્છ મુકામે આયોજીત એક પરિસંવાદમાં નિરાંતે મળ્યા. મને સાંભળી ખૂબ જ પ્રસન્ન થયા અને મારા પર પર્યુષણ વ્યાખ્યાનમાળાનો કળશ ઢોળી દીધો. મને કહે, 'વર્ષ ૨૦૧૩ની વ્યાખ્યાનમાળાનો આરંભ લોગસ્સ જેવા શાસ્ત્રીય વિષય પર વાત કરી શકવાની મારી અસમર્થતા જાણતો હોઈ મેં સવિવેક અન્ય વિષય પર વાત કરવાની મંજૂરી આપવા વિનંતી કરી, પરંતુ તેમનો નિર્ધાર અડગ હતો. તેમના વિશ્વાસે મારામાં બળનો સંચાર કર્યો. એક વર્ષ સુધી ઉપા. ભુવનચંદ્રજી મ.સા. પાસે ઉપનિષદ રચીને, અનેક ગ્રંથોનું આચમન કરીને મારું ઘરલેશન તૈયાર કર્યું. કુદરત પ્રતાપે એ વાત સૌને ખૂબ ગમી ગઈ. એ વ્યાખ્યાનથી મારા જેવા ઓગણત્રીસ વર્ષના છોકરડાને એક બહુ જ મોટું ફલક મળી ગયું. તે પછી તો અત્ર-તત્ર-સર્વત્રથી વ્યાખ્યાન માટે કહેણ આવવા લાગ્યા. પણ આ વિકાસના મૂળિયાં આવા આર્ષદ્રષ્ટા પુરુષના હાથે પોષાયા છે એ બહુ જ નમ્ર ભાવે મારે સ્વીકારવું રહ્યું. વળી, કોઈ મુસ્લિમ યુવા વક્તાને જૈન ધર્મના આવા ગૂઢ વિષય પર બોલવા કહેવું એ તેમની ક્રાંતિકારી તેમજ સમન્વયવાદી દૃષ્ટિની પણ પરિચાયક ઘટના બની રહે છે. તે દિવસે પોતાનો હર્ષ વ્યક્ત કરતાં તેમણે કહેલું કે, 'રમજાન લોગસ્સ વિષે ખૂબ સારું બોલ્યો, પણ હું ઈચ્છું છું કે તે આટલી જ મહેનત કરીને કુરાન વિશે અહીં જ બોલવા આવે.' તેમના આ શબ્દોમાં સર્વધર્મ સમભાવની ભાવના છલકાતી સૌએ અનુભવેલી.

મને જૈન સાહિત્ય સમારોહ માટે તેમજ 'પ્રબુદ્ધ જીવન'માં લખવા માટે તેઓ સતત પ્રેરતા રહ્યા. 'ઈસ્લામની દૈનિક આવશ્યક ક્રિયાઓ વિશે લખાવ્યુંયે ખરું! વિપશ્યના વિશે લેખ કરતી વેળાએ તેમણે મારો અભિપ્રાય લીધો અને પોતાના લેખમાં ટાંક્યો એ બાબત તો તેમની નમ્રાતની લગભગ ચરમ સીમા કહી શકાય. ૨૬ ફેબ્રુઆરીની મધ્યાહ્નની વેળાએ સંકોચભેર તેમના ઘરે જયંતભાઈ ગંગર અને સાધનાબેન સાથે પ્રવેશ્યો ત્યારે 'મને તમારા જેવા વિટામીનની જ જરૂર છે' એમ કહી અમારો બધો ક્ષોભ તેમણે ક્ષણમાં જ હરી લીધો. લગભગ પીસ્તાળીસેક મિનિટ અમારી જ્ઞાન-ગોષ્ઠિ ચાલી. મેં ઉપા. શ્રી ભુવનચંદ્રજીના લેખોના કરેલ સંચયનું પુસ્તક ભેટ ધરતાં કહ્યું કે, 'આ મારું પહેલું કામ', ત્યારે કહે, 'આવા તો કેટલાય પુસ્તકો હજુ થશે!' તેમના આશિષનું ભાજન બનવાની એ છેલ્લી તક હશે તેની તો મને કલ્પનાય ક્યાંથી હોય? વાતવાતમાં ઉપા. યશોવિજયજી પરના કાર્યક્રમનું કહેવાઈ ગયું. તેમણે મને તેમાં જોડાવા નમ્ર આદેશ કર્યો. તરત જ ડૉ. અભયભાઈ દોશીને વાત કરી મારું વ્યાખ્યાન ગોઠવી દીધું. આ પરિસ્થિતિમાં પણ કોઈ વ્યક્તિને કામ માટે પ્રેરવાની તેમની હોંશ ખરે જ અનુમોદનીય છે. જીવનયાત્રા સંકેલવાના દિવસે બપોરે મારી સાથે વાત કરી, કયો વિષય નક્કી થયો તે જાણ્યું, સમણસુતંના પ્રશ્નોના જવાબની માગણી એક તંત્રી તરીકે કરી. મને કહે, 'વીસ તારીખે હું તને સાંભળવા આવીશ. મેં કહ્યું, 'ડૉ. અંકલ, આપ મને સાંભળવા આવો એ વાત તો આપની મોટાઈ સૂચવે છે, પણ આપની હાજરીથી હું મારી પીઠને મજબુત અનુભવીશ, એ ખરું!'

સુદામાને પોતાની રાણીઓ સમક્ષ મોટો કરતાં કૃષ્ણ 'હું પાટી લખી તમને બતાવતો, તમે મને સાચવતા' વગેરે વાક્યો ઉચ્ચારે છે ત્યારે કૃષ્ણની મહાનતાને બરાબર પ્રમાણતા સુદામા કહે છે, 'તમે મોટો કીધો મહારાજ, મને કેમ વીસરે રે! ડૉ. અંકલની અંતિમ બે મુલાકાતોમાં તેમનામાં રહેલ આ કૃષ્ણત્વના દર્શન થયા એ મારા જેવા રાંક સુદામા માટે આજીવન ધન્યત્વની ક્ષણો બની રહેશે!

ગવર્મેન્ટ આર્ટસ એન્ડ કૉમર્સ કૉલેજ, રાપર-કચ્છ
Mobile : 7567064993. ramjanhasaniya@gmail.com

## ધનવંતભાઈ એક ધન્ય અનુભવ

મુ. શ્રી ધનવંતભાઈ સાથે મારો પરિચય બહુ લાંબો ન ગણાય, પણ વ્યક્તિને ઓળખવા અને તેની સાથે ઘનિષ્ઠપણે જોડાવા માટે લંબાઈ કરતા ગહનતાનું મહત્ત્વ વધુ હોય છે, એ ન્યાયે હું અધિકારપૂર્વક કહી શકું કે ધનવંતભાઇએ મને ખૂબ આત્મીય કહી શકાય તેવો અનુભવ આપ્યો હતો. તેમનામાં મને એક વડીલ, માર્ગદર્શક અને મિત્રના દર્શન થયા હતા.

દોઢેક વર્ષ પહેલાં અમે મળ્યા હતા તો ૨૦૧૫ના મહાત્મા ગાંધી વિશેષાંક સંદર્ભે, પણ ત્રીજી જ મુલાકાતમાં એમણે મને પકડી– 'શું વાચો છો?' મેં હું જે વાંચતી હતી તે જણાવ્યું. 'એમ ન ચાલે. આ તો બધું રેન્ડમ વાંચન છે. તમારે જે વિષયમાં રસ હોય તેમાં ઊંડા ઉતરી શકાય તેવું વાંચવું જોઈએ.' આમ તેમણે મને વિચારતી કરી દીધી. તે પછી મારે જે વિષયમાં ઊંડા ઊતરવું હતું તે વાંચતી કરી અને તે અંગે કામ કરતી પણ કરી. માર્ગદર્શન આપે, મદદરૂપ થવા તૈયાર રહે પણ જવાબદારી અને સ્વતંત્રતા પણ ભરપૂર આપે. ગાંધી અંકોનું સંપાદન મને ઘણી રીતે સમૃદ્ધ કરી ગયું તે ધનવંતભાઇને લીધે.

આ દરમ્યાન તેમના જે ગુણો મને ખૂબ પ્રભાવિત કરી ગયા તે વિશે વાત કરું. પહેલો ગુણ એ કે કદી પોતાની બડાઈ ન વર્ણવે. હંમેશા અન્યને, પછી તે ઉંમર, જ્ઞાન કે અનુભવમાં તેમનાથી ઘણી નાની વ્યક્તિ કેમ ન હોય, મહત્ત્વ આપે, તેનો ગુણ શોધે અને તેના વિકાસનો માર્ગ ખોલી આપે. આ એટલી સહજ રીતે થાય કે બેમાંથી એકે પક્ષને તેનો ભાર ન રહે.

બીજું, કદી પોતાની તકલીફ ન વર્ણવે, પણ અન્યની નાની તકલીફને પણ દૂર કરવા તત્પર રહે. માનવીય સંબંધો અને સંવેદનાને સમજવાનું તેમનું સ્તર ઘણું ઊંચું હતું. વિશાળ કાર્યક્ષેત્ર અને બહોળું મિત્રવર્તુળ, છતાં અજાણ્યા કે અલ્પપરિચિતને માટે પણ સમય ફાળવે. સૌને પોતાના લાગે. મન ખોલવાનું મન થાય.

મારા લખાણોને પ્રોત્સાહન આપે, સાથે સંમાર્જન પણ કરે – 'માહિતી ઓછી આવે તો ચાલે, તમારું દૃષ્ટિબિંદુ આવવું જોઈએ. કેટલું જાણીએ છીએ તે કરતાં કેટલું સંવેદીએ છીએ તે મહત્ત્વનું છે. વિગતો જોઈતી હશે તેને માટે સ્રોતો ઘણા છે, તમે તમારું સંવેદન આપો.' હું વિચારમાં પડું એટલે મરક મરક હસે.

ધનવંતભાઈ એટલે ખાનદાન, શુદ્ધ નિસબત, તેનો સ્પર્શ તેમના વર્તુળમાં પ્રવેશનાર દરેકને થાય, જીવન કેમ જીવાય તેની પ્રેરણા પોતાના જ જ્વલંત ઉદાહરણથી આપી જનાર ધનવંતભાઈને શત શત વંદન. તેમની સ્મૃતિઓથી સરાબોર આ ક્ષણોમાંથી પસાર થતા લાગે છે કે ધનવંતભાઈ આપણી વચ્ચેથી વિદાય થયા તેના દુ:ખ કરતાં, તેઓ આપણી વચ્ચે આટલો સમય રહ્યા તેની ધન્યતા વધુ મોટી છે. તેમના જેવા આત્માની સદ્‌ગતિ જ હોય. પ્રાર્થનામય ચિત્ત સાથે તેમને સપ્રેમ, સાદર શ્રદ્ધાંજલિ અર્પું છું.

**☐ સોનલ પરીખ**

(Mobile : 9221400688)

ૐ નમો નાણંસ્સ

## શ્રી ધનવંતભાઈને શ્રદ્ધાંજલિ

પૂ. ધનવંતભાઈ એટલે મુઠ્ઠી ઊંચેરા માનવી. પોતે આટલા ઉચ્ચ સ્થાને બિરાજતા હોવા છતાં, જે સરળતા, સાહજિકતા, નમ્રતા એમનામાં હતી તે શબ્દોમાં વર્ણવી શકાય તેમ નથી. લગભગ ત્રણેક વર્ષ પહેલાં મારું પુસ્તક 'પ્રશ્નોત્તર રત્નમાલા ભાગ-૧' એમને કોઈએ ભેટ આપ્યું. તે વાંચ્યા પછી એમનો મારા પર ફોન આવ્યો. 'સુબોધીબેન...ખૂબ જ સુંદર લખો છો. 'પ્રબુદ્ધ જીવન' માટે પણ લખજો.' બસ...પછી તો ઘણીવાર ફોન પર વાતો થતી, ચર્ચા થતી. બે-ત્રણ લેખ પણ મોકલાવ્યા જે એમણે છાપ્યા. હંમેશાં પ્રેરણા કરતા. કહેતા રહેતા કે 'ભાગ-૨' ક્યારે આપો છો? બે વર્ષ પહેલાના 'જૈન સાહિત્ય સમારોહ'માં ભાગ લેવા માટે કહેલું...પણ મેં રસ દાખવ્યો નહિ. મેં એક વસ્તુ એમનામાં જોઈ કે એ નાનામાં નાની વ્યક્તિને પણ ઉપર લાવવા સતત પ્રયત્ન કરતા. મારો એક એવો દાખલો છે કે છેલ્લા ત્રણ વર્ષથી અમે એકબીજાને બિલકુલ જોયા ન હતા છતાં ફોન કે વોટસેપ દ્વારા ધનવંતભાઈ મારા માટે એક પ્રેરણાસ્રોત બની રહ્યા. ૨૦૧૬ના જૈન સાહિત્ય સમારોહમાં ભાગ લેવાનું મને કુદરતી અંદરથી મન થયું, મેં પાંચ સજ્ઝાય વિષે નિબંધ પણ લખ્યો, જે વાંચીને ધનવંતભાઈએ ખૂબ અભિનંદન આપ્યા. પણ મને નહોતી ખબર કે સોનગઢની ધનવંતભાઈ સાથેની મુલાકાત એ મારા માટે પહેલી ને છેલ્લી મુલાકાત હશે..મારા માટેના એમના છેલ્લા શબ્દો યાદ આવે છે. 'સુબોધીબેન લખતા રહેજો!' કોઈપણ જાતની ઓળખાણ-પીછાણ વિના, સફળતાના શીખરે બિરાજેલ કોઈ વ્યક્તિ આટલા પ્રેમ-લાગણી આપી શકે? ખરેખર સો સો સલામ ભરૂં છું આ મહાન આત્માને...પ્રભુ એમને પરમ શાંતિ બક્ષે એ જ પ્રાર્થના.'

**☐ સુબોધીબેન સતીશ મસાલીયા**

૧૯, ધર્મપ્રતાપ, અશોક નગર, અશોક ચક્રવર્તી રોડ,
દામોદર વાડી, કાંદિવલી (ઈસ્ટ), મુંબઈ-૪૦૦૧૦૧.
મો. ન. : ૯૮૯૨૧૬૩૬૦૯

# જઈ રહ્યો છું જગતને હિસાબ આપીને

☐ રમેશ સંઘવી

ડૉ. ધનવંતભાઈ સાથે છેલ્લા દાયકા-સવા દાયકાથી વિશેષ સંબંધ. એ પૂર્વે પ્રસંગોપાત પ્રત્યાયન થયું હતું – તે ખાસ કરીને 'કલાપી' અને પછી કેટલાંક પુસ્તકો કે લખાણો અંગે. પણ વિશેષ સંધાન થયું શ્રી મુંબઈ જૈન યુવક સંઘના સામાજિક નિસ્બત અને સામાજિક સંવેદનાના કાર્ય નિમિત્તે. શ્રી મુંબઈ જૈન યુવક સંઘની મુખ્ય ઓળખ ભલે 'પ્રબુદ્ધ જીવન', તેજસ્વી પર્યુષણ વ્યાખ્યાનમાળા કે સ્વાધ્યાય-સંશોધનશીલ જૈન સાહિત્ય સમારોહ હોય. પણ એક વિશિષ્ટ અને મહત્ત્વની ઓળખ છે – રચનાત્મક, સેવાકીય કાર્યોના નિમિત્તે કોઈ જરૂરતમંદ સંસ્થાને–પ્રતિ વર્ષ ભિન્ન ભિન્ન સંસ્થાને– માતબર સખાવત મેળવીને હૂંફ અને ઊર્જા આપવા. ડૉ. રમણભાઈએ અંદરની સંવેદના, સમજ અને પ્રતિબદ્ધતાથી આ પરંપરા શરૂ કરેલી અને ગુજરાતની કેટલીય સંસ્થાઓને તેથી સાથ-સધિયારો મળ્યાં, તેના તાકાત-વિશ્વાસ વધ્યાં અને તેમાં ચેતન-પ્રાણ ઉમેરાયાં. ૨૦૦૭ના વર્ષ માટે સેવારત કોઈ સંસ્થાને સહાય અર્થે નક્કી કરવાની સંઘની બેઠકમાં અમારા સ્વજન શ્રી પન્નાલાલભાઈ છેડા અને અન્ય મિત્રોએ કચ્છની કોઈ સંસ્થા નક્કી કરવાની વાત કરી તેમાંથી અમારી સંસ્થાઓ–ગ્રામ સ્વરાજ સંઘ અને સુશીલ ટ્રસ્ટ–જે કચ્છના અત્યંત ઊંડાણના અંતરિયાળ વિસ્તારમાં મણિભાઈ સંઘવીની પ્રેરણાથી ધૂણી ધખાવીને કાર્યરત હતી તે પસંદ થઈ. જૈન મુનિ પૂ. ભૂવનચંદ્રજી મ.સા. અને અમારા સ્વજન ગીતાબેન જૈનની પણ અમારા માટેની લાગણી કામ કરી ગઈ છે. ધનવંતભાઈ સાથેના વિશેષ સંબંધનું આ નિમિત્ત. પછી તો સંઘની સમિતિ અમારી સંસ્થાઓમાં આવી, અમારી ભાતીગળ-હૃદંયગમ પ્રવૃત્તિઓ જોઈ-પ્રમાણી અને પછી અમારા 'માટીર-પ્રદીપ'ને વિશેષ તેલ પૂરવાનું તેમણે નક્કી કર્યું. અમારા માટે તો કેવી આનંદની–રોમાંચની ઘડી! એ નિમિત્તે મુંબઈ જવાનું થયું-દિનેશભાઈ પણ સાથે. ત્યાં પર્યુષણ વ્યાખ્યાનમાળાનાં પ્રેરક-અભ્યાસપૂર્ણ, રસળતા પ્રવચન શ્રવણનો અનેરો લાભ લીધો અને વ્યાખ્યાનના પ્રારંભે અમારી સંસ્થાઓની વાત મૂકાતી રહી, સહાય માટે અપીલ થતી રહી, ડૉ. ધનવંતભાઈએ પોતાના વ્યાખ્યાનના પ્રારંભે આ અપીલને સંબલ પણ આપ્યું અને એ વર્ષે ખાસ્સી રકમ અમારા કાર્યો માટે મળી. અમારા માટે તો ભગવદ્ કૃપા જ. પછી તો 'પ્રબુદ્ધ જીવન'માં અમારી સંસ્થાઓ અને તે દ્વારા થતાં કાર્યો વિશે ગીતાબહેને ભાવભર્યો લેખ લખ્યો, નકુલભાઈ–મુક્તાબેન પલાંઠી વાળી બેઠાં છે અને દિલથી જે કાર્યશૃંખલા ચલાવે છે તેની વાત મૂકી અને તે લેખે પણ કેટલાંકના દિલ ઝકઝોર્યા અને મદદ આવી મળી. ડૉ. ધનવંતભાઈની મીઠી નજર, પ્રેમભર્યું હૃદય તેની સાથે–પાછળ હતું એટલે આ શક્ય બન્યું. 'શાશ્વત ગાંધી' શરૂ કર્યું અને ડૉ. ધનવંતભાઈએ હૃદયથી તેના ઓવારણાં લીધાં.

ડૉ. ધનવંતભાઈ સાથેના આ સંપર્ક સંબંધથી એક અભિજાત-શાલીન, સૌજન્યશીલ–સમન્વયકારી વ્યક્તિત્વની મુદ્રા ચિત્ત પર અંકિત થઈ. તેમને ગાંધી માટે હૃદયથી પ્રેમાદર હતો, ગામડાં માટે લગાવ હતો અને ગરીબો માટે અનુકંપા હતી. તેથી તેવી પ્રવૃત્તિઓ પ્રતિ તેમની સહજ અભિમુખતા રહેતી. મૂળે શબ્દ સાથે સગાઈ, ડૉ. રમણભાઈની પરંપરાએ અંદરની સુધારકવૃત્તિને પુરસ્કારી, અને અભ્યાસુ સ્વભાવ–તે બધું તેમના કાર્યોમાં મુખરિત થતું રહ્યું, મહોરતું રહ્યું. આપણે ત્યાં કહેવાયું છે–યોજક સ્વત્ર દુર્લભઃ–ડૉ. ધનવંતભાઈ અચ્છા યોજક-સંયોજક હતા–તે તેમને ઓળખનાર સૌએ અનુભવ્યું હોય. વ્યાખ્યાનમાળા સંચાલન કે અન્ય વેળા સરસ ખીલતા–ખુલતા. તેમની અંદરની ભૂમિકા શ્રેયોમાર્ગીની–જાગૃત સાધકની એટલે તેમના લેખો વ્યાખ્યાનોમાં એક સમન્વયકારી, આત્મનિરિક્ષાકણાત્મક ભૂમિકા સહજ વરતાતી. એક જૈન સૂત્ર છે : गुणेहि साहू, अगुणेहिऽसाहू– ગુણથી સાધુ બનાય છે, દુર્ગુણોથી અસાધુ. ડૉ. ધનવંતભાઈ ગુણગ્રાહી, ગુણઉપાસક, ગુણસંવર્ધક હતા. જૈન યુવક સંઘની તો સો વર્ષ ઉપરની પરંપરા, શ્રી પરમાનંદભાઈ કાપડીયાએ તેને વિકસાવી–સમૃદ્ધ કરી અને તે મશાલને ડૉ. રમણભાઈએ પોતાની આગવી સમજથી પ્રકાશિત કરી તે મશાલને ડૉ. ધનવંતભાઇએ બળકટ રીતે થામી અને ઉજ્વળ કરી. આવા ગુણશીલ, સૌજન્યસંપન્ન વ્યક્તિત્વને હૃદયથી અમારા સૌની શ્રદ્ધાંજલિ.

ગ્રામ સ્વરાજ સંઘ અને સુશીલ ટ્રસ્ટ નીલપર-કચ્છ-ગુજરાત

x x x

## સમસ્ત જૈન સમાજ તેમજ ગુજરાતના સાંસ્કૃતિક-સામાજિક ક્ષેત્રને મોટી પડી છે

મારા સન્મિત્ર ડૉ. કુમારપાળભાઈ દ્વારા આદરણીય શ્રી ધનવંતભાઈના દેહાવસાનના દુઃખદ સમાચાર જાણ્યા. એમની ચિરવિદાયથી એમના પરિવારને તો ખરી જ સાથે, સમસ્ત જૈન સમાજને તેમ જ ગુજરાતના સાંસ્કૃતિક-સામાજિક ક્ષેત્રને પણ મોટી ખોટ પડી છે. આપની એ ખોટ પૂરવાની શક્તિ પરમાત્મા આપે એવી પ્રાર્થના. સદ્ગતના પવિત્ર આત્માને તો પરમ શાંતિ મળશે જ એવી શ્રદ્ધા છે.

આપ સૌ મારી સદ્ભાવના સ્વીકારશો.

☐ ચંદ્રકાન્ત શેઠ

# આપણે પુણ્યવંત કે આપણને...

☐ ભારતી દીપક મહેતા

યોગસાર ગ્રંથના 'ભાવશુદ્ધિ જનક' નામે પંચમ પ્રસ્તાવમાં શાસ્ત્રકાર ભગવંત ફરમાવે છે કે:

कायेन मनसा वाचा, सत्कर्म कुरूते यदा।

सावधानस्तदा तत्त्व-धर्मान्वेषी मुनिर्भवेत् ।।

મુનિ જ્યારે મન-વચન-કાયાથી કોઈપણ કાર્ય કરે ત્યારે તેમાં સૌ પ્રથમ તત્ત્વ-ધર્મની તપાસ કરે. પૂજનીય શ્રી ધનવંતભાઈ પણ એક સાચા મુનિની જેમ જ મન-વચન-કાયાની પ્રવૃત્તિઓ કરતાં–કરતાં સાવધાનપણે એક અન્વેષક બનીને ઓતપ્રોત બનેલાં જણાતા. તેઓ દરેક બાબતની સુંદરતા-સત્યતા-ઉચિતતા તો તપાસતાં જ, પરંતુ પ્રતિપક્ષની પણ તટસ્થ તપાસ કરવાનું ન ચૂકતા.

શાંતિ પમાડે તેને રે સંત કહીએ... આ પંક્તિ અનુસાર તેઓ સંસ્કૃતિવર્ધક, સાહિત્યસર્જક, મીમાંસક, ધર્માનુષ્ઠાનપ્રેરક, તત્ત્વઅન્વેષક, કલાપ્રેરક નિષ્પક્ષતંત્રી ઉપરાંત એક સાચા સંત સમા પણ હતા. મૈત્રીભાવ અને સ્નેહથી ઉભરાતા એક વિશિષ્ઠ કોટીના ગવેષક જાણે! અને એટલે જ તેઓ પરિસર આદરભાવનો તેજપુંજ સદૈવ ઝળહળતો રહેતો.

શ્રી નમસ્કાર મહામંત્રના મહારાધક મારા પૂજ્ય સસરાજી શ્રી શશીકાંતભાઈ મહેતાના ૮૫ વર્ષ સંપન્ન થવા નિમિત્તે સર્વ પરિવારજનો તેમની નિશ્રામાં એકઠાં થઈશું અને તેઓની જીવનહિતશિક્ષા પામીશું એવું નિર્ણિત કરેલું તે વાતની પૂજ્ય ભાઈને જાણ નહોતી. તેઓને તે સમયે સમર્પિત કરવાર્થે એવં આશ્ચર્યાનંદ પમાડવાનાં ભાવથી તેઓના શુદ્ધારાધનામય જીવનનું દર્શન કરાવતી કૃતિ 'અધ્યાત્મરવિની પિતૃછવી' લખવી મેં શરૂ કરેલ. તે લગભગ પૂર્ણ થવાના આરે હતી અને બે દિવસમાં જ મુદ્રિત થવા જનાર હતી ત્યારે એકાએક ૧૧ જૂન, ૨૦૧૪ના બપોરે વિજયમુહૂર્તે તેઓ નિદ્રામાં જ નવકારશરણ થયા. અમે સહુ બન્યાં હતપ્રભ. મહિના સુધી તો સૌ દિગ્મૂઢ બની રહ્યાં તેઓની આ એકાએક વિદાયથી!

ત્યાં જ એકદા શ્રી ધનવંતભાઈનો સુદઢ અવાજ રણક્યો: 'બહેન, પુસ્તકને તાત્કાલિક પૂર્ણ કરી મુદ્રિત થવા મોકલી આપો. અનેક વર્ષો સુધી પર્યુષણના પ્રથમ દિવસે તેઓએ શ્રી મુંબઈ જૈન યુવક સંઘ આયોજિત પર્યુષણ વ્યાખ્યાનમાળામાં પ્રથમ વ્યાખ્યાન આપેલું છે તે બિરલા સભાગૃહમાં પર્યુષણના પ્રથમ દિવસે વ્યાખ્યાન દરમ્યાન જ તેઓને આપણે અક્ષરદેહે ત્યાં અવતારીશું અને એ પુસ્તકનું વિમોચન આપણે પદ્મશ્રી કુમારપાળભાઈ દેસાઈના હસ્તે કરાવી સંઘને સમર્પિત કરીશું.'

તેઓના એ અવાજમાં એટલી તો આત્મીયતા અને માધુર્ય છલકાતાં હતાં કે હું ફરી કલમ ઉઠાવી શકી અને તેઓના કહ્યા પ્રમાણે જ તે કૃતિ પ્રસિદ્ધ થઈ શકી. વળી એ પછી 'પ્રબુદ્ધ જીવન'માં તેઓએ જ પ્રેરણા આપીને મારી પાસે લખાવીને છ માસ પર્યંત 'નવકારની સંવાદયાત્રા' પ્રગટ કરવી ચાલુ રાખી.

એ દરમ્યાન અનેકવાર વાતો થતી રહેતી અમારી વચ્ચે. એકદા મેં કહ્યું: 'ધનવંતભાઈ, પૂજ્ય ભાઈને તો ખબર જ ના પડી કે તેઓનાં જીવનચરિત્ર વિશે હું કાંઈક લખી રહી હતી. તેઓને તે જાણ હોત તથા તેઓ તે વાંચી શક્યા હોત તો મારો અફસોસ ઓછો થાત!' તો તેઓએ મને સાંત્વન આપતા કહ્યું: 'તેમ ન વિચારતાં એમ વિચારો કે તેઓએ તે પુસ્તક જોયું–વાંચ્યું હોત તો કદાચ મોહ જાગ્રત થાત. વળી એમના જીવનનો કેટલોક સમય લોકો સાથે તે અંગે વાતો કરવામાં વ્યતીત થાત અને એટલી આરાધના ક્વચિત ઓછી થાત. તે કરતાં અત્યારે તેઓ આત્મસ્વરૂપે તે વાત જાણે જ છે અને તમને દિવ્ય આશીષ આપી જ રહ્યા છે તેવી શ્રદ્ધા રાખો.' તેઓના આ શબ્દો ખરે જ શીતળ ચંદનના લેપ સમા નીવડ્યાં મુજ તપ્ત મન ઉપરે!

શ્રી ધનવંતભાઈને મળીએ ત્યારે તેમનો અનન્ય સ્વાનુભૂતિપ્રકાશ આપણને અચૂક ઝળાંહળાં કરી દે. તેઓની શ્રુતભક્તિ સંગે રંગાવાનું થાય ત્યારે વૉલ્ટ વ્હીટમેનનું આ યાદગાર વિધાન સાંભરે: `Who touches the book, touches the man.' કોઈપણ પુસ્તક – પછી તેમણે લખ્યું હોય, સંપાદન કર્યું હોય કે પછી તેનું આસ્વાદન કરાવ્યું હોય – તેઓની અનોખી પ્રતિભાની માવજત તેમાં ભળેલી દેખાય જ.

સૌ જીવોનું કલ્યાણ થાઓની તેમની ભાવના તેમના પ્રત્યેક વિચારમાં ઉછરતી જણાય. 'પ્રબુદ્ધ જીવન'ના કાર્યાલયે તેઓને સંબોધીને જો કોઈ વયસ્ક, તકલીફગ્રસ્ત સદ્‌ગૃહસ્થ મદદની હાંક મારે તો ધનવંતભાઈ તરફથી તેનો સુમધુર પડઘો પડે જ. અન્યોને મદદરૂપ થવા શ્રેષ્ઠીઓ પાસે તેવા પત્રો પહોંચાડવાનો તેઓનો નિ:સંકોચ પુરુષાર્થ આવા ઘણાં સત્કાર્યોનો માર્ગ ખોલી દે.

ચતુર્વિધ સંઘ માટે તેઓ જાણે આજીવન ભેખધારી ગુણવંત સેવક બની રહ્યા. સાતે ક્ષેત્રોમાં તેઓનું અનુદાન હતું ખરે જ સરાહનીય. ફક્ત જૈનો માટે જ નહીં, જીવમાત્ર પરત્વે તેમનું કાળજું એક સરખું ઋજુ બનતું. તેમનું મિશન એ જ બની રહેતું તેમનું વિચાર સેવન. એક સુકાર્ય હાથમાં ઉપાડે પછી તેને પૂર્ણ નિષ્ઠાથી પાર પાડવું એ તેમની નિજી પ્રણાલી હતી.

તેમની સાથે વાત કરવાથી કેટલીયે મહાવિદ્યાલયોના દ્વાર

જાણે ખૂલી જતા દેખાય. અગણ્ય વિષયોનાં સંદર્ભગ્રંથ સમા શ્રી ધનવંતભાઈએ થોડાં સમય પૂર્વે જ મને કહેલું કે: 'બહેન, પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી મહારાજના જીવનને આલેખતી તમારી કૃતિ 'પારસમણિ' વિષે મારે નિરાંતે 'પ્રબુદ્ધ જીવન'માં લખવું છે. તે ગ્રંથ મારા હૃદયની અત્યંત નજીક છે. તેઓની અનુપ્રેક્ષાઓ અને આરાધનાની અનેક વણપ્રીછી વાતો મને તેમાંથી મળી છે. બહેન, રાહ જોજો. હું જરૂર લખીશ.'

✷ ✷ ✷

૮૨, ગૌતમબુદ્ધ એપાર્ટમેન્ટસ,શાસ્ત્રી મેદાન સામે,
રાજકોટ-૩૬૦૦૦૧. મો.: ૯૮૨૫૨ ૧૫૫૦૦

## સાચા અર્થમાં કર્મયોગી

મુંબઈથી દૂર બેઠા બેઠા ધનવંતભાઈ સાથે સંકળાયેલી કેટલીય યાદો મનમાં એકધારી આવતી ગઈ. જ્યારથી જૈન સાહિત્ય સમારોહમાં ભાગ લેવાનું ચાલુ કરેલું ત્યારથી ધનવંતભાઈ સાથેનો પરિચય. આટલી મોટી સંખ્યામાં (લગભગ સો જેટલા) પેપર રિડીંગ ભાગ્યે જ કોઈ જ્ઞાનસત્રમાં થતા હશે. અને જ્ઞાનસત્રના બધા દિવસોમાં હાજરી આપવા માટે ખાસ આગ્રહપૂર્વક કહે. એમણે પોતે પણ એ પરંપરા જાળવી રાખી હતી.

પોતે આટલા વિદ્વાન, પ્રતિશાભાશાળી લેખક હોવા છતાં નવા લોકોને 'પ્રબુદ્ધ જીવન'માં લેખ લખવા માટે પ્રેરિત કરતા. ખાસ કરીને કોઈ જ્ઞાનસત્રમાં રજૂ કરાયેલ પેપર એમને ગમે તો ચોક્કસ કહેતા, 'બેન, તમારો લેખ મોકલાવી દેજો.' એટલું જ નહિ, પોતે 'પ્રબુદ્ધ જીવન'ના તંત્રી હોવા છતાં છેલ્લા ૩-૪ વર્ષમાં પર્યુષણ વિશેષાંક માટે નવા નવા સંપાદકોને તૈયાર કર્યાં. ગયા વર્ષના પર્યુષણ વિશેષાંકનું સંપાદન કાર્ય કરવાનું સૌભાગ્ય મને પ્રાપ્ત થયું. એમના માર્ગદર્શન હેઠળ જે વિશેષાંક તૈયાર થાય એમાં વિષયની છણાવટ જૈન દર્શન પ્રમાણે તો થાય જ, સાથે સાથે અન્ય ભારતીય દર્શનોની પણ એ વિષય પ્રમાણે રજૂઆત થાય જેનાથી અંક અત્યંત રોચક અને વૈવિધ્યપૂર્ણ બને. એ કાયમ કહેતા કે 'પ્રબુદ્ધ જીવન' કેવળ જૈનો નહીં પરંતુ સર્વ લોકો વાંચી શકે એવું હોવું જોઇએ. અને ખરેખર મારા ખ્યાલ પ્રમાણે 'પ્રબુદ્ધ જીવન'નો જૈનેતર વાચક વર્ગ પણ છે. જેમ સામયિકના સંપાદક બનવા માટે નવા લોકોને પ્રોત્સાહિત કર્યા તેવી જ રીતે નવા લેખકોના પુસ્તકો 'શ્રી મુંબઈ જૈન યુવક સંઘ'ના પ્રકાશન હેઠળ પ્રકાશિત કર્યાં.

નાટક પ્રત્યે એમને પહેલેથી જ અગાધ પ્રેમ હતો. એમણે ઘણાં નાટકોની રચના કરી છે જેના માટે એમને વિવિધ સાહિત્ય પુરસ્કારો અને એવૉર્ડ મળ્યા છે. ક્યારેક એમની પાસે એનો ઉલ્લેખ કરવા જઈએ તો હસીને કાઢી નાખે. આવા નિસ્પૃહી, શાંત સ્વભાવી, અનેક નવી પ્રતિભાઓને સદૈવ પ્રોત્સાહિત કરનારા ધનવંતભાઈ આપણી વચ્ચે હવે નથી રહ્યા એ અહેસાસ જ ઘણો મુશ્કેલભર્યો છે. જૈન જગતને એમની ઘણી ખોટ સાલશે.

☐ ડૉ. રશ્મિ ભેદા

## 'શાશ્વત ગાંધીકથા'ના પ્રેરક

ડૉ. ધનવંત શાહનું દેહાવસાન, તાજેતરના વર્ષોમાં કવિશ્રી સુરેશ દલાલની વિદાય બાદની સહુથી મોટી ખોટ છે. મોહમયી મુંબઈ નગરીમાં ભારતીય સંસ્કૃતિ, ભારતીય સાહિત્ય, ગુજરાતી ભાષા-સાહિત્ય અને સંસ્કારપોષક પ્રવૃત્તિઓથી ગુજરાતી પ્રજાની સતત માવજત કરનાર બહુ ઓછા સજ્જનોમાં શ્રી ધનવંતભાઈ અગ્રેસર હતા. સૌજન્યશીલ સ્વભાવ, માણસની પરખ, હિસાબમાં ચીવટ, વિદ્વાનો કે સર્જકો પ્રત્યે આદર અને સહુને સાથે રાખીને ચાલવાની ભાવના તેમના વ્યક્તિત્વના અકાટ્ય અંશ સમાન ગુણો હતા. શ્રી મુંબઈ જૈન યુવક સંઘની વિવિધ પ્રવૃત્તિઓ અને પર્યુષણ વ્યાખ્યાનમાળા જેવી પ્રશિષ્ટ પરંપરાને જાળવી રાખવામાં આયોજનના દરેક સ્તરે તેઓ ખૂબ કાળજી લેતા. સહયોગીઓનો સાથ મળતો રહ્યો અને ઉમદા ટીમવર્કનું નેતૃત્વ તેઓ સફળતાપૂર્વક કરી શક્યા.

છેલ્લા એકાદ દાયકાથી તેમના પ્રત્યક્ષ પરિચયમાં આવવાનું થયું. અમારા પરિચય માટે શુભ નિમિત્તે હતા ડૉ. ગુણવંત શાહ. હું મુંબઈ રહેતો ત્યારથી મને પર્યુષણ વ્યાખ્યાનમાળાનું આકર્ષણ. ૧૯૮૮-૮૯-૯૦ના ત્રણ વર્ષો દરમ્યાન મારા ઘડરતકાળમાં આ વ્યાખ્યાનમાળા ભરપૂર માણી. વર્ષ-૨૦૦૮માં 'મહાત્મા ગાંધી અને પંચમહાવ્રત' વિષય પર વ્યાખ્યાન માટે મને નિમંત્રણ મળ્યું ત્યારથી શ્રી ધનવંતભાઈ સાથે સીધો સંવાદ સ્થપાયો. સદ્ગત નારાયણ દેસાઇએ શરૂ કરેલી 'ગાંધીકથા' પરંપરાને ચાલુ રાખવી જોઇએ અને વિસ્તારવી જોઇએ એવો વિચાર સહુ પ્રથમ મેં ડૉ. ધનવંત શાહ પાસે રજૂ કર્યો. તેમણે ૨૦૦૮માં જ સભાગૃહમાં મારા વ્યાખ્યાન પૂર્વે જ જાહેર કર્યું કે 'યોગેન્દ્રભાઈ ગાંધીકથા માટે તત્પર થશે ત્યારે તેમની પહેલી ગાંધીકથા આપણે મુંબઈમાં યોજીશું.' જાહેર કર્યા બાદ સતત મને યાદ કરાવતા રહ્યા. બીજી ઑક્ટોબર ૨૦૧૨ થી મુંબઈ મુકામે ત્રણ દિવસની 'શાશ્વત ગાંધીકથા'નું આયોજન થયું અને શ્રી મુંબઈ જૈન યુવક સંઘના હોદ્દેદારો, સહયોગીઓએ 'શાશ્વત ગાંધીકથા' યોજવાની ધનવંતભાઈની ભાવનાનું પૂરું સન્માન કર્યું.

☐ ડૉ. યોગેન્દ્ર પરીખ
gandhinesamjo@gmail.com
9725274555/9427903536

# એક ફરિશ્તાની વિદાય...

☐ ડૉ. મહેબૂબ દેસાઈ

ધનવંતભાઈ સાથેનો મારો નાતો મિત્ર અને સ્વજન સમો હતો. અમે અવારનવાર ફોન પર મળતા અને નિરાંતે વાતો કરતા.

મારું મન ધનવંતભાઈ સાથેના ભૂતકાળના સ્મરણોમાં સરી પડ્યું.

લગભગ આઠેક વર્ષ પહેલાં મારા મોબાઈલની રીંગ વાગી. સામે છેડેથી એક મૃદુ સ્વર સંભળાયો,

'હું મુંબઈ જૈન યુવક સંઘમાંથી બોલું છું.'

મુંબઈ જૈન યુવક સંઘની પર્યુષણ વ્યાખ્યાનમાળાના મેં ઘણા વખાણ સાંભળ્યા હતા. વળી, ધનવંતભાઈના નામથી પણ હું પરિચિત હતો. અલબત્ત અમે કોઈ દિવસ સદેહ મળ્યા ન હતા. 'ધનવંતભાઈ, આપણે ક્યારેય મળ્યા નથી. પણ આપના નામ અને કામથી હું પરિચિત છું.'

'આભાર, મહેબૂબભાઈ, આ વખતની વ્યાખ્યાનમાળામાં આપનું એક વ્યાખ્યાન રાખવાની ઈચ્છા છે. હાલ હિંસા અને ઈસ્લામને બહુ જોડવામાં આવી રહ્યા છે. એટલે 'ઈસ્લામ અને અહિંસા' જેવા કોઈ વિષય પર આપ વાત કરો એવી ઈચ્છા છે.'

'ધનવંતભાઈ, આપ બુલાએ ઔર હમ ન આયે એસી તો કોઈ બાત નહિ. હું ચોક્કસ આવીશ. પણ તારીખ અંગે આપણે એકવાર નિરાંતે વિચારી લઈશું.'

'ચોક્કસ. એ માટે વ્યાખ્યાનમાળાની તારીખો નક્કી થાય પછી હું આપને ફોન કરીશ.'

મને બરાબર યાદ છે એ મારું મુંબઈ જૈન યુવક સંઘમાં પ્રથમ વ્યાખ્યાન હતું. મુંબઈના પાટકર હૉલમાં યોજેલ એ વ્યાખ્યાન પૂર્વે રાજકોટના કવિ, વિવેચક અને ભજનિક ડૉ. નિરંજન રાજ્યગુરુના ભજનોનું આયોજન ધનવંતભાઈએ કર્યું હતું. એટલે મને નિરંજન રાજ્યગુરુ જેવા સંત સાહિત્યના તજજ્ઞ સાથે હોટેલના એક જ રૂમમાં રહેવાની તક સાંપડી. સાંજનું ભોજન અમે બંને એક જ થાળીમાં જમ્યા. મિયા અને મહાદેવનો આવો સુભગ સમ્નવય કરાવનાર ધનવંતભાઈ હતા. એ પ્રસંગ આજે પણ મારા જીવનનું ઉત્તમ સંભારણું બની રહ્યો છે. 'ઈસ્લામ અને અહિંસા' પરનું મારું એ વ્યાખ્યાન પછી તો ગુજરાતી વિશ્વકોશ વ્યાખ્યાનમાળામાં પણ ઘણું લોકભોગ્ય રહ્યું અને ગુજરાતી વિશ્વકોશે તેને શ્રી કસ્તુરભાઈ લાલભાઈ વિદ્યાવિસ્તાર ગ્રંથશ્રેણી : ૯ જ્ઞાનાંજર-૨ (સંપાદક પ્રીતિ શાહ, પ્રકાશક-ગુજરાતી વિશ્વકોષ ટ્રસ્ટ, ઉસ્માનપુરા, અમદાવાદ-૨૦૧૦)માં પણ સામેલ કર્યું.

ભાવનગર યુનિવર્સિટીમાંથી મેં સ્વૈચ્છિક નિવૃત્તિ લઈ ગુજરાત વિદ્યાપીઠમાં જોડાવાનું નક્કી કર્યું ત્યારે ઇતિહાસના મારા અધ્યાપકોએ મારા અંગે એક 'ગુજરાતના જાણીતા સંશોધક અને સર્જક ડૉ. મહેબૂબ દેસાઈ' નામક ગ્રંથ બહાર પાડવાનું નક્કી કર્યું. એ માટે ગ્રંથના સંપાદકોએ મારી પાસેથી તેમનો નંબર લઈ મારા અંગે એક લેખ લખી આપવા ધનવંતભાઈને વિનંતી કરી. એ વિનંતીને માન આપી તેમણે મારા અંગે એક સુંદર લેખ લખી મોકલ્યો. જેનું મથાળું હતું 'ડૉ. મહેબૂબ દેસાઈ : એક મઘમઘતો ઇન્સાન'. તેમાં તેમણે વ્યક્ત કરેલ ધર્મ અને સમાજ અંગેના વિચારો તેમની વિશ્વશાંતિ પ્રત્યેની ઘનિષ્ઠ નિસ્બધતા વ્યક્ત કરે છે અને હું માનું છું કે પર્યુષણ વ્યાખ્યાનમાળામાં પણ તેઓ આજ ઉદ્દેશને સાકાર કરવા વક્તા અને વિષયોની પસંદગી કરતા હતા. તેઓ લખે છે,

'મહેબૂબ દેસાઈ જેવા સો સો ધર્મ ચિંતકો દરેક દેશમાં હોય તો ધર્મ પ્રત્યેની ગેરસમજ દૂર થાય, ધર્મની સાચી સમજ વિસ્તારાય અને મનભેદ સુધી પહોંચેલ મતભેદો વિંધાય અને બંદુકના ધડાકાની જગ્યાએ વિશ્વ શાંતિના ઘંટનાદ ગૂંજે અને આગ જેવો આતંકવાદ તો જગત ઉપરથી ભૂંસાઈ જ જાય.'

વિશ્વ શાંતિની ખેવના કરનાર આવા ફરિશ્તાના મોબાઈલ પરથી જ એક દિવસ રીંગ વાગી. મને થયું ધનવંતભાઈ સાજાસમા થઈ ગયા હશે. અને કંઈક નવી વાત સાથે અમારી ગુફ્તગુ પાછા આરંભાશે એમ માની મેં ફોન ઉપાડ્યો. મેં મારી હંમેશની આદત મુજબ તેમને 'જય જિનેન્દ્ર ધનવંતભાઈ' કહ્યું. પણ સામેથી ધનવંતભાઈના પ્રેમાળ અવાજમાં 'સલામ, મહેબૂબભાઈ'ના સ્થાને એક ગંભીર અને દુ:ખી અવાજ સંભળાયો.

'મહેબૂબભાઈ, ધનવંતભાઈ હવે આપણી વચ્ચે નથી રહ્યા.'

અને એકાએક મારા હાથમાંથી મારો મોબાઈલ સરી પડ્યો. જાણે 'સલામ, મહેબૂબભાઈનો મૃદુ અવાજ હંમેશ માટે ગુમાવ્યાનો તેને રંજ ન થયો હોય!

આજે આપણી વચ્ચે ભલે ડૉ. ધનવંતભાઈ શાહ સદેહે નથી. પણ તેમણે 'પ્રબુદ્ધ જીવન' અને મુંબઈ જૈન યુવક સંઘની પર્યુષણ વ્યાખ્યાનમાળાનો કંડારેલ મૂલ્યનિષ્ઠ માર્ગ આપણને હંમેશાં રાહ ચીંધતો રહેશે એ જ અભ્યર્થના: આમીન

૩૦૧/ડી, રોયલ અકબર રેસીડેન્સી,
રોયલ અકબર ટાવર પાસે, સરખેજ રોડ,
અમદાવાદ-૩૮૦૦૫૫. મો. : ૯૮૨૫૧૧૪૮૪૮

# ધનવંતભાઈ આમ ઝબકીને ચાલ્યા જવાય?

❑ ઉષા પટેલ

શરૂઆત થોડી સંવાદ રૂપે,

ધનવંતભાઈ: 'કેમ છો?'

ઉષા: 'ખૂબ સરસ.'

ધનવંતભાઈ: 'સોનગઢ કેમ ન આવ્યા? હું રોજ લિસ્ટમાં તમારું નામ જોતો હતો. તમને ખૂબ મિસ કર્યા.'

ઉષા: 'સોરી ખૂબ જ ઈચ્છા હતી, પણ ભગવાનની મરજી નહીં હોય, ભાઈ. વધુ ન બોલતા તમારી તબિયતનું ધ્યાન રાખો.'

ધનવંતભાઈ: 'તબિયતનું તો હવે એવું. આપણા ઋણાનુબંધ હવે પૂરા થયા.'

ઉષા: 'ના, ના, એવું ના બોલો, અમને ઘણા બધાને તમારા સાથની ખૂબ જરૂર છે.'

આજે ભૂતકાળ યાદ આવે છે. તમે મને કહેતા, '૨૦૧૫માં મને ડૉ. ઉષાબેન નામ જોઇએ.' હવે હું કહું છું કે મને પંદર દિવસમાં ધનવંતભાઈ ચાલતા જોવા છે.

મને શું ખબર કે તેમના ચક્ષુને બદલે મારો મહાનિબંધ તેમના ચરણે ધરવાનું થશે? ધનવંતભાઈ, ન તમે મારું માન્યું, ન મેં તમારું માન્યું. બન્ને આઘાત જીરવવા મુશ્કેલ છે. ન તમે મને કુમારપાળભાઈની જેમ ધક્કો મારવા જીવી ગયા કે નહીં હું તમને મારા ડૉક્ટરેટના શુભ સમાચાર આપી શકી. ધનવંતભાઈ, આમ ઝબકીને ના હાલ્યા જવાય!

રતલામ સ્ટેશને ધનવંતભાઈ સાથેની પાંચ મિનિટની ઉડતી મુલાકાતમાંથી શાશ્વત સંબંધની શરૂઆત.

તેઓ કદાચ કહેતા, 'જ્યારે પણ કાંઈ સારું કાર્ય થઈ રહ્યું હોય ત્યારે સમગ્ર વિશ્વ તમને સાથ આપે. વિશ્વમાંથી તમારા માટે શક્તિનો સ્રોત વહેશે.' આપના આ શુભ આશિષ મારા માટે ખૂબ જ જરૂરી છે. હંમેશાં આવા શુભ આશિષ તથા પ્રેમનું ઝરણું વહાવતા રહેજો. ધનવંતભાઈ સાથે સમય ગાળનાર પણ ધનવાન થઈ જાય.

તેમની વિદ્વત્તાનો પરિચય તેમણે મોકલાવેલ 'જયદેવ'ની કાચી કોપી દ્વારા થયો. ફક્ત પંદર જ મિનિટમાં તેમના સાલસ સ્વભાવ વડે ગોસ્વામી શ્રી શ્યામ મનોહરજીએ વ્યાખ્યાનમાળાનો વૈભવ અને તેમાં શ્યામનોહરજીના પ્રવચનનું મહત્ત્વ ગળે ઉતારી દીધું. તેઓની સાથે અમે મજાક પણ કરી શકતા અને તેમની અને સ્મિતાબેનની ઊંચાઈના ફરકમાં કરેલ મજાકમાં મને એમનો જવાબ કાયમ યાદ રહેશે. તેઓએ કહેલું, 'તમારી હાઈટ જ્ઞાનમાં, પ્રેમમાં, સાહજીકતામાં ભૌતિક હાઈટ કરતાં પણ મુઠ્ઠી ઊંચી છે.' 'મુઠ્ઠી ઊંચેરો' શબ્દનો અર્થ મને ત્યારે સમજાયો કે કદ માપવા જાવ તો માપ કરતાં તો તેઓ હંમેશાં એક મુઠ્ઠી ઊંચા જ હોય. તમે એમનું કદ ક્યારેય ન માપી શકો. તેઓના 'આનંદઘનજી' વિષેના નાટક દ્વારા ધર્મ પોતે પોતાનામાં સ્થિત છે એ વાતની સાર્થકતા સમજાવી ગયા.

તમને મારી થીસીસ કે જેને માટે મારા કરતાં પણ વધુ તપ તમે કર્યું તેના દર્શન પણ હું ન કરાવી શકી તેનો વસવસો મને જરૂર રહી જશે. એક કસક બંનેના દિલમાં જલતી રહી. તેમનો આગ્રહ, 'ઘરે ક્યારે આવો છો?' એ પ્રશ્ન હિરાનંદાની હૉસ્પિટલમાં પડઘાઈ રહ્યો હતો. તેઓને મારા જુઠ્ઠા વાયદાની જાણ હતી ને તેઓ ન રોકાયા...'બેઠો છું ને!' કહેનારા ન રહ્યા.

ના! આજે હું જે લેખ લખી રહી હોઉં તે સત્ય હોય તો તેઓ છે જ, છે જ, અને છે જ. તેમનો બાળક જેવો શુદ્ધ સરળ ચહેરો કહે છે, 'હું આપ સૌને ઉપર ઉઠાવવા અવતર્યો; આપ સૌના હૃદયમાં પ્રેમનું ઝરણું બની પ્રવેશી ગયો. જ્યારે જ્યારે તમે કોઈ સારું કાર્ય કરશો ત્યારે ત્યારે હું ત્યાં જ હોઇશ. હું ક્યાંય ગયો નથી. બસ, તમારા અંતરમાં જરા ઝાંખી કરો અને તરત બોલી ઉઠશે, 'હું નહોતો કહેતો કે તમારામાં આ ખૂબી છે જ.'

✶✶✶

૬૦૩, સર્યુ બિલ્ડીંગ,
સી. કે. પી. કૉલોની,
એક્સર રોડ,
બોરીવલી (પ.)
મોબાઈલ : ૮૦૯૭૭૩૧૩૯૭

## ડૉ. શ્રી ધનવંતભાઈ શાહને ભાવાંજલિ

ડૉ. ધનવંતભાઈ શાહનો તા. ૨૮-૨-૨૦૧૬ના રોજ આપણા સૌની અને આ દુન્યવી પડળથી વિખૂટા પડવાનો એક અવિસ્મરણીય પ્રસંગ બની ગયો.

'પ્રબુદ્ધ જીવન'નું તંત્રીપદ તેઓ છેલ્લાં દસ વર્ષથી શોભાવી રહ્યા હતા, જે એક અમૂલ્ય અને અતુલ્ય સિદ્ધિ છે. તેમના આકર્ષક અભિગમ અને પ્રાપ્ત થયેલી સૂઝનો ઉપયોગ તેઓએ સમાજ, સંસ્થા અને સમસ્ત સંઘ માટે કર્યો છે. તેઓના જૈન શ્રમણ-શ્રમણી ભગવંતો પ્રત્યે નવા શુભ અને ધ્યાનાકર્ષક વિચારો તેમની પારદર્શકતાના દર્શન કરાવે છે, જે આજના સમયમાં આપણા માટે દીવાદાંડી રૂપ છે. પર્યુષણની વ્યાખ્યાનમાળા એક અદ્‌ભુત નજારો પુરવાર થયો.

તેમણે અનુસરેલા માર્ગ અને જૈન ધર્મ પ્રત્યેની અડગ સમજમાંથી આપણે કાંઈક વિચારીએ અને અમલમાં મૂકીએ તે જ તેમને માટેની એક ઉમદા ભાવાંજલી બની રહે.

❑ કિરીટ જે. શાહ

# બહુમુખી પ્રતિભા : ધનવંતભાઈને સાદરાંજલિ

□ શૈલજા ચેતન શાહ

આદરણીય ડૉ. ધનવંતભાઈની ચિર વિદાયથી જાણે વડીલ-સ્વજનની છત્રછાયા ગુમાવ્યાની લાગણી અનુભવાય છે.

સાહિત્યક્ષેત્ર હોય કે નાટ્યક્ષેત્ર, જૈન સાહિત્ય સમારોહ હોય કે શ્રી મુંબઈ જૈન યુવક સંઘની વિવિધ પ્રવૃત્તિઓ હોય–દરેક ક્ષેત્રમાં શ્રી ધનવંતભાઈની તેજસ્વી અને ઉત્કૃષ્ટ નેતૃત્વશક્તિ જોવા મળતી. પ્રત્યેક જગ્યાએ ખૂબ જ પ્રેમપૂર્વક અને સર્વે સાથે હળીમળીને નિષ્ઠાપૂર્વક કાર્ય સંભાળતા અને તેથી જ આવી બહુમુખી પ્રતિભાવાન વ્યક્તિ શ્રી ધનવંતભાઈની વિદાયથી એકદમ શૂન્યાવકાશ સર્જાયો હોય એવો અનુભવ થાય છે.

ડૉ. ધનવંતભાઈ સાથે મારા માતા-પિતા તારાબેન અને ડૉ. રમણભાઈનો ખૂબ જ ઘનિષ્ઠ સંબંધ હતો. ધનવંતભાઈ વર્ષો પહેલાં શ્રી મુંબઈ જૈન યુવક સંઘની પર્યુષણ વ્યાખ્યાનમાળામાં વ્યાખ્યાન સાંભળવા આવતા હતા. રમણભાઈ પાસે ભણ્યા હોવાને કારણે તેમનાથી પરિચિત હતા. એક વખત રમણભાઈએ તેમને સંઘના સભ્ય બનવા માટે અનુરોધ કર્યો. અને પછી ધીરે ધીરે રમણભાઈએ ધનવંતભાઈને જુદી જુદી કમિટીમાં લઈને નાની મોટી જવાબદારી સોંપતા ગયા–અને તેઓ ખૂબ હોંશથી સ્વીકારતા ગયા અને સફળતાપૂર્વક કાર્ય કરતા રહ્યા. રમણભાઈએ ધનવંતભાઈની દરેક કાર્યપદ્ધતિમાં નેતૃત્વના ગુણો જોયા અને તેમની કાર્ય કરવાની સૂઝ, અને ધગશ, કર્તવ્યનિષ્ઠા અને વિદ્વતા જોઈને રમણભાઈએ આગામી નેતૃત્વ માટે તેમના પર પસંદગી ઊતારી. કેટલાંક વર્ષો તેમને તાલીમ આપી અને અંતમાં પોતાની હયાતીમાં જ રમણભાઈએ ધનવંતભાઈને 'પ્રબુદ્ધ જીવન' અને પર્યુષણ વ્યાખ્યાનમાળાનું સુકાની પદ સોંપ્યું. અને ધનવંતભાઇએ એ ખૂબ જ સકળતાપૂર્વક સંભાળ્યું, એટલું જ નહિ 'પ્રબુદ્ધ જીવન' અને વ્યાખ્યાનમાળાને અનેક ઊંચાઈઓ પર લઈ ગયા.

રમણભાઈના અવસાન પછી ધનવંતભાઈએ બહુ જ ઓછા સમયમાં અનેક વિદ્વાનો અને ચાહકો પાસેથી લેખ મેળવીને ૧૨૪ પાનાનો દળદાર અંક–ડૉ. રમણલાલ ચી. શાહ સ્મરણાંજલિ સંપૂટ પ્રસિદ્ધ કર્યો હતો. કોઈ તંત્રી ભાગ્યે જ આવો પડકાર ઝીલીને આટલા ટૂંક સમયમાં સફળ રીતે આ કાર્ય કરી શકે અને ધનવંતભાઈએ એ કરી બતાવ્યું.

સાથે સાથે રમણભાઈના અનેક પુસ્તકોમાંથી સંકલન કરીને જુદા જુદા વિષયોના સાત ગ્રંથોનો સંપૂટ બનાવવા માટે અથાગ પરિશ્રમ કર્યો. રમણભાઈના અવસાન પછી એક જ વર્ષમાં આ 'સાહિત્ય સૌરભ શ્રેણી'ના ગ્રંથોના વિમોચનનો ખાસ કાર્યક્રમ યોજ્યો અને જૈન સમાજના ઉત્તમ સાત મહાનુભાવોના હસ્તકે પુસ્તકોનું લોકાર્પણ થયું. રમણભાઈ માટેના તેમના આ વિશેષ સ્નેહ આદર માટે હું હંમેશાં તેમની ઋણી રહીશ.

ડૉ. ધનવમતભાઈ એટલે જ્ઞાનના ઉપાસક–સરસ્વતીના ઉપાસક. એક દિવસ તેમણે કહ્યું કે રમણભાઈ પાસે સરસ્વતી ઉપાસનાનું એક પુસ્તક જોયું હતું–એ જોઇએ છે. અને એ પુસ્તક મેં મોકલાવ્યું. અને પછી મેં જોયું કે દરેક 'પ્રબુદ્ધ જીવન'ના મુખપૃષ્ઠ ઉપર એ પુસ્તકમાંથી લીધેલા વિવિધ સુંદર સરસ્વતી દેવીની ચિત્રપટ આવે. તેમની આ સૂઝ જોઈને મને ખૂબ આનંદ થયો. અને પછી તો 'પ્રબુદ્ધ જીવન'ના વિશેષ વિષયો પર દળદાર અંકો જોઉં ત્યારે ખૂબ સંતોષની લાગણી અનુભવાય.

મને એક પ્રસંગ યાદ આવે છે કે એક વખત અમારા જ્ઞાતિના મેળાવડાનો પ્રસંગ હતો. અમે ભાવનગર બાજુના રાઠોડ કુટુંબના કહેવાઈએ. એ મેળાવડામાં અમારા પ્રમુખે જાહેર કર્યું કે એક ભાઈ પોતાના પરિવાર સાથે આજે અહીં આવ્યા છે. તેઓને ખબર નહોતી કે તેમના પૂર્વજો કઈ જ્ઞાતિના હતા–પરંતુ તેમણે ખૂબ શોધખોળ કરી ત્યારે તેમને ખબર પડી કે તેઓ રાઠોડ કુટુંબના છે અને તેથી ખાસ પોતાના કુટુંબ સાથે અહીં પધાર્યા છે. અને પછી ધનવંતભાઈના નામની જાહેરાત થઈ. હું તો એટલી આનંદવિભોર થઈ ગઈ અને તેમની પાસે જઈને કહ્યું, 'ધનવંતભાઈ, હવે તો તમે મારા સાચા કુટુંબીજન બની ગયા.'

અને પછી દરેક વાર્ષિક મેળાવડામાં તેઓ અચૂક હાજરી આપતા.

ધનવંતભાઈ મને ગુરુપુત્રી કહીને બોલાવતા. માતા-પિતા તારાબેન અને રમણભાઈની વિદાય પછી તેઓ ખૂબ આત્મીયતાથી મારું ધ્યાન રાખતા. વ્યાખ્યાનની બાબતમાં ખૂબ માર્ગદર્શન આપતા. આજે એમના ચાલ્યા જવાથી મેં મારા નિકટના વડીલ-સ્નેહીજન અને માર્ગદર્શક ગુમાવ્યા છે અને સાથે સાથે જૈન સમાજે એક ઉત્કૃષ્ટ પ્રતિભાવંત વ્યક્તિ ગુમાવી છે-તેનો ખેદ છે.

તે વખતે કવિ ન્હાનાલાલના શબ્દો યાદ આવે.

*'શું શું સંભારું? ને શી શી પુજૂં પૂજ્ય વિભૂતિ યે?*
*પુણ્યાત્માનાં ઊંડાણો તો આભ જેવા અગાધ છે.'*

શ્રી ધનવંતભાઈ 'પ્રબુદ્ધજીવન' અને વ્યાખ્યાનમાળાને જે ઊંચાઈએ લઈ ગયા છે એ વારસાને આપણે જાળવીએ – એ જ આપણી શ્રદ્ધાંજલિ.

✶ ✶ ✶

## સ્મરણાંજલિ

*દર્દને દિલમાં રાખી, સહુને સ્મિત આપતા રહ્યા,*
*કંટકોને કાળજામાં રાખી, સહુને સુગંધ આપતા રહ્યા,*
*વેદનાને વશમાં રાખી, સહુને વહાલ આપતા રહ્યા,*
*જખમોને જિગરમાં રાખી, સહુને સાંત્વના આપતા રહ્યા.'*

'આવશે એ કાળ ક્યારે, કંઈ યે કહેવાય ના
દીપક બુઝાશે ક્યારે, સમજી શકાય ના.'

આ પંક્તિ જીવનની ક્ષણભંગુરતા તાદૃશ્ય કરે છે, જીવ જન્મે છે ત્યારે રિટર્ન ટિકિટ સાથે લઈને જ આવે છે. પણ તે ટિકિટની તારીખ નિશ્ચિત હોવા છતાં આપણને તેની જાણ નથી.

મારો ડૉ. ધનવંતભાઈ સાથેનો પ્રથમ પરિચય લગભગ ૧૯૭૭માં જૈન સાહિત્ય સમારોહ વખતે થયો, જે ૨૩મા જૈન સાહિત્ય સમારોહમાં કે થોડા વખત પછી પૂર્ણવિરામ પામ્યો. અરે! ૨૭-૨-૨૦૧૬ના બપોરના ૧૨.૩૩ કલાકે મને ફોન કર્યો ને કહે, મારી તબિયત એકદમ સારી છે. તમારા બધાની શુભેચ્છા, પ્રાર્થના, દુઆઓ ફળી. સોનગઢના ૨૩મા જૈન સાહિત્ય સમારોહના મને ભાવ-પ્રતિભાવ કહે. મેં કહ્યું, 'તમે આરામ કરો, પછી નિરાંતે હું તમને બધા રીપોર્ટ આપીશ.' ત્યાં રવિવારે રાત્રે તેમણે આ સંસારમાંથી વિદાય લીધી.

આપણે સૌ જાણીએ છીએ કે જન્મ તેનું મૃત્યુ નિશ્ચિત છે. તે છતાં સ્વજનનું મૃત્યુ થાય ત્યારે તે પચાવવું ખૂબ જ કઠિન છે. અને તે પણ જ્યારે સ્નેહીજન પ્રેમાળ, વાચાળ (આમ તો સ્વભાવે મિતભાષી હતા) ધાર્મિક, સરળ, શાંત, ઉદાર, સત્યના ઉપાસક, વચનસિદ્ધ, નિઃસ્વાર્થ અને સર્વેના લાડીલા હોય.

'તેલ ખૂટ્યું કે વાટ ખૂટી,
એ અમને ના સમજાયું,
પણ આ જન્મના ઋણાનુબંધ તૂટ્યા,
એ જ અમને સમજાયું.'

ધનવંતભાઈ,

'જીવનમાં હરપળ હસતા રહ્યા તમે,
સ્નેહથી સૌના હૈયે હસતા રહ્યા તમે,
જીવન એવું જીવી ગયા કે સૌ કોઈ યાદ કરશે
આપના સદ્‌ગુણોની મહેંક સદા જીવંત રહેશે.'

'હૃદય અમારું રડી પડે છે, જોઈ તસવીર આપની
હૈયું માનવા તૈયાર નથી, કે હયાતી નથી આપની,
વારંવાર યાદ આવે છે આપની મીઠી તસવીર
યાદ ક્યારેય પણ વિસરાય તેમ નથી તમારા હૈયાની,
પ્રેમની સુવાસ આપી.
સુખથી કદી છલકાયા નહીં, દુઃખથી કદી ડર્યા નહીં,
વ્યવહાર કદી ભૂલ્યા નહીં, ધર્મ કદી ચૂક્યા નહીં,
રડાવી સ્વજનોને હસતા લીધી વિદાય.
અંજલિ આપતા શબ્દો ખૂટે છે,
શ્રદ્ધાંજલિ આપતાં શબ્દો ખૂટે છે,
પ્રભુ આપના દિવ્ય આત્માને શાશ્વત શાંતિ અર્પે એ જ પરમકૃપાળુ પરમાત્માને પ્રાર્થના.'

**□ ડૉ. ઉત્પલા કાન્તિલાલ મોદી**

## તેમના જીવનની મહેંક એ જ સૌનું સંભારણું

તા. ૨૮ ફેબ્રુઆરીના રોજ 'પ્રબુદ્ધ જીવન'ના પ્રાણસમા માનનીય તંત્રી શ્રી ડૉ. ધનવંતભાઈ શાહના દુઃખદ અવસાનના સમાચાર જાણી ખેદ થયો. થોડા સમય પહેલાં અમદાવાદ આવ્યા ત્યારે મળ્યા હતા, અને તેમના અનેકવિધ પ્રતિભાયુક્ત જીવનનો ભાવાત્મક સ્પર્શ થયો.

પોતે સ્વયં ભાવનાશીલ અને વિદ્વત્‌વર્ય હતા. સાથે સાથે માનવમાં રહેલી શક્તિના પારખુ હતા, તેથી તેવા લેખકોને શોધી તેમના દ્વારા વિશેષાંકો પ્રસિદ્ધ કરી જાણે એક વિદ્યાપીઠ ચાલતી હોય તેમ દર વર્ષે નવો રસથાળ પીરસતા હતા. જ્ઞાનગંગા વહાવતા હતા.

'પ્રબુદ્ધ જીવન'ના પ્રથમ લેખ દ્વારા તેઓ પોતાની વિચારધારા તટસ્થ રીતે રજૂ કરે તેવા પ્રતિભા સંપન્ન હતા. આમ સંસ્થાની અનેકવિધ નિઃસ્વાર્થ સેવા કરનાર તેઓ અચાનક વિદાય થયા તેથી સૌને દુઃખ થાય તે સ્વાભાવિક છે પણ જ્યાં ઉપાય નથી ત્યાં ધીરજ રાખવાની છે.

જગતની આંખો જોતી રહી અને
વગર પાંખે ઉડી ગયું.
તેમના જીવનની મહેંક એ જ સૌનું સંભારણું છે.

સંસ્થાના પરિવારને સુહૃદય વડીલની ખોટ પડી, કૌટુંબિકજનોને વડીલની હૂંફ ગઈ તે માટે સૌને પ્રભુ શક્તિ અને શાંતિ આપે તેવી પ્રાર્થના.

સદ્‌ગત આત્માને પ્રભુ શાંતિ આપે તેવી પ્રાર્થના.

**□ સુનંદાબહેન વોહોરા**
મહાવીર સોસાયટી, પાલડી બસ સ્ટેન્ડ પાછળ,
અમદાવાદ-૩૮૦ ૦૦૭.
ફોન (૦૭૯) ૨૬૫૮ ૭૯૫૪.

## સંસ્કાર અને સંસ્કૃતિની ક્ષિતિજે સ્પંદનો અને સંવેદનાઓના સેતુને ધબકતી સલામ

ચેલા ન બનાવવાની વચનબદ્ધતાએ, જૈન પરંપરામાં ક્રાંતિ કરી. માટીમાંથી માનવ ઘડવાના ઉમદા ધ્યેય સાથે સ્થાનકવાસી કલ્યાણજીચંદ્રજી બાપા અને દહેરાવાસી ચારિત્ર વિજયજી મહારાજ દ્વારા સંસ્થાપિત વિદ્યાધામ ચારિત્ર-કલ્યાણ રત્નાશ્રમ-સોનગઢ. આશ્રમની ધરતી પર પ્રાપ્ત...આદર્શ અને અનુશાસનના માર્ગે, ગાંધી અને રાજચંદ્ર જેવા યુગપુરુષના સિદ્ધાંતે ચાલી, પ્રતિકૂળતાઓ અને પડકારોભર્યા સંજોગોને પચાવી, ધીરતા અને ગંભીરતાને ચરિતાર્થ કરતા શુદ્ધ અને સાત્ત્વિક જીવનને પાને અંકિત, સમાજ ઉત્થાન માટે સપ્તરંગી રંગોથી મેઘધનુષ્ય જેમ શોભાયમાન રંગોળી, સજાવવા તત્પર, ડૉ. ધનવંત શાહ...એટલે...જ્ઞાનપિપાસુઓ માટે અનુકરણીય...ઉદાહરણીય...આશાકિરણ.

ફૂલની સૌરભ અને સૌંદર્યને નુકસાન કર્યા વગર તેમાં રહેલી મીઠાશનું ચયન કરી...અન્યો માટે મીઠું મધ બનાવતી મધમાખીની જેમ...નિસ્પૃહભાવે સમાજમાં ધરબાયેલી અને સુષુપ્ત રહેલી ઋષિકુળ સંસ્કૃતિઓને નિખારવા માટે અનેકવિધ ઐતિહાસિક સ્થળે, શાસ્ત્ર વિશારદો, પંડિતો અને સાધુઓના સાનિધ્ય અને માર્ગદર્શને ઉભરતી પ્રતિભાઓને મંચ પ્રદાન કરાવતા જ્ઞાનવર્ધક સાહિત્ય સંમેલનો જેવા કાર્યક્રમ આયોજન કરવાના સ્વપ્નશિલ્પી...

જેમ શિખરની ટોચે પ્રકાશિત નાનકડો દીપ સંપૂર્ણ પરિસરને ભલે પ્રકાશિત ન કરી શકે...પણ...રાહદારીઓ માટે દીવાદાંડી પૂરવાર થઈ શકે...તેમ...અનેકાંતના આકાશમાં, કર્મના સિદ્ધાંતને અનુસરી ધ્રુવતારાની જેમ...અડગ અને આત્મવિશ્વાસથી છલોછલ, શાસ્ત્ર અને સિદ્ધાંતોના સંશોધક...પ્રતિભાસંપન્ન અનેકવિધ અસ્મિતાઓના માર્ગદર્શક અને રાહબર, જૈન દર્શનના પ્રસાર અને પ્રચાર માટે જાગૃત સંત્રી, ધર્મ-શિક્ષણ-સમાજ સુધારણા અને રાષ્ટ્ર સેવા માટે સમર્પિત...ડૉ. ધનવંત શાહને વંદન કરતા ઉમટી રહ્યો છે હૃદયે ભાવ–

મોલ છે...અણમોલ જેના
એવા શાસ્ત્ર અને શિક્ષણના મશાલચીને...વંદન.

સંતો-મહંતો અને પંડિતોના જીવનની અનુભૂતિ કરાવતા
આશા-કિરણ 'આદર્શ' ને...વંદન.
સોનગઢની શાન...મહાવીર વિદ્યાલયથી મહાત
પ્રેરણાસ્રોત...'પ્રબુદ્ધ જીવન'ના પ્રોત્સાહક પૈગામ
ડૉ. ધનવંત ટીય શાહને હૃદયપૂર્વક વંદન

❑ **મણિલાલ દેઢિયા** (ક્રાઉન)
ભૂતપૂર્વ વિદ્યાર્થી-સોનગઢ આશ્રમ, મોબાઈલ નં. ૯૮૨૧૧૮૨૬૩૪

## જીવનસ્મૃતિ સ્વાધ્યાય મંદિર

૨૮મી ફેબ્રુઆરીના દૈનિક સમાચાર પત્રમાં પ્રિય મિત્ર ધનવંત શાહના–આકસ્મિક, કરુણ અને આઘાતજનક અવસાનના સમાચાર વાંચતાં હૃદય વ્યથિતતા અનુભવવા લાગ્યું.

એમને મુખે અને હાથે – 'પ્રબુદ્ધ જીવન'નો સંદેશ સાંભળવો એટલે મહાવીર પ્રભુની વાણી સાક્ષાત કરવી. એમની જૈન-દીક્ષા કરતાં સર્વધર્મ દીક્ષા – 'પ્રબુદ્ધ જીવન'મારફતે સૌનો સુમેળ નિર્માણ કરવાનો અને માનવ જાતિના સમૂહને માંગલ્ય તરફ, દોરવાનો સતત રહેતો.

૨૦૧૬ના વર્ષના પ્રારંભે જાન્યુઆરીના અંકમાં એમણે શ્રમણ-શ્રમણી સાધુ-સંતોને ભગવાન મહાવીરની ૨૫૪૨મી જયંતીની યાદ દેવડાવી, સૌ કોઈને એક સ્થળે મિલન યોજી અંજલિ આપવા અપીલ કરી હતી. તો ફેબ્રુઆરી માસના અંકમાં રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના સહયાત્રીઓને શોધી – એ રાષ્ટ્રપિતાની દેણ તાજી કરાવી હતી. અને એ જ જાણે એમના માટે અંજલિ રૂપ બની રહી.

તેઓ અમ સૌની વચ્ચે ઈશ્વરીય સંદેશ પહોંચાડનાર એક માનવ મસીહા હતા. કેવળ ધર્મ નહીં, માણસાઈથી શોભતો, કરુણા પ્લાવિત, અહિંસા ધર્મના તેઓ – મશાલચી હતા. એ એમનાં સઘળાં લખાણો એની સાહેદી પૂરે છે.

છેલ્લાં આઠ-દશ વર્ષથી અવિરત તેઓ – 'પ્રબુદ્ધ જીવન'ના એક પછી એક વિશેષાંકો આપી, એની યાત્રાને ઊર્ધ્વગામી બનાવવામાં સાચા યાત્રી બની રહ્યા હતા. તેઓ આપણે માટે બે ફૂલ મૂકી ગયા છે.

એક એમના કરુણાભર્યા, અભ્યાસુ છતાં કોઈનાય હૃદયને સહેજ પણ ડંખે નહીં એવી જાગ્રત અને અમૃતમય વાણી અને બીજું એમનું ઋજુતાભર્યું નિખાલસ, નિર્મળ, નિર્દંભ, જીવન. જીવનની સફરે નીકળેલા ધનવંતભાઈ ધનવંત, ગુણવંત, યશવંત-એવી ટૂંકો વટાવતા વટાવતા–માનવતાના મહિમાવંત પદે પહોંચી ગયા હતા.

ધનવંત-સતવંત હતા! આપણાં હૃદયમાં તેઓ સદા એમની જીવનસાધનાથી સ્મરણીય રહેશે! એમના પરિવારજનોને અમારી હૃદયથી દિલસોજી પાઠવીએ.

❑ **મનુ પંડિત**
❑ **ભારતી પંડિત**
(જીવન સ્મૃતિ-પરિવાર સેવકો)

## વિશિષ્ટ વ્યક્તિ ધનવંતભાઈ

સ્વ. ધનવંતભાઈ વિશિષ્ટ વ્યક્તિ, સર્વના પ્રેમી, નિખાલસ અને સરળ, હંમેશાં સાહિત્ય, કલા, ધર્મમાં રચ્યા-પચ્યા રહેતા. શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, 'પ્રબુદ્ધ જીવન', પર્યુષણ વ્યાખ્યાનમાળા – એ બધા એમના પ્રાણપ્રિય; વર્ષો સુધી અવિરત, નિષ્કામ, નિસ્વાર્થ સેવા કરતા રહ્યા. ભારતમાં, વિદેશોમાં જદી જુદી પ્રવૃત્તિઓમાં કાર્યક્રમોમાં, સેમિનારોમાં, સમારંભોમાં પોતાનું વિશિષ્ટ યોગદાન આપતા રહ્યા. શિસ્ત અને સમયના ખાસ આગ્રહી અને ઉપરોક્ત બધે ઠેકાણે પોતાની સંસ્થાની ખૂબ શોભા વધારી.

ગુજરાતભરમાં ૧૫ વર્ષથી જુદી જુદી સંસ્થાઓમાં ચેરિટીનું ઉત્તમ કામ કરતા રહ્યા. હું ખૂબ જ નસીબદાર છું કે અમુક સંસ્થાઓમાં સ્વ. ધનવંતભાઈ સાથે મને જવાનું થયું. બાળકો, આદિવાસી લોકો જોડે સાથે રહેવાનું મળ્યું એમના સુંદર કાર્યો જોવાનો જે અનુભવ થયો એ અકલ્પનિય છે, એને હું મારું સદ્ભાગ્ય સમજું છું.

'પ્રબુદ્ધ જીવન' ઉત્તમ મેગેઝિન, ઉત્તમ લેખો-લેખકો, ઉત્તમ મુખપૃષ્ઠ, વિવિધ વિષયો, એક વખત વાંચવાની શરૂઆત કરો તો પૂરું કરવાનું મન થાય. એમાં સ્વ. ધનવંતભાઈની ચીવટ અને કાળજી ખાસ ધ્યાન ખેંચે છે.

મારી ૭૫મી વર્ષગાંઠ, સ્વ. ધનવંતભાઈ તથા શ્રી નીતિનભાઈ સોનાવાલા, મારા આમંત્રણને માન આપી ખાસ પધાર્યા હતા એ હું જિંદગીમાં ક્યારેય નહીં ભૂલી શકું. સ્વ. ધનવંતભાઈ જ્યારે પણ મને મળતા મારા બાપુજીને (ગણપતભાઈને) ખાસ યાદ કરતા, એવા તેઓ મારા બાપુજીના ઘનિષ્ઠ મિત્ર હતા. મારી ૭૫મી વર્ષગાંઠ વખતે સ્વ. ધનવંતભાઈએ મને જે સુંદર કાર્ડ ભેટમાં આપ્યું તે જીંદગીભરનું મારે માટે સંભારણું બની રહેશે. ખૂબ જ સુંદર મુખપૃષ્ઠ, સુંદર કાર્ડ, સુંદર લખાણ મારા બાપુજીની ૫૦મી વર્ષગાંઠ નિમિત્તે, સ્વ. ધનવંતભાઈએ ખૂબ જનતથી સાચવીને રાખેલું. આમાં, રવિન્દ્રનાથ ટેગોર, ખલિલ જીબ્રાન, કવિ ન્હાનાલાલ, ઉમાશંકર જોષી, બાલમુકુન્દ કવે, રાજેન્દ્ર શાહ, કનૈયાલાલ દવે, મીર તકી મીર, સુરેશ દલાલ, હરીન્દ્ર દવે જેવા હિન્દુસ્તાનના ઉચ્ચત્તમ કવિઓની યાદગાર લઘુ કથાઓનું આલેખન છે. આ કાર્ડ મળવાથી હું મારી જાતને ધન્ય સમજું છું.

સ્વ. ધનવંતભાઈ વખતોવખત 'પ્રબુદ્ધ જીવન'માં જૈન ધર્મ વિશે લખતા રહેતા હતા. જૈમ ધર્મમાં વર્ષોથી જે ખરાબી, ત્રુટિઓ આવી ગઈ છે, તેનો નિરોધ નિખાલસતાથી કરતા રહ્યા હતા.

❑ ચન્દ્રકુમાર ઝવેરી

## દીવો બુઝાઈ ગયો

ધનવંતભાઈ શાહ આમ એકાએક ચાલ્યા જશે તેવી તો સ્વપ્ને પણ કલ્પના નહોતી. એમની સાથે મારો પ્રથમ પરિચય 'પ્રબુદ્ધ જીવન' તરફથી યોજાતી વ્યાખ્યાનમાળા નિમિત્તે મુંબઈમાં થયો. એ વ્યાખ્યાનમાળામાં એક વ્યાખ્યાન આપવા માટે એમણે મને પણ નિમંત્રણ આપેલું. તે દિવસોમાં હું વિનોબાના આધ્યાત્મિક સાહિત્યનું અધ્યયન કરતો હતો. એટલે એમણે મને પૂછ્યું કે તમે વ્યાખ્યાન માટે કયો વિષય પસંદ કરશો? ત્યારે મેં કહ્યું કે, 'વિનોબાનું અધ્યાત્મ દર્શન' એ વિષય પર હું વ્યાખ્યાન આપીશ. તેમને પણ એ ગમ્યું.

એમની સાથે આમ ઘરોબો ખડો થયો.

તેઓ ઘણા વિદ્વાન પુરુષ હતા. જૈન હોવા છતાં સર્વધર્મોનું એમણે ઊંડાણથી અધ્યયન કરેલું. તેની પ્રતીતિ 'પ્રબુદ્ધ જીવન'ના વિશોષાંકો જોતાં થાય છે. સંકલન કોની પાસે કરાવવું તેની પણ તેમની પાસે આગવી કળા હતી.

'પ્રબુદ્ધ જીવન'નો છેલ્લો ફેબ્રુઆરી-૨૦૧૬ નો વિશેષાંક મહાત્મા ગાંધીના સહયાત્રીઓ ઉપર એમણે તૈયાર કરાવ્યો. ધનવંતભાઈ જૈન દર્શનના પૂરા અભ્યાસી હતા. જૈન એ કેવળ ધર્મ નથી પણ દર્શન છે. આત્મતત્ત્વની સૂક્ષ્મ ચર્ચા જેટલી જૈન દર્શનમાં કરવામાં આવી છે તેવી બીજે ક્યાંય જોવા મળતી નથી. અનેકાંત-સ્યાદ્વાદ એ જૈનધર્મની આગવી દેણ છે. ધનવંતભાઈ એ આ બધાનો ઊંડો અભ્યાસ કરી એમણે એમની પ્રાસાદિક શૈલીમાં આપણને તેનું રસપ્રદર્શન કરાવ્યું છે.

ગાંધીવિચારને પણ એમણે ખૂબ સારી રીતે આત્મસાત્ કર્યો હતો. વળી એમની ખૂબી એ હતી કે 'પ્રબુદ્ધ જીવન'માં ગાંધીજીના સહયાત્રીઓ જે ગાંધીવિચારના અભ્યાસી હોય એવા અનેક લેખકો પાસે લેખો લખાવી એમણે 'પ્રબુદ્ધ જીવન'નો વિશેષાંક તૈયાર કરાવ્યો હતો.

ગુજરાતમાં સારું કામ કરતી સંસ્થાઓને આર્થિક સહાય આપવા દરવર્ષે પર્યુષણ વ્યાખ્યાનમાળાનું સુંદર આયોજન કરતા હતા. અને રુબરુ જઈને તેઓ અને તેમની કમિટિના સભ્યો સહાય કરતા હતા.

આવી વિરલ વ્યક્તિના જવાથી ન કેવળ 'પ્રબુદ્ધ જીવન'ને કે જૈન યુવક સંઘને ખોટ પડી છે પણ અમારા જેવા જે એમના પરિચયમાં આવ્યા હતા તે સૌ પણ એનો ખાલીપો અનુભવે છે.

પ્રભુ આવા દિવંગત આત્માને પરમશાંતિ આપો એવી અભ્યર્થના.

❑ વિશ્વમંગલમ્-અનેરા

383001

## ધનવંતભાઈને હૃદયની શ્રદ્ધાંજલિ

ડૉ. ધનવંતભાઈના અવસાનના સમાચાર જાણી ખુબ દુ:ખ ને આઘાત અનુભવ્યાં. એમની સાથેનો મારો તો કોઈ ઝાઝો પરિચય નહોતો કે વારંવાર એમની સાથે મળવાનું નહીં બનેલું. છતાં શ્રી મુંબઈ જૈન યુવક સંઘની પર્યુષણ વ્યાખ્યાનમાળામાં મુંબઈ જવાનું થયેલું તે સમયે અને પછી જ્યારે અમારી વિશ્વમંગલમ્ સંસ્થાને આર્થિક સહાયનો ચેક અર્પણ કરવા સંસ્થામાં આવેલા તેટલો જ પ્રત્યક્ષ પરિચય. તો પણ એટલાય સમયમાં એમની સાથે જેટલું રુબરુ મળવાનું થયું અને એમની અભ્યાસપૂર્ણ વાતો સાંભળી એથી એમની વિદ્વત્તાની, બુદ્ધિમત્તાની, ભર્યું-ભર્યું દિલ, કોઈ મોટાઈ વિનાનું સહજ મિલન– આ તમામની મારા મન પર ખૂબ અસર રહી છે. પછી તો 'પ્રબુદ્ધ જીવન'નો અંક આવતાં પહેલો જ એમનો લેખ ક્યારેય વાંચવાનું છોડાયું નથી. આમ એમની સાથેના સત્સંગથી મારું દિલ જાણે આનંદથી ભર્યું-ભર્યું રહેતું. અનેકવાર નજર સામે એમની છબી આવતી રહે છે.

'પ્રબુદ્ધ જીવન'માં અને પર્યુષણ વ્યાખ્યાનમાળાના વક્તવ્યોમાં જૈનધર્મની ખૂબ ઊંડાણભરી સૈદ્ધાંતિક અને તાત્ત્વિક ચર્ચાઓ થતી રહે છે. પણ ફેબ્રુઆરી ૨૦૧૬નો આખોયે મહાત્મા ગાંધીજીના સહયાત્રીઓ વિશેષાંક તો અદ્ભૂત થયો છે. એ માટે ધનવંતભાઈને સોનલબહેનનો સાથ મળી ગયો. સોનલબહેન ગાંધીજીવન અને ગાંધીવિચારના ખૂબ અભ્યાસી છે, ઘણી મહેનત લીધી છે અને સુંદર વિશેષાંક બન્યો છે. વળી એમની બાપુ અને મીરાબહેન–મીસ સ્લેડની લેખમાળા પણ વાંચી છે.

વિશેષાંક માટે મુ. ધનવંતભાઈની ઈચ્છા એમણે પૂરી કરી એ માટે એમને પણ ખૂબ ખૂબ ધન્યવાદ.

મુ. ધનવંતભાઈના આત્માને પ્રભુ પરમ શાંતિ આપે એ જ હૃદયેચ્છા.

□ **સુમતિબહેન રાવલ**
વિશ્વમંગલમ્-અનેરા

## લીલુંછમ પાન ખરી પડ્યું

ધનવંતભાઈ અને હું કૉલેજકાળમાં વર્ષો સુધી સહધ્યાયી હતા. એક દિવસે નિરાંતની પળોમાં કેટલાય જૂનાં સ્મરણો મમળાવ્યાં. સ્નાતક અને અનુસ્નાતક કક્ષામાં જેમના આશીર્વાદ સાંપડયાં હતાં એવા ગુરુવર્યો ડૉ. ચંદ્રકાંત મહેતા, ધીરુબહેન પટેલ, મધુકર રાંદેરિયા, ડૉ. હરિવલ્લભ ભાયાણી, ડૉ. રમણભાઈ શાહ, તારાબહેન શાહ, પ્રિ. અમૃતલાલ યાજ્ઞિક વગેરે ઉપરાંત સહાધ્યાયી મિત્રોને યાદ કર્યા. વાતોમાં ગુરુજનો પ્રત્યેનો પૂજ્યભાવ, મિત્રો પ્રત્યેની લાગણી અને સરળતા મને સ્પર્શી ગયાં.

કચ્છમાં રતનપર અને વલ્લભપરની સુક્ષ્મ સંસ્થાઓને અનુદાન આપવાની ઘટના સમયે કચ્છમાં સાથે ગયાં, સહાયનો નિર્ણય લેવાયો અને માતબર રકમનું દાન પર્યુષણ વ્યાખ્યાનમાળા વખતે એકઠાં થયેલા ભંડોળમાંથી આપ્યું ત્યારે કેળવણીની સંસ્થાઓ માટેની ઊંડી સહાનુભૂતિ અને ચોકસાઈ જોયાં.

તાજેતરમાં 'વૈષ્ણવજન' કવિતા પર લેખ લખ્યો. 'પ્રબુદ્ધ જીવન'ની કક્ષાનો કદાચ નહિ હોય એ શંકા સાથે લેખ મઠારવા માટે મિત્રભાવે ધનવંતભાઈને મોકલ્યો. આ આશ્ચર્ય વચ્ચે થોડાં દિવસ પછી 'પ્રબુદ્ધ જીવન'માં લેખ પ્રસિદ્ધ થયેલો જોયો. પૂછ્યું ને કહે; લેખના મૂળ હાર્દ ભણી જવાનો તમારો પ્રયાસ ઉત્તમ હતો. આ પહેલાં પણ તમે તો લખો જ છો, હજી પણ લખતાં રહો.

અનેક પ્રસંગોએ તેમને મળવાનું થયું છે. કાળની લીલાનો તાગ નથી મળતો. પવનનો સપાટો ચાલતાં શ્રુતજ્ઞાનની વાટિકામાં ખીલેલું આવું લીલુંછમ પાન કેમ કરીને ખરી પડ્યું? વંદન હજો એમના ઋતુ આત્માને.

□ **પન્નાલાલ ખીમજી છેડા**
Mob. : 9820284044

### કેવું અદ્ભુત વ્યક્તિત્વ ! સ્વને ભૂલી પર માટે કેટલી સંવેદના !

એકવાર શ્રી ધનવંતભાઇએ મને કહ્યું હતું કે, 'શબ્દબ્રહ્મ તમને પરબ્રહ્મ સુધી લઈ જઈ શકે.' બસ પછી શરૂ થઈ મારી અક્ષર યાત્રા.

મારી યાત્રા નિર્વિઘ્ને ચાલતી હતી, કારણ મારા સહયાત્રી તમે હતા. આપનું પ્રેરકબળ મને ઉત્સાહિત કરતું હતું.

મારા શબ્દોને દેહ મળતો હતો. તેના ઉપર અલંકારો જડાતા હતા અને એક દિવસ 'દીપ્તિબેન આ વખતે તમારું કવિતાનું પુસ્તક છપાવવાનું છે, તમે તૈયારી કરો.' કહી મને અચંબામાં નાખી દીધી.

આવું સીધીસાદી ગૃહિણીને કવયિત્રી બનાવવાનું દુષ્કર કામ આપે કેટલી સહજતાથી કર્યું. પ્રસ્તાવનામાં 'તલસાટની સુગંધ' લખી મારી કવિતામાં પમરાટ ફેલાવી દીધો તે બદલ હું આપની ઋણી રહીશ.

તમારા શબ્દો મને પ્રોત્સાહિત કરતા હતા. મારામાં છૂપાયેલી સાહિત્ય રુચિ જાણે જીવંત બની ગઈ હતી.

છેલ્લે હૉસ્પિટલમાં આટલી વેદનામાં પણ શું નવું લખ્યું, લખવાનું નહીં છોડતાં, નવી કવિતા સંભળાવો જેવા શબ્દો સાંભળ્યાં અને થયું કેવું અદ્ભુત વ્યક્તિત્વ સ્વને ભૂલી પર માટે કેટલી સંવેદના.

તમારા જેવી વ્યક્તિનો મેળાપ મને થયો તે માટે પ્રભુની ઉપકારી છું.

□ **દીપ્તિ સોનાવાલા**

## ગુણગ્રાહી દૃષ્ટિ શ્રી ધનવંતભાઈ

સેમીનાર અને વ્યાખ્યાનમાળાના માધ્યમથી શ્રી ધનવંતભાઈનો સત્સંગ થયો અને તેમના પ્રોત્સાહનથી 'પ્રબુદ્ધ જીવન'માં પ્રકાશિત કરવા અવારનવાર જૈનધર્મના વિષયો ઉપર તાત્ત્વિક લેખો લખવાની પ્રેરણા મળી અને એમણે અમારા આલેખનું વર્તુળ વિસ્તૃત કર્યું.

અનેક સમારોહના નેતૃત્વ પદે કે સંચાલક તરીકે સ્ટેજ ઉપર એમની આકૃતિની આભા પ્રેક્ષક શ્રોતાગણને પ્રભાવિત કરતી હતી અને જેને જેને નજીકમાં જવાનો પ્રસંગ બને તેને ખૂબ આદરપૂર્વક માન આપી તેની આંતરિક શક્તિને ઉજાગર કરી આપવાની તેમની આવડત અને ભાવના ખૂબ પ્રશંસનીય હતી.

તેમનું પોતાનું વ્યક્તવ્ય અનેક પ્રસંગોમાં વિવિધલક્ષી વિષય ઉપર અર્થસભર મનનીય રહેતું.

આકૃતિએ સરળ સાદગીભર્યા, વ્યક્તિત્વ પ્રમાણે સ્વભાવનું નિરૂપણ નિખાલસ સ્નેહભર્યું અનુભવતી દરેક વ્યક્તિને અસર કરી દે કે ધનવંતભાઈ મારા છે.

તેમના જીવન અનુભવ વિષે અન્ય લેખકોએ પોતાના અનુભવો અને જાણકારી રજૂ કરી હશે એટલે પુનરાવર્તન કર્યા વિના એટલું જ કહીશ કે આપણે જૈનસંઘે એક મહામૂલું રત્ન ગુમાવ્યું છે અને અનેક પ્રસંગોમાં આપણને તેની ખોટ સાલશે. પ્રભુ સદ્‌ગત આત્માને અપૂર્વ શાતિ આપે એવી પ્રાર્થના સાથે વંદના.

**☐ ડૉ. પ્રવિણભાઈ સી. શાહ**

## ડૉ. ધનવંતભાઈને સાદરાંજલિ

ડૉ. ધનવંતભાઈ સાથે ટૂંકો પણ માર્મિક પરિચય. અમે બંને ભાવનગરના–તેઓ 'ગામ'ની મધ્યમાં આવેલા 'મોટાબજાર'ની વાત કરે જ્યાં તેમનું બાળપણ અને કિશોરાવસ્થા વિતેલા, અને હું 'દાદાસાહેબ' દેરાસરની વાત કરું જ્યાં મારું બાળપણ અને કિશોરાવસ્થા પસાર થયેલા. તેમની વાતોમાં ભાવનગરની 'વોરાબઝાર' પણ આવે અને અન્ય સ્થળો પણ આવે. મને ભાવનગરના 'ભાવ'ની યાદદાસ્ત તાજી કરાવનાર તેઓ હતા. સ્વભાવે મૃદુ છતાં મક્કમ, સામા માણસની 'તાસીર'ને તુરત ઓળખી જનારા–આમ તો જ્ઞાનના 'ડૉક્ટર' હતા પણ વ્યક્તિની 'ઓળખ'ના પણ 'ડૉક્ટર' હતા.

એક વાત જે થયેલી તે અહીં લખવા પ્રેરાઉં છું. તેમણે કહ્યું કે 'બધાંની 'ના' છતાં અહીં આવ્યો છું.' ત્યારે મેં કહ્યું કે સારૂં થયું તમે આવ્યા. જો ન આવ્યા હોત તો 'તમારો જીવ' તો અહીં જ રહ્યો હોત'. અને એ વાક્યને પકડીને તેઓ બોલ્યા હતા કે, 'જીવ અહીંથી જ પાર્થિવ દેહથી છૂટો પડે તેવી 'ઉત્તમ' બિના બને તો કેટલું સદ્‌ભાગ્ય ? આ અણસાર અને તેમનું ઉદ્‌બોધન કેટલું સત્ય ઠર્યું ?

સર્વેને તેમના જ્ઞાનની, અમૃત વાણીની જરૂરત હતી, જે સંતોષી અને પોતાનું આ યુગનું કાર્ય પૂરૂં કર્યાનો સંતોષ લઈને તેઓ ગયા–નવા યુગની ઉન્નતિ માટે. ભાવનગરનો આ પનોતો પુત્ર વિશ્વસ્તરે ખ્યાતિ મેળવી પ્રયાણ કરી ગયો.

**☐ ડૉ. રેખા ગોસલિયા** (મુંબઈ)

## આજના યુગમાં જોવા ન મળે તેવો દિવ્ય આત્મા પ્રભુમાં લીન થયો

ઘણાં વર્ષોથી તેમના અંગત પરિચયમાં આવેલ અને તેને હું મારું પરમ સદ્‌ભાગ્ય માનતો હતો કારણ હંમેશાં તેમનો નિખાલસ પ્રેમ અને માર્ગદર્શન મળતું હતું. પરગજુ સ્વભાવ, સરળતા અને નિખાલસતા બધું જ તેમનામાં હતું. પ્રખર વિદ્વાન અને કર્મયોગી હોવા છતાં તેમનામાં તસુભાર પણ અભિમાન હતું નહીં અને હંમેશાં હસતા રહે. અનેક પ્રતિકૂળ સંજોગોનો તેમના જીવનમાં તેમણે સામનો કર્યો અને તે બાબત કોઈ ફરિયાદ અથવા અસંતોષ વ્યક્ત કર્યો નહીં અને જીવનના છેલ્લા શ્વાસ સુધી કાર્યરત રહ્યા તે તેમના ઉપરની પ્રભુની કૃપા જેને કારણે તેઓ સૌના પ્રિય પાત્ર હતાં.

આજના યુગમાં જોવા ન મળે તેવો દિવ્ય આત્મા હતો અને તે પાછો પ્રભુમાં લીન થયો.

સદ્‌ગત રમણભાઈના ગયા પછી 'પ્રબુદ્ધ જીવન' કેમ ટકશે તે વિચાર સૌને હતો પરંતુ ધનવંતભાઈએ ન કેવળ 'પ્રબુદ્ધ જીવન' ટકાવી રાખ્યું પણ તેને સદ્ધર સ્થિતિમાં મૂકી દીધું તે તેમની નિષ્ઠા અને આવડતનું કારણ હતું તે હું જાણું છું.

આ આઘાત સહન કરવો તેમના પરિવાર માટે ખૂબ કઠિન છે અને તેમની ખોટ કદી પુરાશે નહીં.

અમારી જેવા મિત્રોને તેમની ગેરહાજરીથી ખાલીપો લાગશે પરંતુ જીવનની વાસ્તવિકતા સ્વીકાર્યા સિવાય આપણી પાસે બીજો કોઈ વિકલ્પ નથી. તેમનો દિવ્ય આત્મા પ્રભુના ધામમાં ચોક્કસ જશે તેવી મને ખાતરી છે.

ઈશ્વર તમોને આ દુ:ખ સહન કરવાની શક્તિ આપશે તેવી પ્રાર્થના.

મારે માટે કોઈ કામ હોય તો જરૂર જણાવશો તેવી વિનંતી.

**☐ નટવરભાઈ દેસાઈ**

## પરલોકે વાર્તાલાપ

હેલો...કોણ. બેન અનિલા...

હા, ધનવંતભાઈ, કેમ છો...મઝામાં ?

આવો તમારો લાગણીસભર અવાજ દર પંદરેક દિવસે સાંભળવા મળતો..અને હૈયું આનંદથી ઉભરાઈ જતું..પણ આજે !

હૃદયનો એક ખૂણો ખાલી થઈ ગયો. હવે આ મીઠાશભર્યા શબ્દો ક્યારેય પણ સાંભળવા નહીં મળે! આજે ભૂતકાળ બેઠો થઈને વર્તમાન બની ગયો ! કેટકેટલા સંસ્મરણો હૃદયમાંથી ઉભરી આવે છે. ઉછળી આવે છે...ચાલો, એકતરફી હોય, પણ જરૂર તમારા આત્માને સ્પર્શશે જ...

ધનવંતભાઈ, મને ક્લાસમાં પ્રોફેસરના લેક્ચરની રનીંગ નોટ એકધ્યાનથી લખવાની ટેવ. અને મારું ધ્યાનભંગ કરવા પગથી પાછળથી મારો ચોટલો ખેંચવાનો. હું ચીડાઉં, આંખો કાઢું, પણ તમારી પર કંઈ જ અસર નહોતી થતી..કેવો હતો એ સુવર્ણયુગ...!

ભાઈ, આજે રક્ષાબંધનનો દિવસ પણ યાદ આવે છે...એ દિવસે તમે કહ્યું કે મને મારી સૂની કલાઈ પર રાખી બાંધવા આવજે. ને એ પ્રથા મેં જાળવી રાખેલી..પણ છેલ્લે મેં ૧૯૬૦માં તમને રાખીબંધન કર્યું ત્યારે મેં કહેલું તમને, કે ધનવંતભાઈ આ મારી છેલ્લી રાખડીબંધન છે. લગ્ન પછી હું નહીં આવી શકું...તમે સમજી ગયા..કારણ કે અમારા લવ-મેરેજ હતા...અને એ જમાનામાં થોડીઘણી સાસરાપક્ષે નારાજગી તો હોય...છતાંપણ ધામધૂમથી મારા સાસરિયાએ લગ્ન કરાવ્યા. અને તમે મને ભેટ તરીકે બે બુક આપી. ખૂબ જ સરસ લખાણ લખીને.

ધનવંતભાઈ, તમારા અક્ષરો માટે હું હંમેશાં તમને કહેતી કે પૂજ્યશ્રી ગાંધીજી જેવા જ તમારા ગરબડીયા અક્ષરો છે! તમે મહાન થવાના! અને સાચે જ તમે પૂજ્યશ્રી ગાંધીજીની જેમ જ, આદર્શવાદી, સૈદ્ધાંતિક, નીતિવાન અને ખાદીધારી બનીને સાત્ત્વિક જીવન ગુજાર્યું.

ધનવંતભાઈ, તમને ખૂબ ખુશ તો મેં ત્યારે થયેલા જોયા કે જ્યારે મને, મારા પહેલા લેખને મહારાષ્ટ્ર રાજ્ય ગુજરાતી સાહિત્ય એકેડેમી તરફથી પ્રથમ પારિતોષિક કે. સી. કૉલેજના હૉલમાં મળ્યું...ત્યારે તમે અને મારી ખાસ મિત્ર ડૉ. કલા શાહે લખવા માટે ખૂબ જ પ્રોત્સાહન આપ્યું ને મારું લેખનકાર્ય છેલ્લા ત્રણ વર્ષથી અવિરતપણે ચાલતું થયું..! અને સાચે જ મારા બે પુસ્તકો બહાર પડયા, પ્રથમ પુસ્તક 'વસુંધરાનો પૂજા થાળ' અને બીજું પુસ્તક 'નિ:શબ્દ' ત્યારે મને અત્યંત આનંદ થયો.

અંતમાં, તમારો આત્મા જ્યાં હોય ત્યાં ચિરશાંતિ પ્રાપ્ત કરે...અને 'હે પરમાત્મા તમારા દ્વારે ઊભો છે શિશુ ભોળો' એમને ગ્રહણ કરીને ખૂબ-ખૂબ શાંતિ પ્રાપ્ત કરજો એવી હાર્દિક પ્રાર્થના...

અને છેલ્લે, તમારી ભાવના વ્યક્ત કરું છું.

'વેચાઈ જવા કરતાંયે, વહેંચાઈ જવામાં લિજ્જત છે,
હર ફૂલ મહીં ખૂશ્બુ કહે છે કે ખોવાઈ જવામાં લિજ્જત છે.'

લિ. તમારી બહેન

**અનિલાના** પ્રણામ

૧૫, ઓમ દરિયા મહલ નં. ૩, બીજે માળે,
૮૦, નેપીયન્સી રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૬

XXX

## માતા સરસ્વતીના સંતાનોએ પોતાના પ્રાણોમાં વસંતની સ્વઅનુભૂતિ જગાવવાનું પ્રેરણા સ્ત્રોત એટલે ડૉ. શ્રી ધનવંતભાઈ ટી. શાહ

અનેકવિધ ક્ષેત્રે સુવિખ્યાત નામ એટલે ડૉ. શ્રી ધનવંતભાઈ ટી. શાહના મારા અનુભવ પ્રસ્તુત કરતાં અત્રે તર્પણ કરું છું.

શિક્ષક, પ્રાધ્યાપક, એક મકાન વિનાની ઓપન યુવિવર્સિટી એટલે ડૉ. શ્રી ધનવંતભાઈ ટી. શાહ.

મેં પૂછ્યું, 'સાહેબ, હું કોમર્સનો વિદ્યાર્થી, વ્યવસાયે વ્યાપારી, પરંતુ વાંચનરુચિ છે તો શું હું કંઈક લખી શકું ખરો ? ત્યારે તેઓએ કહ્યું કે ખૂબજ ઊંડાણપૂર્વક એકાગ્રતાથી વાંચો, અને જ્યારે પણ લખો ત્યારે તમારા અંતરઆત્માને વફાદાર રહીને લખો. અંતર-આત્માની વફાદારીમાં ધર્મનો સાર આવી જાય છે. વાંચશો, વિચારશો, ચિંતન કરશો અને લખશો તો ફલશ્રુતિ સ્વરૂપે તમારું દર્શન (Vision) વિકસશે. વાંચનનો અભિગમ રાખશો અને લેખન કાર્ય કરતા રહેશો અને આગામી સાહિત્ય સમારોહમાં ભાગ લેતા રહેશો. આ પ્રેરણા અને આશીર્વાદ સમાન સુધારસ (અમૃતરસ)નું સિંચન તેઓનો સ્વભાવ અને જીવનમંત્ર રહ્યો હતો. મારા જેવા એક અલ્પજ્ઞાની અને વિદ્વાનોના તેઓ હંમેશાં પ્રેરણાસ્રોત રહ્યાં હતાં. વાંચન, ચિંતન, લેખન અને વક્તૃત્વની વિદ્યાના તેઓ મુક્તદાતા રહ્યા. અતિશયોક્તિથી કહું તો તમારા આત્માએ ભવભ્રમણમાં મેળવેલ જ્ઞાન સંપુટને ઉઘાડી આપતી ચાવી એટલે ડૉ. ધનવંતભાઈ ટી. શાહ.

`Who reads books, is getting broader vision' આ વાત તેઓ સતત અને સતત પ્રમોદ ભાવનાપૂર્વક કહેતા આવ્યા, જે અનુભૂતિ તેમનાં સાન્નિધ્યમાં આવેલ દરેક વ્યક્તિને થયા વગર રહી ન હોઈ શકે.

**□ ચેતન ચંદુલાલ શાહ**
૧૪/બી, તૃપ્તિ ફ્લેટ્સ, કાળુભા રોડ, ભાવનગર
મોબાઈલ : ૯૮૭૯૫૧૨૬૫૧

## ‘ધનુભાઈ’એ સોનગઢની ધરતી અને કલ્યાણબાપાના આશીર્વાદની લાજ રાખી છે

કલ્યાણબાપાના લાડકા ડૉ. ધનવંતરાય તિલકરાય શાહ સરસ્વતી દેવીના ચાહિતા અન સાહિત્યના અઠંગ પૂજારી. સોનગઢ આશ્રમના ચળકતા સિતારા કારાણી સાહેબ સાથે બચપણથી જ શિક્ષા સાથે સાહિત્યથી મહોબ્બત કરી વાંચનના શોખીન ધનુભાઈ એ સંસ્થાની લાયબ્રેરીના એક એક સ્તર સાથે દોસ્તી કરી હતી.

માયાળુ સ્વભાવ ધરાવતા તેઓ દરેક વિદ્યાર્થીમાં પ્રિય પાત્ર હતા. વિદ્યાર્થી જીવનમાં તેમણે સુવર્ણ વિદ્યાભૂમિ સોનગઢમાં અનેક નાટકો ભજવ્યા હતા.

અહીં એક નાટકનો પ્રસંગ હું આપ સમક્ષ રજૂ કરતા આનંદ અનુભવું છું.

૧૯૫૭માં મહાવીર સ્વામી જયંતીનો દિવસ. આ દિવસ આશ્રમમાં હંમેશાં હર્ષ અને ઉલ્લાસથી ઉજવાતો હોય છે. આ વર્ષ સોનામાં સુગંધ કે આજે ૧૮૫૭ના બળવાની શતાબ્દીનો દિવસ તેથી આશ્રમના કેટલાક બાળકો સાઈકલ ઉપર બાજુના ગામ સિહોર સ્વાતંત્ર્ય ચળવળના મહાન સેનાની નાના સાહેબ પેશ્વાની સમાધિના દર્શને ફૂલહાર ચડાવા ગયા હતા. બપોરે બંગલામાં સ્વપ્ના ઉતારવાની ધમાલ હતી.

સાંજે જૈનો તથા ગામના મહેમાનોને સંસ્થામાં મિષ્ટભોજનનું આમંત્રણ હતું. રાતે મનોરંજન કાર્યક્રમ થયો તેના પ્રમુખ સ્થાને બિરાજમાન હતા આર્યસમાજ ગુરુકુલના ચેરમેનશ્રી ચતુરકાકા પટેલ. નાટકનું નામ હતું ‘સમાધિ’ અને તેનું મુખ્ય પાત્ર યોગેશનું હતું આ પાત્ર ધનવંતભાઈ ભજવતા હતા. એ જમાનામાં આ નાટક ખૂબ ગાજ્યું પછી પણ ત્રણ વખત ભજવાયું હતું.

પુત્રના લક્ષણ પારણાથી ઓળખાય તેમ અમારા બંધુ ધનુભાઈ એ સોનગઢની ધરતી અને કલ્યાણ બાપાના આશીર્વાદની લાજ રાખી છે. એ એટલો વિશાલ વડલો બની ગયા છે જેના માટે સંસ્થા ગૌરવ અનુભવે છે.

આજે ડૉ. ધનવંતભાઈ કેટલીય સંસ્થાઓ સાથે જોડાયેલા છે અને જ્ઞાન પ્રચાર કરી રહ્યા છે. ખાસ જૈન સાહિત્યના સંમેલનો યોજીને તેઓ જૈન ધર્મના સિદ્ધાંતો લોકો સમક્ષ રજૂ કરી રહ્યા છે.

(૧) સિડનહામ કૉલેજમાં પ્રોફેસર પદે રહી કાર્ય સાથે જૈન ધર્મ ઉપર ખૂબ સંશોધન કર્યું છે.

(૨) કવિ ન્હાનાલાલ ઉપર લેખન કરી Ph.D. ની પદવી હાંસલ કરી ડૉક્ટરેટ પદ મેળવ્યું.

(૩) હાલ તેઓશ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મેગેઝિન પ્રખ્યાત ‘પ્રબુદ્ધ જીવન’નું તંત્રી પદ સંભાળે છે.

(૪) કેટલાય વર્ષ સુધી આશ્રમની કારોબારીમાં જોડાયેલા હતા અને ઉપપ્રમુખ પદ પણ શોભાવતા હતા.

(૫) તેઓ મુંબઈ જૈન સંઘ દ્વારા આયોજિત પર્યુષણ વ્યાખ્યાન માળાનું પ્રમુખપદ શોભાવે છે.

(૬) સાથે તેઓ સફળ ઉદ્યોગપતિ છે. ધનવંતભાઈ એટલે સૌજન્યતાના સાથી. તેમના દિલમાં માનવતાના મહેરામણ છલકાય છે.

કલ્યાણ બાપાનાં આશીર્વાદ જો ખરેખર કોઈને સો ટકા ફળ્યા હોય તો આ ધીરગંભીર અને મીઠી જબાન ધરાવતા આપણી સંસ્થા સોનગઢ આશ્રમની શાન ડૉ. ધનવંતરાય તિલકરાય શાહ એટલે ખરેખર યોગેશ જેનું બીજું નામ કૃષ્ણ! કારાણી અને કલ્યાણ બાપાના ચાહિતાઓ સમાજનું આપેલ સમાજ ને પાછું આપવામાં માને છે. આવા કેટલાય ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ કે જેઓ આ સંસ્થામાં શિક્ષા પ્રાપ્ત કરી સમાજ સેવામાં કે વિદ્યા સેવામાં જોડાઈ આ માટીની ઇજ્જત વધારી છે

**☐ આદ્ય વિદ્યાર્થી નાનજીભાઈ હિરજી ફૂરીયા**
પૂના-બિદડા

## તેમના દ્વારા કાર્યાન્વિત કાર્યક્રમો ચાલુ રહે અને વિકાસ પામે

તા. ૨૮ ફેબ્રુઆરીના રોજ આપણા ‘પ્રબુદ્ધ જીવન’ના માનદ તંત્રી ડૉ. ધનવંતભાઈ શાહના દુઃખદ અવસાનના સમાચાર સાંભળ્યા. છેલ્લા ૧૧ વરસથી ક્રમે ક્રમે તેઓશ્રીએ ‘પ્રબુદ્ધ જીવન’ની કાયાપલટ કરી. અંગ્રેજી વિભાગ જે આજના જમાનાની તાતી જરૂર છે તે સફળ રીતે વાચકો સમક્ષ રજૂ કર્યો. આર્થિક પાસું પણ સદ્ધર કર્યું. પૂ. ગાંધીજી વિષે બે અંકો પ્રકાશિત કર્યાં. કવિવર ટાગોરની ૧૫૦મી જન્મ-જયંતી પણ યથાયોગ્ય રીતે ઉજવી.

ટૂંકમાં ‘પ્રબુદ્ધ જીવન’ એક સુંદર માસિક થયું. તેમાં અગાઉના ટ્રસ્ટીઓના પ્રભાવશાળી ફાળામાં એક સિંહફાળો ઉમેર્યો. ૧૦ વરસનું તેમનું તંત્રીપદ અનેક રીતે અજોડ રહ્યું.

મારો ધનવંતભાઈ સાથે આછોપાતળો પણ અંગત પરિચય હતો. જ્યારે મળવાનું થતું ત્યારે તેમની સરળતા, નિખાલસતા, નમ્રતા અને બીજાને આગળ લાવી પોતે પાછળ રહી દરેક યોગ્ય કામને પ્રોત્સાહન આપવાની તેમની છાપ સ્પષ્ટપણે અનુભવાતી.

ડૉ. ધનવંતભાઈને એટલી જ અંજલિ આપી શકાય કે તેમણે કાર્યાન્વિત કરેલ દરેક કાર્યક્રમ ભવિષ્યમાં ચાલુ રહે અને વિકાસ પામે.

**☐ જયંતીલાલ શાહ**

**☐ નલિની શાહ**

Cell : +91 98196 60625

# શ્રી ધનવંતભાઈના કાર્યકાળ દરમ્યાન 'પ્રબુદ્ધ જીવન' અને શ્રી મુ. જૈ. સંઘે પ્રાપ્ત કરેલી સિદ્ધિઓની કડીબદ્ધ વિગતો

❑ બકુલ ગાંધી

આદરણીય સ્વ. ડૉ. ધનવંત શાહની અણધારી વિદાયથી ઊંડા દુ:ખની લાગણી અનુભવાય છે. જ્યારે અનુક્રમણિકાબદ્ધ આશરે 'પ્રબુદ્ધ જીવન'ની ૧૨,૦૦૦ કૃતિ-લેખો ૧૯૨૯થી આજસુધીના ૧૦૦૦થી વધુ સામયિકો અને આજ પછી સમયાંતરે website ઉપર પ્રક્ષેપણ કરવા તેઓશ્રીની ઘણી ઉત્સુકતા અને આતુરતા હતી તે સ્વપ્નું નજીકના ભવિષ્યમાં સાકાર થવા જઈ રહ્યું હતું. સોનગઢ ખાતે ૪થી ૭ ફેબ્રુઆરીના ૨૩મા જૈન સાહિત્ય સમારોહના આયોજન અને સંચાલન માટે જવા અગાઉ હંગામી ધોરણે ૨૧મી એપ્રિલ ૨૦૧૬ના પ્રક્ષેપણ કરવાનું મનોમન નક્કી કરેલ તે પહેલાંની તેમની વિદાય અણધારી જ કહેવાય. કૃતજ્ઞતા અને શ્રદ્ધાંજલિ વ્યક્ત કરતાં આદરણીય ડૉ. ધનવંતભાઈની 'પ્રબુદ્ધ જીવન'ના તંત્રીપદેથી હાંસલ કરેલ સિદ્ધિઓની નોંધ લેવી ઉપયુક્ત રહેશે.

ડૉ. ધનવંત ટી. શાહ ૧૬-૦૧-૨૦૦૫ના 'પ્રબુદ્ધ જીવન'ના સહતંત્રીનો હોદ્દો સંભાળ્યો. ત્યારબાદ ૧૬-૧૧-૨૦૦૫થી તંત્રીનો હોદ્દો શોભાવ્યો. સંઘનો ઉદ્દેશ–'સમગ્ર વિશ્વમાંથી જૈનોને એક છત હેઠળ લાવવા. આ મહત્ત્વાકાંક્ષાને પરિપૂર્ણ કરવા માટે શિક્ષણ, તબીબી, માનવતાવાદી, જીવદયા અને પ્રવચનો, વ્યાખ્યાન, અરસપરસના સંવાદોવાળા સત્રો છેવટે જગતના બધા જૈનો સુધી પહોંચવાના' ઉમદા ઉદ્દેશના અમલ માટે આદરણીય તંત્રી ડૉ. ધનવંત શાહના સક્ષમ નેતૃત્વ હેઠળ સરાહનીય હરણફાળ ભરેલ છે.

ડૉ. ધનવંતભાઈ અહિંસાના ચુસ્ત હિમાયતી અને પાલક હતા તે ડૉ. ગુણવંત શાહ દ્વારા ઓગસ્ટ ૨૦૧૪ના તેમના 'દુકાનમાં દેરાસર' પ્રવચન દરમ્યાન એક હકીકત રજૂ કરતા જાહેર કરેલ. ડૉ. ધનવંતભાઈનો વુડન ફ્લોરીંગમાં એધેસિવ ઉત્પાદનનો વ્યાપાર હતો. આ પેદાશની સૌથી વધારે ખપત ચેન્નાઈના નાના ગામડાંમાં હતી. જ્યારે આ એધેસીવ જાળની ગાંઠ મજબૂત કરાવવામાં ઉપયોગમાં લઈ વધારે માછલીઓને પકડાવવામાં મદદરૂપ થાય છે તે જાણતા પળના વિલંબ વગર તેની પેદાશ બંધ કરી. આ એક જ એવી પેદાશ હતી કે જે તેમની કંપનીને નફો આપતી હતી. આ પેદાશ બંધ કરાતાં કંપની બંધ કરવાનો સમય આવ્યો. ડૉ. ધનવંતભાઈએ દૃઢ સંકલ્પ રાખ્યો કે કંપની બંધ થશે તે ચાલશે પરંતુ હિંસા થકીની કમાણી કોઈપણ સંજોગોમાં નહિ ખપે.

### ડૉ. ધનવંતભાઈ શાહના સંપાદક તરીકે ગાળા દરમિયાનની વૈવિધ્યતા અને વિશિષ્ટતાઓ

**યશ પ્રસિદ્ધિના ફૂલો**

'ક્રિકેટરના ચોગા, છગ્ગા જેવા વિશેષાંકોની હારમાળા 'કલેક્ટર્સ ચોઈસ' બની રહી છે. સુત્રધાર (તંત્રી)ના અંદરના તણખા વિના, એની સર્જનાત્મક, એની પારગામી દૃષ્ટિ વિના આટલું સુંદર કાળજયી સંપાદન શક્ય ન જ બને. (હીરા પારખુનું પ્રદાન છે) આપને ઓળખવા હોય તો **'તંત્રીસ્થાનેથી'**ના લેખો વાંચી જવા જોઇએ. સંવેદનશીલતા, સર્જનાત્મકતા, ભારોભાર વિદ્વત્તા, મિથ્યાભિમાનનો સંપૂર્ણ અભાવ અને ક્રાંતિકારી ડૉક્ટર સાહેબ! વિશેષાંકો અને એને માટે સુયોગ્ય સંપાદકોની પસંદગી દ્વારા આપ ઇતિહાસ સર્જી રહ્યા છો. એક જંગમ યુનિવર્સિટી કે વિદ્યા-કોષના કુલપતિ બન્યા છો.'

**સંઘર્ષ-પડકાર-તક**

એક અવિરત સંસ્કાર યાત્રા-'પ્રબુદ્ધ જીવન'-એક કટોકટી 'શીર્ષક' સાથેના તંત્રીલેખમાં એક સિવાય બધા ગ્રહો સાનુકૂળ હોય, યશ પ્રસિદ્ધ વગેરે બધું અપાવે પણ પેલો 'ધન'નો ગ્રહ વારે વારે એને પ્રતિકૂળ બની આડો આવ્યા જ કરે. પ્રત્યેક માસે અંક પ્રકાશિત થયા પછી ૨૮ પાનાની કોસ્ટ ૧૨.૮૭,૩૬ પાના, ૧૫.૦૨, ૬૮ પાના ૨૪.૯૩ અને આટલેથી ન અટકતાં દર મહિનાના ખોટના આંકડા ૧૨૯૬૦, ૧૪૬૨૧, ૪૫૪૪૫ એમ ફોન ઉપર બોલવા માંડે ત્યારે મારા હૃદયના ધબકારા સાંભળી મારે તેમને અટકાવવા પડે! વાચકોના યશ પત્રો અને ફોન ઉપરના યશ શબ્દો મને મળ્યા હોય એનું આ કોસ્ટીંગ અને ખોટ મને એ શબ્દોનું બાષ્પિભવન કરાવી દે...'પહેલાં આપણે સારું કામ કરી દેખાડીએ, પછી સમાજ આપોઆપ આપણી ઝોળી ભરી દેશે, શ્રદ્ધા રાખો, ધીરજ રાખો'

- ફેબ્રુઆરી ૨૦૦૬થી અનુક્રમણિકાના પાના નં. ૨ ઉપર 'આચમન' અને છેલ્લા પાના ઉપર 'પંથે પંથે પાથેય'. સપ્ટેમ્બર ૨૦૦૬માં ડૉ. રમણલાલ ચી. શાહના 'સાહિત્ય સૌરભ'ના સાત ગ્રંથો + પ્રવચનોની સીડી...
- ફેબ્રુઆરી ૨૦૦૭થી અંકથી 'સર્જન સ્વાગત' વિભાગ ડૉ. કલાબહેન શાહ સાથે શરૂ...
- માર્ચ ૨૦૦૭ 'દાર્શનિક તત્ત્વચિંતક પંડિત સુખલાલજી સવા શતાબ્દી વિશેષાંક'

- ફેબ્રુઆરી ૨૦૦૮ 'સરસ્વતી આરાધક જૈન બંધુ બેલડી જન્મ શતાબ્દી અંક' શ્રી રતિલાલ દેસાઈ અને જયભિખ્ખુના જીવન કાર્યને શબ્દાંજલિ.
- ૨૦૦૮માં ૭૪મી વ્યાખ્યાનમાળાની શૃંખલાથી દરેક પ્રવચનો શ્રી મુંબઈ જૈન સંઘની વેબસાઈટ ઉપર.
- નવેમ્બર ૨૦૦૮થી 'અંક સૌજન્યદાતા'.
- ૨૦૦૮થી વ્યાખ્યાન સીડીમાં, ઓડિયો વેબસાઈટ બીજે દિવસથી.
- ઓગસ્ટ ૨૦૦૯ પર્વાધિરાજ પર્યુષણ વિશેષાંક.
- 'મહાવીર કથા' માર્ચ ૨૦૧૦.
- ફેબ્રુઆરી ૨૦૧૦ થી 'પ્રબુદ્ધ જીવન' મુખપૃષ્ઠ કલર
- જુલાઈ ૨૦૧૦ મહાવીર કથા કુમારપાળ દેસાઈ-ડીવીડી
- ઓગસ્ટ-સપ્ટેમ્બર ૨૦૧૦ વિશેષાંક શ્રી ગુરુગૌતમ યુક્ત સરસ્વતી + જૈન સાહિત્ય ગૌરવ ગ્રંથો
- ઓગસ્ટ-સપ્ટેમ્બર ૨૦૧૦ થી શરૂ થતાં અને ત્યારબાદના પ્રત્યેક 'પ્રબુદ્ધ જીવન'ના મુખપૃષ્ટ ઉપર મા સરસ્વતીનું ચિત્ર જે વિદ્યાના દેવી છે અને સર્વ ધર્મ માન્ય દેવી છે. આ દેવી માતાની જે જે આરાધના કરે છે એ જીવને અવશ્ય સાત્ત્વિક ફળ પ્રાપ્ત થાય છે.
- મે ૨૦૧૧ ગૌતમ કથા ડીવીડી, મહાવીરવંદના સીડી
- ઓગસ્ટ-સપ્ટેમ્બર ૨૦૧૧ પર્યુષણ વિશેષાંક 'જૈનસાહિત્ય કથા વિશ્વ' સંપાદક પ્રા ડૉ. કાંતિભાઈ બી. શાહ
- નવેમ્બર ૨૦૧૫માં જૈનપીડિયા વેબસાઈટ વિમોચન સમયે ડૉ. ધનવંત શાહે જૈનપીડિયાનું મહત્ત્વ સમજાવ્યું.
- માર્ચ ૨૦૧૨માં 'નવપદ' વિશેષાંક-સંપાદક ડૉ. અભય દોશી
- એપ્રિલ ૨૦૧૨ – ઋષભ કથા
- જુન ૨૦૧૨માં 'એક અવિરત સંસ્કાર યાત્રા – 'પ્રબુદ્ધ જીવન-એક કટોકટી' શીર્ષક સાથેના તંત્રીલેખમાં એક સિવાય બધા ગ્રહો સાનુકૂળ હોય, યશ પ્રસિદ્ધિ વગેરે બધું અપાવે પણ પેલો 'ધન'નો ગ્રહ વારે વારે એને પ્રતિકૂળ બની આડો આવ્યા જ કરે. 'પ્રબુદ્ધ જીવન' માત્ર આ સંસ્થાની પત્રિકા જ નથી, પણ ગુજરાતી ભાષી સર્વ સામયિકમાં એણે પોતાનું એક વિશિષ્ટ સ્થાન પ્રાપ્ત કર્યું છે. 'પ્રબુદ્ધ જીવન'એ ત્રણ પેઢીને જ્ઞાનયાત્રા કરાવી એ પરિવારોનું સંસ્કાર ઘડતર કર્યું છે એ હવે સાબીત થઈ ગયેલી ઘટના છે. આનંદની ઘટના તો એ છે કે એ પરિવારની ચોથી પેઢી અને નવી પેઢીના હૃદય સુધી પણ એ હવે પહોંચ્યું છે, જેનું પ્રમાણ એની સતત વધતી જતી ગ્રાહક સંખ્યા દ્વારા મળે છે. એટલું જ નહિ, પણ નવી પેઢી 'પ્રબુદ્ધ જીવન'ના અંગ્રેજી સ્વરૂપને જોવા આતુર છે. એટલે હવે અમે કેટલાંક પાના અંગ્રેજીમાં પ્રગટ કરવાની યોજના કરી છે એ માટે ભારત સરકારના પોસ્ટ ખાતાની મંજૂરી માટે કાર્યવાહી શરૂ કરી દીધી છે. હવે અંગ્રેજી પૃષ્ઠ દ્વારા દાદા-દાદી અથવા પિતામાતા સંતાનોને 'પ્રબુદ્ધ જીવન'ની આંગળી પકડાવશે. આ એક ઐતિહાસિક સંસ્કારી ઘટના બની રહેશે.
- ઓગસ્ટ-સપ્ટેમ્બર ૨૦૧૨: પર્યુષણ વિશેષાંક: 'આગમ સૂત્ર પરિચય' સંપાદક ગુણવંત બરવાળિયા
- ઑક્ટૉબર ૨૦૧૨ 'ધર્મ એક સંવત્સરી એક'
- જાન્યુઆરી ૨૦૧૩ 'ગાંધી સ્મૃતિ ચિંતન' વિશેષાંક
- એપ્રિલ ૨૦૧૩ 'મહાવીર સ્તવન' વિશેષાંક સંપાદિકા ડૉ. કલા શાહ
- ઓગસ્ટ-સપ્ટેમ્બર ૨૦૧૩: પર્યુષણ વિશેષાંક : 'ગણધરવાદ' વિશેષાંક સંપાદક ડૉ. રશ્મિકુમાર જે. ઝવેરી
- યુવાનો, કે જેમનું શિક્ષણનું માધ્યમ અંગ્રેજી છે, તેમની સાથેનો સેતુ સ્થાપિત થાય અને ઉત્તરોત્તર મજબૂત બને એ આશયથી ૨૦૧૪ની સાલથી અંગ્રેજીમાં લેખો પ્રકાશિત થઈ રહ્યા છે.
- ઓગસ્ટ ૨૦૧૪ કર્મવાદ: જૈન દર્શન અને અન્ય દર્શન વિશેષાંક સંપાદિકા : ડૉ. પાર્વતીબેન ખીરાણી અને ડૉ. રતનબેન છાડવા
- ફેબ્રુઆરી ૨૦૧૫ 'ગાંધી જીવનનો અંતિમ અધ્યાય' વિશેષાંક સંપાદિકા સોનલ પરીખ
- માર્ચ ૨૦૧૫ 'અનેકાન્ત, સ્યાદ્વાદ અને નયવાદ' વિશેષાંક સંપાદિકા ડૉ. સેજલ શાહ
- એપ્રિલ ૨૦૧૫: 'પ્રબુદ્ધ જીવન' વાચક, સંશોધકની જ્ઞાનપિપાસા સંતોષી શકે તે ધ્યેયથી ૧૯૨૯થી ૨૦૧૫ સુધીના સામયિકો ડીજીટલાઈઝ કરાવી પ્રથમ તબક્કામાં સીડીના માધ્યમ દ્વારા વિના મૂલ્યે ઉપલબ્ધ કરાવી. આથી માસિક અંકોની સાચવણીની કડાકુટ વગર નિશ્ચિંત રીતે જ્યારે અને જ્યાં જરૂર હોય ત્યારે સહેલાઈથી વાંચન માટે ઉપયોગ થઈ શકે.
- ઓગસ્ટ-સપ્ટેમ્બર ૨૦૧૫ : પર્વાધિરાજ પર્યુષણ અંક 'જૈન ધર્મ અને અન્ય ધર્મની આવશ્યક ક્રિયાઓ' સંપાદિકાઓ ડૉ. રશ્મિબેન જીતુભાઈ ભેદા અને શ્રીમતી ભારતીબેન ભગુભાઈ શાહ
- ફેબ્રુઆરી ૨૦૧૬ : 'મહાત્મા ગાંધીના સહયાત્રીઓ' વિશેષાંક સંપાદિકા સોનલ પરીખ

અણધારી વિદાયથી અનુભવાતા ખાલીપામાં પણ આશ્વાસન રહે અને તેમની અદ્‌ભૂત જ્ઞાનસેવા અવિરત ચાલુ અને વિસ્તરે તેવું બીજારોપણ કરતા ગયા છે. તેઓશ્રીનો આત્મા તેમના સંપ અને 'પ્રબુદ્ધ જીવન' પરિવાર ઉપર આશીર્વાદ વરસાવતો રહેશે...

## ભાવાંજલિ

શ્રી ધનવંતભાઈના અવસાનથી દુ:ખ થયું. તેઓના ગયાથી શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, 'પ્રબુદ્ધ જીવન' સામયિક તેમજ જૈન સમાજને ભારે ખોટ પડી.

ધનવંતભાઈના બે અક્ષર 'ધન' એટલે ભૌતિક સંપત્તિ નહિ પણ ધન એટલે મૈત્રીભાવ, આનંદભાવ, સહકારભાવ, ભાવનાપ્રધાન, સૌનો સાથ લેનાર, નાના મોટા લેખકોનો ભાવપૂર્વક સ્વીકારનાર, આયોજનપ્રધાન, લેખક, નાટ્યકાર, નિબંધકાર સાહિત્ય ક્ષેત્ર ખેડનાર આ ધનવંતભાઈના પહેલાં બે અક્ષરોમાં શું શું ન હતું તે સવાલ છે. ધન એ મહાસાગર. આ મહાસાગરમાં સ્નાન કરવું તે સહેલું નથી.

૭૫ વર્ષમાં તેઓ અનેક ક્ષેત્રોમાં, મહાસાગર જેટલું કાર્ય કરી ગયા.

'પ્રબુદ્ધ જીવન' માત્ર ધર્મનું સામયિક ન બનાવતાં તેમાં વિવિધતા, સર્વધર્મનો સમન્વય, ગાંધી જીવનનું મૂલ્યને ઉજાગર કરનાર–આ ધનવંતભાઈની દેણ છે.

'પ્રબુદ્ધ જીવન' સામયિકના મુખપૃષ્ઠ સરસ્વતી માતાનું ચિત્ર રજૂ કરાવી તેઓ સરસ્વતી પૂજક એટલે જ્ઞાન પૂજક, સદ્‌ગુણ પૂજક, સર્વધર્મ સમભાવ પૂજક, નિર્દોષ સંગીતના સૂર સમુ પુષ્ટ બની રહ્યું. આ ધનવંતભાઈની દૃષ્ટિ રહી હતી.

તેઓની તંત્રીની કલમ વિચારપૂર્વક અનેક વિષયોને આવરી લેતી કલમ રહી.

તેઓ અનેક લેખકો, પ્રબુદ્ધો, ચિંતનશીલ વ્યક્તિઓ, સાહિત્ય સર્જકો, વિદ્વાન મુનિ ભગવંતોના પરિચયમાં રહેતા.

જૈન સાહિત્ય સમારોહમાં તેઓની હાજરી પ્રકાશવાન બની રહેતી. સમારોહનું વિચારપૂર્વકનું આયોજન દાદ માગી લે તેવું હતું. નાના મોટા લેખકો શોધ નિબંધ રજૂ કરનારાને પ્રોત્સાહન, માર્ગદર્શન આપતા રહેતા.

ધનવંતભાઈ સત્યનિષ્ઠ, કર્મનિષ્ઠ, સેવાનિષ્ઠ, ભાવનિષ્ઠ, શ્રદ્ધાનિષ્ઠ, ધર્મનિષ્ઠ, અહિંસાનિષ્ઠ હતા. તેઓના આત્માને આપણે સૌ પ્રેમપૂર્વક શ્રદ્ધાંજલિ અર્પીએ, તેઓનું ઋણ ચૂકવીએ.

**☐ મનુભાઈ શાહ**

૨૫૪૦/૬, શાંતિવન સોસાયટી,
જૂના તળાજા જકાત નાકા પાસે,
મીરાકુંજ સામે–રીંગ રોડ, ભાવનગર.
મો.: 942950575

## 'પ્રબુદ્ધ જીવન' સદ્‌ગતની ઈચ્છા મુજબ વિકસીત થાય

મુંબઈ જૈન યુવક સંઘના આત્મારૂપી સન્માનનીય આદરણીય વડીલ શ્રી ધનવંતભાઈની ચિર વિદાયના સમાચાર જાણી આ સંસ્થા ઊંડા આઘાતની લાગણી અનુભવે છે.

સંસ્થાનો 'દીકરીનું ઘર' પ્રોજેક્ટ શરૂ થયો તેનો સમગ્ર યશ સ્વર્ગીયને ફાળે જાય છે. 'દીકરીનું ઘર' યોજના જ્યાં સુધી હશે ત્યાં સુધી સદ્‌ગતની યાદ કાયમી બની રહેશે.

આજરોજ સંસ્થાની સમગ્ર બહેનો વતી શ્રદ્ધાંજલિ આપીને પરમ કૃપાળુ પરમાત્માને પ્રાર્થના કરીએ છીએ કે 'હે પરમ કૃપાળુ દેવા જે જીવ તારે શરણે આવ્યો છે તેને સાચી શાંતિ આપજે.'

સદ્‌ગતના પરિવાર પર આવી પડેલ આ દુ:ખદ સમયને જીરવવાની પરમાત્મા શક્તિ બક્ષે તે પ્રાર્થના.

સ્વ. ધનવંતભાઈ વગરના 'પ્રબુદ્ધ જીવન'ની ક્લ્પના નથી કરી શકતા. 'પ્રબુદ્ધ જીવન' આજે નોધારું બની ગયું છે. પરંતુ સદ્‌ગતનો આત્મા સૂક્ષ્મરૂપે જરૂર આપ સર્વેની સાથે રહેશે અને 'પ્રબુદ્ધ જીવન' સદ્‌ગતની ઈચ્છા મુજબ વિકસીત થશે જ તેવી મંગલ પ્રાર્થના. 'ૐ શાંતિ.'

**☐ ડોલા કપાસી**

મંત્રી : સમાજરત્ન ચીનુભાઈ મંજુલા ભગિની
મિત્ર મંડળ-પાલિતાણા-૩૬૪૨૭૦. ફોન : ૦૨૮૪૮-૨૫૩૩૨૦

## પત્રકારિત્વ, ધર્મ અને કુટુંબ પ્રેમ એમનો વિષય હતો

ધનવંતભાઈ જોડે સમયમાં ખૂબ લાંબા માર્ગ સુધી સત્સંગ રહ્યો છે. નાટક એક એમનો પ્રિય વિષય હતો અને મેં 'જયા-જયંત' ન્હાનાલાલનો વિષય લઈને ભજવેલો. મારા નાટક ઉપરાંત મારી નાટકમાં સાતત્ય પ્રવૃત્તિથી એ વાકેફ હતા.

વ્યવહાર અને પરમાર્થ-ગંગા અને જમનામાં વહેતા પ્રવાહની જેમ જીવનમાં વહેતા રહ્યા છે.

મારો એક અનુભવ હુંક કદી ભૂલી શક્યો નથી એમના વ્યક્તિત્વમાં રહેલી ચેતનાની સાક્ષીનો મેં સાક્ષાત્કાર કર્યો છે. આજથી પચાસ વર્ષ પહેલાંની એ વાત છે. નાટકમાં આવક નહીં અને જીવનનો વ્યવહાર ચલાવવાની અશક્તિ. મેં એમને કહ્યું કે તમે મને તમારી કંપનીમાં લઈ લો હું નાટક છોડી દેવા માગું છું. એમણે મને પાંચ હજાર રૂપિયા આપીને કહ્યું, નાટક છોડીશ તો દુ:ખી થઈશ અને નોકરી લઈશ તો થોડોક સમય અને પછી સતત દુ:ખી થઈશ.

હાસ્ય અને આનંદ એમને સતત પ્રિય હતા. પત્રકારિત્વ, ધર્મ અને કુટુંબ પ્રેમ એ એમનો વિષય હતો.

**☐ ડૉ. જયંતિ પટેલ–રંગલો**

## શબ્દના શિલ્પી–ડૉ. ધનવંતભાઈ

એમણે 'પ્રબુદ્ધ જીવન'ના કવર પેજ ઉપર માતા શારદા-સરસ્વતી દેવી-વાઘેશ્વરીના ફોટાઓ મૂકી એક અવનવી આભા ઊભી જરૂર કરી છે. મેં મારી આટલી મોટી ઉંમરમાં સરસ્વતી માતાના આવા કલામય હૈયે જચે અને મનને મોજીલું બનાવે એવા ફોટાઓ જોયા ન જ હતા પણ પછી તો બસ, 'પ્રબુદ્ધ જીવન' આવે એની મહિનાની દસમી તારીખથી રાહ જોવાય.

એટલું જ નહિ પણ એમણે મારો એક સત્ય ઘટનાનો લેખ છાપ્યો અને તે પણ છેલ્લા કવર પેજ ઉપર અને એનું શીર્ષક-મથાળું–'પંથે પંથે પાથેય' રાખી એમણે માનવ જીવનમાં ધબકતાં કેટલાક પ્રસંગો-અવસરો-જેમાં જીવનની ગહનતાને જુદા જુદા લેખકો દ્વારા સત્ય વિગતને રજૂ કરવા લાગ્યા.

એમની અમીરાત ધન સંગે નહોતી. વાણી, વિચાર, વ્યવહાર તથા લેખોની હારમાળાથી પસંદગીમાં અનોખું વ્યક્તિત્વ નીખરી ઊઠ્યું છે. એણે કડવાશને તો કાયમ માટે દેશવટો આપ્યો હતો અને મધુરતા-મીઠાશ-સહકાર-સંસ્કાર અને સત્ સાહિત્ય માટે તો એમનો પસંદગીનો વ્યવહાર ભલભલાની આંખે ઉડીને જરૂર વળગે!

૨૦૧૨માં મારું એક પુસ્તક 'કવિ કલાપી' અને લાખેણું લાઠી' પ્રસિદ્ધ થયું હતું. એમાં આમુખ એમણે લખેલું. અને એના આમુખના વાક્યોમાં મારાથી જોડણી દોષ રહી ગયેલો તો મને મીઠો ઠપકો પણ આપેલો.

હું લાઠીનો વતની. એમનું કલાપીનું નાટક સી.ડી. દ્વારા જોયેલું. એમણે એ નાટક દ્વારા કલાપીને અક્ષરદેહે દૈવત્વ અપાવ્યું છે. અને એ નાટકે એમને ડૉક્ટરેટની પદવી પણ અપાવી છે.

એમની નાટ્ય લેખન પ્રત્યેની રુચિ–જૈન ધર્મ સિવાય અન્ય ધર્મો પ્રત્યેની ઊંડી લાગણી–માનવતાના મૂલ્યના મરમી, મુંબઈ જૈન યુવક સંઘના ૧૮ વરસની ઉંમરે કાર્યરત રહી જીવનના છેલ્લા શ્વાસ સુધી એને હૈયે 'પ્રબુદ્ધ જીવન' જ વસેલું. સ્પષ્ટવક્તા-તથા એમાં કટુતા નહિ તથા માનવીય મૂલ્યોને જીવનભર ઊતારનાર ડૉ. ધનવંતભાઈ ટી. શાહનું અરિહંતશરણ ભલે થયું પણ તેઓ શબ્દ દેહે આપણી સંગે ચિરંજીવી છે.

'મરણ કરતાં સ્મરણ વિશેષ બળવાન છે.' –નંદશંકર પંડ્યા

'જેટલી વાર આપણે એક મિત્ર ગુમાવીએ છીએ તેટલી વાર આપણું મૃત્યુ થાય છે.'

❑ **મનસુખલાલ ઉપાધ્યાય–'પ્રવીણ'**

## 'છે' અને 'નથી'ની વચમાં માત્ર ક્ષણનું અંતર

ઘડી પહેલાં જે ઘર કહેવાતું, દિવાલો થઈ જાય<br>
એ કંઈ જેવી તેવી વાત નથી,<br>
માણસ જેવો માણસ ક્ષણમાં ધૂમાડો થઈ જાય,<br>
એ કંઈ જેવી તેવી વાત નથી,<br>
ઘર ઘર રમતાં પળમાં કોઈ પૂર્વજ થઈ પૂજાય,<br>
એ કંઈ જેવી તેવી વાત નથી.

માણસ 'છે' અને 'નથી'ની વચમાં માત્ર એક જ ક્ષણનું અંતર હોય છે. શું થાય? ઈશ્વરની ઈચ્છાને તો આધીન થવું જ રહ્યું.

મુરબ્બી ધનવંતભાઈની ખોટ પરિવારને પડશે, જૈન યુવક સંઘમાં ખાલીપો વરતાશે, 'પ્રબુદ્ધ જીવન'ને કોઈ ખમતીધર ખભાએ ઉપાડવું પડશે અને જૈન સમારોહોમાં હસતા ધનવંતભાઈનું મુખ ક્યારેય જોવા નહિ મળે, આવા વિચારો અપરંપાર વેદના જન્માવે છે. એમના સ્નેહ અને સાથ-સહકાર, વ્હાલ નીતરતા શબ્દો અને ચહેરા પરનું સહજ હાસ્ય જૈન સમારોહને જીવંત અને ભર્યોભર્યો બનાવી દેતાં હતાં. જીવન તો ચાલે છે અને ચાલશે, પરંતુ હૃદયના એક ખૂણામાં, ધનવંત-ભાઈની ગેરહાજરીથી ખાલીપાનો અહેસાસ જરૂર થશે. તેઓ ચાલ્યા ગયા છે પણ એમની સુવાસ ઘણા વિશાળ જૈન પરિવારમાં અને અમારા જેવા જૈનેતર કુટુંબોમાં પણ પ્રસરાવતા ગયા છે. એક, ઘણા મૂલ્યનિષ્ઠ, ખંતીલા, પ્રેમાળ વ્યક્તિત્વ સાથે અમારે સંબંધ હતો અને રહેશે, એને હું અમારું સદ્ભાગ્ય સમજું છું.

–**સુધા નિરંજન પંડ્યા**ના<br>
સમગ્ર પરિવારના જય જિનેન્દ્ર

### ઘર બેઠાં વ્યાખ્યાનોનું શ્રવણ કરો

- ૮૧મી વ્યાખ્યાનમાળાના બધાં જ વ્યાખ્યાનો આપ સંસ્થાની વેબ સાઈટ www.mumbai-jainyuvaksangh.com ઉપર સાંભળી શકશો.<br>
  સંપર્ક : શ્રી હિતેશ માયાણી-મો. નં. : 09820347990
- આ વ્યાખ્યાન આપ youtube ઉપર પણ જોઈ સાંભળી શકશો.<br>
  સંપર્ક : દેવેન્દ્રભાઈ શાહ- 09223584041<br>
  --Shree Mumbai Jain Yuvak Sangh - -81st Paryushan Vyakhyanmala-2015
- આ બધાં વ્યાખ્યાનોની CD પણ આપ અમારી ઑફિસેથી વિના મૂલ્યે મેળવી શકશો.

**CD સૌજન્યદાતા : કાંતિલાલ રમણલાલ પરીખ પરિવાર**<br>
**સંપર્ક : હેમંત કાપડિયા–09029275322 / 022-23820296**<br>
વ્યાખ્યાનોનો લાભ લેવા જિજ્ઞાસુ આત્માને વિનંતિ.

–**મેનેજર**

## ડૉ. ધનવંત ટી. શાહની દુ:ખદ વિદાય

૨૦૦૪ની સાલમાં એક મિત્રે શ્રી ધનવંત શાહ લિખિત ત્રિઅંકી નાટક 'રાજવી કવિ કલાપી'નું પુસ્તક મોકલ્યું. વાંચી ખૂબ જ પ્રભાવિત થયો. પણ રૂબરૂ મળવાનો યોગ બન્યો નહિ, જે દસ વર્ષ પછી, ૨૦૧૪ના તેમના પત્રથી શક્ય બન્યું.

'આનંદ ઉપવન'ના અંકમાં પ્રસિદ્ધ થયેલ લેખ 'બે યુગપુરુષો: શ્રીમદ્ રાજચંદ્ર અને ગાંધીજી' વાંચી 'આનંદ ઉપવન' અને એ લેખની ભરપેટ પ્રશંસા કરતો એમનો પત્ર વાંચી, મળવાનો યોગ બન્યો. તેઓ કદર કરી શકતા હતા. તેમણે લખ્યું: 'વર્તમાન ગુજરાતી સામયિક વિશ્વમાં આપે આ સામયિક દ્વારા રણમાં ગુલાબની રોપણી કરી છે. મા શારદાને પ્રાર્થના કરું કે પ્રત્યેક રેત-આંધીથી એ આ સામયિકની રક્ષા કરે. તમારી હિંમતને અભિવંદુ છું. આપનો લેખ 'બે યુગપુરુષો' મને ખૂબ જ ગમ્યો, અને એટલે જ આ પત્ર લખવા પ્રેરાયો છું.'

'આ લેખ અભ્યાસનિષ્ઠ, ચિંતનાત્મક, સમતોલ તુલનાત્મક અને સર્જનાત્મક છે યથા સમયે હું અમારા 'પ્રબુદ્ધ જીવન'માં તો એ પ્રકાશિત કરીશ જ. આપે આ લેખમાં પૂર્ણ વિવેકથી, પૂર્વગ્રહ મુક્ત ઘણી વાતો લખી છે એ માટે આપને ધન્યવાદ'

શ્રી ધનવંતભાઈ ગાંધી સ્મારક-મણિભુવનના ટ્રસ્ટી પણ હતા. આ પત્ર પછી તો રૂબરૂ મુલાકાત અને ટેલિફોન દ્વારા અવારનવાર સંપર્કમાં હતા. 'પ્રબુદ્ધ જીવન'માં પ્રસિદ્ધ થયેલ તેમના તંત્રીલેખોના સંકલનના બે પુસ્તકો મોકલ્યા જેમાંથી તેમની સ્વાનુભવયુક્ત વાર્તા 'તાંસળીવાળા બાબા' 'આનંદ ઉપવન'ના જુન ૨૦૧૫ના અંકમાં પ્રસિદ્ધ કરી જેને વાચકો તરફથી સારો આવકાર મળ્યો હતો.

જાન્યુ. ૨૦૧૫ના 'આનંદ ઉપવન'ના 'બાપુ વિશેષાંક' માટે તેમજ માર્ચ ૨૦૧૫ 'કલાપી વિશેષાંક' માટે લખવાનું કહ્યું અને કામના બોજ નીચે પણ તેમણે મારી વિનંતિ માન્ય રાખી હતી. 'આનંદ ઉપવન'ના નિયમ મુજબ પુરસ્કારનો ચેક મોકલ્યો જે તેમણે સાભાર પરત કરવા સાથે લખ્યું: 'આનંદ ઉપવન' આર્થિક રીતે પગભર થશે ત્યારે પુરસ્કારની રકમ સાથે જ લઈશ.'

બહુશ્રુત અહંભાવથી મુક્ત શ્રી ધનવંતભાઈનો ટૂંકા ગાળાનો પરિચય અવિસ્મરણીય છાપ છોડી ગયો.

'આનંદ ઉપવન' તેમના પરિવારજનોને આ આઘાત સહન કરવા શક્તિ આપે એવી પ્રભુ પ્રાર્થના કરે છે.

**અલવિદા ધનવંતભાઈ !**

**☐ ધીરુ પારેખ**

## શબ્દાંજલિ...

'ધનવંતભાઈ હવે આપણી વચ્ચે નથી' એવા સમાચાર જ્યારે પહેલી વખત સાંભળ્યા ત્યોર ડૂસકું મૂકાઈ ગયું. એમને શબ્દાંજલિ તરીકે એમના બે વિશેષ ગુણોને વાગોળવાનું મન થાય છે.

૧. કોઈપણ પરિસ્થિતિમાં કોઈનેય હાનિ ના પહોંચે એ રીતે મધ્યમ માર્ગ કાઢવાની સૂઝ અને ૨. કોઈપણ સારી વસ્તુની અનુમોદના કરી તેને પ્રોત્સાહન આપવું.

કલિકાલસર્વજ્ઞ આચાર્ય હેમચન્દ્રસૂરીશ્વરજીના જીવન ઉપર 'સિદ્ધહેમ' નાટક લખવાનું બન્યું. શ્રી ધનવંતભાઈએ જ્યારે એનો પ્રયોગ જોયો ત્યારે વખાણ્યું. પરંતુ સાથે સાથે નાટકમાં આચાર્યનું પાત્ર ભજવાય એ એમણે કહ્યું અને તરત જ દિગ્દર્શક સામે પોતાનો વિરોધ નોંધાવ્યો.

મૂળ વાત હવે આવે છે.

નાટકને કોઈ હાનિ ના પહોંચે એ રીતે દિગ્દર્શક સાથે રહીને એમણે વચલો માર્ગ કાઢી આપ્યો. પોતાના વૈચારિક સિદ્ધાંતો પ્રત્યે નિષ્ઠાની સાથે સાથે સામા પક્ષને સમજવાની ઉદારતા એમનામાં હતી.

વર્ષ ૨૦૧૩માં મુંબઈના વિલેપાર્લે ખાતે ઉપાધ્યાય વિનય-વિજયજી લિખિત 'શ્રીપાળ રાસ' પ્રસ્તુત કરવાનું બન્યું. એ જ અરસામાં 'નેમીસૂરિ આખ્યાન' પણ રજૂ કરવાનું બન્યું. ધનવંતભાઈની જાણમાં જ્યારે આ વાત આવી કે તરત જ આ કાર્યક્રમો વિશે ફોન ઉપર પૃચ્છા કરી અને મહાવીર જૈન વિદ્યાલયના શતાબ્દિ વર્ષ નિમિત્તે બાવીસમા જૈન સાહિત્ય સમારોહમાં આચાર્ય વલ્લભસૂરીશ્વરજીના જીવન ઉપર એક કાર્યક્રમ રજૂ કરવા જણાવ્યું. એટલું જ નહીં. એમના માર્ગદર્શન હેઠળ 'વલ્લભ વંદના' પુસ્તિકા પણ મારી પાસે કરાવી.

મુંબઈ યુનિવર્સિટી દ્વારા આયોજિત 'વિનય-યશ' રાષ્ટ્રીય પરિસંવાદમાં મારી પાસે શ્રીપાળ રાસની ચૂંટેલી કડીઓ ગવડાવવાનો આગ્રહ રાખ્યો. મને સ્વપ્નેય ખ્યાલ નહોતો કે માર્ચમાં જ્યારે શ્રીપાળ રાસનું ગાન કરતો હોઇશ ત્યારે ધનવંતભાઈ હાજર નહીં હોય!

ધનવંતભાઈ, તમારા આ ગુણો મારામાં પણ કેળવાય એ જ પ્રાર્થના..!!

**☐ જહોની શાહ**
Mob.: 9223272515

## એમના જીવના એક ખૂણે ગ્રામ્યજીવન ધબકતું હતું

આદરણીય ધનવંતભાઈ જોડે પરિચય ક્યારે થયો? યાદ નથી, પણ સમય જતાં એનો રંગ વધુ ને વધુ ગાઢ થતો ગયો. કલાપી મારા પ્રિય કવિ. ધનવંતભાઇએ પોતાનો મહાનિબંધ વાંચવા મોકલાવ્યો. કલાપીની સાથે ધનવંતભાઈના સાહિત્યજીવનનો પણ પરિચય થતો ગયો અને એક દિવસ ધનવંતભાઈ તરફથી કલાપીની સુંદર સી.ડી. ને પુસ્તિકા ભેટ મળ્યા, જેમાં એમણે લખેલ નાટકના સંવાદો હતા. મારી દીકરીનું સાસરૂં કોટડા-રોહા. આ કલાપીના પત્ની રમાબા પણ એ જ ગામના. ધનવંતભાઈને આ જાણીને ખૂબ જ આનંદ થયેલો. એકવખત મારા ઘરે JAINAના એક પ્રતિનિધિ અને મુંબઈના સ્કોલર્સની મિટીંગ હતી. ધનવંતભાઈ પણ આવેલા.

મને શ્રી મુંબઈ જૈન યુવક સંઘ સાથે જોડાવા અવારનવાર એઓશ્રી તરફથી આમંત્રણ મળતું. પણ મારી અન્ય પ્રવૃત્તિઓને લીધે એ શક્ય નહીં બન્યું. છતાં પણ પર્યુષણ દરમ્યાન એકઠાં કરેલા ફાળાને જ્યારે કોઈ સંસ્થાને અર્પણ કરવા જતા, ત્યારે હું જવાનો પ્રયત્ન જરૂર કરતી. એ વખતે એમના વ્યક્તિત્વ વિષે કશુંક નવું જાણવા મળતું.

ધનવંતભાઈ સાહિત્યરસિક. બાલપણની શિક્ષા સોનગઢમાં લીધેલી. સોનગઢ ત્યારે ગામડું જ હશે. મારું બચપણ પણ કચ્છના ગામડામાં વિત્યું તો અમને ગ્રામ્યજીવનની વાતો કરતાં ખૂબ જ આનંદ આવતો. કલાપીની ગ્રામ્યભૂમિ મેં નજરે જોઈ છે એમ જયારે અમારી વાતો થતી ત્યારે તેમને ખૂબ રોમાંચ થતો. અમારી વાડીમાં ૧૦૮ આંબાના ઝાડો, વાવેલા પાકને પાણી પાવા માટે 'ક્યારા વાળવા' અમે ભાઈ-બહેનો મજૂરો પાસેથી જીદ કરીને પાવડા લઈ લેતા અને એકનું પાણી બીજામાં વહાવી દેતા. પછી મજૂરોને ઠપકો સાંભળવો પડતો. આ બધી વાતો સાંભળવી એમને ખૂબ ગમતી. ગગનચૂંબી ઈમારતમાં રહેતા એમના જીવના એક ખૂણે ગ્રામ્યજીવન ધબકતું હતું.

આવા તો કંઈ કેટલાય સંસ્મરણો ધનવંતભાઈની યાદ તાજી કરાવતા રહેશે. દુર્ભાગ્યે એમના મૃત્યુના ત્રણ દિવસ પહેલાં જ મારા પતિએ આ દુનિયામાંથી વિદાય લીધી એટલે હું એમની અંતિમયાત્રામાં પણ સામેલ ન થઈ શકી. વિધાતા પણ ક્યારેક કેવા સંજોગો ઊભા કરે છે!

સૌમ્યમૂર્તિ, અજાતશત્રુ શ્રી ધનવંતભાઇનો આત્મા સદ્‌ગતિ જ પામ્યો હશે. એમને ભાવાંજલિ આપીને વિરમું છું.

ૐ શાંતિ શાંતિ શાંતિઃ

□ **ઈલા શાહ**

૨૦૧, ભૈરવ દર્શન, જે. બી. માર્ગ,

એલ્ફીનસ્ટન રોડ, મુંબઈ-૪૦૦૦૧૩.

## પથદર્શક ડૉ. ધનવંતભાઈ શાહ

આપણી વચ્ચેથી પ્રકાશ પાથરતો એક સિતારો વિદાય થઈ ગયો. આદરણીય મુ. શ્રી ધનવંતભાઈ એક સફળ નાટ્યલેખક, સાહિત્યકાર, સંશોધનકાર, વ્યાખ્યાતા, તંત્રી, સામાજિક કાર્યકર કે અનેક સંસ્થાઓ અને પ્રવૃત્તિઓના સૂત્રધાર જ નહોતા, પરંતુ તેના પ્રાણ હતા; કેટલીય ઉગતી પ્રતિભાઓના માર્ગદર્શક, સહાયક, સાથી, મિત્ર તથા ગુરુ હતા.

સાચા અર્થમાં તેઓ જૈનધર્મ, જૈન તત્ત્વદર્શન અને જૈન સાહિત્યના પ્રચારક, પ્રસારક હતા. તેમના આ અંગેના અવિરત પ્રયત્નો અને ભગીરથ કાર્યોએ, ફક્ત જૈન શાસનને જ નહીં, પરંતુ સારાયે સમાજને જે આપ્યું છે તેને શબ્દોમાં આલેખી શકાય તેમ નથી. તેઓ મૃદુભાષી, સરળ, સાદા, વિનમ્ર, મિત્ર અને માર્ગદર્શક હતાં.

પ્રખર વિદ્વાન ડૉ. રમણભાઈ શાહ પછી જાગૃતિ અને પ્રગતિ માટે આગવું સ્થાન ધરાવનાર શ્રી મુંબઈ જૈન યુવક સંઘની પર્યુષણ વ્યાખ્યાનમાળા તથા અનેકવિધ પ્રવૃત્તિઓ તથા ઉપયોગી–ઉમદા સાહિત્ય પીરસતા. 'પ્રબુદ્ધ જીવન'ને કોણ સંભાળશે? એ ચિંતા દૂર કરીને આ દરેક પ્રવૃત્તિઓને વધારે ઊંચાઈ ઉપર લઈ જવાનું સફળ કાર્ય તેમણે પોતાના સફળ નેતૃત્વ તથા વિદ્વતા દ્વારા ઉમદા-મુલ્યવાન પરિણામમાં પરિવર્તિત કર્યું છે.

કેળવણી ક્ષેત્રની આગવી મહાન સંસ્થા–શ્રી મહાવીર જૈન વિદ્યાલયની અતિ મહત્ત્વની પ્રવૃત્તિ–'જૈન સાહિત્ય સમારોહ' ડૉ. રમણભાઈએ શરૂ કરેલ–તેને પણ ઉત્તરોત્તર વધારે ઊંચાઈ ઉપર લઈ જવાનું, નવા નવા વિદ્વાનો, લેખકો, સંશોધન નિબંધ લેખકો શોધવાનું, તેમને સાથ-સહકાર અને માર્ગદર્શન આપીને જૈન શાસ્ત્રો-સાહિત્યના ક્ષેત્રે તેમણે ભગીરથ વંદનીય કાર્ય કર્યું છે. તેમને મારી ભાવાંજલિ.

□ **હિંમતલાલ શાંતિલાલ ગાંધી**

## શાણો મિત્ર ગુમાવ્યાનું દુ:ખ

પૂ. ધનવંતભાઈ એક મહામાનવ હતા ને જીવનનું ઘડતર કેમ સારા મૂલ્યોવાળું થાય તેવા લેખો લખતા અથવા લખાવતાં. તેમના જવાથી તમો બધાંને આસમાન તૂટી પડ્યું હોય તેવું દુ:ખ થયું છે. અને અમને બધાંને પણ શાણો મિત્ર ગુમાવ્યાનું દુ:ખ થયું છે.

'પ્રબુદ્ધ જીવન'ને તો મહાદુ:ખ થયું છે, પણ કાળ આગળ કોઈનું ચાલતું નથી. તેઓ સારું કાર્ય કરીને ગયા છે તેથી તેમનો આત્મા સદ્‌ગતિમાં જ ગયો હોય એ ચોક્કસ છે.

□ **લક્ષ્મીકાંત શાહ**

## પ્રબુદ્ધ જીવન

# કાલ—આજ—કાલ

☐ ડૉ. સેજલ શાહ

આ લેખમાળાનું શીર્ષક ધનવંતભાઈએ આપ્યું. મેં કહ્યું, બીજા અનેક સાહિત્યિક કે શબ્દ અલંકારથી ખચિત આપી શકાય પરંતુ એમણે ના પાડી, મનમાં બહુ જ સ્પષ્ટ વિચાર હતો કે આપણે ગઈકાલની વાતની પ્રસ્તુતા આજના સંદર્ભમાં જુઓ, અને જાત તપાસણી કરો કે ક્યાં શું અને કેટલું બદલાયું. વાત જૂની છે કે આપણી વિકાસની ગતિ ધીમી છે!

બહુ જ સરળ, સહજ, વાત્સલ્યથી ભરપુર, ગંભીરતા સાથેની હળવાશ જાળવી લેતાં, પોતાના સમગ્ર વ્યક્તિત્વને ઓગળી નાંખવાની તૈયારી સાથે સામેવાળાને ઉજાગર કરતાં, તંત્રી ધનવંતભાઈ શાહની દીર્ઘદ્રષ્ટિથી પ્રબુદ્ધજીવનની એક એક લેખમાળા, આવરણ, ઓપ, સામગ્રી ઘડાતી ગઈ, વાચકને જકડી રાખવાની અને સ્પષ્ટતાપૂર્વક મુલ્ય સાથે જરાય બાંધછોડ કર્યા વગર અનેક વિષયી લેખો તંત્રી તરીકે લખતા ગયા. આજે મારે સમયના બહુ દૂરના પટ પર નથી જવું પરંતુ જેના વિચારો, વર્તને, વાત્સલ્યે મારા જેવા અનેકને સમૃદ્ધ કર્યા છે એ તંત્રીના લેખોના કેટલાંક મહત્ત્વના સંદર્ભો પ્રત્યે ધ્યાન દોરવું છે. ધનવંતભાઈના તંત્રી લેખોથી હવે આપણે વંચિત રહેવાના, પરંતુ એમના શબ્દોમાં રહેલી સક્ષમતા અને તત્કાલીન સમયમાં એની પ્રસ્તુતતા આપણને લાંબા સમય સુધી યાદ રહેવાના છે, યુવાનોને સાથે રાખી, સમજી, એમને પુરતો અવકાશ આપી. એમની સ્વતંત્રતાનું ગૌરવ કરી, એમને જે કામ કરાવ્યું છે અને કરાવવા ધારતા હતાં તેની એક સ્પષ્ટતા ઉપરાંત તેમનું વિશાલ માનવીય જ્ઞાનસભર, તાત્ત્વિક, વ્યવહારિક છતાં મહત્ત્વકાંક્ષી વિશ્વ જોવા મળે છે. શબ્દો અમર હોય છે પણ એથી વધુ મહત્ત્વ એ શબ્દો વાંચનાર અને એ શબ્દોને આચરનારનું અને એનું મૂલ્ય સમજનારનું છે. ધનવંતભાઈ તમે આ શબ્દો અને એ થકી અમારા સહુમાં છો,નિશંકપણે!

---

**૧૬ જૂન, ૨૦૦૬**

***આપણા નવશ્રીમંતો અને કહેવાતા બૌદ્ધિકોમાં વિષયના ઊંડાણમાં પહોંચ્યા વગર આવી ચર્ચા કરવાની આજે જાણે 'ફેશન' થઈ ગઈ છે. આ વર્ગના આવા વિચારદોષ માટે એ વર્ગને દોષિત માનવાની જરૂર નથી, તેમજ એમના વિચારની અવહેલના પણ ન કરી શકાય, પરંતુ તત્ત્વના ઊંડાણમાં વિચારમંથનમાં પ્રવેશવું પણ એટલું જ જરૂરી છે.***

***જે પરંપરા છે એ પરંપરાનું ખંડન કરવું એ ક્રાંતિ નથી. જે ક્રાંતિમાં વિચારક્રાંતિ નથી, જેમાં નવસર્જન નથી એને ક્રાંતિ ન જ કહેવાય. 'આની જરૂર નથી' અને 'હવે આની જરૂર છે' એમાં 'નથી' અને 'છે', માટે વિષદ ચર્ચા જરૂરી છે.***

***આ વિષદ ચર્ચાનો અહીં અવકાશ નથી, પણ અંગુલિનિર્દેશ કરી થોડા મુદ્દા વિચારવા જરૂરી છે.***

***પ્રશ્ન એ છે કે શું આજે આપણને શિક્ષણ સંસ્થા અને હૉસ્પિટલોની જ જરૂર છે? વ્યક્તિ અને સમાજને આ બધી સંસ્થાઓ જ આગળ લઈ જશે?***

***મહાત્મા ગાંધીજીએ કહ્યું છે કે 'ડૉક્ટરોની અને હૉસ્પિટલોની સંખ્યા વધારતા રહેવું પડે એ આપણી સંસ્કૃતિની પ્રગતિની નિશાની નથી..શરીરની સપુર્ણ તંદુરસ્તીનો આધાર માનસિક સ્વાસ્થ્ય છે. અને માનસિક સ્વાસ્થ્યનો આધાર સ્વચ્છ નિર્મળ હૃદય છે.'***

***આ માનસિક સ્વાસ્થ્ય અને સ્વચ્છ નિર્મળ હૃદય પ્રાપ્ત થશે જિનાલયોમાં ગૂંજતા ભક્તિનાદ અને ધર્મ સ્થાનકોમાંથી સંતમુખે વહેતી જ્ઞાન ગંગામાંથી.***

સમાજમાં આજે મંદિરોને બદલે શિક્ષણ માટેની શિક્ષણ માટેની સંસ્થા અને આરોગ્ય માટેની હૉસ્પિટલ બંધાવી જોઇએ એવા સામુહિક સ્વરની સામે એમને સંસ્કાર અને મુલ્ય પ્રતિષ્ઠાન માટે મંદિર અને ધર્મની આવશ્યકતા જણાવી છે. કારણ આપની અંદરની માનવતાએ સંસ્કારો જગાડી રાખશે અને તે માટે ધર્મ અને મૂલ્યોનો મહત્ત્વનો ભાગ રહેવાનો.

*તા. ૧૬ જુલાઈ, ૨૦૦૬.*

**આપણે કેટલાં અહિંસક ?**

**જાતને ક્યાં સુધી છેતરશું? સાચ્ચે આપણે અહિંસક છીએ?**

**'ઉપભોગ' નહિ, ફક્ત 'ઉપયોગ' GREED નહિ ફક્ત NEEDBASE જીવન શૈલી આપણો જીવન મંત્ર બની રહે અને એ પ્રકારની ગાંધીવાદી જીવન શૈલી આપણે અપનાવીને જીવનમાં સાદગી અને સંતોષને સ્થાન આપીએ, તો જ અપરિગ્રહ સાથે સાચું અહિંસક જીવન જીવી શકાય, નહિ તો સાચો અહિંસા-ધર્મ પળાય જ નહિ.'**

**પરંતુ જૈન ધર્મના આપણે પૂરેપૂરા વફાદાર રહેવું હોય તો પ્રત્યેક જૈને કુદરતી ઉપચાર પદ્ધતિ અપનાવવી પડશે, અને દાનવીરોએ પણ આવા કેન્દ્રોની અનુમોદના કરવી જોઇશે, એમાં જ પૂર્ણ અહિંસાનો ભાવ છે.**

અહિંસા સાથેના આ વિચારો જીવનમાં કઈ રીતે અપનાવવા

એ દરેક સાચા માણસે શોધવું રહ્યું.

**૧૬ ઓગસ્ટ ૨૦૦૬**

પર્યુષણ વ્યાખ્યાનમાળાની લોકપ્રિયતા એમાં વ્યક્ત થતાં માનવીય અભિગમ અને અનેક ધર્મને અપનાવી અનેકાંત દૃષ્ટિ કેળવવા માટે છે. તેઓ હંમેશાં વિશ્વમાનવીની જેમ વિચારતાં અને સમાજના વર્ગને, દેશને ઉપયોગી થાય તેવા વિચારોના આગ્રહી હતા, એટલે જ ધર્મ ભેદ કરતાં અનેક વિચારણા સ્વીકાર દ્વારા સમન્વય સાધવાનો પ્રયત્ન કરે છે. તેથી જ આ વ્યાખ્યાનમાળા માત્ર ધાર્મિક નહિ પરંતુ વૈચારિક વ્યાખ્યાનમાળા બની રહી.

## પર્યુષણ વ્યાખ્યાનમાળા : એક અવિરત જ્ઞાનયાત્રા

**આજે વિશ્વ સાથેના સંબંધની દૃષ્ટિએ, રાષ્ટ્રીય દૃષ્ટિએ અને સમાજ તેમજ કુટુંબની દૃષ્ટિએ કેટલાય પ્રશ્નો ઉભા થયા છે અને ઉભા થતા જાય છે અને એ પ્રશ્નો છેક જ અસ્થાને નથી; ધાર્મિક સંબંધ વિનાના પણ નથી. એટલે તેની વ્યવહારુ દૃષ્ટિએ અને ધાર્મિક દૃષ્ટિએ ચર્ચા કરવી પ્રાપ્ત થાય છે. જૈન ધર્મ પણ પહેલાં પડોશી ધર્મનો અભ્યાસ કેળવી પછી જ વિશ્વધર્મી થવાની શક્યતા દર્શાવે છે. આખું જ જીવન બધા પ્રશ્નોને લગતા સમયાનુકુળ અને સતર્ક ખુલાસા માંગે છે.**

**'કાલ', 'આજ' અને 'કાલ'ના સમન્વયથી 'આજ'ને 'ધર્મ ' સમન્વવ દ્વારા જીવતા શિખવાડે એવા ચિંતન-વિચારની અપેક્ષા સાથે જિજ્ઞાસુ શ્રોતા વર્ગ આવી વ્યાખ્યાનમાળા તરફ ડગ માંડતો હોય છે.**

**સમાજને ગતિ-પ્રગિત કરાવવા માટે ધનવાનની જરૂર પછી પડે છે. પ્રથમ જરૂર છે વિચારવાનની. સર્વ પ્રથમ તો ધર્મને એના વ્યાપક અર્થમા સમજવો, અને વર્તમાન જીવનની વાસ્તવિકતામાં 'ધર્મ'ની એ 'સમજ'ને પ્રવેશ આપવો, અને પછી આગળની જીવન યાત્રાનો નકશો તૈયાર થઈ શકે એવું ચિંતન પાથેય આવી વ્યાખ્યાનમાળા પીરસે એમાં જ વાણી સાર્થક્ય છે.**

**આવી વ્યાખ્યાનમાળા માત્ર જિજ્ઞાસા પોષક નથી, રૂઢિભંજક નથી, મનોરંજક કે ચિત્તરંજક પમ નથી, પણ ચિત્તવિકાસ કરાવનાર વ્યાસ પીઠ ઉપરથી વહેતી એ જ્ઞાનગંગા છે.**

**–ધનવંત શાહ**

**તા. ૧૬ ઓક્ટબર, ૨૦૦૬**

## નૂતન વર્ષાભિનંદન

અહીં ફિલસૂફ ધનવંતભાઈ જોવા મળે છે, શિખામણ પણ કેવી જે આપણને ગળે ઉતરી જાય, જાણે યોગીના શબ્દોનું સ્ફૂરવું અને આપણા અંતરમનને સ્પર્શવું.

**નૂતન વર્ષના પ્રથમ દિવસે તો આપણા વિતેલા દિવસોને યાદ કરીએ. આપણી ભૂલોનું પુનરાવર્તન ન થાય એનો સંકલ્પ કરીએ. આનંદની પળો યાદ કરીએ. એની સુગંધમાં ગુણાકારો થાય એવી પરમાત્માને પ્રાર્થના કરીએ. જે જે અશુભ અને વેદનામય થયું છે એને પણ કાળની ઇચ્છા સમજી સમતા ભાવ કેળવીએ.**

**વેદનાભર્યા ભૂતકાળને આપણે ભૂંસી શકતા નથી જ. તો એને ભૂલી જવાની પ્રજ્ઞા કેળવીએ એ જ જીવન વિકાસ છે. ભૌતિક વિકાસની ક્ષણભંગુરતા નક્કી છે જ. પણ આંતરિક વિકાસની ચેતના તો શાશ્વત છે. ઋતુંભરા પ્રજ્ઞા તરફ ગતિ આ આંતરિક વિકાસ જ આપણને કરાવશે.**

**આપનું નવું વર્ષ અનેક આંતરિક સિદ્ધિઓથી ભર્યુંભર્યું બનો એવી શુભેચ્છા પાઠવી તત્ત્વચિંતક થોરોના શબ્દો સાથે આપના અંતરમાં બિરાજમાન આત્માને નત મસ્તકે પ્રણામ કરું છું.**

**'થોડી વસ્તુઓથી સંતુષ્ટ રહેવું, વૈભવ ફેશનને બદલે સુંદરતા અને સુઘડતા પસંદ કરવી; સન્માનને ઝંખવાને બદલે (માનને) યોગ્ય અને પાત્ર બનવું, અને સંપત્તિવાન નહિ પણ સમૃદ્ધ બનવું. સખત પરિશ્રમ (ઊંડો અભ્યાસ) કરવો. શાંત ચિત્તે વિચારવું, મૃદુ રીતે વાત કરવી, નિખાલસપણે વર્તવું; તારાઓ, પંખીઓ, બાળકો અને સાધુજનોનાં હૃદયગાન ખુલ્લા દિલથી સાંભળવા; બધું આનંદથી ખમી લેવું, હિંમતથી કરવું; અવસરની રાહ જોવી. ટૂંકમાં સામાન્યતામાં અણકથી અને અભાનપણે રહેલી આધ્યાત્મિકતાને પ્રકટવા દેવી,-આ મારી જીવનભાવના છે.'**

**–ધનવંત શાહ**

**તા. ૧૬ નવેમ્બર, ૨૦૦૬**

## 'અધ્યાત્મ પળે...'

## પ્રજ્ઞત્વમાંથી પ્રગટેલી સ્વ આત્માનુભૂતિ

જેને પોતાની જાતને સમજી લીધી છે. જેને ગુરુને પામવા માટે અખંડ પ્રયાસ કર્યા હતો, જે પોતાની જાતને જ્ઞાન અને દૃષ્ટિથી સતત સમૃદ્ધ રાખે છે, જેની અંદર પ્રજ્ઞાની જ્યોત પ્રગટી છે.

**પૂ. બાપજીના આ ઉપાલંભના શબ્દો મારા માટે તો આત્મિયતાનો અમૂલ્ય ઉપહાર હતો. ઊભા થઈ મેં એઓશ્રીને વંદના કરી અને એમની સામે જોઈ જ રહ્યો, જોઈ જ રહ્યો! મારા આશ્ચર્યને એઓ કળી ગયા, સમતા અને વ્હાલથી કહ્યું :**

**'શરીર છે, ચાલ્યા કરે, જેટલી શરીરની વેદના ભોગવો એટલો કર્મનો જથ્થો ઓછો થાય. અને અમારે તો શરીરના આ 'બહાર'ના સાથે લડવાનું અને 'અંદર'ના સાથે પણ લડવાનું! બહારના માટે તો બહારથી દવા મળે. અંદરની 'દવા' તો અંદરથી જ પ્રાપ્ત કરવાની!'**

પૂજ્ય બાપજી લલિતાબાઈ મહાસતિજી અને પૂજ્ય તરુલતાબાઈ મહાસતિજીના દર્શનથી પ્રાપ્ત ચેતનાનો પ્રભાવ અહીં વ્યક્ત કર્યો છે, 'આધ્યાત્મ પળે' પુસ્તકમાંથી.

સામી વ્યક્તનું મન એવું પ્રવાહી નથી કે આપણી પસંદગીના ઢાંચામાં ગોઠવાઈ જાય. બે વ્યક્તિ કેવી છે એને આધારે સંબંધ બંધાતો કે તૂટતો નથી. પરંતુ બે વ્યક્તિ એકબીજાને કેવી મળે છે એના આધારે સંબંધ બંધાય છે અને તૂટે છે. ભૂતકાળને નજર સામે રાખ્યા કરશો તો ઝઘડા ઊભા રહેશે, ભવિષ્યને નજર સામે રાખશો તો જરૂર સમાધાન કરવાનું મન થશે.

જીવનું ૯૯ વાર ધાર્યું થયું હોય અને એક વાર ન થાય, તો ૯૯ વાર જે થયું હોય તે નહીં, પણ એક વાર જે નથી થયું તે યાદ રહે છે, અને એનો જ ખટકો રહે છે. કારણ કે તેમાં પોતાનું માન ઘવાણું હોય છે. પોષણ કરતાં પણ જ્યાં ઘા પડ્યો હોય ત્યાં વેદના હોય. જ્યાં વેદના હોય ત્યાં ચિત્ત વધારે ટકે છે અને તેનું સ્મરણ વધારે રહે છે.

'મોક્ષ મૂલમ્ ગુરુ કૃપા'. ગુરુની કૃપા એ મોક્ષનું મૂળ છે. વિનય એ ધર્મનું મૂળ છે. વિવેક એ કાર્યનું મૂળ છે અને શ્રદ્ધા એ સિદ્ધિનું મૂળ છે, ત્યારે અવિનય ને અવિવેક જીવનના શૂળ છે. અવિનીત અને અવિવેકી ન તો જીવનની મોજ માણી શકે છે કે ન બીજાને માણવા દે છે.

તા. ૧૬ ડિસેમ્બર, ૨૦૦૬

## માણસ માટે બધું છે, પણ માણસ માટે માણસ ક્યાં ?

હમણાં પંદરેક દિવસ માટે ભૌતિક રીતે સમૃદ્ધ દેશ અમેરિકા જવાનું થયું. એ ધરતી ઉપર પગ મૂકતાં જ એ દેશની ચોકી જવાય એવી સમૃદ્ધિ નજરે દેખાઈ. બસ એ દેશ એક માનવ દેહનું જ સર્જન નથી કરી શક્યો. ; અચરજ પમાડે એવું બધું જ એણે સર્જ્યું છે. આ બધુંજોઈને તરત જ આપણા દેશ સાથે સરખામણી કરવાનું મન થઈ જાય. આપણી પાસે બુદ્ધિબળ અને પુરુષાર્થબળ ક્યાં નથી? છતાં આઝાદીના સાઈઠ વર્ષ પછી પણ જીવન જરૂરિયાતની ચીજો માટે પણ આપણા દેશના ખૂણાનો માણસ વલખાં મારે છે! ભારતમાં કેટલા ધનિકો કયા નંબરે છે એના આંકડા છપાય છે. શેરબજારના ઊંચા જતા ઈન્ડેક્સથી આપણે પોરસાઈએ છીએ પણ ગરીબી કે બેકારી કેટલી ઓછી થઈ એના નિયમિત આંકડા મિડિયા મિત્રો છાપે છે? ઉપલબ્ધ પણ છે? ભૌગોલિક આઝાદી તો આવી પણ અંગ્રેજો જે વહીવટી અને શૈક્ષણિક માળખું મૂકી ગયા એમાં આપણે કેટલો મૌલિક ફેરફાર કર્યો?

એકરોમાં પથરાયેલી હોલીવુડ નગરી જોઇ. માનવ અને પ્રાણીઓના અદ્‌ભુત પરાક્રમો જોયા. વિજ્ઞાનનો ચમત્કાર અને ભવ્ય ભૌતિક સમૃદ્ધિ!

ઈન્દ્રનગરી જેવા અદ્‌ભુત લાસ વેગાસની કેસિનોમાં ફરતાં ફરતાં ૯૦ વર્ષના વૃદ્ધને અને ૮૦ વર્ષની વૃદ્ધાને જુદે જુદે ખૂણે બેસી એકલા એકલા કલાકો સુધી જુગાર રમતા જોયા!

ડિસ્ટન્સ, ડોલર અને ડાયવર્સના એ દેશમાં માનવી માટે ભૌતિક બધું છે. માત્ર માનવી માટે હુંફાળો માનવી નથી!

–ધનવંત શાહ

ભૌતિકતા નહિ પરંતુ મનુષ્યની હૂંફને મહત્ત્વ આપનાર આ વાત્સલ્યસભર વ્યક્તિની ચિંતા આજના અનેક માતા-પિતાને ચેતવે તો સારું!

જૂલાઈ-૨૦૧૦

## જૈન ધર્મ અને શ્રીમંતો અને અપરિગ્રહ

આજે ચારે તરફ સત્તાનું, પૈસાનું કેન્દ્રિકરણ થાય છે કારણ કે આપણી સંસ્કૃતિ એના અધ્યાત્મ મૂળને એક તરફ મૂકીને ભૌતિકવાદમાં ડૂબી ચૂકી છે. અમેરિકા અને પશ્ચિમના ભૌતિકવાદની દેખાદેખીમાં આપણે પામ્યા કરતાં ઘણું ગુમાવી ચૂક્યા છીએ. હવે ભૌતિક સમૃદ્ધિ એજ પ્રગતિની વ્યાખ્યા બની ચૂકી છે. હવેનો સમાજ સમૃદ્ધિની પાછળ દોડે છે. એની મૂળ ખોજ તો શાંતિની હોવી જોઇએ એ ભૂલાઈ ગયું છે. હવે ઉપદેશ કે ચર્ચાથી કાંઈ નહિ વળે, હવે તો એ પટકાઈને પાછા આવશે ત્યારે જ સમજાશે, પણ ત્યારે ઘણું મોડું થઈ ગયું હશે.

જો કે આપણી સંસ્કૃતિના પાયામાં એટલું બધું બળ છે કે એ ક્યારેય તૂટશે નહિ. આજે અધ્યાત્મિક માર્ગદર્શન અને શાંતિ માટે બધાં જ દેશોની નજર ભારત તરફ મંડાણી છે. પૂર્વ્ ને પશ્ચિમની દીવાદાંડીનું કામ એક સમયે આ દેશ જ કરશે. કાળ પાકશે ત્યારે એ થશે જ; ત્યાં સુધી ધીરજ રાખવી રહી, અને ધીરજ એ તપ છે. જીવન જીવવાની કળા જૈન ધર્મના સિદ્ધાંતોમાં અદ્‌ભુત છે. નવી ખોજની કોઈ જરૂર નથી, માત્ર આપણાં ધર્માચાર્યો સાચી રીતે, નિસ્પૃહી ભાવે શ્રાવકને એ સમજાવશે તો મંગલ મંગલ છે, શાંતિ શાંતિ છે.

–ધનવંત શાહ

ઑગસ્ટ-સપ્ટેમ્બર-૨૦૧૩

## પર્યુષણ પર્વ વિશેષાંક

પર્યુષણ પર્વના આઠ-દસ દિવસ ધર્મ મહોત્સવના દિવસો છે. આ કર્મક્ષય કરવાના દિવસો છે. પ્રાયશ્ચિત અને પશ્ચાતાપની પળોના દર્શન કરી, ક્ષમા આપી ક્ષમા માંગવાના આ ધન્ય દિવસો

છે. આત્મા પર આરૂઢ થઈ ગયેલા રાગ, દ્વેષ, કામ, લોભ, મોહ વગેરે પાપસ્થાનકોને જ્ઞાન, તપ અને ભક્તિથી એ બધાંને નીચે ઊતારી અને હળવેકથી એમને વિદાય કરવાના આ દિવસો છે. જેમ જેમ આ અશુદ્ધ આવરણો દૂર થતાં જશે તેમ તેમ આતમજ્યોતિ પ્રકાશિત થશે, એ અનુભૂતિ શબ્દાતિત છે. જે મહાન આત્માને અનુભૂતિ થાય છે એ જીવનમુકત બની જાય છે. સંસારમાં રહીને પણ અસંસારી બની જીવી જાય છે,

સાક્ષીભાવ સ્વરૂપે. આ ભવ્ય આત્મા મોક્ષના યાત્રિ બની જાય છે.

જૈન સાહિત્ય અને વિચારણા અનેક લોકો સુધી સાચી રીતે પહોંચે એ માટે તેઓ સતત આવા વિશેષાંકો તૈયાર કરાવતા રહ્યા.

ડિસેમ્બર-૨૦૧૦

## ઈચ્છામૃત્યુ

હંમેશા નવા અને વિચારોત્તેજક વિષયોને પ્રેરતા. પોતે અંદરથી સ્પષ્ટ હોવાને કારણે તેમને ક્યારેય દંભનું આવરણ પહેર્યું નહિ. કોઈને ખુશ કરવા કે દુઃખી કરવા નહિ પરંતુ જે સમયે જે સાચું લાગે અને જે ખોટું લાગે તે કહેવાની તેમની હિંમત કાબિલે દાદ હતી.

એટલે આ ઈચ્છા મૃત્યુ અને જૈન ધર્મના સંથારા-સંલેખના સાથે કોઈ મેળ નથી. સંથારો એટલે કર્મો ભોગવી લઈને કર્મક્ષયની પ્રક્રિયા વ્રત માટે પણ વિચારમંથનની જરૂર છે જ.

આ વિષય ઉપર એક માત્ર લેખ સદ્ગત મિત્ર હર્ષદ દોશીએ ત્રણેક વર્ષ પહેલાં શ્રી મહાવીર જૈન વિદ્યાલય યોજીત પૂનામાં ૧૯મા જૈન સાહિત્ય સમારોહમાં સંથારા વિશે એક દિવસની વિદ્વદ્ ગોષ્ટિ યોજાઈ ત્યારે શ્રી હર્ષદભાઈએ મને આપ્યો હતો, એ અહીંઆ પ્રસ્તુત છે. ઉપરાંત વિદ્વાન મિત્ર ડૉ. માણેક સંગોઈને જે જીવંત દ્રશ્યાનુભવ થયો એ પણ અહીં પ્રકાશિત છે. આ બન્ને લેખોથી અ-જૈનને ઈચ્છા મૃત્યુ અને સંથારા વિશેનો ભેદ સમજાશે અને જૈન ધર્મીને પણ વિચાર મંથનની એક ભૂમિકા પૂરી પાડશે એવી શ્રદ્ધા છે.

શરીરમાં રહેલો આત્મા પરમાત્મા સ્વરૂપ ત્યારે જ પામે જ્યારે આત્મા ઉપર રહેલાં કર્મોનો સંપૂર્ણ ક્ષય થાય. આ કર્મોનું નિમિત્ત શરીરની ઈન્દ્રિયો છે અને આ ઈન્દ્રિયો જ જ્યારે અનશન વ્રતથી શિથિલ થાય, અનિત્ય ભાવ તરફ દૃષ્ટિ કરે અને સમ્યક્જ્ઞાન, સમ્યગ્દર્શન અને સમયક્ચારિત્રની પ્રાપ્તિ થાય ત્યારે આત્માની મોક્ષ તરફ ગતિ નિશ્ચિત છે જ.

આવા ભવ્ય આત્માને કોટિ કોટિ વંદન.

—ધનવંત શાહ

જૂન-૨૦૧૩

## જૈન એકતા

'ગચ્છના બહુ ભેદ નયને નિહાલતાં
તત્ત્વની વાત કરતાં ન લાજે.
ઉદર ભરણાદિ નિજ કાજ કરતા થકાં,
મોહ નડિઆ કલિકાલ રાજે.' (૧૪ :૩)

—આનંદઘનજી

જૈન ધર્મ એક જિવીત ધર્મ છે. એમાં સ્વસ્થ જીવન જીવવાની કલા છે. આ ધર્મમાં વર્ગભેદ નથી. વર્ણભેદ નથી. શ્રેણિક રાજા અને સામાન્ય માનવ, તેમજ ચારે વર્ણ એક સાથે બેસી શકે છે એટલો એ ઉદાર છે. કર્મના મહાન સિદ્ધાંત દ્વારા એ મોક્ષની પ્રાપ્તિ કરાવે છે. અપરિગ્રહ અને સાપેક્ષવાદ જેવા માહન સિદ્ધાંતો જગતને જૈન ધર્મે આપ્યા, જે વિશ્વને શાંતિના શિખરે બિરદાવવા સમર્થ છે.

વિવિધ સંપ્રદાયોમાં અટવાયેલા આ અતિ પ્રાચીન અને મહાન ધર્મમાં શું એકતા શક્ય નથી ?

ના, શક્ય નથી. પ્રત્યેક સંપ્રદાયના મૂળ એટલાં ઊંડા ઉતરી ગયા છે કે હવે આ એકતા શક્ય નથી, છતાં અન્ય દૃષ્ટિકોણથી એકતા શક્ય છે. મુખ્ય સંપ્રદાયો, શ્વેતાંબર મૂર્તિપૂજક, દિગંબર, સ્થાનકવાસી અને તેરા પંથ, આ સંપ્રદાયના વિવિધ પેટા સંપ્રદાયોનું એના મુખથ્ય સંપ્રદાયમાં વિલીનકરણ થાય તો આજે જે મતભેદો મનભેદો સુધી પહોંચ્યા છે ત્યાંથી પાછા વળી મતભેદો સુધી જ રહે, કેમકે, આખરે તો સાપેક્ષવાદ અને અનેકાંતવાદ જૈન ધર્મના આત્મા છે !

સંપ્રદાય સરિતા છે, જૈન ધર્મ મહાસાગર છે. આ મહાસાગરમાં સર્વ સરિતા સમર્પિત થાઓ.

અહંનું વિગલન થાવ. પછી એકતા અને મોક્ષ ક્યાં દૂર છે ?

મિચ્છામિ દુક્કડમ્

વિશ્વનો એક શ્રેષ્ઠ ધર્મ જ્યારે વિભાગોમાં વહેંચાય જાય ત્યારે વિકાસ કે ફેલાવાને બદલે સંકુચિત બનતો હોય છે અને એટલે જ તંત્રીશ્રી આ સળગતા પ્રશ્ન તરફ આપણું ધ્યાન દોરે છે. ક્રિયામાં ફરક હોય પરંતુ મૂળ તાત્ત્વિક બાબતમાં આ સહુ એક બીજા સાથે જોડી દેવાય ત્યારે ભેદ આપોઆપ નાબુદ થઈ જાય છે.

કોઈની પસંદગીની પરવા કર્યા વિના નીડર સર્જકનો પણ અહીં પરિચય મળે છે. પરંતુ મૂળ ચિંતામાં ધર્મને સમજી જીવાડવાનો છે.

જાન્યુઆરી—૨૦૧૫

## ધરમ-કરમ

કેડી વગર ફરવા નીકળ્યા હોઇએ અને કોઈપણ તર્ક વગર

*આજુબાજુ ફંટાઇએ એમ આજે લખું છું. તર્કબદ્ધ અને શિસ્તબદ્ધ નથી. બેડીઓ ફગાવી દીધી છે સ્વૈર વિહારનો પણ ક્યારેક આનંદ લેવો જોઇએ.*

*મનમાં અનેક પ્રશ્નો રાક્ષસ બનીને ઊભા થાય છે પણ બધાં પ્રશ્નોના ઉત્તર આપે એવો 'જીન' કે 'વેતાલ' (વિક્રમાદિત્ય-વેતાલ) હજુ સુધી મને મળ્યો નથી.*

*ધરમ, કરમ, આ બન્ને જોડિયા ભાઈ, પણ જન્મથી જ કેમ વિખૂટા પડી ગયા હશે? યુગોથી વારે વારે એને ભેગા કરવાની બધાંએ મથામણ કરી છે તોય.*

*માનીતી રૂપાળી રાણીની જેમ 'ક્રિયા' લાડકી થઈને ધરમ પાસે બેસી ગઈ!*

*હમણાં થોડાં વરસોથી જૈન સાધુ-મહાત્માઓનો વિહાર અકસ્માત ચિંતાનો વિષય બન્યો છે. પ્રતિવર્ષ આવું બને છે. એક વર્ગ કહે છે કે આ નિશ્ચિત અને યોજનાબદ્ધ કાવતરું છે. જે હોય તે, આ દિશામાં ઊંડા ઉતરી સત્ય શોધી આ મહાત્માઓની સુરક્ષા થવી જઇએ. શહેરમાં જ્યાં જ્યાં જૈન સાધુ મહારાજાના ઉપાશ્રય છે ત્યાં નિયમ પ્રમાણે સાધુના નિહાર એટલે મળ ત્યાગ માટે વાડા બનાવાય છે. જે આરોગ્યની દૃષ્ટિએ સર્વ માટે હાનિકારક છે. ઉપરાંત આ મળની સાફસુફી માટે જે માનવ દેહને કહેવામાં આવે છે એ તોઆ યુગમાં અમાનવીય અને ગેરબંધારણીય છે. જૈન સાધુ જો મોબાઇલ ફોન અને લેપટોપ રાખી શકતા હોય તો પછી શહેરમાં સંડાસનો ઉપયોગ કરવાની છૂટ કેમ ન લઈ શકે? જૈન સાધુ મહારાજો આ કારણે પણ શહેરના અજૈનોમાં અનાદરણીય બન્યા છે.*

*xxx*

*ધરમ-કરમના આ બધાં પ્રશ્નોથી મન ચકડોળે ચડ્યું છે. વાચકનું પણ ચડ્યું હશે. કોઈ મહાનુભાવે રોષ પણ પ્રગટ કરી કહી દીધું હશે, 'આ માણસને ધર્મનું ઊંડું જ્ઞાન નથી.' આ લખનારને આ લેબલ મંજૂર છે. આ લખનારને ધર્મના ગહન તત્ત્વજ્ઞાનના મહાન ગ્રંથો અને સર્વ ધર્મો પ્રત્યે પૂરો આદર છે એ સત્ય પણ સ્વીકારવા વિનંતિ.*

*તો કરવું શું? કેટલાક પ્રશ્નો નદીના બે કાંઠા જેવા હોય છે. ક્યારેય ભેગા ન મળે. પણ આપણે પાણીમાં વહેતા રહેવું, ધરમ પાસે રખાય કે ન રખાય પણ કરમને ભાગવા ન દેવો.*

*–ધનવંત શાહ*

આપના અનેક તંત્રી લેખોના ટુકડાઓથી ખ્યાલ આવે છે કે કેટલાંય વિષયો પર વિચારતા ધનવંતભાઈની વિદ્વતા મુક્ત અને વિકાસશીલ હતી. વ્યક્તિથી લઈ સમાજ સુધીના સહુમાં આત્મા ઉદ્ધાર માટે આ વ્યક્તિ કાર્યરત રહેતી. સ્વથી ઉપર એમનું વ્યક્તિત્વ ક્યારનું વિસ્તરી શક્યું હતું. ક્યારેક પંડિતો તો ક્યારેક વિચાર તો ક્યારેક સાહિત્ય તો ક્યારેક ફિલસૂફ અંગેના ધનવંતભાઈના વિચારો જોવા મળે છે અને જેને જરાય સમયની ધૂળ ચડી નથી. આપની વચ્ચે રહેલો આ માણસ ક્યારનો યોગીમય જીવતો હતો ચુપચાપ. આપણને પણ એની સાથે ચલાવી આત્માનંદ આપવા ઈચ્છતો. હવે એમના શબ્દો આપણને જીવાડશે. એમની ખોટ આપણે એમના શબ્દો દ્વારા જ શોધી જાતને સંભાળવી પડશે, કારણ પેલું ધનવંતભાઈનું હાસ્ય છે પરંતુ પ્રત્યક્ષ નથી જે અંદર કોતરાયેલું છે તેને જ આધારે જાતને મનાવી કામે લગાડવાની છે. તંત્રીનો આદેશ છે ને!

**□ સેજલ શાહ**

## પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈને અહિંસારત્ન એવૉર્ડ

અહિંસાના વિશ્વવ્યાપી પ્રસાર માટે સ્થપાયેલા અહિંસા ફાઉન્ડેશન દ્વારા જાણીતા સાહિત્યકાર અને જૈનદર્શનના ચિંતક ડૉ. કુમારપાળ દેસાઈને ૨૦મી માર્ચે ઈંદોરના આનંદમોહન માથુર સભાગૃહમાં 'અહિંસા રત્ન સન્માન' એનાયત કરવામાં આવ્યું. આ સમયે સમારંભના અધ્યક્ષ જૈનરત્ન શ્રી નેમનાથજીએ કહ્યું કે ડૉ. કુમારપાળ દેસાઈની અનેકવિધ પ્રવૃત્તિઓ જોઈને અમને આશ્ચર્ય થાય છે. એક જીવનમાં એમણે કેટલું બધું કામ કર્યું છે. જ્યારે અહિંસા ફાઉન્ડેશનના સચિવ મૂલચંદ આંચલિયાએ કહ્યું કે ઈંદોરને માટે આજે ઉત્સવનો દિવસ છે કારણ કે માનવતાવાદી રાષ્ટ્રસંત ભૈયુજી મહારાજ અને અન્ના હજારે પછી ત્રીજો એવૉર્ડ ડૉ. કુમારપાળ દેસાઈને આપી રહ્યા છીએ. અહિંસા ફાઉન્ડેશનના અધ્યક્ષ અભય લાલવાણીએ કહ્યું કે અહિંસાની ભાવનાનો પ્રસાર અને કરુણાનાં કાર્યો માટે અપાનારો આ એવૉર્ડ સવિશેષ ગૌરવાન્વિત બન્યો છે. ડૉ. દેસાઈએ દેશ અને વિદેશમાં કરેલાં કાર્યો તેમજ પોપ જ્હોન પોલ અને ડ્યુક ઑફ એડિનબરોની મુલાકાત તેમજ યુનાઈટેડ નેશન્સના ચૅપલોમાં આપેલા પ્રવચનો તથા દસ દેશોના વ્યાખ્યાન પ્રવાસો એ એમનાં અવિસ્મરણીય કાર્યો છે. જ્યારે ઈંદોર રિજીયનના ચૅરમેન અતુલ ઝામડે ડૉ. દેસાઈની આઈ કેર ફાઉન્ડેશનના ઈન્ટરનેશનલ ડાયરેક્ટર, ઈન્ડિયન રેડક્રોસ (બોટાદ) શાખાના ચૅરમેન તથા અનુકંપા ટ્રસ્ટ તથા સુલભ હેલ્થ એન્ડ હાર્ટ સેન્ટર ટ્રસ્ટી તરીકે કરેલી માનવસેવાની રૂપરેખા આપી હતી. શ્રી સુરેશ કોઠારી અને શ્રી પંકજ સંઘવીએ પણ પ્રસંગોચિત અભિવાદન કર્યું હતું અને ત્યારબાદ ડૉ. કુમારપાળ દેસાઈને અભિનંદન પત્ર અને પુરસ્કાર સમર્પિત કરવામાં આવ્યો હતો.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા સર્વપ્રથમ યોજાઈ રહેલી

પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈની અનોખી

# ।। શ્રીમદ્ રાજચંદ્ર કથા ।।

જૈનજગતમાં શ્રી મુંબઈ જૈન યુવક સંઘે સૌપ્રથમવાર ૨૦૧૦ની ૭, ૮, ૯ ઑક્ટોબરે ત્રિદિવસીય 'મહાવીર કથા'નું આયોજન કર્યું. સળંગ ત્રણ દિવસ સુધી કોઈ તીર્થંકર કે વિભૂતિના જીવનને વિશાળ લોકસમુદાયના હૃદયને સ્પર્શે એવી રીતે કથાસ્વરૂપે પ્રસ્તુતિ કરવાની મારી પરિકલ્પના હતી અને મારી એ પરિકલ્પનાને સાકાર કરવા માટે મને સાથ મળ્યો પ્રખર વક્તા, જૈનદર્શનના આંતરરાષ્ટ્રીય ચિંતક પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈનો. ગંગોત્રીમાંથી નીકળી જેમ ગંગાનો વિશાળ પટ સર્જાય તેમ 'મહાવીર કથા'થી શરૂ થયેલી શ્રી મુંબઈ જૈન યુવક સંઘની આ વિશિષ્ટ કથાઓનું પાન એ પછી પ્રતિવર્ષ શ્રી મહાવીર જન્મ કલ્યાણકના દિવસ નિમિત્તે ત્રિદિવસીય કથા રૂપે થતું રહ્યું.

ડૉ. કુમારપાળ દેસાઈ દ્વારા પ્રસ્તુત થતી પ્રવાહી, રસળતી, અને રોમાંચક ધર્મ કથાને એટલો બધો આવકાર મળ્યો કે પ્રત્યેક કથાને અંતે આગામી કથાનો વિષય શ્રોતાઓની લાગણીને અનુલક્ષીને નક્કી થઈ જતો. આમ એક વર્ષ પૂર્વેથી શ્રોતાજનોના મનમાં કથાશ્રવણની આતુરતા રહ્યા કરતી.

'શ્રી મહાવીર કથા' પછી 'શ્રી ગૌતમ કથા', 'શ્રી ઋષભ કથા', 'શ્રી નેમ-રાજુલ કથા', 'શ્રી પાર્શ્વ-પદ્માવતી કથા' અને ગયે વર્ષે 'કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય'ની કથાનું આયોજન થયું. આ પરંપરામાં હવે ડૉ. કુમારપાળ દેસાઈની જ્ઞાનગહન, ચિંતનયુક્ત છટાદાર વાણીમાં આગામી ૨૨ એપ્રિલ શુક્રવાર અને ૨૩મી એપ્રિલ શનિવારે સાંજે છ વાગ્યે અને ૨૪મી એપ્રિલ રવિવારે સવારે ૧૦ વાગ્યે ભારતીય વિદ્યાભવન (ચોપાટી)માં 'શ્રીમદ્ રાજચંદ્ર કથા'નું આયોજન કરવામાં આવ્યું છે.

આ 'શ્રીમદ્ રાજચંદ્ર કથા'માં તેઓશ્રી શ્રીમદ્જીના દિવ્ય પ્રકાશિત જીવનનાં થોડાંક કિરણો વાચકો અને જિજ્ઞાસુઓને સાંપડે અને એમનામાં મુમુક્ષા જાગે એ રીતે એનું આલેખન કરશે. વર્તમાન કાળમાં થોડાક દાયકા પૂર્વે થયેલા શ્રીમદ્ રાજચંદ્રના જીવનના પ્રસંગોમાં રહેલો ગહન બોધ અને ગંભીર મર્મ શ્રોતાજનો પામે અને એ રીતે સત્યધર્મનું – મૂળમાર્ગનું – સ્વરૂપ સમજીને સાચી આધ્યાત્મિક દિશા તરફ પ્રગતિ કરે એવો આ કથામાં આશય રખાયો છે.

અલ્પ આયુષ્યકાળ હોવા છતાં શ્રીમદ્ રાજચંદ્રજી પાસેથી જગતને કેટલું બધું પાથેય સાંપડ્યું છે કે જેને સમજવા માટે દીર્ઘાયુષ્ય પણ ઓછું પડે. એમની સ્મરણશક્તિ, જાતિસ્મૃતિજ્ઞાન કે અવધાનના પ્રયોગો દ્વારા એમના પૂર્વ સંસ્કારો અને પ્રબળ સ્મૃતિનો પરિચય મળે છે. શતાવધાનને પરિણામે પોતાની કીર્તિ સતત ફેલાતી હતી, ત્યારે આ બાહ્ય સિદ્ધિઓને ક્ષણભરમાં ત્યાગીને શ્રીમદ્ રાજચંદ્રજીએ આંતર સિદ્ધિઓની ગરિમા બતાવી. એમનાં કાવ્યો, પત્રો અને ગદ્યગ્રંથો દ્વારા આત્મશુદ્ધિ અને આત્મસિદ્ધિનો મનુષ્યજાતિને માટે અનુપમ આલેખ આપ્યો. સ્વયંની દિવ્ય જ્યોતિથી કેટલાય જીવોના જીવનને પ્રત્યક્ષ અને એ પછી પરોક્ષ રૂપે પ્રકાશિત કર્યાં.

એમના નિર્દોષ ચારિત્રમય ચરિત્ર અને એમની સાહજિક વીતરાગવૃત્તિથી તેઓ ભગવાન મહાવીરના મૂળમાર્ગના પથદર્શક બની રહ્યા. તેઓએ ધર્મનાં ગૂઢ રહસ્યોને સરળ વાણીમાં સાચા સ્વરૂપે પ્રગટ કર્યાં. આમ, સ્વયં અમૃતપદ પામીને જગતને કાજે આત્માનો અમૃત પ્રકાશ વેરનાર શ્રીમદ્ રાજચંદ્રજીના તત્ત્વજ્ઞાને વિશ્વને યોગ્ય માર્ગ બતાવ્યો.

શ્રીમદ્ રાજચંદ્ર કથામાં પ્રવેશ કરતાં પૂર્વે એ સમયનો પણ વિચાર કરવો જોઈએ. ઈ. સ. ૧૮૫૭ના સ્વાતંત્ર્ય સંગ્રામની વિફળતા પછી ભારતની ભૂમિ પર આશાનાં કિરણો પ્રસરી રહ્યાં હતાં. દેશની ક્ષિતિજ પર કેળવણી, સમાજ સુધારણા અને નવ જાગૃતિનું પરોઢ ઊગી રહ્યું હતું. રાજા રામમોહન રાયે સતીની પ્રથા જેવી કુરૂઢિઓ સામે પ્રચંડ વિરોધ જગાવ્યો હતો. બ્રહ્મોસમાજ, પ્રાર્થનાસમાજ, થિયોસૉફિકલ સોસાયટી જેવી સંસ્થાઓ દ્વારા નવીન ધર્મવિચારણાનો પ્રારંભ થઈ રહ્યો હતો.

બીજી બાજુ જડ ક્રિયાકાંડ, દાંભિક ધર્માચરણો, ધનની આછ-કલાઈથી ભરેલા ઉત્સવો અને રૂઢ માન્યતાઓએ સમાજને ચારે બાજુથી ઘેરો ઘાલ્યો હતો. ધર્મનાં આચરણો થતાં હતાં, પણ ધર્મની મૂળ ભાવના અને તેનું અંતિમ ધ્યેય વિસરાઈ ગયું હતું. ધર્મવિચાર અને ધર્મને નામે થતાં આચરણ વચ્ચે મોટી ખાઈ ઊભી થઈ હતી.

આ સમયે વિધિનો સંકેત હોય તેમ ભારતની ભૂમિ પર બે

મહાન વિભૂતિઓનું પ્રાગટ્ય થયું. એક અધ્યાત્મના શિખર સમા જૈન ધર્મના મૂળમાર્ગપ્રબોધક શ્રીમદ્ રાજચંદ્રજીનું અને બીજા દેશને સર્વાંગી આઝાદી અપાવનાર મહાત્મા ગાંધીનું. મહાત્મા ગાંધીના જન્મ પૂર્વે પોણા બે વર્ષ અગાઉ સૌરાષ્ટ્રના મોરબી નજીકના વવાણિયા બંદર નામના નાના ગામમાં શ્રીમદ્ રાજચંદ્રનો જન્મ થયો. મહાત્મા ગાંધીનો એ જ સૌરાષ્ટ્રની ભૂમિના પોરબંદર ગામમાં જન્મ થયો. શ્રીમદ્ રાજચંદ્રજી મહાત્મા ગાંધીની આધ્યાત્મિક ભીડ સમયે માર્ગ દર્શાવનારા બન્યા અને મોહનદાસમાંથી મહાત્મા બનેલા ગાંધીજીએ સહુથી વધુ કોઈના જીવનમાંથી ધર્મવિચાર ગ્રહણ કર્યો હોય તો તે શ્રીમદ્ રાજચંદ્રજીના. આ બંને આ ભૂમિ પર અમૃતવર્ષા બનીને આવ્યા. એમણે મા વસુંધરાને યથાયોગ્ય ધર્મ અને કર્મથી શોભાવી.

આ તો થઈ બહારની દુનિયાની વાત, પણ વિભૂતિનો પ્રકાશ દુનિયાની એક જ બાજુને અજવાળતો નથી. એ મુમુક્ષુના હૃદયને પ્રેરે છે, તો સાથે માનવીના જીવનને જીવવાનો અર્થ અને દૃષ્ટિ પણ આપે છે.

વીતરાગ માર્ગ પર જામી ગયેલા રાગભર્યા વહેવારો અને આચારોને દૂર કરીને શ્રીમદે શુદ્ધ માર્ગનો પ્રકાશ આપ્યો. એમને કોઈ નવીન પંથ પ્રવર્તાવવો નહોતો. એમને તો વીતરાગપ્રણીત માર્ગને યથાર્થ રીતે દર્શાવવો હતો. એ માર્ગમાં પરસ્પરનાં શાસ્ત્રોનું સાદર વાંચન થાય, જુદા જુદા ફિરકાઓ વચ્ચે એકતા સધાય અને અન્યની સમૃદ્ધિ દ્વારા સ્વંયની અપૂર્ણતા દૂર થાય એવો શ્રીમદ્નો આશય હતો.

એમનામાં નાની વયથી જ માર્ગનો ઉદ્ધાર કરવાની જિજ્ઞાસા પ્રવર્તતી હતી અને તેથી જ મૂળ માર્ગ પર લક્ષ કરીને અને પરમ શ્રુતની આરાધના કરીને શ્રીમદે અવનિને એ અમૃત પાછું ધર્યું. જૈન ધર્મના સિદ્ધાંતોના નિચોડ સમા ગ્રંથો રચ્યા. એમનામાં કવિતા અને તત્ત્વજ્ઞાન એવા લય અને તાલ સાથે પ્રગટ થયા કે અગણિત મુમુક્ષુઓના અંતરમાં એનું અવિરત ગુંજન અદ્યાપિ ચાલ્યા કરે છે.

શ્રીમદ્નું જીવન સ્વયં એક સંદેશ બની ગયું હતું. બાહ્ય ઉપાધિ અને પ્રબળ વ્યાધિઓ વચ્ચે જીવતા માનવીને માટે એ જીવન સમતાનો શીળો છાંયડો બની ગયું. એમણે ગૃહસ્થાશ્રમમાં રહીને આત્મ-કલ્યાણના ઊર્ધ્વ શિખરનો સાધનાપંથ બતાવ્યો. એમનાં વચનોમાં હૃદયપરિવર્તનની શાંત તાકાત હતી. એમના આત્મલક્ષી ચિંતનમાં બાહ્ય જગતમાં ભમતા માનવીને ભીતરમાં ખોજ કરવાનું આહ્વાન હતું.

'મતભેદ રાખીને કોઈ મોક્ષ પામ્યા નથી,' એમ કહેનાર શ્રીમદ્નાં વચનો ભેદદૃષ્ટિ કે મતાગ્રહ છોડીને આત્મકલ્યાણનો માર્ગ પામવાનો પડકાર કરે છે. શુષ્ક જ્ઞાન કે જડ ક્રિયાનો નિષેધ કરવાની સાથોસાથ સમર્પણશીલ ભાવયુક્ત ભક્તિને સર્વોત્કૃષ્ટ માર્ગ તરીકે દર્શાવે છે. 'બીજું કશું શોધમા. માત્ર એક સત્પુરુષને શોધ' કહેનારા શ્રીમદે સદ્ગુરુનું માહાત્મ્ય બતાવ્યું. આત્મજ્ઞાન વિનાના ગુરુ તે સદ્ગુરુ નહિ એમ ભારપૂર્વક કહ્યું. શ્રીમદ્ના આવા ક્રાંતિકારી વિચારો અંગે એ સમયે વખતોવખત એમનો વિરોધ થયો હતો એ એમણે નિસ્પૃહભાવે સહ્યો હતો.

શ્રીમદ્નું વ્યક્તિત્વ જ વૈરાગ્ય-પ્રેરક હતું અને એમની શક્તિઓ અસાધારણ હતી. તેઓ એકાંતમાં રહી સ્વાધ્યાય, મનન અને ધ્યાનમાં સમય પસાર કરતા અને લોકસમૂહથી દૂર જંગલોમાં અને પહાડોમાં, નિર્જન સ્થળમાં કે વૃક્ષની નીચે ધ્યાન ધરતા હતા. જીવનમાં સંયમ, આહારમાં સાદાઈ અને સર્વ રીતે નિસ્પૃહી રહેવાની એમની વૃત્તિ એમના સત્સંગમાં આવનાર વ્યક્તિને સ્પર્શી જતાં.

એમનો જીવનપ્રકાશ એવી રીતે પ્રસર્યો કે એમાંથી સહુ કોઈને સમયે સમયે જીવની ઊર્ધ્વયાત્રાનો વિરલપંથ દૃષ્ટિગોચર થતો ગયો.

આ કથામાં પ્રથમ દિવસે (૧) અવનિ પર આત્મજજ્યોતિનું અજવાળું (૨) કરુણાનો સ્પર્શ (૩) બાલ્યાવસ્થાથી વિદેહી દશા (૪) 'ગુજરી જવું' એટલે શું? (૫) જાતિસ્મરણજ્ઞાન (૬) અસાધારણ સ્મૃતિશક્તિ (૭) કાવ્ય રચનાનો ધોધ (૮) અતીન્દ્રિયજ્ઞાનશક્તિ (૯) બહુ પુણ્ય કેરા પુંજથી (૧૦) શતાવધાની (૧૧) કવિ (૧૨) માતૃભક્તિનો મહિમા (૧૩) શ્રીમદ્ અને શ્રી સોભાગભાઈ (૧૪) બીજજ્ઞાન જેવાં વિષયો રજૂ થશે. બીજે દિવસે (૧) સંસારી પરમાર્થ ગુરુ (૨) સમકિત શુદ્ધ પ્રકાશ્યું રે (૩) મહાત્મા ગાંધી સાથે મેળાપ (૪) અહિંસા પરમો ધર્મ (૫) મારગ સાચા મિલ ગયા (૬) આત્માર્થીઓની દીવાદાંડી (૭) આત્માનું ઉપનિષદ આત્મસિદ્ધિ શાસ્ત્ર જેવા પ્રસંગોનો મર્મ દર્શાવાશે. જ્યારે ત્રીજે દિવસે (૧) અપૂર્વ અવસર (૨) માત્ર મોક્ષ અભિલાષા (૩) ઇડરના પહાડોમાં (૪) આંતરબાહ્ય સમાધિ યોગ (૫) મૂળ માર્ગનું અમૃત (૬) સુખ ધામ અનંત (૭) સમાધિમૃત્યુ (૮) વર્તમાન યુગને સંદેશ જેવાં વિષયો આવરી લેવાશે.

મુંબઈમાં યોજાઈ રહેલી આ 'શ્રીમદ્ રાજચંદ્ર કથા' પ્રસિદ્ધ દાનવીર સી. યુ. શાહની સ્મૃતિમાં શ્રી રાજસોભાગ સત્સંગ

મંડળ, સાયલાના સૌજન્યથી યોજાઈ રહી છે. આમાં સંગીતમય સાથ પણ શ્રી રાજસોભાગ મંડળ, સાયલાના મુમુક્ષુઓ આપશે. સોનામાં સુગંધ મળે તેમ આ પ્રસંગે એક ચિત્રપ્રદર્શન પણ યોજવામાં આવ્યું છે. ભારતીય વિદ્યાભવનના ગીતા હોલમાં શ્રી રાજસોભાગ સત્સંગ મંડળ, સાયલા તરફથી તા. ૨૨ એપ્રિલને શુક્રવારે સવારે ૧૧ થી ૬ તથા તા. ૨૪મી એપ્રિલને રવિવારે સવારે ૯થી બપોરના ૨ સુધી પરમકૃપાળુ દેવનું સચિત્ર જીવનદર્શન યોજવામાં આવ્યું છે, જેથી મુમુક્ષુઓને કથા ઉપરાંત એક સવિશેષ લાભ ચિત્રપ્રદર્શનનો પણ થશે.

શ્રીમદ્ રાજચંદ્રજીના તત્ત્વવિચારોથી તો સહુ કોઈ વાકેફ છે, પરંતુ શ્રીમદ્ રાજચંદ્રજીના જીવનમાં બનેલી ઘટનાઓના મર્મો અને એના આધ્યાત્મિક સંકેતો દ્વારા આ કથા પહેલીવાર ઊજાગર થશે. અત્રે એ વાત નોંધતાં આનંદ આવે છે કે શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા જૈનદર્શનના આંતરરાષ્ટ્રીય ચિંતક એવા શ્રી કુમારપાળ દેસાઈની કથાનું સર્વપ્રથમ વાર આયોજન થયું અને પછી આ કથા ધરમપુર, અમદાવાદ, કચ્છ, લંડન અને છેક લૉસ એન્જલિસમાં પ્રસ્તુત થઈ છે, તે આનંદની બાબત છે.

**–ધનવંત શાહ**


**શ્રી ભગવાન મહાવીર જન્મકલ્યાણક દિવસ નિમિત્તે**

**શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા આયોજિત**

**વિરાટ વિભૂતિના ભવ્ય જીવનની જ્ઞાનસભર, ચિંતનયુક્ત, પ્રેરક શૈલીમાં**

**પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ દ્વારા**

# ।। શ્રીમદ્ રાજચંદ્ર કથા ।।

**તા. ૨૨-૪-૨૦૧૬, શુક્રવાર, સાંજે ૬-૦૦**

અવનિ પર આત્મજ્યોતિનું અજવાળું • કરુણાનો સ્પર્શ • બાલ્યાવસ્થાથી વિદેહી દશા • ગુજરી જવું એટલે શું? જાતિસ્મરણજ્ઞાન • અસાધારણ સ્મૃતિશક્તિ • કાવ્યરચનાનો ધોધ • અતીન્દ્રિયજ્ઞાનશક્તિ • બહુ પુણ્ય કેરા પુંજથી શતાવધાની • કવિ • માતૃભક્તિનો મહિમા • શ્રીમદ્ અને શ્રી સોભાગભાઈ • બીજજ્ઞાન

**તા. ૨૩-૪-૨૦૧૬, શનિવાર, સાંજે ૬-૦૦**

સંસારી પરમાર્થ ગુરુ • સમકિત શુદ્ધ પ્રકાશ્યું રે • મહાત્મા ગાંધીજી સાથે મેળાપ • અહિંસા પરમો ધર્મ • મારગ સાચા મિલ ગયા • આત્માર્થીઓની દીવાદાંડી • આત્માનું ઉપનિષદ આત્મસિદ્ધિ શાસ્ત્ર

**તા. ૨૪-૪-૨૦૧૬, રવિવાર, સવારે ૧૦-૦૦**

અપૂર્વ અવસર • માત્ર મોક્ષ અભિલાષ • ઈડરના પહાડોમાં • આંતરબાહ્ય સમાધિ યોગ મૂળ માર્ગનું અમૃત • સુખ ધામ અનંત • સમાધિમૃત્યુ • વર્તમાન યુગને સંદેશ.

**સંગીત**
**શ્રી રાજ સૌભાગ સત્સંગ મંડળ**
**સાયલાના મુમુક્ષુઓ**

**ત્રણ દિવસના સૌજન્યદાતા**
**પ્રસિદ્ધ દાનવીર શ્રી સી. યુ. શાહની સ્મૃતિમાં**
**શ્રી રાજ સૌભાગ સત્સંગ મંડળ, સાયલા**

**સ્થળ : ભારતીય વિદ્યાભવન, ચોપાટી, મુંબઈ**

**ડૉ. ધનવંતભાઇ 'પ્રબુદ્ધ જીવન'ના તંત્રીશ્રીને તેઓના સાહિત્યસર્જનના સંક્ષિપ્ત પરિચય સાથે શબ્દો દ્વારા શ્રદ્ધાંજલિ અર્પણ કરું છું.**

**☐ ડૉ. કલા શાહ**

# સર્જન-સ્વાગત

**☐ ડૉ. કલા શાહ**

## ડૉ. ધનવંતભાઈ શાહના પુસ્તકોનો પરિચય

પુસ્તકનું નામ : **કવિ ન્હાનાલાલની કવિતામાં માનવજીવનદર્શન**

**શોધ પ્રબંધ (પીએચ.ડીની ડીગ્રી માટેનો શોધ પ્રબંધ**-Thesis)

લેખક : ડૉ. ધનવંત શાહ-એમ.એ., પીએચ.ડી.

પ્રકાશક : પ્રાચી પ્રકાશન

મુખ્ય વિક્રેતા : એન. એમ. ત્રિપાઠી પ્રા. લિ.

મૂલ્ય-રૂા. ૩૮/-, પાના-૪૦૫+૧૬, આવૃત્તિ-પ્રથમ. ઇ. સ. ૧૯૭૭.

ડૉ. ધનવંતભાઈ શાહે 'કવિ ન્હાનાલાલની કવિતામાં માનવજીવન દર્શન' એ વિષય પર વિદ્વાન સાક્ષર પૂ. રામપ્રસાદ બક્ષીના માર્ગદર્શનમાં સંશોધન કરી મુંબઈ યુનિવર્સિટીની પીએચ.ડી.ની ડીગ્રી પ્રાપ્ત કરી હતી.

સાડા ચારસો પાનાના શોધ પ્રબંધમાં ડૉ. ધનવંતભાઇની વિદ્વતાની પ્રતીતિ થાય છે. તેમણે ન્હાનાલાલની કવિતામાં વ્યક્ત થતા જીવનદર્શનને અવલોકવાનો પ્રયત્ન કર્યો છે અને અપદ્યાગદ્યમાં પ્રગટ થતાં ચિંતનનું પણ સમીક્ષણ કરેલું છે. કવિનું ચિંતન સમગ્ર જીવનને સ્પર્શતું હોઈ માનવજન્મથી માંડી મૃત્યુ અને મૃત્યુની પણ પાર પ્રભુમિલનની એષણા સુધીનું પ્રગટ થયેલું છે. આ નિબંધમાં તેમનો નમ્ર પ્રયાસ ન્હાનાલાલના જીવન દર્શનનું વિવરણ કરી તેની મૂલવણી કરવાનો રહ્યો છે.

ન્હાનાલાલના કાવ્યો અને નાટકોમાં કેન્દ્રસ્થાને ભાવ સૃષ્ટિ છે. તેનું સર્વાંગી દર્શન નિરૂપવાનો ઉપદ્રવ પ્રથમ તબક્કામાં જણાવી અન્ય અગિયાર સબકમાં કવિ આલેખિત મુખ્ય રસભાવોના લક્ષણો વિશેષતા જઈ પ્રબંધકાર આ વિવિધ ભાવો કવિના જીવન દર્શનને કેવો ઉઠાવ આપે છે. તે સ્પષ્ટ કરે છે. કવિનું જીવન ઘડતર કયા કયા પરિબળો તળે તૈયાર થતું આવતું હતું તેનો આલેખ પ્રથમ સબકમાં સરળ અને લાઘવયુક્ત શૈલીમાં લેખક આપે છે. પ્રબંધકારે ન્હાનાલાલની કાવ્ય ભાવના સ્ફૂટ કરવા અર્થે કવિતા પરત્વેના કવિના ઉદ્‌ગારોને સવિશેષ ખપમાં લીધાં છે. તે ઉપરાંત પ્રબંધકાર ન્હાનાલાલને કવિધર્મ સમગ્ર માન જીવનને કેવો સંપોષક છે તે દર્શાવે છે. અને પ્રેમનું વિકસન પ્રબંધકારે કવિની ઉર્મિકવિતા તેમજ નાટ્યકથા કાવ્યોને સામે રાખીને દર્શાવ્યું છે. જુદા જુદા અનેક કાવ્યખંડો, નાટ્યખંડો દ્વારા પ્રબંધકાર પ્રેમવેલ અમરવેલ છે તે દર્શાવે છે. કવિની લગ્નભાવના અને સ્નેહભાવનાના તાણાવાણા વિવિધ વિચારદોર ગૂંથાયેલ જેનો વિગતવાર રસપ્રદ પરિચય પ્રબંધકારે લંબાણપૂર્વક આપ્યો છે. પ્રબંધકારે તુલનાત્મક વિવેચન કેટલું મહત્ત્વનું છે તે દર્શાવવા ન્હાનાલાલની ચાર સાહિત્યકૃતિઓ 'વસંતોત્સવ', 'ઈન્દુકુમાર', 'જયાજયંત' કૃતિઓનું તુલનાત્મક વિવેચન અહીં દર્શાવ્યું છે. પ્રબંધકારે જયાજયન્ત અને સરસ્વતીચંદ્ર અને કુમુદ પાત્ર યુગ્મોને સરખાવે છે. આ વિષયની છણાવટ કરી પ્રબંધકારે પોતાનું નિરીક્ષણ આપ્યું છે. અને પ્રબંધકારે કુરુક્ષેત્ર, હરિસંહિતા, વિશ્વગીતા, વગેરે કૃતિઓની પોતાના નિરીક્ષણો અને અન્ય વિદ્વાનોના મંતવ્યો ટાંક્યા છે. આ રીતે જોતાં કવિ ન્હાનાલાલની કવિતા આપણી ભાષા ઉપર, ઉતરેલ મોટા આશીર્વાદ સમી છે. ધનવંતભાઈએ આ આશીર્વાદ પ્રાપ્ત કરી બહુ મોટી પાત્રતા સિદ્ધ કરી છે.

x x x

પુસ્તકનું નામ : કૃષ્ણાભક્ત કવિ જયદેવ

નાટ્યરચના ધનવંત શાહ

(સર્જક 'જયભિખ્ખુ'ની કૃતિ 'પ્રેમભક્ત કવિ જયદેવ' પર આધારિત નાટક

નાટ્યલેખન : ડૉ. ધનવંત શાહ

પ્રકાશક : જયભિખ્ખુ સાહિત્ય ટ્રસ્ટ

૧૩-બી, ચંદ્રનગર સોસાયટી, પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭.

મૂલ્ય-રૂા. ૧૩૦/-, પાના-૨૨૦, આવૃત્તિ-પ્રથમ. ડિસે.-૨૦૧૨.

ડૉ. ધનવંત શાહના ઉપરના શબ્દો એમની નમ્રતાના ગુણને પ્રકટ કરે છે. ધર્મ, સાહિત્ય અને રંગમંચ ત્રણેને સંતો, આપે તેવું રસાત્મક નાટક બન્યું છે. 'કૃષ્ણ ભક્ત કવિ-જયદેવ'માં માત્ર ને માત્ર જયદેવ-પદ્માની વ્યથા કથા અને પ્રેમકથા મુખ્ય આધાર હોવાથી નાટ્યકારની રચનારીતિની કુશળતાને કારણે ચુસ્તબંધવાળું નાટ્યશિલ્પ બન્યું છે. રાજેન્દ્ર શાહની કુશળતાને કારણે ચુસ્તબંધવાળું નાટ્યશિલ્પ બન્યું છે. રાજેન્દ્ર શાહનો પદ્યાનુવાદ મૂળ કૃતિના કાવ્યતત્વ, રસ માધુર્ય અને ભાવ સૌન્દર્ય જાળવતો હોવાથી તેનો છૂટથી ઉપયોગ કર્યો છે. ધનવંત શાહે જયભિખ્ખુની નવલકથાની સામગ્રીને નિષ્ઠાપૂર્વક પચાવી છે. તેમણે પ્રસંગોના ચયનમાં અને તેનું નાટ્યાત્મક સુસંકલન કરવામાં રંગમંચની નાટ્યસૂઝને કામે લગાડી છે. પદ્મા અને જયદેવના પરમ કોટિના પ્રેમ સ્વરૂપનું જૈન ધર્મના ઊંડા અભ્યાસી ડૉ. ધનવંત શાહે એવું સૌન્દર્ય અંકિત કરાવ્યું છે કે નવલકથાકાર જયભિખ્ખુ માટે વપરાયેલો શબ્દસમૂહ 'મોરના પિચ્છધરના વંશજ' આ નાટ્યકાર માટે પણ સુપેરે પ્રયોજી શકાય છે.

આ નાટકમાં ચુસ્ત સુશ્લિષ્ટ સબળ કથાવસ્તુ ધરાવતું ટોટલ થિયેટરનું નાટક બન્યું છે. સંગીત, નૃત્ય અને નાટકનો ત્રિવેણી સંગમ ભાવકને રસતરબોળ કરી મૂકે તેવો બન્યો છે. નોંધપાત્ર વિશેષતા એ છે કે પ્રસંગોચિત અને પાત્રોચિત ભાષા, તેમાંય ટૂંકા ટૂંકા સંવાદો, યોગ્ય શબ્દ પસંદગી જરૂર પડે ત્યાં આરોહ અવરોહવાળી પ્રાસાનુપ્રાસયુક્ત લયાત્મક વાક્યરચના, ક્યાંક શબ્દરમત, વાક્યોનું પુનરાવર્તન, સ્વગોક્તિઓ વગેરે નાટકને જીવંત સૂક્ષ્મ અને મનોહર બનાવે છે.

ડૉ. ધનવંત શાહે રંગસૂચિમાં પાત્રોની વેશભૂષાથી માંડી સ્ટેજક્રાફ્ટ, પ્રકાશ આયોજન, ધ્વનિનિર્દેશન વગેરેની ઝીણી વિગતો આલેખી છે.

નાટ્યલેખક ડૉ. ધનવંત શાહને અમારા હૃદયની સ્મરણાંજલિ.

x x x

પુસ્તકનું નામ : વિચાર મંથન

લેખક : ડૉ. ધનવંત શાહ

સંપાદક : ડૉ. કલા શાહ

પ્રકાશક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ

૩૩, મહંમદી મિનાર, ૧૪મી ખેતવાડી, મુંબઈ-૪૦૦ ૦૦૪. ફોન નં. ૨૩૮૦૨૯૬. મૂલ્ય-રૂા. ૧૮૦/-, પાના-૧૮૪, આવૃત્તિ-પ્રથમ. સપ્ટેમ્બર-૨૦૧૩.

ડૉ. ધનવંતભાઈએ 'પ્રબુદ્ધ જીવન' માસિકના તંત્રીપદેથી લખેલા લેખોના બે પુસ્તકો પ્રકટ થયા છે. તેમાંનું પહેલું પુસ્તક 'વિચારમંથન' છે. આ પુસ્તકમાં ૩૫ લેખો તેમણે લખ્યા છે.

'વિચારમંથન' પુસ્તકમાં આ પાંત્રીસ લેખો વિશે પરિચય આપ્યો છે : (૧) ચિંતનાત્મક લેખો (૨) સંસ્થામય અને સામાજિક લેખો (૩) વ્યક્તિવિષયક (૪) સાહિત્યકીય લેખો.

પ્રથમ વિભાગ ચિંતનાત્મક લેખોમાં ડૉ. ધનવંતભાઈ વર્મતાન ચિંતક તરીકે ઉભર્યા છે. જેમાં તેમણે જૈન ધર્મના સિદ્ધાંતો, સાધુઓ, શ્રેઠીઓ, સાધુના વિહાર, જૈન જીવનશૈલી, નેતાઓના ભ્રષ્ટાચાર વગેરેની વિચારણા કરી સમાજને જાગૃત થઈ અહિંસાના પ્રચાર માટે મહાવીરના સિદ્ધાંતોને ઉજાગર કરવાનો માર્ગ ચીંધ્યો છે.

બીજા વિભાગ-સંસ્થાકીય અને સામાજિક લેખોમાં ડૉ. ધનવંતભાઈના સમાજના પ્રશ્નો પ્રત્યેની જાગૃતતાની પ્રતીતિ થાય છે. વર્તમાન સમયમાં માનવી સ્વકેન્દ્રિત બની જીવે છે ત્યારે લેખકના આ લેખો દ્વારા સમાજના દૂષણોને દૂર કરવાની સમાજના અન્ય લોકો માટે જીવવાની પ્રેરણા આપે છે.

ત્રીજો વિભાગ-વ્યક્ચિચિત્રો-રેખાચિત્રોનો છે. જેમને તેમના જીવન ઘડતરમાં પ્રવૃત્તિઓમાં અને કાર્યોમાં પ્રભાવ પાડ્યો એવા માનવોના રેખાચિત્રો લેખક શબ્દસ્થ કરીને વાચકને તેનો પરિચય કરાવે છે. આ પરિચય માત્ર પરિચય ન રહેતાં સ્વજન, પોતીકા બની જાય છે. ધનવંતભાઈએ જે જે વ્યક્તિઓના ચિત્રોની રેખાઓ દોરી છે તેમાં તે વ્યક્તિઓ પ્રત્યેનો તેમનો અહોભાવ, તે વ્યક્તિના ગુણોની સ્તવના અને તેમની ગરિમાને શબ્દસ્થ કરી છે.

ચોથો વિભાગ સાહિત્યકીય લેખોનો છે. ડૉ. ધનવંતભાઈ સ્વયં સાહિત્યકાર છે અને સાહિત્ય જ તેમનું જીવન છે, શોખ છે, આદત છે. તેઓ સાહિત્ય વિશે લખે ત્યારે તેમની સાહિત્ય પ્રીતિ પ્રગટ થાય એ સ્વાભાવિક છે. આમ આ વિભાગના લેખોમાં લેખકની સાહિત્યપ્રીતિ, વિવિધ ગ્રંથોના અવલોકનો અને માતૃભાષા પ્રત્યેનો પ્રેમ અને ચિંતા છલકે છે.

ડૉ. ધનવંતભાઈએ તંત્રી પદેથી લખેલા લેખોમાં ભાષાની અને સરળતા વિચારોની ગહનતા પ્રકટ થાય છે. લેખકે દોરેલા રેખાચિત્રો આત્મીયતા અને હૃદયસ્પર્શી ભાવાલેખનની પ્રતીતિ કરાવે છે. લેખક પોતાના વિચારોની પૂર્તિ માટે અન્ય લેખક મિત્રોના, દેશવિદેશના લેખોના તથા કાવ્યોના સંદર્ભો આપે છે. તેમની શૈલીની વિશેષતા એ છે કે તેમણે જે લખ્યું છે તે હૃદયના ઊંડાણમાંથી અને આત્માની અનુભતિમાંથી પ્રકટ્યું છે. તેમના વિચારો વાચકની બૌદ્ધિકતાને વિકસાવે છે.

આ લેખો તંત્રીપદેથી લખાયા છે તે છતાં અન્ય તંત્રીઓના લેખોની જેમ માત્ર માહિતી સભર ન બની રહેતાં વાચકના મન એને બુદ્ધિને સ્પર્શે છે.

x x x

પુસ્તકનું નામ : વિચાર નવનીત
લેખક : ડૉ. ધનવંત શાહ
સંપાદક : ડૉ. કલા શાહ
પ્રકાશક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ
૩૩, મહંમદી મિનાર, ૧૪મી ખેતવાડી,
મુંબઈ-૪૦૦ ૦૦૪. ફોન નં. ૨૩૮૦૨૯૬.
મૂલ્ય-રૂા. ૧૯૦/-, પાના-૨૨૬, આવૃત્તિ-પ્રથમ. નવેમ્બર-૨૦૧૩.

ડૉ. ધનવંતભાઈ શાહે 'પ્રબુદ્ધ જીવન'ના તંત્રી પદેથી લખેલા લેખોને પ્રથમ ઈ. સ. ૨૦૦૫ થી ૨૦૦૮ સુધીમાં લખાયેલા લેખો પુસ્તક 'વિચાર મંથન'માં અને ઈ. સ. ૨૦૦૯ થી ૨૦૧૩ (જુલાઈ) સુધીના સમયગાળામાં લખાયેલા ૪૦ લેખોને 'વિચાર નવનીત' પુસ્તકમાં સમાવવામાં આવ્યા છે.

આ પુસ્તકના લેખોને ચાર વિભાગમાં વિભાજિત કર્યા છે. (૧) ચિંતનાત્મક લખો (૨) સંસ્થાકીય અને સામાજિક લેખો (૩) વ્યક્તિ ચિત્રો-રેખાચિત્રો (૪) ગાંધીજી વિષયક લેખો.

સ્વાભાવિક છે વિચારમંથન કર્યા પછી લેખકને જે નવનીત પ્રાપ્ત થયું તે આ બીજા ગ્રંથમાં સમાવ્યું છે. આ નવનીત મધુર છે, મીઠું છે અને માણવા જેવું છે.

પ્રથમ વિભાગમાં ચિંતનાત્મક લેખો છે. જેમાં પર્યાવરણની ચિંતા, વ્યક્તિ થઈ છે. વર્તમાન ગરીબી વિશેની ચિંતા, શ્રીમંતાઈનો આડંબર, દંભ વગેરે વિષયક ચિંતન છે. ધ્યાન, નિયતિવાદ, કર્મસિદ્ધાંત, પાશ્ચાત્ય તત્ત્વચિંતકોની એકતાની વાત છે. સામે પક્ષે જૈન ધર્મમાં રહેલા અનેક સંપ્રદાયો, ગચ્છો, પેટાગચ્છો, સંવત્સરી વિશે મતભેદો વગેરે વિષયક વિશદ વિચારણા છે.

સંસ્થાકીય વિશે વાત કરીએ તો ડૉ. ધનવંત શાહ મુંબઈ જૈન યુવક સાથે દિલોજાનથી સંકળાયેલા છે. માટે તેનો ઉજજવળ ઇતિહાસ, તેની વૈચારિક ક્રાન્તિના પ્રણેતાઓ, ઉદ્દેશો, પ્રવૃત્તિઓનો વિસ્તૃત પરિચય આપ્યો. આમ તંત્રીની સંસ્થા માટેની ચિંતા, કલાને નામે વાસ્તવિકતાનું અપમાનમાં લેખકની વેદના વ્યક્ત થઈ છે તો સાથે સાથે સમાજમાં રહેલા નીચલા સ્તરના માનવોના જીવનની કરુણ સ્સ્તવિકતા તરફ અંગૂલિનિર્દેશક નિવાસી વિદ્યા સંસ્થાઓની અવદશા પ્રત્યે લેખક ધ્યાન ખેંચે છે. વાનપ્રસ્થ જીવન જીવતા વૃદ્ધો અને મંદબુદ્ધિ બાળાઓ પ્રત્યે સંવેદના પ્રકટ છે. લેખક સંસ્થાથી શરૂ કીરને છેક લોકશાહી સુધીની વિચારણાનું ફલક વિસ્તારે છે.

વ્યક્તિ વિષયક લેખોમાં તંત્રીશ્રીનો તેમના પ્રતયેનો અહોભાવ તેઓનું સામીપ્ય, તેમના પ્રત્યેનું ઋણ અદા કરવાની ભાવના, તેમના ગુણોની સ્તવના, તેમના વ્યક્તિત્વનો એક યા બીજી રીતે પોતાના જીવન પર પડેલો પ્રભાવ વગેરેનું આલેખન લેખકે કર્યું છે. આ લેખોમાં તંત્રીશ્રી અંગત અનુભવોને લાગણીના પ્રવાહમાંના વહેવડાવતા તટસ્થ રીતે આલેખે છે. કેટલાંક લેખોમાં 'અનામી' ટાગોર, મહાપ્રજ્ઞજી, વગેરે મહાપુરુષોના જીવનને મૂલવે છે. જે મૂલ્યો દરેક માનવ માટે પ્રેરણાદાયી છે.

આ પુસ્તકનો અંતિમ વિભાગ ગાંધીજી વિષયક લેખોનો છે જ. વાંચાત જણાય છે કે તંત્રીશ્રી એક સમયે ગાંધીજીના રંગે રંગાયેલા હતા. કાળના પરિવર્તન સાથે ઘણું બધું બદલાય છે. એ રીતે બાહય જીવનમાં પરિવર્તન આવે પરંતુ જે મૂલ્યોનો એકવાર મન પર પ્રભાવ પડે છે તે ભૂંસાતો નથી. એવું જ કંઈક તંત્રીધીના આ વિભાગના લેખો વાંચતા જણાય છે. ટૂંકમાં કહીએ તો તંત્રીશ્રીએ ખાદી છોડી પણ ગાંધીને છોડ્યા નથી. લેખકના જીવન પર ગાંધી વિચાર સરણીનો પ્રભાવ પડ્યો હતો. તેની પ્રતીતિ થાય છે. સાથે સાથે વર્તમાનમાં ભારત દેશની

અવદશા અને નેતાઓએ દેશને ડુબાડ્યો છે ત્યારે લેકક ભારતના તપસ્વી પૂ. બાપુને ભારતની ધરતી પર આવવાનું આહ્‌વાન કરે છે અને બીપુની છબીને શાશ્વત રૂપે અંકિત કરે છે.

આમ સમગ્ર રીતે જોતાં પ્રબુદ્ધ જીવનના તંત્રી લેખોમાં માનનીય ડૉ. ધનવંતભાઈ વ્યક્તિ, સમાજ, સંસ્થા, રાષ્ટ્ર અને રાષ્ટ્રપતિ તથા અમેરિકાના પ્રમુખ શ્રી ઓબામા-એટલે કે આંતરરાષ્ટ્રીય ફલક સુધી પોતાની દૃષ્ટિ પરસારે છે. તેમાં ઉડ્ડયન કરે છે અને વાચકને પણ કરાવે છે.

x x x

પુસ્તકનું નામ : કલાપી દર્શન
સંપાદન : ડૉ. ધનવંત શાહ અને ગુણવંત બરવાળિયા
પ્રકાશક : સિડનહામ કૉલેજ, ગુજરાતી સાહિત્ય મંડળ, મુંબઈ. બી. રોડ, ચર્ટગેટ, મુંબઈ-૪૦૦ ૦૦૪.
મુખ્ય વિક્રેતા : એન. એમ. ત્રિપાઠી
૧૬૪, શામળદાસ ગાંધી માર્ગ,
મુંબઈ-૪૦૦ ૦૦૨.
મૂલ્ય-રૂા. ૭૫/-, પાના-૪૪૦, આવૃત્તિ-પ્રથમ. સપ્ટેમ્બર-૧૯૭૫.

આજથી લગભગ એકતાલીસ વર્ષ પૂર્વે કલાપી-જન્મશાતબ્દી પ્રસંગે 'કલાપી-દર્શન' ગ્રંથ ડૉ. ધનવંત શાહ અને ગુંજ બરવાળિયાએ પ્રકટ કર્યો. ૪૪૦ પાનાના આ ગ્રંથમાં ગુજરતી સાહિત્યના ખ્યાતનામ લેખકોના કલાપીના જીવન અને સાહિત્ય વિષયક લેખો અંજલિ, પત્રો, સંવાદો અને સજન-ગુજરાતી તવારીખ છે. પ્રથમ ખંડના ૩૦૩ પાનામાં ગુજરાતી સાહિત્યના ખ્યાતનામ લેખકો અને અભ્યાસીઓના કલાપીના સાહિત્ય વિષયક લેખો છે. બીજી ખંડમાં ચૌદ પાનામાં વિવિધ લેખકોએ કલાપીને આપેલ અંજલિઓ છે. ત્રીજા ખંડમાં કલાપીની સર્જન-કાવ્ય કૃતિઓ, ગઝલ, ખંડકાવ્યો, ઊર્મિકાવ્યો, પત્રો, સંવાદો અને સર્જનની તવારીખો છે.

વિદ્વાન શ્રી રામ પ્રસાદ બક્ષી લખે છે-

'જીવ્યા હોત તો હજી આ વર્ષે સો વર્ષના થયા હોત. એમની જન્મ શાતબ્દી આવી તે જ વર્ષે એમના મૃત્યુની લગભગ પોણી શતાબ્દી થવા આવી. એ ઘટના વિચારતા મન ખિન્ન થાય છે. ખિન્ન થતા મનનો ખેદ ઓછો કરે એવી આ 'કલાપી દર્શન' સામગ્રી સમૃદ્ધિ છે. યૌવનને શિખરે આરોહતા જ અવસાન પામેલા કલાપીના જીવને અને વાઙ્મયે ગુજરાતના આજના અનેક અગ્રણી સાહિત્યો-પાસકોને કલાપીના વાઙંમયનું અધ્યયન કરવાને, મૂલ્યાંકન કરવાને અને તદ્‌વિષયક સંશોધન કરવાને પ્રેર્યાં છે.'

' આ કલાપી દર્શનમાં કલાપીની કવિતા રચનાનુ અનેકમુખી અવલોકન થયું છે. ખંડકાવ્યો, ભક્તિકાવ્યો, છાંદસ રચનાઓ, ગઝલો, પ્રકૃતિનિરૂપણ, કવિતામાં નાટ્યતત્વ એવા પાસાંઓને સ્પર્શતા લેખો એમાં છે તે ઉપરાંત કલાપીની ગદ્યાત્મક કૃતિઓનું નિરૂપણ પણ આ કલાપી દર્શનમાં થયેલું છે.

આ ગ્રંથમાં કલાપીના હૃદયની સ-રસતાને અંજલી આ લેખોમાં અપાઈ છે.

ડૉ. ધનવંત શાહ લેખિત પુસ્તકો અને અન્ય પ્રવૃત્તિના આયોજક અને માર્ગદર્શક

૧. 'પ્રબુદ્ધ જીવન'-સામાયિકના તંત્રી
૨. ઈન્સ્ટિટ્યુટ ઑફ જૈનોલોજીના અગ્રણી
૩. શ્રી મુંબઈ જૈન યુવક સંઘના મંત્રી.

**લેખક**

૧. રાજવી કવિ કલાપી,
૨. અપૂરવખેલા અવધૂત આનંદઘનજી
૩. વસંત વૈતાલિક
૪. કવિ ન્હાનાલાલ
૫. કૃષ્ણભક્ત કવિ જયદેવ
૬ વિચાર મંથન (તંત્રી પદેથી લખેલા લેખો)
૭. વિચાર નવનીત (તંત્રી પદેથી લખેલા લેખો)

ડૉ. ધનવંતભાઈ શાહ જૈન જ્ઞાનસત્રના આયોજક અને પર્યુષણ પર્વના વ્યાખ્યાનમાળાના આયોજક હતા.

ઈન્સ્ટિટ્યુટ ઑફ જૈનોલોજી અને ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના મુંબઈમાં આયોજિત કાર્યક્રમોના અગ્રણી હતા.

તેઓ જૈન દર્શનના ચિંતક, પ્રાકૃત અને મધ્યકાલીન સાહિત્યના વિદ્વાન અને શાલિન અને સૈમ્ય વ્યક્તિત્વ ધરાવનાર હતા.

✷✷✷

બી-૪૨, દયાનંદ સોસાયટી,
એ-૧૦૪, ગોકુલધામ, ગોરેગામ (ઈસ્ટ),
મુંબઈ-૪૦૦ ૦૬૩. મો. : ૯૨૨૩૧૯૦૭૫૩.

## ડૉ. નલિની બલવીરને હેમચંદ્ર એવોર્ડ અર્પણ

આપણાં જૈન મુનિઓ વિચરણ કરવાની સાથે વિહાર દરમ્યાન અવિરત જ્ઞાન-સાધના કરે છે, અને સમાજમાં થઈ રહેલાં સંશોધનોને બિરદાવે છે. પ્રાચ્ય વિદ્યા અને જૈનીઝમના વિદ્વાનોને એવોર્ડ પણ અર્પણ કરે છે. આ વર્ષે હઠીસિંગની વાડીમાં હેમચંદ્રાચાર્ય ટ્રસ્ટ દ્વારા ડૉ. નલિની બલવીરને આ અવોર્ડ અર્પણ થયો.

ડૉ. નલિનીનો જન્મ તા. ૨૭ મે ૧૯૫૫ના રોજ ફ્રાન્સમાં થયો હતો. ફ્રેંચ માતા અને પિતા પંજાબી હતા. ઇ.સ.૧૯૮૦માં 'સંસ્કૃત, પ્રાકૃત અને જૂની ગુજરાતી ભાષાનું જૈન કથનાત્મક સાહિત્ય' વિષય સાથે પેરિસની યુનિવર્સિટીમાંથી પીએચ.ડી.ની પદવી મેળવી. પછી જૈન શાસ્ત્રીય સાહિત્યનો ઊંડો અભ્યાસ કરીને ઇ.સ. ૧૯૮૬માં ડિ. લિટ્. થયાં. હાલમાં તેઓ પેરિસની સોટબોર્ડ યુનિવર્સિટીમાં પ્રાચ્યવિદ્યા અને મધ્ય ભારતીય શાસ્ત્રના પ્રોફેસર છે. મુલાકાતી અધ્યાપક તરીકે યુરોપ અને ભારતને પણ તેમના જ્ઞાનનો લાભ મળ્યો છે. તેમના છ-ગ્રંથો ઉપરાંત પચ્ચીસથી વધુ સંશોધન લેખો પ્રસિદ્ધ થયાં છે. બ્રિટીશ મ્યુઝિયમ ઉપરાંત અન્ય સંસ્થાઓમાં સુલભ જૈન હસ્તપ્રતોનું એમણે તૈયાર કરેલું કેટલોગ સંશોધકો માટે ઉપકારક નીવડે તેવું છે. તેમના અન્ય સંશોધન લેખમાં જૈન વિદ્યામાં નારી, અક્ષય તૃતીયા વ્યાખ્યાન, ધ્યાન ખેંચે તેવાં છે. દિલ્હીની રાષ્ટ્રીય સંસ્કૃત સંસ્થાને તેમને વિદ્યા વાચસ્પતિની માનદ્ ઉપાધિ એનાયત કરી છે. આવા વિદ્વાનોની કદર કરવામાં અગ્રેસર રહેતા વિજયશીચંદ્રસૂરિ મહારાજ પરમ સહિષ્ણુ છે.

✷✷✷

# અવસર 'સમણસુત્તં' – જ્ઞાનયાત્રાનો અહેવાલ

જૈન દર્શનમાં જ્ઞાનની વિશેષ મહત્તા દર્શાવવામાં આવી છે. જિનના માર્ગે ચાલતા શ્રમણ ભગવંતો પોતે તો નિરંતર જ્ઞાનારાધનમાં નિમગ્ન રહે છે, સાથોસાથ અન્યોને પણ જ્ઞાનોપાસના માટે પ્રેરતા રહે છે. ગત વર્ષ પાર્શ્વચંદ્રગચ્છવરિષ્ઠ પ. પૂ. મહોપાધ્યાય શ્રી ભુવનચંદ્રજી મ.સા.ના સંયમ સુવર્ણ વર્ષ તરીકે ઉજવાઈ ગયું. સમગ્ર વર્ષ દરમિયાન અનેક સદ્પ્રવૃત્તિઓ થતી રહી. આ ઉજવણીના ભાગ રૂપે 'સમણ સુત્તં' – જ્ઞાનયાત્રાનું પણ આયોજન થયું. જૈન ધર્મના સારરૂપ ગ્રંથ 'સમણ સુત્તં'નું સંકલન રાષ્ટ્રસંત વિનોબાજીની પ્રેરણાથી થયેલ છે તે સર્વવિદિત બાબત છે. આ ગ્રંથનો સરળ છતાં ઉત્તમ ગુજરાતી ભાવાનુવાદ ઉપા. શ્રી ભુવનચંદ્રજીએ કરેલ છે. તેમના દીક્ષા પર્યાયના પચાસ વર્ષની ઉજવણીના ભાગ રૂપે જૈન ધર્મની મૂળભૂત વાતો–સિદ્ધાંતો વધુમાં વધુ લોકો સુધી પહોંચે, લોકોને જૈન દર્શનની સૂક્ષ્મતા તેમજ મહત્તા સમજાય તેવા ઉમદા આશયથી 'સમણ સુત્તં' ગ્રંથ પર આધારિત ઓપન બુક એક્ઝામનું આયોજન કરવામાં આવ્યું. જ્ઞાનના પ્રચાર-પ્રસાર અર્થે સદાય તત્પર એવી શ્રી મુંબઈ જૈન યુવક સંઘ જેવી સંસ્થા આ કાર્યમાં સહભાગી બની, જેના લીધે જ્ઞાનયાત્રા વધુમાં વધુ જ્ઞાનપિપાસુઓ સુધી પહોંચી શકી.

'સમણ સુત્તં' જેમના રસ અને અભ્યાસનો વિષય છે તેવા 'પ્રબુદ્ધ જીવન'ના પ્રબુદ્ધ તંત્રી શ્રી ડૉ. ધનવંતભાઈ શાહે જ્ઞાનપ્રસારના આ કાર્યમાં વિશેષ અભિરુચિ દર્શાવી. ડૉ. ધનવંતભાઈ શાહ, ડૉ. ગુલાબભાઈ દેઢિયા તથા ઉપા. ભુવનચંદ્રજી મ.સા. એમ ત્રણ વિદ્વાનોએ મળીને બસ્સો માર્ક્સનું વીસ પ્રશ્નોવાળું પ્રશ્નપત્ર તૈયાર કર્યું, જે 'પ્રબુદ્ધ જીવન'માં પણ છપાયું તેમજ અન્ય ધાર્મિક સ્થળોએ ઉપલબ્ધ કરાયું. તલવાણા ગામે પૂજ્યશ્રીના ચાતુર્માસ પ્રસંગે તેનું વિધિવત્ વિમોચન પણ કરાયું. આ. વિ. શીલચંદ્રસૂરિ, શ્રી જીતેન્દ્રભાઈ બી. શાહ તેમજ અન્ય વિદ્વદ્ સાધુભગવંતોએ આ કાર્યમાં સક્રિય રસ દાખવી તેનો લાભ લેવા બહોળા શ્રાવક-શ્રાવિકા વર્ગને પ્રેર્યા. સૌના અનન્ય યોગધનથી આ જ્ઞાનકાર્યને બહોળો પ્રતિસાદ મળ્યો. અઢારસો જેટલા પુસ્તકો અને પ્રશ્નપત્રો વિતરિત થયા. પુસ્તક હાજર સ્ટોકમાં ન હોતાં યજ્ઞ પ્રકાશન વડોદરાએ તુરત જ તેનું પુન:મુદ્રણ કરી પુસ્તક ઉપલબ્ધ કરાવી આપ્યું. ખૂબ જ ટૂંકા ગાળામાં પુસ્તકની એકાધિક આવૃત્તિઓ છાપવા માટે યજ્ઞ પ્રકાશનના કાર્યવાહિકા પારૂલબેન દાંડીકરે પૂર્ણ સહયોગ પૂરો પાડ્યો. પુસ્તક જ્ઞાનરસિકોને સરળતાથી સુલભ થઈ શકે એ માટે તેનો અર્થભાર તલવાણાના શ્રી સુમતિનાથ જૈન ચેરિટેબલ ટ્રસ્ટ તેમજ ભુજપુરના શ્રી દિનેશભાઈ ભેદાએ ઉપાડી લીધો. તલવાણાના માતુશ્રી સાકરબેન દેવચંદ હંસરાજ દેઢિયા પરિવારે પરીક્ષાના પુરસ્કારો જાહેર કર્યા ને જ્ઞાનકાર્ય આગળ વધતું ચાલ્યું.

ભારતભરના છસો જેટલા પરીક્ષાર્થીઓએ લેખિત પ્રશ્નપત્રો પરત કર્યા. આ પરીક્ષાર્થીઓમાં યુવાનો હતા તો સિત્તેર-વર્ષના વયસ્ક ભાઈ-બહેનો પણ હતા. પીએચ.ડી. થયેલ વિદ્વાનોથી માંડીને વયોવૃદ્ધ માજીએ ધ્રુજતે હાથે લખેલા ઉત્તરપત્રોમાંથી પસાર થતાં પરીક્ષક પણ ગદ્ગદ્ થઈ ગયા. કેટલાંક સુશોભિત અને અલંકૃત જવાબપત્રો પણ મળ્યા. જૈન ધર્મ વિશે બારીકાઇથી જાણવા મળ્યાનું લગભગ પરીક્ષાર્થીએ નોંધ્યું છે, તો કાવ્યાત્મક શૈલીમાં પોતાના ઉદ્ગારોને વાચા પણ આપી છ. ડૉ. ગુલાબ દેઢિયાએ પરીક્ષક તરીકેની જવાબદારી નિભાવી હતી તો પ. પૂ. સા. શ્રી પાર્શ્વચંદ્રજીએ પણ આ સંદર્ભે ભારે જહેમત ઉઠાવી હતી. દરેક પરીક્ષાર્થીને પુસ્તક, પેન તથા રોકડ રકમનો પુરસ્કાર લાભાર્થી પરિવાર તરફથી મોકલી આપવામાં આવેલ. પરીક્ષામાંથી ઉત્તીર્ણ થવા માટે ૨૦૦ ગુણમાંથી ૧૦૦ ગુણ આવશ્યક હતાં. આ જ્ઞાનયાત્રામાં પ્રથમ પાંચ ક્રમ મેળવનાર વિજેતાઓની વિગત નીચે મુજબ છે:

| વિજેતા ક્રમ | સ્પર્ધકનું નામ | મેળવેલ ગુણ |
|---|---|---|
| ૧. | સ્મિતાબેન સુનીલભાઈ ગાલા-ઘાટકોપર | ૧૯૧/૨૦૦ |
| ૨. | ઇલાબેન એ. શેઠ-અમદાવાદ | ૧૯૦/૨૦૦ |
| ૩. | નયનાબેન વિપુલભાઈ શાહ | ૧૮૯/૨૦૦ |
| ૪. | અમુલભાઈ વિનયચંદ્ર શાહ | ૧૮૮/૨૦૦ |
| ૫-૧ | કીંજલબેન દામજીભાઈ વીરા | ૧૮૬/૨૦૦ |
| ૫-૨ | ટીનાબેન ખીમજીભાઈ ગોગરી-રામાણિયા | ૧૮૬/૨૦૦ |

પ્રથમ પાંચ ક્રમે ઉત્તીર્ણ થયેલ વિજેતાઓને દાતા પરિવારના હસ્તે પ્રમાણપત્ર અને માનરાશિથી સન્માનિત કરાયા હતા. અન્ય ૧૮૦ થી ૧૮૪ માર્ક્સ મેળવનારા તેર પરીક્ષાર્થીઓને પણ સન્માનિત કરાયા હતા. વિશેષ બાબત એ બની રહી કે જ્ઞાનલાભને જ પ્રાધાન્ય આપનાર વિજેતાઓએ પોતાનો આનંદ વ્યક્ત કરી પુરસ્કાર રાશિ સદ્માર્ગે વાપરવા શ્રીસંઘને દાન કરી દીધી હતી. પરીક્ષાર્થીઓની જ્ઞાનપ્રીતિને ઉપસ્થિત સૌએ હર્ષભેર વધાવી લીધી હતી. આ રીતે 'સમણસુત્તં'ની જ્ઞાનયાત્રા ખરા અર્થમાં જ્ઞાનદાત્રી બની રહી હતી.

**પ્રસ્તુતિ : ડૉ. રમજાન હસણિયા**
ગવર્મેન્ટ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, રાપર-કચ્છ

## THE SEEKER'S DIARY

## Dhanvantbhai – `A Man of all Seasons'

*"I like spring, but it is too young. I like summer, but it is too proud. So I like best of all autumn, because its leaves are a little yellow, its tone mellower, its colours richer, and it is tinged a little with sorrow and a premonition of death. Its golden richness speaks not of the innocence of spring, nor of the power of summer, but of the mellowness and kindly wisdom of approaching age. It knows the limitations of life and is content. From a knowledge of those limitations and its richness of experience emerges a symphony of colours, richer than all, its green speaking of life and strength, its orange speaking of golden content and its purple of resignation and death"*

¯ Lin Yutang

Dhanvantbhai was a harmonious blend of all that was remarkable in these seasons right until his last breath, even if Lin Yutang makes a stark distinction between them.

Like **spring**, his "Young-ness" came through in his expression of love and longing of Rajvi Kavi Kalapi and Jaidev in his plays. It shone out of his poems; it was expressed in his understanding of "Love." – The way he got and wrote about the nuances, the way his heart was a die hard romantic till the end- how a song, a film could move him as an adoloscent.

Like **summer,** his "Pride" shone through when he fell on tough times almost overnight, when his factory burnt down. From a wealthy *Shrimant,* he was suddenly a man who owed a lot of money to a lot of people. Instead of seeking help, he quietly sold his flat to pay off the major chunk of his debts and smilingly went through life without holding his wounds out for public display.

Like **autumn** his demeanour was Wise, Gentle, Firm, Poised and Strong.

So who was Dhanvant Bhai?

He was a man who did not know.

He was a man who did not listen.

He was a man who did not care.

He was a man who was demanding.

He was a man who lied.....

**Dhanvantbhai did not know** the meaning of boredom, exhaustion, laziness. He was a doer. Writing, editing, correcting, collating, researching, answering, coaxing, all were clearly a part of what he did effortlessly. He delegated perfectly too but only after he knew the subject completely.

**Dhanvantbhai did not listen** to excuses, did not ever listen to a "No" and did not ever give up.

**Dhanvantbhai did not care** about his health, wealth or his personal space. It was always about commitment to a higher cause be it Mani Bhavan, or *Prabudh Jeevan*, or the Jain Yuvak Sangh or Acharya Mahapragna. Nor was his concern any less when it came to the people he cared about: Kumar Chatterjee, Kumarpal Desai, Bhuvanshri Maharaj, Geetabehn, Bipinbhai, Gulabchandbhai, Songadh, Lathi and so many hundreds more.

**Dhanvantbhai demanded and was adamant** that I look after my health, that I have Triphala in powder or pill form daily, that I drink water only in silver vessels and eat only off *Kaasa* (copper) utensils as these metals are considered excellent for health.

He demanded that I look after my mother and father; that we sit as a family and talk and share about our daily activities.

He demanded that I meditate and learn to understand *ida, pingna and Shushumna Naadi* so that nothing affects me in my outer life till the very end.

He demanded that I read varied saahitya to enrich my inner self and write a book that would make a difference to my surroundings, nay society itself.

He demanded that I settle down with someone who loves me and walks with me through all my quests.

He demanded that I be happy as he could not bear my shedding even a tear.

**Dhanvantbhai Lied** when he said he would not leave until...

...until we met the chief minister and got an elevator installed in Mani Bhavan for senior citizens.

......until he had made all Jains come together and study the *Saman Suttam* (religious text created in 1974) by a committee consisting of representatives of each of the major sects of Jainism to reconcile the teachings of the sects.)

...until he had found suitable young people to spearhead the Jain Yuvak Sangh.

...until he had handled the last case his factory was involved in before the Supreme Court and ensured that his son Purab was free of that worry and found a suitable partner for his daughter Reeti.

...until he had read and heard all of Pujyashri Rakeshbhai's discourses on *Gandhar Vad* and *Uttaradhyan Sutra* and convinced him to give another three days in Mumbai.

...until he had written many more plays and poems and prose that he wished to share with the world.

Until he had written and published a book for his princess which is what he called me.

Dhanvantbhai has not gone so how can we weep for him?

"Do not stand at my grave and weep (by Mary Elizabeth Frye)

I am not there; I do not sleep.
I am a thousand winds that blow,
I am the diamond glints on snow,
I am the sun on ripened grain,
I am the gentle autumn rain.
When you awaken in the morning's hush
I am the swift uplifting rush
Of quiet birds in circled flight.
I am the soft stars that shine at night.
Do not stand at my grave and cry,
I am not there; I did not die."

Reshma Jain
The Narrators
Email:reshma.jain7@gmail.com

* * *

## શ્રી મુંબઈ જૈન યુવક સંઘને પ્રાપ્ત થયેલ અનુદાન

**શ્રીમદ્ રાજચંદ્ર કથા**

| રૂપિયા | નામ |
|---|---|
| ૧૨૫૦૦૦ | સી. યુ. શાહ ચેરિટિઝ (હસ્તે : શ્રીમતિ મિનળબેન) |
| ૧૨૫૦૦૦ | કુલ રકમ |

**જનરલ ફંડ**

| રૂપિયા | નામ |
|---|---|
| ૫૦૦૦૦૦ | શ્રી સી. કે. મહેતા સાહેબ |
| ૩૪૫ | શ્રી વિનોદભાઈ વસા |
| ૫૦૦૩૪૫ | કુલ રકમ |

**દિપચંદ ટી. શાહ પુસ્તક પ્રકાશન ફંડ**

| રૂપિયા | નામ |
|---|---|
| ૪૦૦૦૦ | કામધેનુ એગ્રો. કેમ ઈન્ડસ્ટ્રીઝ |
| ૪૦૦૦૦ | કુલ રકમ |

**જમનાદાસ હાથીભાઈ મહેતા અનાજ રાહત ફંડ**

| રૂપિયા | નામ |
|---|---|
| ૫૦૦૦ | શશીકાન્ત મોહનલાલ મહેતા (જ્યોતિ આઈસ્ક્રીમ) |
| ૨૫૦૦ | પુષ્પા મહેન્દ્ર શાહ હસ્તે: રમાબેન મહેતા |
| ૨૫૦૦ | કમળાબેન વાડીલાલ મહેતાહસ્તે : રમાબેન મહેતા |
| ૧૦૦૦ | આર. એમ. જૈન હસ્તે: અલ્પાબેન |
| ૧૧૦૦૦ | કુલ રકમ |

**કિશોર ટિમ્બડીયા કેળવણી ફંડ**

| રૂપિયા | નામ |
|---|---|
| ૧૦૦૦ | પુષ્પાબેન અરૂણભાઈ પીપલીયા |
| ૧૦૦૦ | પ્રફુલચંદ જે. પીપલીયા |
| ૧૦૦૦ | પુષ્પાબેન કે. ટિમ્બડીયા |
| ૧૦૦૦ | ઉષાબેન બી. શાહ |
| ૧૦૦૦ | વસુબેન સી. હસ્તે : રમાબેન મહેતા |
| ૫૦૦૦ | કુલ રકમ |

**પ્રબુદ્ધ જીવન નીધિ ફંડ**

| રૂપિયા | નામ |
|---|---|
| ૫૦૦૦ | નંદુ ડ્રેપર્સ |
| ૫૦૦૦ | કુલ રકમ |

**વિનય-યશ પરિસંવાદ**

| રૂપિયા | નામ |
|---|---|
| ૫૦૦૦ | તુષારભાઈ દોષી |
| ૫૦૦૦ | કુંજલભાઈ |
| ૧૦૦૦૦ | કુલ રકમ |

## *Tributes and condolenses pour in on sad demise of Dr. Dhanvantbhai Shah*

Manniya Smitaben,

Extremely Grieved to hear about Sad Demise of Dr. Dhanvant Shah. Kindly accept our heartfelt sympathies and condolences.

There are more than 100 Ph.D. Scholars on KALAPI across the country, yet it was only Dhanwantbhai who could bring Kalapi alive even after his death more than a century and half ago. It was woderful to go down the memory lane while watching Dhanvantbhai's natak (drama) `KALAPI'. We feel as if we have lost someone from the Lathi Royal Family.

I pray Lord almighty to give you strength to bear the loss. Time is the only healer.

With kind regard,

Truly your's
**KIRTIKUMAR**
Thakore Saheb of Lathi

x x x

Dear Reeti,

I was grieved to learn about the said demise of your dear father. Your late father was a very helpful and kind person and I always remember his kindness shown to me. Please accept my heartfelt condolences in your sad bereavement and convey the same to your mother, brother, sister and all other members of your family.

May the departed soul rest in eternal meace!

Yours in grief,
**B. H. ANTIA**

x x x

It was indeed shocking to hear of the sudden & sad demise of Shri Dhanvantbhai. As I was out of Mumbai & returned yeasterday only, I could not attend the prayer ceremoney. His commitment & contribution for Jain Yuvak Sangh is tremendous. After Dr. Ramanbhai's passing away, he had also carried upon on himself the responsibilities of conducting `Paryushan Vyakhyanmala' & he did it so well. It was always a pleasure speaking to him on the phone & exchange of thoughts on various topics. While I have not been a professional writer, he was insistent that I must contribute something for Prabhuddhh Jeevan. In fact, while personally we may not have met many times, our talk on the phone was almost on regular basis. Even on the topics as varied as Presidential Democracy or other issues not exactly religious or spiritual he had such an open mind.

It is hard to believe that he is no longer with us. He was indeed a noble soul. I pray to almighty to give all of you & your family members the strength & courage to bear this irreparable loss. Kindly accept on behalf of my family members our heartfelt condolence.

**JASHWANT B. MEHTA**

x x x

We the Trustees of Gandhi Smarak Nidhi, Mumbai and myself are very sorry, to hear about the sad demise of respected Dr. Dhanvantbhai Shah.

He was a Trustee of Gandhi Smarak Nidhi, Mumbai from 15th June 2013 and From 2nd August 2014 he was working as a Treasurer.

It is indeed a great loss for all of us who knew him. But we have to accept the will of God,, the death is inevitable.

we have to accept the will of God, the death is inevitable.

May, god give you & the family courage to bear this irrepairable loss. We share your loss.

May his soul rest in peace.

With warm personal regrads.

Yours Sincerely
**Usha H. Gokani**
Chairman, Gandhi Smarak Nidhi

x x x

Dr Dhanwantbhai Shah has been the sole inspiration to encourage me to write series of articles Enlighten yourself through study of Jainology . His aim was to help people who were unable to come to university to study Jainoloy to have basic information right at the door step. Prabuddha Jivan has been part and parcel of life of DR Shah. Since its inception the medium of the magazine was Gujarati. Farsightedness of Dr. Shah led the magazine to incorporate the articles in English for the next generation whose medium of instruction was English. With this a new group of readers were encouraged to read and get acquainted with the vast knowledge stored.

Dhanwant bhai is living with us today through his Vision and mission through Prabuddha Jivan.

**Dr Kamini Gogri**

x x x

## KARMAMYOGI DHANVANTBHAI

Heaven probably knew but
The world was unaware
It was his last day on earth
And tons of work left to do.

His phone was busy
There were messages to send
Assignments to give and Assurances
to friends that he will call'em if need be.

I happened to call that morning
He greeted as if it was an ordinary day
When did you come from USA?
Yes. I am back home now and resting
but he was curious.

`Why did you not attend Sahitya Sabha?'
I invented a lame excuse.
Don't forget every two year
February is the month–you should never miss.

Oh! Are you planning to come to
Vinay-Yash conference on 19th?
Will you be there? I asked
Ofcourse yes he said confidently.

His words, his smile, his resolve
never stopped instructing us
For `Love' was his currency.
Happy KARMAYOGI he was!

□ **DILIP V. SHAH**
Philadelphia,USA

x x x

I am shocked and pained to learn the news of untimely sad demise of Shri Dhanvantbhai.

He changed the face of Prabudhha Jeevan and had made it so interesting to read that we eagerly waited to receive it in the middle of every month.

His death has caused tremendous loss to Sangh. I am sure the team of Sangh will be able to fill up the gap created due to his death, which will be real homage to the departed soul.

He visited Shri V. S. Gandhi Charitable trust at Kapadwanj and very much remember his contribution to the trust working for the Rehabilitation of the Rural Disabled.

May his soul rest in peace and pray the Almighty to give courage to his family to bear this loss.

J. K. Parikh
Founder Secretary,
Shri V. S. Gandhi Charitable Trust, Kapadwanj

## जैनत्व के प्रचारक श्री धनवन्तजी के देहावसान विषयक दुखद सूचना

श्री धनवन्तभाई जी के देहावसान की दु:खद सूचना से के. जे. सोमैया सेंटर फोर स्टडीज इन जैनिजम के प्रत्येक सदस्य को अत्यन्त दुख हुआ। आप विगत कई वर्षों से के. जे. सोमैया सेंटर फोर स्टटीज इन जैनिज्म' की प्रत्येक गतिविधियों में उत्साहपूर्वक सहयोग करते थे। के. जे. सोमैया सेंटर फोर स्टडीज इन जैनिज्म' के क्षेत्रीय प्रबन्धन समिति (Local Managing Committee) के आप सदस्य रहे हैं।

श्री धनवन्तभाई धर्मवत्सल और सक्रिय समाजसेवी थे। जैन पर्युषण पर्व के उपलक्ष्य में आप विगत कई वर्षों से मुम्बई में धर्मसभा का आयोजन करते रहे हैं।

इस दु:ख के अवसर पर के. जे. सोमैया सेंटर फोर स्टडीज इन जैनिज्म यही भावना भाता है कि आपकी आत्मा को संसारचक्र के जन्म-मरण दु:ख से निवृत्ति मिले और शीघ्र ही शाश्वत सुख की प्राप्ति हो। इस वैराग्यपूर्ण अवसर पर जैन सेंटर अत्यन्त संवेदना व्यक्त करता है।

ऐसे दु:खद समाचार सुनकर इस असार संसार का स्वरूप ख्याल में आता है, यहां सब क्षणिक है और जिस जीव ने जन्म धारण किया है, उसे मरण अवश्य ही होगा। ऐसा कि महाकवि भूधरदास जी ने अनित्य भावना के प्रकरण में इसप्रकार लिखा है-

राजा राणा छत्रपति, हाथिन के असवार।
मरना सबको एक दिन, अपनी-अपनी बार।।

अनित्य भावना, भूधरदास

निदेशक-के. जे. सोमैया सेंटर फोर स्टडीज इन जैनिज्म्,
विद्याविहार, मुम्बई.

## શ્રી જૈન આત્માનંદ સભા

શ્રી જૈન આત્માનંદ સભા પ્રત્યે ધનવંતભાઈને લગાવ હતો. જ્યારે પ્રસંગોપાત ભાવનગર આવતા ત્યારે શ્રી જૈન આત્માનંદ સભામાં અચુક આવતા અને ગ્રંથો-પુસ્તકોનો લાભ લેતા.

તેઓશ્રીએ 'પ્રબુદ્ધ જીવન'ને એક નવો જ ઓપ આપ્યો હતો અને તેઓએ ઘણાં નવયુવાન લેખક-લેખિકાઓને તૈયાર કર્યાં કે જેઓ સ્વતંત્ર રીતે સંપાદન કરી શકે. આમ 'પ્રબુદ્ધ જીવન'ને ઘણું જ સમૃદ્ધ બનાવ્યું હતું.

બહુમુખી પ્રતિભા ધરાવતા ધનવંતભાઈ વિનમ્ર, મૃદુભાષી, સાલસ સ્વભાવના, નિરાભિમાની, સહૃદયી હતા. તેઓના જવાથી જૈન અને જૈનેતર જગતને ન પુરાય તેવી ખોટ પડી છે. જે લાંબો સમય સુધી સાલશે.

પરમકૃપાળુ પરમાત્મા તેઓના આત્માને ચિર શાંતિ અર્પે તેમજ તેમના કુટુંબ ઉપર પડેલા વજ્રઘાતને સહન કરવાની શક્તિ આપે એ જ અભ્યર્થના-

**–હર્ષદ શાહ** : શ્રી જૈન આત્માનંદ સભા

# રત્નાશ્રમના રત્ન કર્મયોગી ડૉ. ધનવંતભાઈને શ્રદ્ધાંજલિ

☐ પંકજ ગોસર

શ્રી સોનગઢ રત્નાશ્રમના ભૂતપૂર્વ ઉપપ્રમુખ અને આદ્ય વિદ્યાર્થી ડૉ. ધનવંતરાય તિલકરાય શાહનું દુઃખદ નિધન થતાં જ એક સોનેરી અધ્યાયનો અંત આવ્યો છે.

રત્નાશ્રમમાં તેમનું શાળાકીય શિક્ષણ ફક્ત શાળાકીય જ ન રહેતાં જીવન ઘડતરના મૂલ્યોનું અહીંથી આરોપણ થયું. પૂ. કલ્યાણચંદ્રજી બાપા અને શ્રી દુલેરાય કારાણી જેવા ભેખધારીઓ પાસેથી સંસ્કારોનો અમૂલ્ય વારસો મળ્યો. ત્યારબાદ મુંબઈ આવીને કૉલેજનું શિક્ષણ, ગુજરાતી ભાષા સાથે એમ.એ. અને ત્યારબાદ 'મહાકવિ ન્હાનાલાલની કવિતામાં માનવજીવન દર્શન' ઉપર શોધ નિબંધ લખીને પ્રોફેસર બન્યા. તેમના શિષ્યોમાં જાણીતા કટાર લેખક શ્રી સૌરભ શાહ, જાણીતા કવિ અને ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ શ્રી ઉદયન ઠક્કર, પ્રખ્યાત સંતૂર વાદક અને ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ શ્રી સ્નેહલ મઝુમદાર, મોટા ગજાના ગઝલકાર શ્રી જવાહર બક્ષી, જાણીતા અભિનેતા દર્શન જરીવાલા ઉપરાંત પણ સમાજની ઘણી ખ્યાતનામ વ્યક્તિઓ એમના શિષ્ય તરીકે રહેવાનું ગૌરવ લે છે.

અધ્યાપનથી જ અટકી ન જતાં એમણે પ્રયોગાત્મક નાટકો ઉપર પણ સફળતાપૂર્વક હાથ અજમાવ્યો. જેમાં કલાપી, વાંસ ને આવ્યા ફૂલ, કવિ શ્રી ન્હાનાલાલ ઉપર વસંત વૈતાલિક, અવધૂત આનંદ-ઘનજીના જીવન અન કવન ઉપર આધારિત 'અપૂર્વ ખેલા', કવિ જયદેવ, વિચાર ચિંતન અને વિચાર નવનીત વગેરે મુખ્ય છે. મુંબઈ જૈન યુવક સંઘનું મુખપત્ર 'પ્રબુદ્ધ જીવન' તેમજ સંઘ દ્વારા આયોજિત પર્યુષણ વ્યાખ્યાનમાળા અને ધનવંતભાઈ તો એકમેકના પર્યાય બની ગયા છે. 'પ્રબુદ્ધ જીવન'માં એમને જ્યારે પણ અવસર મળ્યો તેઓ હંમેશાં રત્નાશ્રમનો ઉલ્લેખ કરી લેતા.

આટલી બધી પ્રસિદ્ધિ અને માન-અકરામ વચ્ચે પણ તેમની નમ્રતા તો હંમેશાં હૃદયને સ્પર્શતી રહી. પોતાની દરેક સફળતાનો શ્રેય તો તેમણે કાયમ રત્નાશ્રમ, રત્નાશ્રમ અને રત્નાશ્રમને જ આપ્યો. હજુ તો ગયા મહિને જ તેમને 'રાજવી કવિ કલાપી એવોર્ડ-૨૦૧૬' શ્રી મોરારિબાપુના વરદ્ હસ્તે એનાયત થયો. અને એમની નમ્રતાનો પરિચય અહીં થયા વગર રહેતો નથી કે આ એવૉર્ડની ટ્રોફી એમણે સમગ્ર મેદનીની હાજરીમાં તેમજ શ્રી મોરારીબાપુની હાજરીમાં પોતાની માતૃસંસ્થા શ્રી સોનગઢ રત્નાશ્રમને અર્પણ કરી દીધી. તેમના ઉદ્બોધનમાં પણ તેમણે કહ્યું કે 'હું આજે જે કંઈપ ણ છું અને મારા જીવન ઘડતરમાં જો કોઈનો હાથ હોય તો તે છે મારી માતૃસંસ્થા 'સોનગઢ રત્નાશ્રમ'. કારણ કે પૂજ્ય બાપાશ્રીનો સેવાનો લ્હાવો તેમજ કચ્છના સાહિત્યકાર શ્રી દુલેરાય કારાણી સાહેબની નિશ્રાએ જ મને આ દિશા તરફ પ્રેર્યો છે.'

છેલ્લે એમની એક સતત આરઝુ રહી કે શ્રી મહાવીર જૈન વિદ્યાલય દ્વારા દર બે વરસે આયોજિત થતું જૈન સાહિત્ય સમારોહનું આયોજન રત્નાશ્રમને આંગણે થાય. અને એ માટે એમણે તનતોડ મહેનત કરી. છેલ્લા એક મહિનાનો ઘટનાક્રમ નિહાળીએ તો ખ્યાલ આવે કે ગયા મહિને એમને શારીરિક તકલીફ હોવા છતાં પણ સામે શ્રી જૈન સાહિત્ય સમારોહના સંચાલનની જવાબદારી એમના ઉપર હોવાથી એમણે મોતને પણ રોકી રાખ્યું.

આજે ભલે ધનવંતભાઈ સ્વદેહે અહીં હાજર નથી પણ રત્નાશ્રમની સ્મરણ યાત્રામાં એમની યાદો ચિરંજીવ રહેશે. એમનો આત્મા શાશ્વત ગતિને પામો એ જ પરમકૃપાળુ પરમાત્માને હૃદયપૂર્વકની પ્રાર્થના.

✶✶✶

## ડૉ. ધનવંત શાહ એક આદર્શ શિક્ષક

ગુરુ એટલે જ્ઞાનયાત્રામાં માર્ગદર્શક. પ્રત્યેક અભ્યાસી માટે ગુરુ અનિવાર્ય છે. આધુનિક યુગમાં ઉત્તમ શિક્ષકો એવા ગુરુસ્થાને છે. સિડનહામ કૉલેજના એ વર્ષો યાદ આવી રહ્યા છે. ૧૯૭૨ની સાલ દરમ્યાન અમે ચાર મિત્રોએ (હું, કવિ ઉદયન ઠક્કર, જાણીતા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ અને સંતુરવાદક સ્નેહલ મુઝુમદાર, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ કિરણ શાહ અને નરેશ શાહ) સિડનહામ કૉલેજમાં અભ્યાસ શરૂ કર્યો ત્યારે ડૉ. ધનવંત શાહ અમને ગુજરાતી સાહિત્ય ભણાવતા. ડૉ. સુરેશ જોષી રચિત 'જનાન્તિકે' પુસ્તક અમારું પાઠ્યપુસ્તક હતું. તેમની એક ખાસિયત આજસુધી મને યાદ રહી ગઈ છે કે તેઓ ક્યારે પણ કોઈપણ લેખક, વિદ્યાર્થી કે વ્યક્તિ વિષે ખરાબ બોલ્યા જ નથી. દોષદર્શન તેમના સ્વભાવમાં જ ન હતું. હું છેલ્લા લગભગ ચાલીસ વર્ષોથી તેમના સંપર્કમાં રહ્યો છું, ક્યારે પણ કોઈ પુસ્તક જોઇએ તો મને ફન કરી મંગાવી લેતા અને દરેક વાતમાં સાચું માર્ગદર્શન આપતાં રહેતાં. ગુજરાતીઓનું વાંચન ઘટી રહ્યું છે, તે જાણવા છતાં જ્યારે હું પુસ્તકોની એક હજાર નકલ છાપવા રજૂઆત કરતો ત્યારે મને સલાહ આપતા કે હવે પાંચસોથી વધુ નકલો ન છપાય, ગુજરાતીઓ વાંચતા નથી અને તેમને વાંચતા કરવા માટેના મારા પ્રયાસોને તેઓએ કાયમ સહકાર આપ્યો. નવા પુસ્તકના વિમોચન માટે વિનંતી જ્યારે પણ મેં કરી, તે દરેક પ્રસંગે તેમણે સંજોગો પ્રતિકૂળ હોવા છતાં 'હા' જ કહી છે.

☐ હેમંત ઠક્કર

# Story of Charitra-Kalyan Ratnasrama at Sonagadh

**Dr. RENUKA PORWAL**

This institute was established in 1923 by foresighted Charitravijayaji and Kalyanchandraji Gurudevas at Sonagadh, the karmabhumi of Kanjiswami of Digambara tradition. They thought of providing complete value based school education to students and the method of keeping good health throughout their lives. Because of their efforts many students have become prominent personalities in every field.

This Ratnashrama is run by Jaina Samaj for the followers of Shri Mahavirasvami. Here one will find Shri Mahavira temple, Upasraya, Bhojanashala, school, hostel, office in the premises and in the outskirts-fruits, vegetables and grain farms. Many ascetics are staying here during their viharas. Students learn Jainism through gurudevas and learned panditas.

At Sonagadh village, all people stay together without any sectarian thought respecting every religion. The same norms and system apply to this institute. Here children have respect for all saints and followers of any religion. The uniqueness of the place is that here one of the founder Charitravijayaji Maharaja believed in MurtipujakaJaina tradition while the other, Kalyanchandraji, was of SthanakavasiParampara. Besides, both chose the place whereDigambaramuniKanjiswamimeditated in his lifetime. Thus true lesson of Jainism - Anekantvad is taught here.

Past students visit here and donate generously to encourage everyone. Our beloved, Dr. Dhanvantbhai Shah studied here. He came to this Ashrama at a very young age holding the finger of Kalyanchandraji - Bapamaharaj. In vacation, child Dhanavant used to go to different places with Bapa Maharaj, Karanisaheb and other personalities. Many times they used to be the guests of King as well as poet Kalapi's ancestral palace. Thus from childhood he developed interest in literature, science, religion, history and many more subjects. Now he is no more but he recalled his memory in the editorial of Diwali volume –October 14 i.e. 1.25 years earlier (auspicious number). In this volume he mentioned his real feelings of childhood upto the present days. He conveyed,

"Many times we have a treasure of our own experience but we never talk about them or impart our knowledge as we are afraid that it will be considered as *atmaslagh*a or it may not be liked by others. But we shouldn't do this as it reflects our special touch with atma, perception and mood."

After stating his feelings, secretary - editor Dhanvantbhai shared his experience of Girnar Cave, Bhavanagar Dadasaheb Derasar and few memory of his father. Dhanvantbhai went to Girnar cave regularly for eight days to see the saint. That Sadhu taught meditation and blessed him to serve the society. In one of his recollection, he mentioned that he wanted to go to Surat again where he and his father adored standing Jina Parsvanatha (probably Sahastrafana Parsvanatha) where the police was waiting outside to arrest his freedom fighter father. He shared many moments of his lifetime touching the hearts of readers.

At the Ashrama, students can learn sports, music, band, drama, android operating system, etc. with routine education. They even take part in all types of competitions. Many students have received medals on state and national level. Here they celebrate all festivals.

Complete development of the students is the Ashrama's motto. Children love to study here. ✴✴✴

'પ્રબુદ્ધ જીવન'ને પચ્ચીસ હજારનું અનુદાન આપી કોઈ પણ એક મહિનાનું સૌજન્ય પ્રાપ્ત કરો.

સ્વજનને શબ્દાંજલિ જ્ઞાનકર્મથી અર્પી જ્ઞાનપુણ્ય પ્રાપ્ત કરો.

# Shree Mahavir Jain Charitra Kalyan Ratnashrama at Sonagadh

- By Dr. Renuka Porwal, Mob.: 098218 77327

"Papa, is there any institute where I can get traditional education with modern methods?" "My dear son, you have such facilitiesat Sonagadh, listen-"




This institute was established in 1923 by foresighted Charitravijayaji and Kalyanavijayji Gurudevas. They thought of providing complete value based school education to students and the method of keeping good health throughout their lives. Because of their efforts many students have become prominent personalities in every field.



Past students visit here and donate generously to encourage everyone. Our beloved Dr. Dhanvantbhai Shah studied here.




Your dream to learn sports, music, band, drama, android operating system, etc. with routine education will be fulfilled here. Complete development of the students is their motto. I'm sure you will love to study here.



Licence to post Without Pre-Payment No. MR/TECH/WPP-36/SOUTH/2016, at Mumbai-400 001.
Regd. With Registrar of Newspapers for India No. MAHBIL/2013/50453 Published on 16th of every month & Posted at Patrika Channel sorting office Mumbai-400 001 On 16th of every month • Regd. No. MCS/147/2016-18





# શ્રી ધનવંત શાહ નું સાહિત્ય










To,

Postal Authority Please Note: If Undelivered Return To Sender At 33, Mohamadi Minar, 14th Khetwadi, Mumbai-400004.

Printed & Published by Pushpaben Chandrakant Parikh on behalf of Shri Mumbai Jain Yuvak Sangh and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industrial Estate, Dadaji Konddev Cross Rd, Byculla, Mumbai-400 027. And Published at 385, SVP Rd., Mumbai-400004. Temporary Add. : 33, Mohamadi Minar, 14th Khetwadi. Mumbai-400004. Tel.: 23820296. Editor: Sejal Shah.